(ફ) સબ ઈન્સ્પે. ના સહાયકો તરીકે તેને ડ્રીલમાં લેવામાં તાબાઓની જગ્યાઓના નિરીક્ષક અને કર્મચારીઓને સલાહ સુચનામાં સાય કરશે બેદરકારી કે પ્રશંસાપત્ર કામગીરી અંગે સબ ઈન્સ્પે ને ખ્યાલ આપશે.

૨. રેલ્વે પોલીસના હેડ કોન્સ્ટેબલની ફરજો પણ જી.પો. હેડ કોન્સ. જેવી જ છે. રેલ્વે પોલીસ ના ચાર્જમાં હોય ત્યારે બધી પોલીસ બાબતોમાં સ્ટેશન માસ્તરની સુચનાઓની (ક) સરકારી બાઈસીકલોની જાળવણી અને સમારકામ (ડ) વિધુત અને યાંત્રિક સાધનોની જાળવણી સમારકામ અને તે અંગે નિર્ણયોનું પાલન

૩. હેડકવાર્ટર ખાતેના બધા હથિયારોનું દર ત્રણ માસે નિરીક્ષણ કરવુ અને આઉટ સ્ટેશન ખાતે છ–છ માસે નિરીક્ષણ કરવું, પોતાની નિરીક્ષણ નોંધ જાળવણી અને હથિયારોની આસી ઈન્સ્પે. ના વાર્ષિક ઈન્સ્પેકશન વખતે તે રજુ કરવી.

૪. તેમની સેવાઓની હથિયારોની યોગ્ય ફાળવણી કરવી.

<u>નિયમ ૩૮. કોન્સ્ટેબલની ફરજો:–</u>

૧. ઉપરી અધિકારીઓ સોંપે તે ફરજો બજાવવી કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ગુનો શોધવા અને અટકાવવા સમન્સ વોરંટની બજવણી નાકા ડયુટી અને પોતાના રક્ષણ નીચે કેદીઓને લાવવો લઈ જવા કે નાણાંની હેરફેર વખતે કે, જાહેર કે ખાનગી મિલ્કત જે તેનાં હવાલે હોય તેની ચોકીદારીની તેમજ બી.પી. એકટ–૧૮૫૧ ના ૧૨ મુજબ પ્રાપ્ત થયેલ સત્તાઓ અને ફરજો બજાવવાની રહે.

૨. કોઈ ગુનો બને ત્યારે વોરંટ વિના ધરપકડ કરાય તો વિલેજ પોલીસ અથવા રેલ્વે અધિકારીઓનાં સાથ સહકારથી હુકમની રાહ જોયા વિના પણ તાત્કાલી લેખિત રીતે ઉપરી અધિકારીને કામગીરીની જાણ કરવી.

૩. આગ કે ભયના અન્ય પ્રસંગોએ પ્રજાની સલામતી માટે સાહય કરવાની તેમજ પોતાની સત્તામાંના સાવચેતીના દરેક પગલાં યોજવા.

૪. સાધારણ રીતે ખાસ સ્પષ્ટ સુચનાઓ વિના ગામડાઓની માહિતી પ્રાપ્ત કરવામાં તેનું કાર્ય વેડફવું નહી.

૫. રેલ્વે પો. કોન્સ. ની ટીકીટ તપાસણી એ કાયદેસરની ફરજ નથી. માત્ર વ્યવસ્થા જાળવવી. ગુના હોધવા અને વ્યકિત અને મિલ્કતની રક્ષા કરવાની ફરજ છે.

<u>નિયમ ૩૯. હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલને ડયુટી પાસ આપવા અંગે:–</u>

૧. જયારે જીલ્લા અને રેલ્વે પરના હેડ કોન્સ્ટેબલ ફરજ પર પોતાના સ્ટેશન છોડે ત્યારે ફોર્મ પોલીસ એમ. ૧૦૪ માં તેમને પાસ અપાવવા જોઈએ. જો કે માંદાને ઈસ્પીતાલે મોકલાય કે ગુનાની સામાન્ય તપાસ કરનાર રજા પર જાય ત્યારે પાસ આપવો જરૂરી નથી.

૨. જયારે પોતાના સ્ટેશનની હદબહાર ફરજ બજાવવાની હોય ત્યારે સશસ્ત્ર અને સાદા કોન્સ. અને હેડ કોન્સ. ને પાસ અપાવવા જરૂરી છે.

૩. સામાન્યતઃ નીચે મુજબની ફરજો બજાવવા માટે ડયુટી પાસ અપાવવા જોઈએ.

(અ) સશસ્ત્ર માણસો માટે

૧. તિજોરી કે તહોમતદારના એસ્કોર્ટ માટે

૨. કોઈ ખાસ ફરજ માટે

(બ) સાદી પોલીસ માટે

૧. તાત્કાલીક સંદેશાઓ, પત્રવ્યવહાર કે, સરકારી નાણાં ચાલુ હુકમો નીચ. મંજૂરી પાત્ર હોય ત્યારે પહીચાડવામાં

૨. કોર્ટે ટાંચમાં લીધેલ મિલ્કતનો કબજો મેળવવાની કાર્યવાહી માટે જવા

૩. હેડ કવાર્ટર કે બીજા કોઈ સ્ટોર્સને પોષક પહોચાડવા

૪. ખાતાકીય તપાસણી સંબધે મુસાફરી પ્રસંગે.

૫. કોઈ પરીક્ષામાં હાજરી આપવા અને કોઈ પણ વિશિષ્ટ ફરજ માટેની મુસાફરી પ્રસંગે

૪. ચોકી અંગેની નોંધ જાળવવાની હોય તો પણ પાસ આપવા એ બીનજરૂરી રખ્ખડપટી વગેરે પરના નિયંત્રણનો સચોટ ઉપાય બની રહેશે.

૫. બધા પોલીસ સ્ટેશન, હેડ કવાર્ટર પર આઉટ પોષ્ટ સિવાય પાસ પુસ્તિકાઓ જાળવવી જોઈએ.

———XXXXX———

## પ્રકરણ–૩
## ફરજ બજાવવા અંગે સામાન્ય સિધ્ધાંતો

**નિયમ ૪૦. નીચેના અમલદારોની ફરજો ઉપરી અમલદારોએ બજાવવા અંગે:–**

૧. બી.પી. એકટ કલમ–૯૭ અને ક્રિ.પ્રો.કો. નીચેના અમલ ની ફરજો ઉપરી બજાવી શકે છે.
(અ) કોઈ પણ ગુનાની તપાસ સબ ઈન્સ. પોતાની મેળે જરૂર મુજબ સંભાળી શકે.
(બ) પોલીસ ઓફીસરની ફરજો વોરંટની બજવણી વિ. કામગીરી સંભાળી શકે.
આવા સંજોગોમાં સ્ટેશનનાં સબ ઈન્સ. અને પોલીસ તેની આજ્ઞાઓનો અમલ કરે.

૨. બી.પી.એકટ કલા–૯૭ અનુસાર આવા અધિકારી સબ ઈન્સ્પેકટર ઉપરવટ કેસ મેજીસ્ટ્રેટને મોકલી શકે.

**નિયમ ૪૧. ખાસ ક્ષેત્રોનાં કાર્યોની સામાન્ય પોલીસ દ્વારા બજાવવા અંગે:–**

૧. દારૂબંધી, જુગાર વિરોધી, લાંચરૂશ્વત વિરોધી વિ. જેવી કામગીરી માટે ખાસ શાખાઓ હોય ત્યારે પણ સામાન્ય પોલીસ માટે તે અંગેની તપાસ વિ. ફરજો રહે છે.

૨. આવી કામગીરી માટે પી.આઈ. અને પી.એસ.આઈ. ધ્યાન આપી ફરજ ન બજાવે તો તે જવાબદાર લેખાય.

**નિયમ ૪૨. આર્મ્ડ પોલીસ પર અનઆર્મ્ડ પોલીસ ધ્યાન રાખવા અંગે:–**

આર્મ્ડ પોલીસ અનઆર્મ્ડ પોલીસ ને સહાયરૂપ હોઈ નોન–ટેકનીકલ અને વહીવટને સ્પર્શની બાબતોમાં આર્મ્ડ પોલીસ ખંત અને જવાબદારીથી ફરજ બજાવે છે. તે જોવાની તેની ફરજ બની રહે છે.

**નિયમ ૪૩. રેલ્વે અકસ્માત અટકાવવા અંગે:–**

૧. જો કે આવી જવાબદારી રેલ્વેની હોવા છતાં જનતા માટે જોખમકારક જણાયે રેલ્વે અધિકારીઓના ધ્યાન પર લાવવાનું અને જનતાને તે માટે જરૂરી નોટીસ આપી રેલ્વે અકસ્માત ન થાય તે જોવાની જવાબદારી પોલીસ ની છે.

૨. રાજયમાં રેલ્વે ટ્રેકનું બરાબર જતન કરવા આજુબાજુની વસ્તીને નીચેનાં પગલાઓ દ્વારા તેનું જતન કરવાની જવાબદારી સમજાવી જુદા–જુદા યોગ્ય અધિકારીઓ દ્વારા સમજુતી માટે જાહેરનામા પોસ્ટર્સ વિ. નો ઉપયોગ કરવો.

————xxxxx————

# પ્રકરણ–૪
# કાયદો અને વ્યવસ્થા

**નિયમ ૪૪. જીલ્લા મેજીસ્ટ્રેટની જવાબદારીઃ–**

પોતાના જીલ્લાની સુલેહ–શાંતિ જળવાય તે જીલ્લા મેજીસ્ટ્રેટની જવાબદારી છે. તેથી સુલેહ–શાંતિમાં ગંભીર ખલેલ કે ભંગ માટે તેણે સરકારને અને આઈ.જી.પી. ને નકલ પાઠવી જાણ કરવી.

**નિયમ ૪૫. હુલ્લડો અંગે ગર્વ. ને ત્વરીત જાણ અંગેઃ–**

ગર્વનરને તાત્કાલીક જાણ માટે તારથી, ગૃહખાતાને નીચેના મુદદાઓ આપી જાણ કરવી.

૧. ઉદભવનું કારણ
૨. જે વ્યકિતઓ કે કોમ દ્વારા શરૂ કરાય છે.
૩. વિસ્તાર–ફેલાવો.
૪. અટકાવી કે દવાવી દેવા માટે લેવાયેલ પગલા
૫. જો બળજબરી બન્યુ હોય તે પ્રકાર
૬. બેન્ડ કોર્ટ જોસના ઉપયોગનો નિયમ પળાયેલ છે કે કેમ જો સરકારી સહાય લેવાય તો
(અ) કેટલા સનિકો
(બ) વિખેરવા કે ધરપકડ માટે અને
(ક) પછીથી કાયદો જાળવવા માટે ઉપયોગમાં લેવાય તે જણાવવું
૭. સ્થળની પરિસ્થિતિ ત્યાંના લોકોની લાંગણી, વધુ હુલ્લડની શકયતા અને પુરતા સાવચેતીના પગલા લેવાવા અંગે.
૮. જખ્મો અને મૃતકોની સખ્યા અંગે.

**નિયમ ૪૬. અગત્યના બનાવો અંગે સ્પેશ્યલ રીપોર્ટ અગેઃ–**

૧. નીચે મુજબના બધા જ ખાસ બનાવો, પ્રાયોરીટી તાર દ્વારા ગૃહખાતાને તુર્તજ જણાવવાઃ–
(અ) જાહેર શાંતિના ગંભીર ભંગ કરે તેવા હુલ્લડો,
(બ) બધાન પરદેશીઓ અને ભારતીયો વચ્ચે અથડામણો કે ગોળીબારો જો કે, ખાત્રી વિનાના કહેવાતા હુમલા બાદ રાખવા
(ક) સત્તાધારી વ્યકિતઓ વર્ગ કે સંસ્થાઓ સાથેના હિંસક અને રાજકીય સ્વરૂપની અથડામણો
૨. જેમાં કોઈ ઘવાયેલા કે મૃત્યુ પામેલા હોય તેવી બહારવટીયા સાથેની ગંભીર અથડામણો અંગે પ્રથમ દર્શનીય અહેવાલ, પછીથી વિશેષ માહિતી મળી હોય તો વિશેષ અહેવાલ અને જરૂર હોય તો સુધારા–વધારાઓ સમયસર જણાવવા જોઈએ.
૩. રાજકીય સ્વરૂપની અથડામણોના કિસ્સાઓમાં સ્થાનિક સિવીલ અધિકારીઓ જો લશ્કરીદળો હોય તો તેની ઓફીસમાં કે પી.ઓ.સી. ને જાણ કરવી જો લશ્કરી મદદ ન મેળવાય તો પણ જાણ કરવી પરંતુ વિસ્તૃત નોંધ આપવી જરૂરી નથી.
૪. મુળભુત રીતે સુલેહ શાંતિનાં ભંગ અંગે સરકારને જણાવવાની મેજીસ્ટ્રેટની જવાબદારી હોઈ તેને તુર્ત જ જાણ કરવી.
૫. જીલ્લા મેજીસ્ટ્રેટનો સંપર્ક તુર્તજ ન સાધી શકાય તો ત્યારે ગૃહ ખાતાને જણાવવું અને નકલ ડી.આઈ.જી.પી. અને આઈ.જી.પી. ને પાઠવવી.
૬. અવ્યવસ્થા ચાલુ રહે ત્યાં સુધી પોલીસ સુપ્રી. એ સબ રૂલ–૧ માં જણાવેલ બાબત વિશે રોજીંદા અહેવાલ જીલ્લા મેજીસ્ટ્રેટને અને નકલો આઈ.જી.પી., ડી.આઈ.જી.પી (રેન્જ) ડી.આઈ.જી. ગુ–હા શોધક વિભાગ, પાડોશી જીલ્લાઓનાં પોલીસ સુપ્રી. ને પાઠવવી. જીલ્લા મેજીસ્ટ્રેટની સલાહ સુચન લઈ પોલીસ સુપ્રી. ગૃહખાતાના સેક્રેટરી અને સર્વ સંબંધીત અધિકારી ઓને જાણકારી શકે.
૭. પેટા નિયમ–૬ ની કલમો હોવા છતાં ઉચ્ચ સત્તામાં તાત્કાલીક ધ્યાન ખેચવા લાયક બાબતો અંગે તાર કે વાયરલેસથી જાણ કરવાની પોલીસ સુપ્રી. ની જવાબદારી છે.
૮. હડતાલ, હુલ્લડો અને બીજા ગંભીર બાબતોની શકયતાઓ વિશે ધ્યાન દોરવું એટલુ જ મહત્વનું છે.

૯. ધરતીકંપ પુર વિ. કુદરતી આફતોનાં સંજોગોમાં ગામનાં પોલીસ (તલાટી ની ગેરહાજરીમાં) અને શહેરો માટે પી.એસ.આઈ. એ મામલતદાર અને જીલ્લા કલેકટરને એકી સાથે તુરત જણાવવું.

**નિયમ ૪૭. તાળાબંધી અને હડતાળો અંગેઃ—**

૧. પોતાના વિસ્તારમાં હડતાળ કે લોકઆઉટ થાય કે તુરત જ બધા જીલ્લા મેજીસ્ટ્રેટ પોલીસ કે રેલ્વે પોલીસ સુપ્રી. અને ડી.એસ.પી., એસ.પી.ઓ. એ સેક્રેટરી ગર્વનરને નીચેના નુમના મુજબ તુરત રીપોર્ટ મોકલવો.

(૧) કારખાનાનું નામ અને સરનામું
(૨) કામ કરતા કારીગરોની સંખ્યા
(૩) હડતાળ કે લોઆઉટ શરૂ થયાની તારીખ
(૪) સંડોવાયેલા કામદારોની સંખ્યા
(૫) કામદારોનુ વેતનમાં રોજીંદી નુકશાની
(૬) મજુર મંડળ જો હોય તો અને તેની સભ્ય સંખ્યા
(૭) હડતાળ પહેલાં જરૂરી નોટીસ અપાયેલ છે કે કેમ ?
(૮) જો અપાયેલ હોય તો નોટીસ કયારે અને કેટલા સમયે અપાયેલ છે.
(૯) અત્યાર સુધીમાં લેવાયેલ સત્તાવાર અને બીનસત્તાવાર પગલાઓ અને તેનાં પરિણામો
(૧૦) હડતાલીયાઓની સ્પષ્ટ અને ખાસ માંગણીઓ
(૧૧) ભાંગફોડ વિ. પાછળ બહારની દાખલગીરી કે અસર નાં કાંઈક પણ પુરાવા
(૧૨) હડતાલીયા—બીનહડતાલીયા કામદારનું સાાન્ય વલણ અને ખાસ મહત્વ અને ઉપયોગી અન્ય કોઈ બાબત વિશે.

૨. હડતાળ કે લોકઆઉટ ચાલુ રહે ત્યાં સુધી દરરોજ તે અંગેના વિસ્તૃત રીપોર્ટ અને તે અગાઉ ટુંકી ખાનગી અહેવાલ મોકલતા રહેવું તેનો ખર્ચ આવે ત્યારે તારથી જણાવવું

૩. જો ૧૫ દિન સુધી જો ખાસ કાંઈ નોંધપાત્ર ન બને તો પંદરમાં દિવસથી દર માસે નીલ રીપોર્ટ પણ પાઠવવો.

૪. રેલ્વેમાં હડતાળની શકયતા જણાય તો રેલ્વે પોલીસ સુપ્રી. એ સર્વ માહિતી સાથે તાર દ્વારા સર્વ માહિતી સાથે આઈ.જી.પી. ને જાણ કરવી. અને ખરેખર હડતાળ પડે ત્યારે તાર દ્વારા સર્વ સંબધીત અધિકારીઓને જણાવવું તેમજ જરૂરી પગલાઓ લેવા. કર્મચારીઓ વગેરે અંગે માહિતી મળે તો પરિસ્થિતિને પહોંચી વળવા પુરતી પોલીસ વ્યવસ્થા ગોઠવવી.

**નિયમ ૪૮. કેદીઓની ભુખ હડતાળ અંગેઃ—**

કોઈપણ પ્રકારનાં કેદી ભુખ હડતાળ પર ઉતરે તો ૨૪ કલાક વીતી ગયા બાદ ડી.એસ.પી. એ તુરત જ વાયરલેસગી સરકારને જણાવવું.

**નિયમ ૪૯. ઔધૌગિક અશાંતિ દરમ્યાન લેવાના પોલીસ પગલા અંગેઃ—**

ઔધૌગિક અશાંતિના કારણે હડતાળ પાડવાનો સંભવ ઉભો થાય ત્યાં જીલ્લા પોલીસે નીચેના પગલા લેવા.

૧. આ અશાંત પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની જાણવણી જો કે તેનાં કારણો અને ચર્ચાની પતાવટમાં ઉતરવું નહી

૨. (અ) ખાસ કરીને સુલેહ શાંતિનો ભંગ અટકાવવો.
(બ) મીલ્કતનું રક્ષણ કરવું
(ક) બીન હડતાળીયાઓની સલામતીનું રક્ષણ કરવું
(ડ) શકય કોગ્નીઝેબલ ગુનાઓની પતાવટ
(ઈ) સબ રૂલ—૫ મુજબ મુદાઓ અંગે માહિતી મેળવવાની ફરજ

૩. નંબર—૨ ના પ્રથમ બે હેતુ સિધ્ધ કરવા હડતાળ પડે કે પડવાની શકયતા હોય ત્યારે પોતાના પોલીસ સુપ્રી. ને સર્વ જરૂરી મુદાની માહિતી આપી રીપોર્ટ મોકલવો જો જરૂરી જણાય તો બીજા વધારાની દળની સહાય માટે આઈ.જી.પી. કે જીલ્લા હેડ કવાર્ટરમાં જાણ કરી મદદ મેળવવી.

૪. કાયદાની વ્યાખ્યા મુજબ જાહેર નોકરીયાતો સિવાયનાં લોકોને શાંતિથી પીકેટીંગ કરાય તે ગુનાહીત નથી.

૫. હડતાળ માટેનાં સંબધીત રાજયદ્વારી ખાસ પાસાઓ વિશે
(અ) ઉશ્કેરણી
(બ) કામદાર નેતાઓનો સંપર્ક અને રસ
(ક) સાહીત્યા વિ. બાબતોની જાણકારી મેળવવી.

૬. હડતાળ પડે અને ચાલુ રહે ત્યાં સુધી પોલીસ સુપ્રી. ને જરૂરી બધા મુદદાની બધી માહિતી સાથેનો રોજીદો રીપોર્ટ જીલ્લા મેજીસ્ટ્રેટને અને તેની નકલો આઈ.જી.પી., ડી.આઈ.જી.પી. (રેન્જ) અને ક્રિ.ઈન્વે. ડીપાર્ટમેન્ટને મોકલવી.

<u>નિયમ ૫૦. રેલ્વે હડતાળ દરમ્યાન પોલીસે લેવાનાં પગલાં:–</u>

૧. અશાંતિ કે અસંતોષના કારણે હડતાળ કે તેની શકયતા થાય ત્યારે રેલ્વે પોલીસ સુપ્રી. ને તુરત જ જાણ કરવી.

૨. હડતાલમાં બધા અગત્યનાં ક્રોસીંગ, પાણી લેવાનાં અને એન્જીન બદલવાના સ્ટેશને જો ન હોય તો બે કે વધુ વ્યકિતઓની પોલીસ પાર્ટી મોકલી આપવી.

૩. અગત્યનાં જંકશનો અંગે દળની સખ્યા જરૂર મુજબ વધારવી.

૪. કામગીર ઉપર મુકાયેલ પુરી કીટ લઈ જવી અને તે સ્ટેશન પર અનિશ્ચિત મુદત સુધી રહેવાની તૈયારી રાખવી

૫. જો કોઈ સ્ટેશને પુરતુ દળ જ જણાય ત્યારે રે. પોલીસ સુપ્રી. એ.આઈ.જી.પી. ની સહાય અને મંજુરી માંગી મદદ માટે જીલ્લા પોલીસને જરૂર મુજબ મેળવવી.

૬. ચાલુ હડતાળ દરમ્યાનની રેલ્વે પોલીસ સત્તાઓ અને ફરજો ટુંકમાં ની મુજબ છે.
(અ) રેલ્વે મીલ્કતનું દખલ કે નુકશાન અટકાવવું
(બ) કાયદો વ્યવસ્થા અને સુલેહ શાંતી જળવાય
(ક) મુસાફરોની શાંતિ જાળવવી.
(ડ) માહિતી મળ્યે કોઈ કોગ્નીઝેબલ ગુનાની પતાવટ કરવી.
(ઈ) કોઈ કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ મળે ત્યાં સુધી હડતાલીયાઓ વચ્ચે ડખલ ન કરવી.
(ફ) રેલ્વે અધિકારીઓનાં કોઈપણ રેલ્વે કર્મચારી પરનાં હુકમો ન બજાવવા.
(ગ) કોઈ ખાસ જગ્યાએ ગુના થશે તેમ જણાય તો કાયમી પુલો, માર્ગો વિ. પેટ્રોલ કામગીરી ન કરવી.

૭. રેલ્વે પોલીસ અધિકારીને મળેલી ફરીયાદ અંગે તુરત જ નજીકના પોલીસ સ્ટેશન હાઉસ અધિકારીને જાણ કરવી. તે અધિકારીએ કોઈ ઉતાવળુ બીન કાયદેસર પગલુ માત્ર ગુનની શકયતા જોઈને જ લેવુ. કોગ્નીઝેબલ ગુનાની ફરીયાદ લીધા પછી જ પગલાં લેવા.

૮. અગત્યનાં કેન્દ્રઓને વ્યકિત કે મંડળીઓ દ્વારા વ્યવસ્થિત અને શાંત પીકેટીગ ગુનો નથી. પણ જો હિંસાત્મક અને બળજબરીવાળું પીકેટીગ કરાય અને રેલ્વે કર્મચારીઓને ફરજ બજાવતો અટકાવાય તો તે રેલ્વે એકટ–૧૨૧ નીચે બીનકાયદેસર બને છે. શાંતીથી પીકેટીગ કરનારને રેલ્વેની હદ છોડી જવાનું જણાવી કાઢી મુકવાની રેલ્વે સત્તા નથી. અલબત જો તે કલમ–૧૨૧ નીચે કે અન્ય કોઈ કોગ્ની. ગુનો કરે તથા સક્ષમ રેલ્વે અધિકારીના આજ્ઞા છતાં આનાકાની કરે તો તેને દુર કરી શકાય.

૯. વ્યવસ્થા અને સુલેહ શાંતીના ભંગ માટે તેને રોકવા પોલીસને હંમેશા સત્તા છે જ. તેથી જો રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે આવુ બને અને જો પુરતી સંખ્યામાં ત્યાં ન હોય તો તે અંગેની જાણ નજીકના પોલીસ સ્ટેશન માં કરવી અને ત્યાંથી સહાય મેળવવી.

૧૦. હડતાળ ચાલે ત્યાં સુધી ખરેખરી પરિસ્થિતિને પોલીસ સુપ્રી. એ.આઈ.જી.પી., ક્રિ. ઈન્વે. ડીપાર્ટમેન્ટ વિ. અધિકારીઓને જાણ કરવી.

૧૧. હડતાળો હલ કરવા અંગેના વિસ્તૃત હુકમો માર્ચ–૨૭ ૧૯૧૬ નાં જયુ ડીપા નં. ૨૦૪૪–૮૯–કોફી–વર્ગ– રીઝોલ્યુશનમાંથી મળી શકે છે.

<u>રેલ્વે પરની જનરલ સ્ટ્રાઈકમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે:–</u>

૧. બંને ડીસ્ટન્ટ સીગ્નલ લાઈનની બહાર રેલ્વે લાઈન પર કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી ડી. પોલીસની છે. પરંતુ સીગ્નલની અંદર અને ચાલુ ગાડીઓનું રક્ષણ કરવાની જવાબદારી રે. પોલીસની છે.

૨. ગંભીર પ્રકારની જનરલ સ્ટ્રાઈક દરમ્યાન આખા જીલ્લામાં રેલ્વે સ્ટેશન લીમીટ કાયદો અને વ્યવસ્થા જાળવવા જીલ્લા મેજી. ના સામાન્ય આદેર અનુસાર ડી.એસ.પી.ની ફરજ છે. રેલ્વે પોલીસ સુપ્રી. ને જરૂરી માહિતી પુરી પાડશે. અને તેનો રેલ્વે સત્તાવાળાઓ સાથે સંપર્ક જાળવશે.

૩. રેલ્વે પોલીસ શકયતયા પોતાની ફરજો પોતાના અધિકારીઓની આજ્ઞા અને માર્ગદર્શન મુજબ બજાવતી રહેશે. જો કે હડતાળ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણીને પ્રાધાન્ય આપવું. અને જીલ્લા પોલીસનો પુરો સાથ સહકાર મેળવવો.

૪. સ્થાનિક પ્રશ્નો ઉદભવે ત્યારે જીલ્લા અને રે. પોલીસ દળ સયુંકત દળ રૂપે કોઈપણ દળનાં વરિષ્ઠ અધિકારીની રાહબારી નીચે ફરજ બજાવશે.

૫. રેલ્વે પોલીસ ના ચાર્જમાં ડી.આઈ.જી. (રેન્જ) જુદા જુદા જીલ્લાઓનાં ડી.એસ.પી.ઓનાં કાર્યનું સંકલન કરશે. સંસ્થાની પરિસ્થિતિ વિષે ડી.આઈ.જી. પી. ને ડી.એસ.પી. રોજીંદો રીપોર્ટ મોકલશે. અને જરૂર પડયે વાયરલેથી સ્પે રીપોર્ટ પણ મોકલશે.

૬. ડી.આઈ.જી. અવાર—નવાર પરિસ્થિતિની વિસ્તૃત જાણ કરશે અને જરૂર મુજબ આદેશો મેળવશે.

૭. ચોકકસ મહત્વના કેન્દ્રો પર વધારાનું પોલીસદળ આઈ.જી. કેન્દ્રીત કરશે. ડી.આઈ.જી. તેને યોગ્ય લાગે ત્યાં જરૂર મુજબ ગોઠવશે અને તે મુજબની જાણ વખતો વખત આઈ.જી. ગૃહખાતાના સેક્રેટરીને રોજીંદા રીપોર્ટ પાઠવશે. તેમજ નકલ આઈ.જી.ને મોકલશે. (આપશે)

## નિયમ ૫૧. જનરલ ઈલેકશન દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે:—

૧. બધા ઉમેદવારો શાતિપુર્વક ચુંટણી સભાઓ યોજી શકે અને ભાંગ ફોડીયા અને તોફાની તત્વો સભાને તોડી ન પાડે તે માટે ચતુરાઈથી છતાં મકકમપણે અને કાયદોઓનો આશરો ન લેવો પડે તેમજ જરૂરી પોલીસ વ્યવસ્થા ગોઠવવી.

૨. જો પક્ષો દ્વારા તોફાને કે સુલેહ શાંતિના ભંગની શકયતા દેખાય તો અને ત્યારે તેમની મુરાદ બર આવતાં અટકાવવી

૩. લઘુમતીઓને થતી કનડગત અટકાવવી.

૪. દરેક મુકત મતદાન કરી શકે તે માટે જરૂરી સંપુર્ણ વ્યવસ્થા યોજવી.

૫. પોતાના વિસ્તાર માટે પોલીસ કમી. અને ડી.એસ.પી. ઓ એ મતદાન મથકોના રીટનીગ અધિકારીના સંપર્ક દ્વારા ત્યાં જરૂરી પોલીસ વ્યવસ્થા વિશે નિર્ણય કરવો.

૬. મથકો નજીક સુત્રોચ્ચાર ન થવા દેવો.

૭. દરેક મતદાર મુકત રીતે મતદાન કરી શકે અને કોઈ પક્ષ કે ઉમેદવાર વતી તેને હાની કે અડચણ ન કરાય તે ખાસ જોવું

૮. સામાન્ય રીતે મતપત્ર ચોરી જઈ વેચી દેવાની ગંભીર ગેરરીતી અટકાવવા મતદારોની યોગ્ય અને જરૂર જણાય ત્યારે તપાસ કરવાની પોલીસને સત્તા છે. અને જરૂર મુજબ તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

## નિયમ ૫૨. જાહેર સ્થાનો કે રસ્તાઓ ઉપરનાં સરઘસો અંગે કોમી ઝઘડાઓ બારામાં અધિકારીઓને માર્ગદર્શક સુચનાઓ:—

૧. વાજીત્રો સાથે જાહેર સ્થળોએ રસ્તાઓ ઉપર સરઘસ કાઢવાનો પ્રજાનો અધિકાર છે. પરંતુ તે અધિકાર કોઈ જ્ઞાતિ અને વ્યકિત માટે કાયદા અને વ્યવસ્થાના નિયમોને આધીન રહેવું જોઈએ.

૨. જયાં આવો અધિકાર સક્ષમ કોર્ટનાં નિર્ણય કે નોંધાયેલ ચુકાદાને આધીન હોય ત્યારે તેનો ચુસ્ત અમલ કરવો. તેનાં અભાવે ૬ વર્ષ કે તેથી પુરાણી પધ્ધતિનો અમલ કરવો. પણ જો સ્પષ્ટ ઉલ્લેખ અને સાબિતી હોય તો ભુતકાલીમ જુની પધ્ધતિઓ અમલી બનાવવી. મોહરમ, ગણપતિ, દશેરા, રથયાત્રા વિ. ફેરફાર ન કરતાં જુનાને વળગી રહેવુ.

૩. ભુતકાળની સ્પષ્ટ રસમો, અને નોંધનાં અભાવે કે નવા સરઘસના નિયમન પ્રસંગે મુસલમાનોની મસ્જીદની આસપાસ ૫૦ વાર અને તેની સામે ફકત બંદગીના સમયે સંગીત બજાવવું નહી હિન્દુ મંદી માટે આ જરૂરી નથી.

૪. ભુતકાળની જરૂરી જુની રીત રસમોનું અધિકારીઓ કોઈ ધાક ધમકી કે બળજબરી દ્વારા પાલન ન અટકાવે તે જરૂરી છે. દરેક જ્ઞાતિને આ વાત સ્પષ્ટ પણે ખ્યાલ પર લાવવી આ નીતીથી અધિકારીઓ

ચલીત થાય તેમ ન દેખાવા દેવુ પક્ષકારો સાથે જુદા જુદા કે સંયુકતરીતે ગુણદોષની ચર્ચા ન કરવી પણ પરસ્પર સમજુતીથી કરાયેલ સમાધાનને આદર આપવો.

૫. જો પ્રચલિત પધ્ધતિથી શાંતી જોખમાય તેમ જણાય તો અધિકારીએ જરૂરી સાવચેતીનાં પગલાં લેવા

૬. આ પગલાઓ નીચેની માર્ગદર્શન રેખાઓ મુજબ લેવા.

(અ) પ્રાથમિક તબકકે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે બને પક્ષની નેતાઓની સાવચેતીનાં પગલાં લેવા.

(બ) કોઈ વર્તમાનપત્રો શાંતિ ભંગને ઉશ્કેરે તેવો જ્ઞાતિવાદી પ્રચાર કરે તો તેને ચીમકી આપવી અને જરૂરી બને તો કી. પોલીસ કલમ–૧૪૪ મુજબ હુકમ આપવા.

(ક) જરૂર ઉભી થયે આઈ.જી. પાસેથી વધારાનુ જરૂરી પોલીસ બળ પ્રાપ્ત કરવુ.

(ડ) વધારે ગંભીર પરિસ્થિતિ માટે શાંતીનો ભંગર કરે તેવા શકય લોકોની ધરપકડ કરવી. જોકે આથી અવળી અસર ઉભી થાય નહી તે ખાસ જોવ સરઘસ પસાર થઈ ગયા પછી આવી પકડેલ વ્યકિતને તુરત છોડી દેવી.

(ઈ)જો મસ્જીદ કે મંદીરનો પથ્થર, ઈંટો, ગુડાઓને સંતાડવા માટે ઉપયોગ કરાય તો મુસ્લીમ કે હિન્દુ પોલીસની મદદ વડે આવા સ્થળોની તપાસ યોજવી અને શાંતિ ભંગ કરનારની ધરપકડ કરવી.

૭. જો કોઈ પક્ષનાં માન્ય અધિકારો પર તરાપ પાડનારી અસરો અંગે સરકારને પુર્વ મંજુરી વિના કોઈ હુકમો આપવા નહી.

૮. હિંસાત્મક ન હય તેવા કોઈ ગુના માટે કોર્ટ કેસ નોંધવા નહી

<u>**નિયમ ૫૩. ધમકીવાળા કોમી મુશ્કેલીવાળા કેસોમાં અટકાયતી પગલાં:–**</u>

૧. ઈન્ટેલીન્સની કામગીરીઃ–

(અ) કાયદો અને વ્યવસ્થા જેને સોંપવામાં આવેલ હોય તેને એવું જણાય ત્યારે આવા વિસ્તારમાં કોમી બનાવો સંબધી સતત દેખરેખ રાખવી ઈન્ટે. બ્રાન્ચે આવા સમયે તાત્કાલીક રીપોર્ટ કરવો અને જે તે અધિકારી એ કાયદાકીય પગલા ભરવા અને અટકાયતી પગલાં લેવાય

(બ) જાહેર ઉચ્ચારણો અથવા લખાણો દ્વારા કોમી તણાવ જણાય ત્યારે જે તે ઉચ્ચારણો અને લખાણોનો અભ્યાસ કરી તેમાના ઉશ્કેરણી જનક શબ્દો સ્પષ્ટ તારવી જરૂરી પગલાં લેવા અને તે દ્વારા ઉભા થતાં જરૂરી બનાવોની અધિકારીએ તાત્કાલીક તપાસ કરી તોફાની તત્વોને તાત્કાલીક દાબી દેવા.

(ક)કોમી ઈતિહાસ ધરાવતાં ગામ કે શહેરમાં તથા નજીકના ભુતકાળમાં કોમી બનાવ થયેલ હોય ત્યાં ખાસ વીજીલન્સ કાર્યરત કરવી.

૨. લઘુમતી કોમ અંગેઃ–

(અ) જે કોમનો બહિષ્કાર કે હેરાનગતિ થાય તેમ હોય તેને રક્ષણ આપવુ.

(બ) લઘુમતી કોમના લોકો નિરાશ ન થાય તે માટે ખોટું કરનાર વિરૂધ્ધ તાત્કાલીક તપાસ કરવી.

(ક) સરકારશ્રીના જુદા જુદા ખાતા પંચાયત તથા સામાજીક સંસ્થાઓ પાસેથી કોમી બનાવો અંગેની બધી જ માહિતી મેળવી સતત તેના સંપર્કમાં રહેવુ.

૩. તિક્ષ્ણ હથિયાર, લાકડી, ભાલા વિ. તમામ સાધનના પ્રતિબંધ માટે આર્મ્સ એકટ–૧૯૫૯ ની કલમ–૪ નો ઉપયોગ કરવો તેમ છતાં જરૂરી હોય તો બી.પી.એકટ કલમ–૩૭ નો ઉપયોગ કરવો તેમ છતાં જરૂર પડયે સરકારશ્રીમાંથી નોટીફિકેશન બહાર પાડી આવા હથિયારો ધારણ કરવા કબ્જામાં રાખવા, લાવવા–લઈ જવા પર પ્રતિબંધ મુકવો.

૪. કોમી માનસ ધરાવતાં, મીલકતની લુંટ, સ્ત્રીની બેઈજ્જતો કરે તેવા, ખાનગી વેરભાવ રાખનાર કે ભયનું વાતાવરણ સર્જનાર ગુંડાઓનું લીસ્ટ અપટુડેટ રાખવુ અને તેઓને તાત્કાલીક અટકાયતમાં લેવા.

૫. રાજકીય કાર્યકર અને કોમવારી માણસો કે જેઅ પડદા પાછળ રહી કોમી ઉશ્કેરણી ફેલાવતાં હોય તેમનું લીસ્ટ જીલ્લા મેજીસ્ટ્રેટ અને સુપ્રી. ઓફ પોલીસ, પોલીસ કમી. વિ. ના સંપર્કમાં રહી તૈયાર કરવુ.

૬. બધા અધિકારીઓએ તાબાના માણસો ઉપર લાયક માણસને મુકવો, જ જે કોમી તત્વોને પોલીસ સ્ટેશન સુધી લાવી શકે તેમજ પોલીસ પ્રતિષ્ઠીત ને માનવતાવાદી માણસોનું લીસ્ટ પણ રાખવું જેથી કોમી બનાવ વખતે શાંતી સ્થાપવામાં મદદ લઈ શકાય.

૭. જયારે કોમવાદી લખાણ કે બોલવાથી કોમી અશાંતિ પેદા થાય ત્યારે જવાબદાર અધિકારી સામે યોગ્ય પગલાં લેવા અને યોગ્ય કિસ્સામાં આંતરીક સુરક્ષા ધારાનો અમલ કરવો.

૮. (અ) જયારે સમાચાર પત્રોના કે મેનેજર વિરૂધ્ધ પગલાં લેવાનાં હોય ત્યારે ઉપર જણાવ્યા સિવાયના કિસ્સામાં સરકારશ્રીની મંજુરી લેવી જોઈએ.
(બ) વર્તમાનપત્રો ઉપર વોચ રાખી ઉશ્કેરણીજનક મળી આવે તો આઈ.પી.સી. કલમ–૧૫૩ કે ૨૯૫ મુજબ પગલાં લેવા.
(ક) જયારે કોમી ઉશ્કેરણીજનક ભાષણો આપવામાં આવે ત્યારે તે માણસોને ચેતવણી આપીને તેનો રીપોર્ટ સરકારશ્રીને મોકલવો.
(ડ) કોમવાદી વ્યકિતઓ સામે જયારે જરૂર પડયે ત્યારે જરૂરી પગલાં લેવા.

૯. જયારે વર્તમાનપત્રો માં પ્રસિધ્ધ થયેલ લખાણો ઉશ્કેરણીજનક જણાય ત્યારે તંત્રીને બોલાવી ખુલાસો માંગી ચેતવણી આપવી જો તેમાં સફળતા મળે તો મીસા હેઠળ પગલા લેવા જયારે કોમી ભાષણો અપાયા હોય ત્યારે કોમના આગેવાનને બોલાવી સમજાવટ કરવી. છાપામાં વાધાંજનક રજુઆત થતી હોય ત્યારે પ્રેસ કાઉન્સીલ એકટ–૧૬૫ મુજબ પગલાં લેવા.

૧૦. મેન્યુઅલમાં અપાયેલ વર્તમાનપત્રો સિવાયના પત્રો માટે કોમી લખાણો છાપવા માટે સરકારશ્રીની પરવાનગી સિવાય પણ પગલાં લઈ શકાય.

૧૧. દરેક અધિકારીએ તટસ્થ રહી કામગીરી કરવી. અને વાતાવરણ હળવુ રહે તે ઘ્યાનમાં રાખવું દરેક ધર્મને માન્યતા હોય છે. તેને હાનિ ન પહોંચે તેનો ખ્યાલ રાખવો ધાર્મિક મેળાઓ વખતે ખુબજ વિચારણાપુર્વક કામગીરી કરવી, જેથી લોકોની લાગણી ઉશ્કેરાય નહી.

**<u>નિયમ ૫૪. સુલેહ કમીટી તથા મહોલ્લા કમીટીઃ–</u>**

૧. સુલેહ કમીટીઃ–
(અ) દરેક જીલ્લામાં કાયમી સુલેહ સમીતી અથવા એકતા સમીતી રચવી જોઈએ. તથા મુખ્ય શહેરો જેવા કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરતમાં પણ કમીટીઓ રચવી જોઈએ.
(બ) (૧) જીલ્લા કમીટીની રચનાઃ– જીલ્લા મેજીસ્ટ્રેટ જીલ્લા સ્તરે આવી કમીટીની કન્વીનર રહેશે. તે ઉપરાંત ડી.ડી.ઓ., સુપ્રી. ઓફ પોલીસ, જીલ્લા શિક્ષણ અધિકારી પણ આ કમીટીના સભ્ય રહેશે. તેમજ ધારાસભ્યો, સંસદસભ્યો અને જુદી જુદી કોમના આબરૂદાર ૨૫ સભ્યો રહેશે. જે વધુમાં વધુ ૩૦ સભ્યો સુધી રાખી શકાય.
(૨) અમદાવાદ શહેર માટેઃ– મેયર, ચેરમેન, ડે.મેયર, વાઈસ ચેરમેન તથા મ્યુ. કમી. પોલીસ કમી., હોમગાર્ડ કમી., ડી.સી.પી., મીલ એશો. ના પ્રમુખ, ચેમ્બર્સના પ્રમુખ મીલ કામદાર સંઘના પ્રમુખ અને સંસદસભ્ય, ધારાસભ્ય અને દરેક કોમના આગેવાનો સભ્ય તરીકે રહેશે.

૨. મહોલ્લા કમીટીઃ– મહોલ્લા કમીટીની રચના ઘણી ઉપયોગી છે. ખાસ કરીને મીશ્ર કોમોનો વિસ્તાર હોય ત્યારે આવા વિસ્તારમાં ઝઘડામાં થવાથી કોમવાદ ફેલાય છે. આ વિસ્તારમાં કમીટી દ્રારા ત્વરીત પગલાં લઈ બનાવને દાબી દેવો જોઈએ આ કમીટીમાં વગદાર લોકોને સમાવવા જોઈએ જે લોકોની વગનો ઉપયોગ કરી શકાય મહોલ્લામાં ૫ થી વધુ વ્યકિતનેકમીટીમાં રાખવા નહી જયાં શાંતી સમિતિની રચના થઈ હોય ત્યાં સમિતીનું માર્ગદર્શન મળવુ જોઈએ. અને મહોલ્લા કમીટીની રચનાનું લીસ્ટ પોસ્ટેજ દ્રારા જાળવવું અને ચકાસવુ જોઈએ.

**<u>નિયમ ૫૫. કોમવાદી અશાંતિ દરમ્યાન પગલાં લેવા અંગેઃ–</u>**

૧. સુપ્રી. ઓફ પોલીસ અને તેના હાથ નીચેનાં અધિકારીઓએ કોમવાદી જગામાં ખુબ તકેદારી રાખવી અને ત્વરીત પગલાં લઈ કોમી અશાંતિને તાત્કાલીક દાબી દેવી.

૨. પોલીસ કાયદેસર અને ન્યાયી ગણાય ત્યારે ગોળીબાર પણ કરવો.

૩. મુઝવણ ઉભી કરનાર કે ઉશ્કેરનાર વ્યકિત વિરૂધ્ધ પગલા લઈ ગિરફતાર કરવા કે મીસાનો ઉપયોગ કરવો.

૪.જયારે પોલીસ કોમી બનાવમાં રોકાયેલ હોય ત્યારેરોજીંદી સ્વતંત્ર કામગીરી હોમગાર્ડ પાસે કરાવવી.

૫. તમામ સમાચાર પત્રોને સુચના આપવી કે કોમી ઉશ્કેરણી થાય તેવા સમાચાર આપવા નહી
૬. કોમી અશાંતિ દરમ્યાન પોલીસે માણસોને માલમિલ્કત અને જીદગી ની સલામતી માટે જરાપણ મુંઝવણ વિના અસરકારક ગોળીબાર કરવો. આ માટે જીલ્લા મેજીસ્ટ્રેટના તાત્કાલીક હુકમો મેળવી અસરકારક કામગીરી કરવી.
૭. જયારે કોમી બનાવ બને ત્યારે જીલ્લા પો. અધિકારી કે કમી. એ નીચેના અધિકારીઓ પાસેથી છેલ્લામાં છેલ્લી માહિતી મેળવી તાત્કાલીક પગલાં લેવા અને લોકો ને આનાથી બચાવવા અપીલ કરવી અને પ્રેસ કોન્ફરન્સ બોલાવવી.
૮. આવા બનાવ વખતે પોલીસ સ્ટેશન ટેલીગ્રાફના માણસોને ખાસ રક્ષણ આપવુ જેથી સંદેશાવ્યવહારની કામગીરી જળવાય રહે.
૯. જયારે કોમી બનાવમાં પકડાયેલ વ્યક્તિને વિરૂધ્ધ કોર્ટમાં કેસ ચાલે ત્યારે તેનું વધુમાં વધુ સજા થાય તેવી પોલીસ પ્રોઝીકયુટર મારફતે કોર્ટને રજુઆત કરવી.
૧૦. કોમી અશાંતિ આંદોલનો હડતાળ વિ. કેસો સરકારની પરવાનગી બાદજ પાછા ખેંચવા
૧૧. કોમી બનાવો અંગેનો વિગતવાર રીપોર્ટ સરકારશ્રીની મોકલી આપવો.
૧૨. પરિશિષ્ટ–૧ ના ફોર્મ નં–૨ માં કોમી બનાવ સંબંધી ત્રિમાસીક રીપોર્ટ મોકલવો જોઈએ. અને આવા કેસોની ત્રિમાસિક રીપોર્ટ મહીનાના ત્રીજા અઠવાડીયે મોકલી આપવો જોઈએ.

**<u>નિયમ ૫૬. પોલીસ ઉપર હુમલા અંગેઃ–</u>**

૧. કાયદો અને વ્યવસ્થાની જાળવણીના મહત્વાનાં પ્રશ્ને વાતાવરણ સર્જી તેનાં ભંગની વૃતિને કડક હાથે દાબી દેવી. તેનાં ભંગ કરનાર પ્રતિ આકરી સજા માટે કોર્ટને વિનંતી કરવી. હુમલો કરનારને કરાયેલ સજાને બહોળી પ્રસિધ્ધી કરવી. જેથી પ્રજા પર છાપ પડે.
૨. હુમલો થાય ત્યારે પોલીસ સ્ટેશનના હવાલા અધિકારીએ ઈજા પામેલને નજીકનાં સારવાર કેન્દ્રમાં મોકલી તેની શારીરિક પરીક્ષા કરાવવી.
૩. બાદમાં પુરતી વિચારણા પછી કોગ્નીઝેબલ ગુનો છે કે નહી તેનો નિર્ણય લઈ જરૂરી કાર્યવાહી કરવી.
૪. જો પ્રાઈમાફેસી કોગ્નીઝેબલ ગુનો જણાય તો મેડીકલ રીપોર્ટની રાહ જોયા વિના ગુનો નોંધવો.

**<u>નિયમ ૫૭. તોફાનો દબાવવા લશ્કરી મદદ માંગવા અંગેઃ–</u>**

૧. હુલ્લડ દબાવી દેવા સીવીલ અધિકારીએ લશ્કરની સહાય માટે એપેન્ડીક્ષ–૧ ના નુમનામાં માંગણી મુકવી. જો કે લશ્કરની કામગીર ગોઠવણી વિ. સર્વ વિગત માટે તેની કોઈ જવાબદારી ન રહેતા મીલીટરી અધિકારીની જ રહેશે.
૨. લશ્કરી મદદ મેળવાય ત્યારે જન ઓફી. કમાન્ડીગને નાગરીક સત્તાવાળાને ઈચ્છા અને હેતુઓ શકય તેટલી જલ્દીથી જણાવવા
૩. લશ્કરી મદદ માટે સી.વી. હેડ કવા. ને ફરજોનો પ્રકાર અને સ્થળ અંગે જાણ કરવી. પણ સંખ્યાબળ રચના વિ. બારામાં સુચના કરવી નહી.
૪. ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ છેલ્લા આદેશો મુજબ સુપ્રી. ઓએ ૩૦ ઓકટોમ્બર ૧૯૩૦ ના એસ.ડી. ૪૮૩૨ હોમ ડીપા. ના પરીપત્રોનો અભ્યાસ કરવો.
૫. જયાં નિયમિત લશ્કરી ટુકડી અપુરતી સંખ્યામાં હોય ત્યાં ભારતીય સીમા દળના સભ્યોની મદદ માંગવી નહી પણ લશ્કરી ટુકડીઓની સંખ્યા પુરતી મેળવી શકે છે.
૬. માંગેલ લશ્કરી અને મદદ અને સુચના માટે આઈ.પજી.પી. સરકયુલર ૧૭ મે ૧૯૬૯ નો અભ્યાસ કરવો.
૭. મેજીસ્ટ્રેટ દ્વારા લશ્કરી મદદ મંગાઈ હોવા છતાં સ્વબચાવ વિના ગોળીબાર કે બળનો ઉપયોગ કરવો નહી.

**<u>નિયમ ૫૮. તોફાની ટોળઓ સામે હથિયાર ધારી પોલીસ કે લશ્કર મુકી જાળવવાના સિધ્ધાંતોઃ–</u>**

૧. મીલીટરી અને સશસ્ત્ર પોલીસને તોફાની ટોળાઓને દબાવી દેવા તેવી રીતે ન મુકવા જેથી તેમની નીકટના સંપર્કથી હાથોહાથ ની ઝપાઝપી, હથિયારો ખુચવાઈ જવા, સંખ્યાબળ માં પહોંચી વળવુ વિ. પ્રશ્નો ઉભા થાય.

૨. શકય હોય ત્યા સુધી લશ્કરી ટુકડી કે પોલીસને ટોળાની ફરતી કોર્ડન માટે ન મુકતા સામાન્ય પોલીસને જ મોકલવી તેમને વધારારૂપે નજીકના સ્થળે બીન હથિયારધારી પોલીસ સલામતી રીતે પાછળથી ખેંચી શકાય તે શીખવવું
૩. વચ્ચે કોર્ડન વિના તોફાની ટોળા સાથે સમગ્ર પોલીસ કે લશ્કરી ટુકડીઓ અતિ બીન સલામતી અને જોખમી છે કારણ કે અથડામણ થતાં કાં તો બીનજરૂરી ગોળીબાર કે ટુકડીની પીછેહઠના પરિણમે.
૪. દળોની ગેરહાજરીમાં મેજીસ્ટ્રેટે કાં પોલીસ કોડ પ્રકરણ–૯ ની જોગવાઈઓને આધીન રહી મીલટીર કમા કે.પો. ઓ. કમાન્ડીગ સાથે ગાઢ મસલત કર્યા બાદ આ સિધ્ધાંતો ને વળગી વર્તવુ.
૫. લશ્કરી દળોના સાથે રહેનાર મેજીસ્ટ્રેટ સ્પષ્ટપણે ઓળખાઈ રહે તે માટે કોણી પર ૨:૧:૨ ઉંચાઈનો ભુરા રંગનો 'એમ' અક્ષરધારી ૪ ઈંચ પહોળો લાલ રંગનો પટો બાંધવો.

**નિયમ ૫૯. લો અને ઓર્ડર ડયુટીમાં હથિયારોના ઉપયોગમાં પ્રકારઃ–**

સરકારશ્રીના નકકી કર્યા મુજબ પોલીસ દળ સામાન્ય લો અને ઓર્ડરની ફરજ દરમ્યાન ૪૧૦ મસ્કેટનો ઉપયોગ કરશે જયારે ૪૧૦ મસ્કેટ ઉપલબ્ધ ન હોય ત્યારે ૩૦૩ રાયફલ બોલ એમ્યુનેશન સાથે અથવા ભારત સરકારશ્રીના નકકી કરેલ કારતુસો વાપરશે.

**નિયમ ૬૦. ગેરકાયદેસર મંડળીઓને વિખેરવા શસ્ત્રોના ઉપયોગ અંગેઃ–**

૧. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે શસ્ત્ર પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાય ત્યારે ચુસ્તપણે લશ્કરી ઢબે દરેક દળ હેડ કોન્સથી ઉપલી પાયરીના અધિકારીના કાબુ નીચે ને સીધી દેખરેખ નીચે મુકાશે. જયારે બીન હથિયારધારી પોલીસની ફરજો સશસ્ત્ર પોલીસને સોંપાય ત્યારે તેનો તેઓ શસ્ત્રો વિ. ના લાઠી કે બેટન સાથે કવાયત કરશે. બધા શસ્ત્રો યોગ્ય સ્થાને મુકાશે. જથ્થો કરાશે અને નિયત સામાન્ય પધ્ધતિ મુબ ગાર્ડ અને સંત્રીઓની ચોકી ગોઠવશે.
૨. ટોળા વિખેરવા જેવી કામગીરી માટે જયારે શસ્ત્રો અપાય ત્યારે સર્વ પ્રકારની પો. એ. પો. ૪૧૦ મસ્કેટ સાથે લઈ જવા આવા હેતુ માટે તે શ્રેષ્ઠ હથિયાર છે. સશસ્ત્ર ટોળાનો સામનો કરવા માટે ૩૦૩ રાયફલો નો ઉપયોગ જરૂરી બનશે. ૪૧૦ મસ્કેટના ફાયરીગના છેલ્લા ઉપાય રૂપે જ અને તદન આવશ્યક હોય તો જ આશરો લેવાવો જોઈએ. ફાયરીગ કરાય ત્યારે નિશાન નીચે તાકવું અને ટોળાના સૌથી તોફાની વિભાગ પ્રતિ તાકવું ટોળાથી વિખુટા પડેલા ટોળાના માથા તરફ ફાયર કરવો નહી. કોઈપણ સંજોગોમાં હવામાં ફાયરીગનો આશરો લેવો નહી.
૩. રાજય રીઝર્વ પોલીસ દળના હુલ્લડો દબાવવા સાથે લેવા માટે પેટા નિયમ–૮ મુજબ નીચેના પધ્ધતિને અનુસરવુ.
(અ) ડી.એસ.પી. જરૂરી ૪૧૦ મસ્કેટસ બોલ એમ્યુનીશન સાથે કામચલાઉ રીતે તેમને પુરા પાડવા.
(બ) જરૂર મુજબ પોલીસ સ્ટેશનના અને આઉટ પોલીસ સ્ટેશનના બીન હથિયારીધારી પોલીસ ને જો હેડ કવાર્ટરના વધારાના જથ્થામાંથી ૪૧૦ મસ્કેટસ પુરા પાડવા
(ક) રીઝર્વ પોલીસ ૩૦૩ રાયફલ વાપરતી હોય ૪૧૦ મસ્કેટસ પણ સારી રીતે વાપરી શકે.
૪. ગેરકાયદેસર મંડળીને વિખેરવા આવશ્યક બને ત્યારે મેજી. પો.સ્ટે. ના જવાબદાર અધિકારી પોતાની નીચે પો.ને શસ્ત્રોનો ઉપયોગનો આદેશ આપતા પહેલાં ટોળાને સ્પષ્ટ અને મોટેથી તે અંગેની ચેતવણી આપશે. અને પ્રથમ રાઉન્ડમાં બોલ એમ્યુનીશન વાપરશે. પણ બ્લેક કાર્ટીઝ નહી જે પળે જરૂરત ન રહે તેજ પળે ફાયરીગ તુર્ત જ બંધ કરવું મેજી. ની આ વહીવટી ફરજ હોઈ જીલ્લાનાં વડા વહીવટી વડાએ જ તે બજાવવી લશ્કર આ આજ્ઞાઓ અને ટેકનીલ ટર્મસથી અપરિચીત હોવાનો કારણે મેજી.હુલ્લડ વિ. પરિસ્થિતિમાં પોતાની આજ્ઞાઓ પોલીસ અધિકારીઓ દ્વારા પોલીસ દળને અને લશ્કરી દળને આપશે.
૫. મેળા ઉત્સવો માટે સશસ્ત્ર પોલીસ ટુકડીઓ મોકલાય ત્યારે તેમને બોલ એમ્યુ. આપવુ. આવા પ્રસંગે તોફાનનો ભય ઓછો હોય તેમણે પોતાના હથિયારો કોઈ અનુકુળ મધ્યસ્થ સ્થળે ગાર્ડનાં ચોકી પહેરા નીચે જથ્થામાં રાખવા અને બીન હથિયારી રહેવુ.
૬. અગાઉથી ભયંકર ઉશ્કેરાટ ભર્યા, વ્યસ્થિત યોજનાબધ્ધ, ખુબ તોફાની, વિરોધી, હુલ્લડગ્રસ્ત ટોળાને જયારે મકાનો બેંક વિ. પર હુલ્લડો કરતા હોય ત્યારે તેના ટોળાને ફાયરીગ વડે વિખેરી શકાતું નથી. આવો પ્રયત્ન નીચેના કારણોસર જોખમ વહોરવારૂપ છે.

(અ)ફાયરીંગની રેન્જ અતિ મર્યાદિત હોઈ ખાસ અસર થતી નથી.
(બ) વ્યકિતને રાઉન્ડ ફાયર કરવામાં લાગેલ સમય દરમ્યાન નજીક પહોંચી પોલીસ માટે ગભરાટ અને કામગીરીની નિષ્ફળતા સર્જી શકે છે.
(ક) ટોળાઓના નેતાઓને તારવી કાઢવાનું અશકય છે.
(ડ) અગાઉથી મર્યાદિત તોફાન કરનારને ફાયર બિન અસરકારક નિવડે છે. બલ્કે પોલીસ પર અવળી અસર પડે છે.
(ઈ) પોલીસ અધિકારીએ ઈ.પી.કો કલમ–૧૦૦ વડે બક્ષાયેલ રક્ષણ ને ભુલતાં તત્કાળ બુધ્ધિ પુર્વક નિર્ણય લેવાં જોઈએ.

૭. જાહેર સંમેલનોના સમયે બજાવવાની ફરજો બારામાં પોતાની નીચેના અધિકારીઓને અગાઉથી અને સ્પષ્ટપણે તેમની સત્તા ફરજો બજાવવાની કામગીરી બારામાં વિસ્તૃત ખ્યાલ માર્ગદર્શન અને તૈયારીની સુચનાઓ આપી દેવી જોઈએ.

૮. મુંબઈ માટે હોઈ નથી લીધેલ.

૯. ધાડપાડુ સાથે કામગીરી માટે સશસ્ત્ર પોલીસ ને ડીસ્ટ્રીકટ હેડ કવાર્ટર સાથે પોલીસ સ્ટેશન અધિકારીએ માંગણી મુકી ૩૦૩ રાયફલો મેળવવી અને તેમને પુરી પાડવી અને કામગીરી પુર્ણ થયેલ તુર્તજ પરત કરવી.

**<u>નિયમ ૬૧. અદાલતની તપાસ (મેજીસ્ટ્રેટ ઈન્કવાયરી) અંગે:–</u>**

૧. ઈજા કે મૃત્યુ ન થાય તો પણ ગોળીબાર કરાય ત્યારે અચુકપણે અદાલતી તપાસ યોજવી જ જોઈએ ખાસ કરીને–
(અ)જુગાર દારૂ ગાળાનારઓ કે અન્ય ગંભીર ગુનેગારોની ધરપકડ વખતે સ્વબચાવ માટે ગોળીબાર થયો હોય.
(બ) તોફાની હડતાળીયા વિરૂધ્ધ સ્વબચાવમાં
(ક) તોફાની ટોળાઓ વિખેરવા ગોળીબાર કરાય ત્યારે

૨. જો ગોળીબાર ને પરિણામે કોઈને ઈજા કે મુત્યુ ન થાય તો આવી તપાસ જરૂરી નથી.
(અ) ધાડપાડુઓ રેલ્વે વેગન લુંટમાં સામનો કરે ત્યારે સ્વબચાવ માટે કરાયેલ ગોળીબારમાં
(બ) ગેરકાયદેસર દારૂગાળનારાના સામા ગોળીબારના સ્વબચાવમાં
(ક) પીધેલ તોફાનીઓ છરાબાજી કરે ત્યારે સ્વબચાવમાં અને
(ડ) ધાડપાડુઓ હાઈવે રોબર્સ નાસ્તા ફરતાં વિ. ગુનેગાર માટે થયેલ ગોળીબાર વખતે

**<u>નિયમ ૬૨. હુલ્લડો અને તોફાનો દરમ્યાન વૈધકીય રાહત પુરી પાડવા અંગે.:–</u>**

નાગરીક ધાંધલ ધમાલ અંગે પગલા લેવાની જવાબદારી ધરાવનાર અધિકારીઓએ આવા પ્રસંગેઓ ઘવાયેલને વૈધકિય રાહત શ્રેષ્ઠ રીતે પુરી પાડવાની અને તુર્તજ ઈસ્પતાલ પહોંચાડવાની ફરજો જાળવવી જોઈએ.

––––––xxxxx––––––

# પ્રકરણ–૫
# અટકાયતી પગલાં

**નિયમ ૬૩. ગુના અને ગુનેગારોની નોંધ અંગે.:–**

૧. ગુનાઓએ અસરકારક રીતે હલ કરી શકવા માટે દરેક પોલીસ સ્ટેશન વ્યકિતઓ અને સ્થાનો અંગે નીચે મુજબની વ્યવસ્થિત નોધોં જાળવશે.
(૧) ગ્રામ્ય માહિતી નોંધ –સ્ટેટીસ્ટીકસ
(૨) ગ્રામ્ય ગુના રજીસ્ટર
(૩) કન્વીકશન રજીસ્ટર
(૪) ગુનાઓ વિશેની નોંધ
(૫) હિસ્ટ્રીશીટર્સ
(૬) સર્વલન્સ રજીસ્ટર
(૭) પોલીસ સ્ટેશન કન્વીકશન રજીસ્ટર
(૮) નીચના ગુનેગારોનુ રજીસ્ટર
(અ) ૧ થી ૪ નંબરના રજીસ્ટર છુટા પુંઠામાં જરૂર મુજબ નવા પાના ઉમેરી શકાય તેમ દરેક ગામની માહિતી સાથે એક સાથે બાંધવા જયારે ૫ થી ૮ ના રજીસ્ટર સમગ્ર પોલીસ સ્ટેશન અંગે માહિતી ધરાવશે.
(બ) બૃહદ મુંબઈ અંગે હોઈ લીધેલ નથી.

૨. પેટા નિયમ–૧ નીચે આવતાં રજીસ્ટર પર કોન્ફીડેન્શ્યલ તેવી નોંધ કરવી. તે અતિ મહત્વના ડીકયુમેન્ટરૂપ ગણાય, હિસ્ટ્રીશીટર્સ અંગે ના પત્ર વ્યવહાર સ્ટેશન અધિકારીને પોતે સંભાળવો. કોન્ફીડેન્શયલ માં રવાનગી નોંધવી અને બીજા કોન્ફી. જેમ જ લખવા ગામમાં બનતા ગુનાઓની બધી નોંધ પોતાના હસ્તાક્ષરમાં ઈન્સ. કે હવાલો ધરાવતાં સબ ઈન્સ્પે. એ કરવી હિસ્ટ્રીશીટર્સ માં લખાણ પણ પોતે અથવા હેડ કોન્સ્ટેબલ દ્રારા કરવી પોતાની સહી અવશ્ય પણે કરવી.

**નિયમ ૬૪. ગામડાની વિષદ માહિતી અંગેઃ– (સ્ટેટીસ્ટીકસ)**

રજી. નો નમુનો એટલો સરળ અને સમજાય તેવો છે. એટલે તે માટે કોઈ નોંધ જરૂરી નથી.

**નિયમ ૬૫. ગ્રામ્ય ગુના રજી. અને કન્વીશન રજી અંગેઃ–**

૧. સીધા નોંધાય હોય અને ક્રિ.પ્રો.કો. ના કલમ–૨૦૨ નીચે મેજી દ્રારા રજુ કરાયેલ હોય તેવા સાચા કે ખોટા એપેન્ડીકસ–૫ ગુનાઓ વિશે જ નોંધ અને માહિતી ધરાવશે.

૨. એપેન્ડીકસ ના ભાગ–એ નીચે આવતાં ઈ.પી.કો. કલમ–૭૫ લાગુ પડે છે. એન તેના નીચે કામ ચલાવાયેલા વ્યકિત વિશે ગ્રામ કન્વી. રજી. માં નોંધ કરવી.

૩. પોતાના રહેણાંક સિવાયના તાલુક કે જીલ્લામાં વ્યકિત પર જયારે કામ ચલાવાય ત્યારે કામગીરીની ગ્રામ કન્વી. રજી. માં નોંધ માટે રહેઠાણના જીલ્લા કે તાલુકા ને જાણ કરવી. રજી. ના ખાનામાં કામગીરી ચલાવ્યાની તારીખ નીચે કામગીરી ચલાવનાર કોર્ટનું સ્થળ અને વર્ગ દર્શાવવા.

**નિયમ ૬૬–૬૭. ગામડામાં ગુના અંગે નોંધઃ–**

મહત્વના નાગરીક ઝઘડાઓ, તહેવાર અંગેના ઝઘડાઓ અને ગુનાનો તપાસ દરમ્યાન જાણવા મળેલ ઝગડાળું બાબતો વિ. સર્વ પ્રકારની ગુનાઓ તરફ દોરી જતી બાબતો અંગે (નોટીસ ઓન ક્રાઈમ ઈન વિલેજ) માં નોંધ દર્શાવવામાં આવશે.

**નિયમ ૬૮. હિસ્ટ્રશીટ અંગેઃ–**

૧. જેઓનાં નામ સર્વેલન્સ રજી. માં ચઢાવવામાં આવ્યા હોય તેઓને હિસ્ટ્રી શીટસ બોલાવવામાં આવે છે. બીજાઓનાં નહી.

૨. વ્યકિતઓનાં હિસ્ટ્રીશીટ અને સર્વેલન્સ રજી. માનો અનુક્રમાંક અપાય છે. અને પોતા દ્રારા જ ફાઈલ કરાય છે.

૩. કામ ચલાવાયેલ વ્યક્તિઓનું હિસ્ટ્રી શીટસ કામ ચલાવાય ત્યારે જ ખોલાય અને ગુનાની તાજી માહિતી દરમ્યાન જ જેલમાંથી છુટે ત્યાં સુધી ચાલુ રખાય છે. શીટ સાથે જે તે વ્યક્તિની આંગળાની છાપનો નુમનો પણ જોડવો.

૪. જેનાં માટે હિસ્ટ્રીશીટસ ખોલવાનો આદેશ મળ્યો હોય તેવી વ્યક્તિની મુકતી ધ્યાન બહાર ન રહે તે માટે ડી.એસ.પી. ચીફ ઓપરેટર દ્વારા જેલ સત્તાવાળાઓને તેની મુક્તિ અંગે અને સુચીત રહેઠાણ અંગેની જાણ તેની મુક્તિ સાથે પોતાને કરવાનું જણાવશે.

૫. મુક્તિની તારીખે જેલ સત્તાવાળાઓ દ્વારા સુચીત રહેઠાણના સ્થળે તપાસ યોજશે. પરિણામોની નોંધ શીટમાં કરાશે. વિશેષમાં વારંવાર તેની આજીવીકા સંબધી અને સંપર્કો, શંકાસ્પદ ગુનાઓ વિ. વિશે પણ શીટમાં નોંધવું

૬. જયારે ચાંપતી નજર નીચેની વ્યક્તિ રહેઠાણ છોડે ત્યારે તેની શકય વિવાદની જગ્યાએ અને હીલચાલ બારામાં અચુકપણે રોલ ભરવો જોઈએ. અને તપાસમાં પરિણામની હિસ્ટ્રીશીટમાં નોંધ કરવી જોઈએ. એક મહીનાથી વધારે સમયની ગેરહાજરી માટે પો. ગેઝેટસ માં પ્રસિધ્ધી કરાવવી અને ફીંગર પ્રિન્ટ બ્યુરો ગેરહાજરીમાં નોંધ માટે આંગળીના છાપની સ્લીપ મોકલવી ગામ છોડો યારે અને એ રોલ પરથી પકડી ન શકાય ત્યારે ફરી દેખાદે ત્યારે તેની ગેરહાજરીમાં વિશેષ માહિતી મેળવી તેની ખરાઈ બાદ તે અંગેની નોંધ હિસ્ટ્રીશીટમાં મુકવી.

૭. જીલ્લાના અને તેના વિભાગના હવાલામાંના એસ.પી., ડી.એસ.પી. કે. ડી.વાય.એસ.પી. એ પો. સ્પેશનની મુલાકાત દરમ્યાન હિસ્ટ્રી શીટોની બારીકાઈપુર્વક ચકાસણી કરવી. બરાબર જળવાય અને બીન જરૂરી ખુલ્લા ન રહે તે જોવુ.

૮. જેનુ હિસ્ટ્રીશીટ જળવાય તેનું મૃત્યુ થયે તેનુ નામ સર્વે રજી. માંથી કમી કરવા અને હિસ્ટ્રીશીટ નાશ કરવાના ઓડર્સ પો. સ્ટેશન અધિકારી એ તુરત જ મેળવી લેવા.

૯. (અ) હિસ્ટ્રીશીટવાળો વ્યક્તિ કયમ રીતે બીજા રાજયમાં રહેવા જાય ત્યારે પો. સ્ટે.નો હવાલો ધરાવતા અધિકારીએ ડી.એસ.પી. એ હિસ્ટ્રીશીટ મોકલવુ અને પછી તે ડી.એસ.પી. એ. અંગ્રેજી અનુવાદ સાથે ને તે રાજયના ડી.એસ.પી. ને જરૂરી પગલાં માટે મોકલશે.
(બી) હિસ્ટ્રીશીટવાળો પાકિસ્તાનના કોઈ પ્રાંતમાં હિજરત કરે ત્યારે યોગ્ય ગવર્નમેન્ટ ચેનલ દ્વારા આગળ પગલા માટે જે તે પ્રાંતની સરકારને જાણકારીના અભાવે પાકિસ્તાન સરકારના ગૃહખાતાને મોકલી આપશે. તેવી જ રીતે ત્યાંથી ભારતમાં હિજરત કરવા ત્યાંની સરકાર દ્વારા રેકોર્ડ મેળવશે.

**નિયમ ૬૯. શંકાસ્પદ ગામડાઓની વિઝીટનુ રજીસ્ટર(વિલેજ ક્રાઈમ નોટબુક)**

૧. આ રજી. નં. ૧૦૨ સી (ટી) મુજબ રહેશે. (૨) ફોર્મમાં દર્શાવ્યા મુજબ શંકાસ્પદ મુલાકાતીઓની રજી. માં નોંધ કરવી જો એ રોલને લગતી નોંધ અને માહિતી પત્રકની નોંધ કલમ–૬ માં કરવી. અને જો તે નમળે તો પોલીસ ઈન્સ્પેશ. અથવા પોલીસ સબ ઈન્સે. ને બી રોલ મોકલવા અને તેની નોંધ કલમ–૭ માં કરવી એટલે કે ગામના શંકાસ્પદ મુલાકાતીઓની એ રોલ અને બી રોલની નોંધ અનુક્રમ મુજબ આ રજીસ્ટરમાં રહેશે.

**નિયમ ૭૦. હિસ્ટ્રીશીટ ઓફ વિલેજઃ–**

આ રજી. ફોર્મ નં. પી. એમ. ૧૦૨ (૧) મુજબ રહેશે. (૨) આ રજી. માં એવા ગુનેગારોની નોંધ રહેશે કે જેઓ વ્યક્તિગત તથા અન્ય હિસ્ટ્રીશીટ ગુનેગારો અને તેજ ગામ અથવા બીજા ગામના રહીશ સાથે ગુનાખોરો અથવા શંકાસ્પદ હીલચાલ કરતા હોય કે, જેની માહિતી પોલીસ માટે ઉપયોગી હોય.

**નિયમ ૭૧. હિસ્ટ્રીશીટ અને તેની ફાઈલની અનુક્રમણિકાઃ–**

૧. ડી.એસ.પી. અને એસ.ડી.ઓ. પોતાના કાર્યાલયના પોલીસ સ્ટેશનનો સર્વ રજીસ્ટર ઓની નકલ જાળવશે. જે હિસ્ટ્રીશીટરો માટે અનુક્રણિકા રૂપે બનશે.

૨. ક્રિ.પો.કો. કલ–૩૫૬ જેઓને રહેઠાંણની જાણ કરવાની જોગવાઈ હોય અને બોમ્બે હેબીચ્યુઅલ ઓફેન્ડર્સ એકટ–૧૯૫૯ ક્રિ.પો.કો. કલમ–૪૦૧ તળે શરતી છુટકારો કે ફર્લા મંજૂર કરાયેલ સર્વ તેમજ જેને ડી.એસ.પી. જરૂરી લેખે તેઓના નામોની યાદી સર્વ રજી. માં કરશે.

૩. ખાસ કરીને તો ઘરફોડ, લુંટ કે ધાડ મિલ્કત ખોટા સિકકા જાલી નોટ છાપનાર રેલ્વેને ધંધાદારી ઠગો અને ક્રિ.પો. કો. કલમ–૧૧૦ નીચે આવરી શકાતાં નકકી થઈ ગયો હોય તેવા બાકી ગુનેગારોની

જેલ મુકિત વખતે જેલને ઈન્સ્પેકટર જનરલ આઈ.જી. પી. ને જાણ કરશે. પરીણામે નીચેના કિસ્સાઓમાં સિવાય પોલીસ બાળ ગુનેગારો પરના સખ્ત જાપ્તો ઉઠાવી લેશે.

(૧) ગુનાહીત વાતાવરણમાં ઉછરાયેલા અને ચોરી જેવા ગુનાઓથી ટેવાયેલ બાળગુનેગારો માટે

(૨) જયારે નામચીન ગુનેગાર વચ્ચે વસવાટ કરે કે, સંપર્ક વધારે ત્યારે આ જાપ્તા માટે સબ ઈન્સપે. થી નીચેની કક્ષાના અધિકારીઓનું ઉપયોગ ન કરવો

૪. બોરસ્ટલ શાળાઓમાંથી છુટા થયેલા છોકરાઓ પ્રોબેશન ઓફી. કે અન્ય સત્તાધીશની દેખરેખ નીચે રહે છે. અને જયાં સુધી પ્રમાણિકતા જાળવી સતત ગુજારો કરે ત્યાં સુધી તેમને કોઈ દખલ કે જાપ્તો રાખવો નહી તેના વિશે કાંઈ માહિતી મેળવવા માટે તેની સીધી પુછપરછ ન કરતાં બોરસ્ટલ શાળાના વહીવટકર્તાઓ પાસેથી મેળવવી ગુનો કરે તો અને ત્યારે સીધી તપાસ કે દખલ કરી શકાય

૫. જીલ્લાના તહોમતદારોને સજા થાય ત્યારે તે જીલ્લાના ડી.એસ.પી. કે એસ.પી. તેના પર જાપ્તો રાખવાના આદેશ જારી કરશે. અને હિસ્ટ્રીશીટ ખોલવા અનુ સર્વે રજી. માં નોંધ કરવા જણાવશે. અન્ય જીલ્લાના તહોમતદારોને હિસ્ટ્રીશીટ બનાવી રહેઠાણના જીલ્લાને મોકલશે.

૬. સર્વ રજી. માં સમાવેશ ન કરાયા સિવાય કોઈપણ સર્વેલન્સ (જાપ્તો) રખાય નહી નીચેના માર્ગદર્શન મુજબ ડી.એસ.પી. પોતાની બુધ્ધી અને નિર્ણય શકિત વાપરી જાપ્તો રાખી શકશે.

(૧) ઘરફોડની ટેવવાળા પર ચાંપતી નજર મહત્વની લેખાય.

(૨) ત્રણ સજાઓ પામેલા જેમાની એક ઘરફોડી હોય અને અઠવાડીયે ઓછામાં ઓછા ૩ અને તેમાં વધુ રાત્રી દરમ્યાન ની મુલાકાત લેવી.

(૩). જીલ્લા વાર ગુનાઓના મહત્વ અને જાપ્તામાં ફેરફાર રહેશે.

(૪) જાપ્તા નીચે પુરતી કાળજી અને વિચારણા બાદજ ~~શક્ય~~ તેટલી ઓછામાં ઓછી વ્યકિતઓને જ રાખવી

(૫) ગુનો અટકાવવા તેમજ ગુનેગારને સુધારણાના ઉદેશથી દેખરેખ નીચેના સ્થળે રોજગારી મેળવે તેવા પ્રયત્નો પણ કરવા.

૭. પોતાની હદમાં આવતાં દેખરેખ નીચેના સર્વેની માહિતી પોલીસ સ્ટેશન રજી. માંથી સાચા ઉતારા લઈ આઉટ પોષ્ટ સર્વે રજી. જાળવશે. જયારે કોઈ નવી નોંધ કે ફેરફાર કરાય ત્યારે તે રજી. ના તે ફેરફારની જાણ સબંધીત આઉટ પોષ્ટને કરવી. તેવી જે રીતે તે અધિકારી વિલેજ પોલીસને જાપ્તો રાખવા માટેની અને હિલચાલ નોંધવાની વ્યકિતઓની યાદી જે તે વિસ્તાર પુરતી પુરી પાડશે.

૮. ગામડાની આવી વ્યકિતને ગેરહાજરી વખતે જયાં સજા થઈ હોય ત્યાં જવાની શકયતાને ઘ્યાનમાં લઈ ડી.એસ.પી. જે તે જીલ્લાઓને જાણ કરશે.

૯. કેટલાક સમય માટે સર્વે રજી. ઉપર નામ રાખવું તે બાબતમાં ચુસ્ત નિયમોના અભાવે જે તે રહેઠાણ જાળવવાની ક્રિ.પ્રો. કો. કલમ–૫૬૫ બોમ્બે પોલીસ એકટ ૧૯૫૯ અને ક્રિ.પ્રો.કો. કલમ–૪૦૧ નીચે શરતી છુટકારો મેળવનારઓના નામો હોય કે મેજી. દ્રારા નિયત હોય તેવા સમય માટે જાળવવા ત્યારબાદ ડી.એસ.પી. કે. એસ.ડી.પી. ના નિર્ણય મુજબ તેને ચાલુ રાખવા કે દુર કરવા ? સજા પામેલાના કિસ્સામાં જેલ મુકિત બાદ તેનો વધુમાં વધુ બે વર્ષીથી વધુ ન રાખવો પછી ડીમેન્ટ ફાઈલમાં નામ ફેરવવુ જો વર્ષો સુધી ગેરવર્તણુંક ન જોવાય તો નામ જુદી જુદી ફાઈલ પરથી દુર કરવુ અને રૂટિન તપાસ પણ બંધ કરવી અન્યથા કિસ્સામાં ડી.એસ.પી. કે એસ.ડી.પી. ઓ. પોતાની યોગ્ય લાગે ત્યાં સુધી દેખરેખ રાખી શકશે.

૧૦. જેની હિલચાલ પરની દેખરેખ ગુનો અટકાવવામાં અને શોધવામાં મદદરૂપ નીવડે તેમ તેવા નામો સર્વ પ્રકારનો ન નોંધાય તે ડી.એસ.પી. અને સબ ડીવીઝન અધિકારીએ ખાસ જોવું આ માટે પોલીસ સ્ટેશનના નિરીક્ષણ માટે ખાસ ચોકસાઈ કરવી અને પોલીસ પટેલ કે આઉટ પોષ્ટ અને પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતાં અધિકારી સાથે સલાહ અને વિચારણા બાદ યોગ્ય લાગે તેવા નામો સર્વે રજી. માંથી કમી કરવા.

<u>નિયમ ૭૨. ખરાબ ચાલચલગત વાળાના (એ) અને (બી) રોલ ભરવા અંગે.–:</u>

૧. ખરાબ ચાલચલગત વાળા પુરતા નિયંત્રણ માટે તેમનો પીછો અને તેમના વર્તન પર ચોકી પહેરો જરૂરી છે. આ સિધ્ધ કરવા એ અને બી નો મુકત ઉપયોગ કરવો એ રોલ દેખરેખ નીચેની વ્યકિતઓ

માટે અને બી રોલ જેનો ગુનાહિત ઈતિહાસ છે તેવા શંકાશીલ અજાણી કે બહારની વ્યકિતઓ માટે ઉપયોગમાં લેવો ખાસ ધરપકડ કરાય ત્યારે બી રોલ લેવાથી સમય અને મહેનત બચે છે.

૨. સર્વે રજી. પર નામવાળી ખરાબ ચાલચલગતવાળી વ્યકિત ઘર છોડે ત્યારે તે અંગેની સંભવિત રહેઠાણનો જો ખ્યાલ હોય તો તે બાબતની ગામના વડાએ પોલીસ સ્ટેશનને તુર્તજ જાણ કરવી.

૩. પોલીસ સ્ટેશનના હવાલાના અધિકારી 'બેડ કેરેકટર રોલ' ફોર્મ એ તુરત ભરી હાથોહાથ ટપાલથી શકય તેટલો ત્વરીત રીતે આવી વ્યકિત ગયેલી હોય તેવા શક સ્થાનોના પોલીસ સ્ટેશનના અધિકારીને મોકલી આપશે. સ્થાનની જાણકારીની અભાવે શકય હોય તો બધા પો.સ્ટે. ને રોલ ની કોપી મોકલેશે.

૪. આવી બધી વ્યકિત ઘર છોડી મુંબઈ જાય ત્યારે અંગ્રેજીમાં ભરેલ ફોર્મ 'એ' તેના અંગેની વિસ્તૃત માહિતી અને તેના સંબંધીત મિત્રો વિ. ના સરનામા વિશેની માહિતી સાથે પોલીસ સ્ટેશન અધિકારીએ ત્યાં પો.કમી. ને મોકલવી.

૫. રોલ મેળવનાર અધિકારીએ તે મળ્યા અંગેની પહોંચ તુર્તજ મોકલવી અને આગમનની સમય, તારીખ જેની સાથે હશે તેનુ નામ, સરનામુ વિ. અગે તપાસ કરવી પણ જો એકાદ અઠવાડીયાના અંતે જો તેનો પત્તો ન મળે તો રોલ પાછળ તે વિશે જરૂરી નોંધ કરી રોલને મુળ પો.સ્ટે. પ્રતિ પરત કરવો.

૬. આ જાતિને કાર્યવાહી પોતાના વિસ્તારમાંથી ઘર કે અન્ય સ્થળે જનાર ખરાબ ચાલચલગત વાળા માટે યોજવી તેના નોંધણી સિવાયના સ્થળે જનાર માટે પણ આ રીત અખ્યાર કરવી.

૭. જયારે પોલીસ પટેલના જાણવામાં શંકમંદ અજાણી વ્યકિતનું આગમન આવે ત્યારે તેની રહેણાંક પુર્વ ઈતિહાસ વિ. ની ઝીણવટ ભરી પુછપરછ કરવી. પ્રાપ્ત બધી માહિતી વિના વિલંબે પો.સ્ટે. ને મોકલવી.

૮. આવી માહિતી મળ્યે પોલીસ અધિકારી જે સ્થાનમાં આગંતુક રહેઠાણ જણાવે તેના પોલીસ સ્ટેશનને તેનુ બેડ કેરેકટ રોલ ફોર્મ 'બી' ભરી પહોંચાડવુ.

૯. આવો રોલ તે વ્યકિતની જરૂરી સંપુર્ણ માહિતીની નોંધ કરી રહેણાંક પોલીસ સ્ટેશને તેને પરત કરવું આવા સંજોગોમાં વ્યકિતની ઓળખ માટેના ઈશ્યુ કરનાર અધિકારીએ પગલાં યોજવા અને શકય હોય ત્યાં સુધી ઓળખ મેળવી લેવી.

૧૦. બીજા રાજય કે જીલ્લામાં રોલ મોકલાય અને જુદી ભાષા હોય તો રોલ અંગ્રેજીમાં ભરીને મોકલવો.

<u>નિયમ ૭૩. પોલીસ સ્ટેશન જનરલ કન્વીકશન રજીસ્ટર:–</u>

આ રજી. પોલીસમાં સીધા જાહેર થયેલા તેમજ બો.ક્રિ. પોલીસ કોડ કલમ–૨૦૨ મુજબ તપાસ થવા મોકલેલ કોગ્ની. ગુનાઓ માટે સજા પામેલાની સંપુર્ણ નોંધ ધરાવે છે. ઉપરાંત એક પો.સ્ટે. ની હદમાં રહેતાં અન્ય પો.સ્ટે.ની હદમાં ગુના કરનાર સજા પામેલાના નામ પણ દાખલ કરાય છે. રેલ્વે પોલીસ કન્વે. રજી. માં રેલ્વે એકટ –૧૧૯,૧૨૦ મુજબ ના ગુના થયેલ કામના દાખલા નોધાવવા જરૂરી નથી. તે રજી. ની કોલમ–૭ નિરીક્ષણ વખતે ચોકસાઈ થી અને થયેલી સજા અંગે જરૂરી યોગ્ય નોંધ કરી છે. તે જોવુ.

<u>નિયમ ૭૪.નામીચા ગુનેગારોનુ રજીસ્ટર:–</u>

૧. આવુ રજી. કે ગુના પ્રતિ પાછા વળવાની શકયતા વાળાનું યાદી રજી. છે. જો કે તેમાંના બધાજ સર્વે રજી. ની યાદીમાં નામ ન પણ ધરાવે

૨. નીચે પ્રકારના ગુના કરનારાઓ માટે આ રજી. રખાવુ જોઈએ.

(૧) ઘરફોડી કરનાર
(૨) ચોરી કરનાર
(૩) લુંટારા
(૪) ધાડપાડુઓ
(૫) અન્ય પરચૂરણ

કોઈ ચોકકસ જીલ્લામાં ધમાલ ધાંધલ કરવી, જાલી નોટ કે સિકકા બનાવવા, ચોરેલ મિલ્કત ધરાવવી વિ. છેતરપીડી જેવા ગુનાઓ માટે વધારાના પ્રકારની અરજીમાં નોંધ કરી શકાય.

૩. ઘરફોડી, લુંટ, ધાડ, ચોરેલી મિલ્કત મેળવવી, જાલી નોટ અને સિક્કા બનાવવા, રેલ્વે મુસાફરો પાસેથી ચોરી ક્રિ.પ્રો. કો. કલમ–૧૧૦ અને બોમ્બે હેબી. ઓફ એક્ટ–૧૯૫૯ ની કલમ–૩ અન્વયે ત્રણવાર ચોરી માટે સજા પામેલ આપોઆપ રહેઠાંણના પો.સ્ટે. ના ગુના રજી. માં અપાયેલ આ રજી. માં પણ આવશે. ચોરો માટે ત્રણ કરતાં ઓછી વખત સજા પામેલાના નામ પણ વ્યકિતગત કેસના ગુણદોષ મુજબ સંજોગો જોઈ આ રજી. માં સમાવી શકાય. સજા પડે ત્યારે નોંધ કરાય અને ત્યાર પછીની સજા માટે નવી નોંધ પો.સ્ટે. ના રજી. અને સજાના સ્થાનના રજી. માં પણ કરાવી જોઈએ. ડી.એસ.પી. અને એસ.પી.એ સજા પામેલાઓ કે બીજા ગુનાઓ કરનારા નામ આ અરજીમાં ઉમેરી શકે છે.

૪. સક્રિય કે શકયપણે સક્રિય ગુનેગારો અંગેનું રેકર્ડ બની રહે તે હેતુથી ખુબ કાળજી પુર્વક અને જરૂરી નોંધ આ રજી.માં કરાવવી જોઈએ. અને છેલ્લે જેલ મુકિતની તારીખથી પાંચ વર્ષ કે નોંધની તારીખથી ાેકઈ ગુનો ન કર્યો હોય તેવાઓના નામ દુર કરવા જોઈએ.

**<u>નિયમ ૭૫. દારૂબંધી અંગેનાઓ વિશે અલગ રજીસ્ટરની જાળવણી અંગે.:–</u>**

દરેક પો.સ્ટે.એ એ નીચેની બાબતો અંગે દારૂબંધી એકટ નીચે. આવતાં નીચે પ્રમાણેની બાબતો અંગેના ગુનાઓ પર સજા પામેલ માટે બે અલગ રજી. જાણાતી ગુનેગારોનું રજી. અને સર્વે રજી. જાળવવા જોઈએ. તેવી જ રીતે દારૂબંધી અંગેના નીચેના પ્રકારના ગુનાઓ આચરનારઓના નામ ધરાવતું જનરલ કન્વી. ૨ અલગ રજી. પણ જાળવવું જોઈએ.

૧. ભઠીઓ અને દારૂ ગાળવાના અને બનાવવાના સાધનો વિ.વેચનારાઓ
૨. દારૂ અને માદક દવાઓની હેરાફેરી કરનારાઓ
૩. બોમ્બે પ્રો.હી. એકટ–૯૧ નીચે જેની જામીન ગીરીઓ લેવાયેલ હોય.
૪. બોમ્બે પ્રોહી. એકટ કલમ–૫૭ (બ) નીચે સજા પામેલા

**<u>નિયમ ૭૬. ચેકીગ ઓફ ઘી વિલેજ ક્રાઈમ રીપોર્ટઃ–</u>**

૧. પોલીસ ગુનેગારો–બદલચનો ઉપર ચાંપતુ નિરીક્ષણ રાખે તે હેતુ પાર પાડવાનો ક્રાઈમ રેકોર્ડનો ઉદેશ છે. તે સિધ્ધ કરવા આવા રજી. માં નોંધ ખુબ કાળજીપુર્વક કરવી, આઉટ પોષ્ટ, પો. સ્ટેશન અને જીલ્લા રજી. માની નોંધ સાથે તેની ખરાઈ ચકાસણી કરવી.

૨. જો જરૂરી બને તો પોલીસ સુપ્રી. કે એસ.ડી.ઓ. એ દેખરેખ નીચેની વ્યકિતઓ બારામાં રજી. માંથી નહી પણ જાત રૂબરૂ તપાસ ઓળખ વિ. દ્રારા કોન્સ. કે હેડ. કોન્સ. દ્રારા આવી વ્યકિતઓ કેટલી ઓળખ અને માહિતી ધરાવે છે તે ચકાસી તે નીચેનાં માણસો રૂબરૂ આવવા ઈચ્છે છે. અને નામ કમી કરાવવા અરજ કરે તો યોગ્ય નિર્ણય પણ લઈ શકે.

**<u>નિયમ ૭૭. પો. સર્વે નીચે શરતી કરારો નીચે મુકિત પામેલ કેદીઓ અંગેઃ–</u>**

૧. ઘણા લાંબા સમય માટે સજા ભોગવનારાને કાયમ માટે મુકિત અપાય અને તે પોલીસ દેખરેખની શરતે હોય તો દરેક કિસ્સાઓ ગુણવત્તા અનુસાર પોલીસ દેખરેખની ઓછામાં ઓછી મુદત ત્રણ વર્ષ માટે અને વધુમાં વધુ ૧૦ વર્ષ કે આજીવન પણ રાખી શકાય લાંબી સજા ભોગવતાં કેદીઓની શરતી અપરીપકવ છુટકારાની ભલામણ કરનાર સુપ્રી. એ આ ઘ્યાનમાં રાખવું શરતી દેખરેખ હેઠળ છુટકારો મેળવનાર માટે અઠવાડીયામાં પોલીસ સમક્ષ હાજરી પુરાવવાનું ઠરાવાયેલુ છે. તેની જેલ આવેલી હોય તેમજ રહેઠાણ આવેલુ હોય તે હદના પો.સુપ્રી. ને શરતી છુટકારા માટેની શરતો અને સાથે સરકારી મંજુરી ની ઠરાવની નકલો મોકલવી.

૨. કેદી ફર્લો પર છુટનાર હોય ત્યારે જેલ સત્તાવાળઓએ જયાં તે ફર્લો સમય ગાળનાર હોય તે જીલ્લાના પો.સુપ્રી. ને રીવીઝન રીપોર્ટની નકલ બનશે ત્યાં સુધી એડવાન્સ (અગાઉથી) મોકલશે.

**<u>નિયમ ૭૮. રહેઠાંણની જાણ કરવાનું જણાવાયેલ ઈસમો અંગેઃ–</u>**

ક્રિ.પો.કો. કલમ–૩૫૬ કલમ–૧ સાથે સંબધીત અને બોમ્બે ઓફ એકટ કલમ–૧૯૫ અન્વયે રહેઠાંણ તેમાં ફેરફાર ત્યાંથી ગેરહાજરી અંગે જાણ કરવા જણાવાયેલ ઈસમો અંગેના નિયમો એપેન્ડીક્ષ–૭ માંથી મળશે.

**<u>નિયમ ૭૯. જુના ગુનેગારોની ઓળખ બાબતઃ–</u>**

જુના કેદીઓની ઓળખ કરી શકાય તે માટે સુપ્રી. પોલીસ સુપ્રી. દ્રારા મોકલાયેલ પોલીસ અધિકારીને કેદીઓની અઠવાડીક પરેડના એક દિવસ અગાઉ જેલ ઓફિસમાં પ્રવેશ આપશે. દાખલ રજી. અને

મુક્તિ ડાયરી જોવા માટે આમાંથી આગલા સપ્તાહે દાખલ થયેલાઓની પછીના હપ્તાએ છુટનારાઓની હજુ અણઓળખાયેલ કેદીઓનો તેની ઓળખ પરેડ કરવાની છે. ૨૦ થી વધુ નહી તેવી ચુંટેલી પોલીસ ટુંકડી તેની પરેડ કરશે. તે ટુકડીને આ કેદીઓ સાથે ઓળખવિધિ માટે જરૂરી ન હોય તેવા કોઈ સંપર્ક સાધવા દેવાશે નહી સુપ્રી. પોલીસ કયા દિવસે અને સમયે ઓળખ પરેડ યોજનાર છે. તેની જાણ કરશે. ઈ.પી.કો. ની કલમો ૩૨૮ થી ૩૬૯ મુજબના ગુનાઓ માટેના તેમજ પ્રકરણ ૧૨–૧૬ અને ૧૭–૧૮ મુજબ સજા પામેલા અને અંડર ટ્રાયલ કેદીઓની જ ઓળખ પરેડ યોજવી. સ્ત્રી કેદીઓની પોલીસ માટે ઓળખ પરેડ ન યોજવી.

**નિયમ ૮૦. ટેવાયેલા ગુનેગારોની ઓળખ બાબત.:–**

૧. દરેક જેલમાં આ પ્રકારના ગુનેગારોની ઓળખ વિશેની નોંધ રાખવી

૨. (અ)જેલ સત્તાવાળાઓએ જેમને એક વર્ષ કે વધુ સમયની સજા ભોગવી હોય અને પછીના આવતા માસમાં મુક્તિ પામનાર હોય તેવા ટેવાયેલા ગુનેગારો વિશે જેલ ફોર્મ ૮૨ માં નોંધ ભરી દર માસની ૨૦ મી તારીખે મુક્તિના ત્યારબાદના સ્થળના પોલીસ સુપ્રી. ને સીધુ જ મોકલી આપવુ. રેલ્વે પરના ગુનેગારો માટે વધારામાં રેલ્વે સુપ્રી. ને મોકલવું.

(બ) નીચે મુજબના કેદીઓની મુક્તિની જાણ જેલ સુપ્રી. એ કરવી.

(૧) ટેવાયેલા ગુનેગારો.

(૨) ઈ.પી.કો. પ્રકરણ–૬ અને ૧૨ નીચેના ગુનાઓ માટે એક વર્ષ કે તેથી વધુ સમય સજા પામેલા કેદીઓ માટે તથા

(૩) ઈ.પી.કો. પ્રકરણ–૧૮ મુજબ અને હથિયારધારા નીચે સજા પામેલ કેદીઓ માટે

(ક) સત્તાઓ દ્વારા મુક્તિ પામનાર કેદીઓ અંગેની માહિતી મેળવવા દરરોજ જેલ પર જવાની જે પોલીસને ફરજ સોંપાય તેને પુરેપુરી સગવડતા આપવી જોઈએ.

**નિયમ ૮૧. પોલીસ સબ ઈન્સ્પેકટર ગામડાના વિઝીટેશન અંગે.:–**

૧. ગ્રામ્ય પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવનાર સબ ઈન્સ્પેકટરએ હેડ.કવા. બહારના હદ વિસ્તારમાં માસ દરમ્યાન ૮ થી ૧૦ મુકામો ગ્રામ ફેરણી માટે (નિરીક્ષણ સિવાય) યોજવા. પ્રવાસ પધ્ધતિસર અને એકજ દિવસમાં ગામડાઓને આવરે તેમ પુરતો સમય આપી અને જરૂરી બધી માહિતી અને માર્ગદર્શન આપી યોજવા વર્ષ દરમ્યાન દરેક ગામડાઓની ઓછામાં ઓછી એક અને અગત્યના માટે વધુ મુલાકાતો પણ યોજવી.

૨. ગામડાઓને ત્રણ વિભાગમાં વહેચવા

(૧) 'એ' વિભાગના વધુ અગત્યના

(૨) 'બી' વિભાગના ઓછા મહત્વના અને

(૩) 'સી' વિભાગને તદન ઉજજડ ગામડા 'એ' પ્રકારના વર્ષમાં બે વખત અને 'બી' પ્રકારના ઓછામાં ઓછા એક વખત મુલાકાત લેવી. આ ગણત્રીએ વર્ષ દરમ્યાન થનારી મુલાકાતોને માસિક સરખા હિસ્સામાં વહેચી નાખવી અને તેમાં ફેરફાર કરવો પડે તો સરેરાશ જાળવી લેવી. આમ સમગ્ર ઈન્સ્પેકશન પધ્ધતિસર યોજવુ ને છેલ્લા માસોમાં ભરાવો ન થાય તે જોવું

૩. વર્ષની શરૂઆતમાંજ દર માસની પ્રવાસ કાર્યક્રમની રૂપરેખા બનાવી લઈ તેની નકલો ડી.એસ.પી. અને સબ ડી.પી.ઓ. ને આપવી. રીડર ઈન્સ્પેકટરની ડાયરી મુલાકાતની તારીખ નોધશે. અને વર્ષાન્ત પુર્વ અમલની ખાત્રી કરશે.

**નિયમ ૮૨. વિલેજ પેટ્રોલીગ:–**

નીચેની પધ્ધતિએ બધા જીલ્લાઓના ગામડાઓનું પેટ્રોલીગ એકસરખી રીતે કરાવવું જોઈએ.

૧. પોલીસ સ્ટેશન નીચેના બધા ગામડાઓના ત્રણ વર્ગો પાડવા (૧)વર્ગ 'એ' અગત્યના (૨) વર્ગ 'બી' ઓછા અગત્યના ગામડા (૩) વર્ગ 'સી' ઉજજડ ગામડા તેમજ ગામડાઓને અનુકુળ બીટસોમાં વહેચી પેટ્રોલીગ માટે હેડ કોન્સ્ટેબલને ફાળવવુ 'એ' પ્રકારના ગામડાની દર માસે 'બી' પ્રકારના માટે ત્રણ માસે અને 'સી' પ્રકારના ગામડા માટે છ માસે એક વાર મુલાકાત અને મુકામ રાખવા હેડ કોન્સ્ટેબલ ન હોય ત્યાં બીટનો હવાલો સીનીયર કોન્સ્ટેબલ સંભાળશે. 'એ' પ્રકારના ગામ ખાતેનો મુકામ મહત્વ મુજબ એક કરતાં વધુ દિવસ પણ લંબાવી શકાય ગામ પાસે ઘણા પરાઓ હોય તો એકજ દિવસે વધુમાં વધુ ચારની વિઝીટ કરવી. વિઝીટ માટે પરાઓના ગામડાઓ જેમ 'એ', 'બી'

અને 'સી' પ્રકારના વર્ગો પાડવા મુલાકાતો લાંબી પણ વ્યવસ્થિત યોજવી ઔપચારીક ઉડતી મુલાકાતોથી દુર રહેવુ.

૨. દરેક પેટ્રોલ પોલીસ પોતાનાં બીટમાં પંદર દિવસનો દર માસે મુકામ કરશે. પાંચ દિવસો હેરફેરમાં ગાળી અને બાકીના પંદર પો.સ્ટે. કે આઉટ પોષ્ટ ખાતે રહેશે.

૩. મુલાકાતો અને મુકામો દરમ્યાન દરેક પેટ્રોલ પોલીસ પટેલો ધનવાન, ગરીબ, હોટલ ચલાવનારાઓ, ખેતી કરનારાઓ પાસેથી નીચે પ્રકારની માહિતી તપાસશે.

(અ) ખેતરો, મંદિર, મસ્જીદ, ચર્ચ, ધર્મશાળાઓ અને ખાસ કરી સાધુઓ સંન્યાસીઓ તરીકે ભટકતાં દેખાતાઓ વિશે કારણ કે, આવા લોકો બાહોશ ધંધાદારી ગુનેગારો હોય છે.

(બ) જેલમાંથી તાજા છુટેલા અને દેખરેખ નીચેના તથા ટેવાયેલા ગુનેગારોની વર્તણુંક

(ક) જમીન, દેવળો, સરઘસો,તહેવારો, સ્ત્રીઓ, ધાર્મિક અને નાતજાતના ઝઘડા, પથ્થર ફેકવા વિ. કારણની વિરોધી લાગણીઓ કે ઉશ્કેરાટ બાબતમાં

(ડ) આ બાબત હૂલ્લડો, ખોટી ફરીયાદી કે બીજા ગુનાઓ કે વ્યાખ્યાઅ , રાજકીય પ્રકારના સમેલનો અને શંકમય બેઠકો બારામાં

(ઈ) ગામની સામાન્ય તંદુરસ્તી અને સ્વચ્છતા અને રખડાતા કુતરાઓ બારામાં

(એફ) ભટકતી ગુનાહિત ટોળીઓની હિલચાલ બારામાં

(જી) બીન નોંધાયેલ ગંભીર અકસ્માતો, શંકાસ્પદ મૃત્યુ કે તાજા ગુનાઓ બારામાં પકડાયેલ નોંધાયેલ ગુનાઓને પકડી પાડવામાં મદદરૂપ થવામાં

(એચ) તાજા જન્મેલા અને મરેલાઓની તે અંગે રજી. પરની એન્ટ્રીઓની ખરાઈ તપાસવામાં

(આઈ) પ્રથમ દ્રષ્ટિએ ઉપયોગી કોઈપણ બાબત અંગે.

૪. પેટ્રોલ પોલીસમેનએ તપાસવું કે પોલીસ પટેલ પોતાની મળી ગઈ.

(અ) ઈન્સ્પેકટર ફોરધી ગાઈડન્સ ઓફ પોલીસ પટેલ, ધી ફ્રન્ટ ઈન્ફોર્મેશન બુક અને ભટકતી ટોળીઓનું રજી. ધરાવે છે કે નહીં, અને

(બ) બુક અને રજી. લખવા સુચનાઓનો અમલ અને લખવાની પધ્ધતિ વારંવાર સમજાવવી.

૫. નિયમ–૬૭ અને ૬૮ મુજબના દેખરેખ નીચેના હિસ્ટ્રીશીટર્સના નામો ઉપરાંત ૧૯૫૯ના હેબી ઓફ એકટ નીચેના ટેવાયેલા ગુનેગારોના નામ બધા આઉટ પોસ્ટ. હેડ કોન્સ્ટેબલ કે જે તે ગામડાઓનાં પોલીસ પટેલોને આપવામાં આવશે. આ માહિની પેટ્રોલ પો. મેનને. પેટા રૂલ–૭ મુજબના નિયત સ્ટેટમેન્ટો બનાવવામાં ઉપયોગી બનશે. પોલીસ સ્ટેશનના સીધા નીચેના બીટનો હવાલો ધરાવનાર આવી માહિતી પોલીસ સ્ટેશનના રેકોર્ડમાંથી મેળવશે. એ દરેક પેટ્રોલ પોલીસની ફરજ છે કે નહી તેની તપાસ કરવી અને જરૂર મુજબ (એ) કે (બી) રોલ ભરી જરૂરી માહિતી તુરતજ પો.સ્ટે. ને પુરી પાડવી.

૬. આઉટ પોલીસ સ્ટે. ના હવાલો ધરાવતાં હેડ કોન્સ. એ પોતાની નીચેના બધા ગામડાઓ સમયે નોટીસ ઓન ક્રાઈમ ઈન વીલેજીસ જાળવવી અને છ વખત તેમાં પોતાની એન્ટ્રીઓ ઉમેરવી. પોતાના માસિક નિરીક્ષણ વખતે સબે ઈન્સ્પે. આની ચકાસણી કરશે. પેટ્રોલ પોલીસની પેટ્રોલ બુક ચકાસશે. અને પોલીસ સ્ટેશન ના નોટસ ઓફ ફેઈમ વિલેજીસ ખાતે નોંધ જરૂરી જણાય તેની નોધો લઈ જશે હિસ્ટ્રીશીટ અસરકારક રીતે લખવા અને એ અને બી રોલ ભરવા બદચલનો અંગે પેટ્રોલ પોલીસ પાસેથી માહિતી મેળવશે. હિસ્ટ્રીશીટસ મોકલવા નવી એન્ટ્રીઓની જાણ આઉટ પોષ્ટ કરશે. પણ તેની નકલ આપવી જરૂરી નથી.

૭. બદચલના અને પોતાના બીટના ન પકડાયેલા વિ. ની હાથવગી માહિતીની સાધનરૂપે અને પોલીસ પટેલની સહીની ખરાઈ અને વણશોધાયેલા ગુના અને દેખરેખ નીચેના લોકો વિશેની તપાસ વિશે નિરીક્ષણ અધિકારીને પુરી પાડવા માટે. પેટ્રોલ બુકની શરૂઆતમાં (એ) વર્ગ ના ગામડાઓના સાદી યાદી સાથે (એ) અને (બી) ગામડાઓ બાબતમાં એપેન્ડીકસ–૧ ના ફોર્મ નમુના નંબર–૪ મુજબના સ્ટેટમેન્ટો સાથે રખાશે.

૮. પોતાના બીટમાં બનતા બધા ગુના માટે પેટ્રોલ પોલીસ જવાબદાર લેખાશે. આવા દરેક ગુના તે તુરત જ જાણ કરશે. સ્થાનિક તપાસ માટે જશે અને બાતમી પુરાવા વિ. એકઠા કરશે. મરણોન્મુખ જાહેરાતો સિવાયના ક્રિ.પ્રો.કો. કલમ–૧૫૭ પ્રમાણે તપાસના હુકમ મેળવયા સિવાય હેડ

કોન્સ્ટેબલ કોઈપણ સ્ટેટમેન્ટ રેકોર્ડ કરી શકે નહિ કે તપાસ કરી શકે નહિ વધુ પડતા રખડાતાં કુતરાઓ હોય ત્યારે તેમના નાશ માટે ભુકી લઈ જવી ગુના અટકાવવા અને ધરપકડ અને ગુનેગાર પર કાર્યવાહી ચલાવવા ત્વરીત પગલાઓ યોજવા શાંતિ ભંગ માટે સબ ઈન્સ્પે. ને જાણ કરવી અને ટોળીઓ આવી હોય ત્યારે તેમના પર વોચ રાખવી અને સબ ઈન્સ્પે.

૯. ગામમાં અજાણ્યા માણસો ફરતાં જણાય અને ખાસ કરીને સાધુઓ, ગોસાઈઓ વિ. મસ્જીદ આસપાસ લાગે ત્યારે તેમના પુર્વ ઈતિહાસ વિ. ની ઝીણવટ ભરી તપાસ અને યોગ્ય કિસ્સામાં ઝડતી કરવી, કારણ કે આવા લોકો મોટે ભાગે બાહોશ ધંધાદારી હોય છે.

૧૦. ગામ છોડતા અગાઉ પોતાની પેટ્રોલ બુક અને વિલેજ વિઝીટ બુકમાં બધી ફરીયાદ યોજેલ પગલા, હાથ ધરેલ કામગીરી વિ. ની બધી હકીકતો નોંધવી આ માટે ફકત કોગ્ની ગુનાઓ જ નહી પણ સમગ્ર કામગીરને આવશી લેવા એન્ટ્રીની નીચે પોલીસ પટેલ ની સહી લેવી. જેથી ઉમેરવાનો અવકાશ ન રહે. જો તે અભણ હોય તો જવાબદારની સહી લઈ તેમને લખાણ વાંચી સંભાળવવું

૧૧. (અ) પી.એસ.આઈ. ને પેટ્રોલ બુક તપાસવાની જવાબદારી છે. સબ ઈન્સ્પેકટરએ પોતાન દ્વારા પોલીસ ઈન્સ્પેકટ દ્વારા કે જમાદાર દ્વારા મહીના માં બે વખત પોલીસ સ્ટેશન કે આઉટ પોલીસ સ્ટેશન ઉપર નિરીક્ષણ વખતે વખતે અને પેટ્રોલ પોલીસ પગાર માટે સાક્ષી માટે કે અન્ય કાર્ય માટે આવે ત્યારે તથા આવી કોઈપણ તપાસ બાદ તપાસનાર અધિકારીએ તપાસાયેલી નોંધાયેલી બધી બાબતો પર પુરતુ ધ્યાન અપાયેલ છે અને અન્ય જરૂરી માર્ગદર્શન માટે શેરો કરવો.

(બ) આનો અર્થ એવો નથી. કે આ મહત્વની ફરજ જમાદારોને સોંપી આપવી ફકત બધી પેટ્રોલ બુકો અઠવાડીએ ચેક કરવાનું અશકય હોય તો અને ત્યારે જ કામચલાઉ ઉકેલરૂપે આમ કરી શકાય તેમાંની મહત્વની નોંધ અંગે જમાદાર કે દ્રિતિય સબ ઈન્સ્પેકટરનું ધ્યાન દોરશે. સબ ઈન્સ્પેકટર પેટ્રોલ બુક તપાસશે. સબ ઈન્સ્પેકટે પાયાની શાંતિ અને વ્યવસ્થા જાળવવાની પેટ્રોલ પોલીસ ને જરૂરી સુચનાઓ આપવી. આઉટ પોલીસ હેડ કોન્સ્ટેબલ ફરજ સમજે અને બજાવે તે માટે પેટ્રોલીગ બુધ્ધિપુર્વક અને અપાયેલી સુચના મુજબ થાય તે સબ ઈન્સ્પેકટર જોવું આઉટ પોસ્ટની મુલાકાતો અંગે ખામીઓ પ્રસંગોએ પેટ્રોલ બુકનું ચેકીગ વિલેજ વિઝીટ બુકોની તપાસ ખામીઓ સુધારવી અને જરૂરી માહિતી મેળવવા અંગે માર્ગદર્શન વિશે ચોકકસ સુચનાઓ પેટ્રોલીગ માટે આપવી.

૧૨. બધા ઈન્સ્પેકટરો અને સબ ઈન્સ્પેકટર જયારે ગામડાઓમાંથી પસાર થાય ત્યારે પોલીસ પટેલોને નિયત ફરજો માટે સુચના આપવી અને પોલીસ પટેલની મુલાકાત વગેરે ચેક કરી જોવું કે તે મહત્વની અર્થપુર્ણ કામગીર બજાવે છે.

**<u>નિયમ ૮૩. ટાઉન પેટ્રોલીગઃ—</u>**

૧. દિવસ અને રાત્રી દરમ્યાન શહેરોમાં પેટ્રોલીગ અંગે કોઈ ચોકકસ પધ્ધતિ દર્શાવવી શકય નથી. પરંતુ ચોકકસ વિસ્તારમાં ગુનાઓ ફાટી નીકળ્યા હોય ત્યારે સામાન્ય રીતે ગુનાઓ પ્રકાર સંજોગો વાતારવણી સ્થિતિ હાથવગા માણસો વિ. બાબતો ધ્યાનમાં લઈ સ્થાનિક અધિકારીઓએ તે અંગે નિર્ણય લેવા. ખાસ તો એ સિધ્ધાંત જાળવવો કે જેમાં અણધારી તપાસ ન હોય તેવા પેટ્રોલીગની કોઈ હેતુ નથી. બે કે વધુની ટુકડીરૂપે ગોઠવાય તો જ સફળ નીવડે. ચોકકસ વિસ્તારમાં બદલાય તો ચોકકસ સંખ્યાની ફલાઈગ સ્કવોર્ડ ગોઠવવી અથવા શહેરના ચોકકસ વિસ્તારો કે ચોકી માટે નકકી કરેલ સમયગાળા માટે નકકી કરેલ સંખ્યાનું પેટ્રોલીગ વિસ્તારો કે ચોકી માટે નકકી કરવુ એટલે કે બીટ પધ્ધતિ દ્વારા સારી સફળતા મેળવી શકાય છે.

૨. સંજોગો મુજબ ગણવેશધારી સામાન્ય કર્મચારી ઉપરાંત સાદા વસ્ત્રોમાં બાયર્સ પોલીસોની કુમી અને ગુનેગારો ગુપ્ત વોચ ગોઠવી શકાય.

૩. શહેરમાં ફરજ પરના પોલીસે પોતાના બીટમાં આંખ અને કાન ખુલ્લા રાખી અને આસપાસ શુ બને છે. તેનું બારીક નિરીક્ષણ કરતાં રહેવુ જોઈએ. ખાસ તો વેશ્યાગૃહો, ધર્મશાળાઓ, મિલ્કત રાખનાર શંકાસ્પદો, બદલચનો, જેગારીઓ, ચોરી કરનાર વગેરેના રહેઠાણ પર અને ત્યાંની આવ જાવ પર ચાંપતી નજર રાખવી દરેક શેરી અને ગલીથી પરીચીત રહેવુ. અને તુટેલા કે નિર્જન મકાન ઘર ખાસ લક્ષ કેન્દ્રીત કરવુ. અજાણ્યાઓ બારામાં કુલ ૮૧ ની પેટા કલમ—૯ ધ્યાન લેવી.

૪. રાત્રીના રોનની ફરજ પરના દેખાઈ ન આવે તેમ બને ત્યાં સુધી મકાનના પડછાયામાં સંતાઈને કાળજીપુર્વક હીલચાલ કરવી. તેમણે રસ્તા બદલતા રહેવા અને ફરીફરી તેજ સ્થળોની મુલાકાત

લેવી. ખાસ સવારના ભાગે સજાગ રહેવુ. અને અસામાન્ય સમયે રખડતા લોકોની નોંધ અને તપાસ કરવી. જીલ્લા અને નિમ્ન જજોની કોર્ટ જયાં કિંમતી મિલ્કત સચવાતી હોય તેવા કોર્ટમાં મકાનોની રાત્રી એ રાત્રી રોન દરમ્યાન મુલાકાત લેવી. જયારે ટ્રેઝરીમાં મોટી રકમના નાણાં ભરી શકાય તેમ નહિ હોવાથી સંભાળવા આવે અને ખાસ જાણ થાય ત્યારે નાઈટ વોચમાં માંગણી મુજબ કોર્ટ પર ખાસ ધ્યાન આપવુ.

૬. બેંક દ્વારા પૈસાની લેવડ દેવડ થતી હોય ત્યાં તિજોરી કે સબ તિજોરીના સ્ટ્રોંગરૂમ ની ચોરી સાદા, બીન હથિયારધારી વોચમેન કે રેવન્યુ પટાવાળાથી થાય છે. તિજોરી અમલદારે જરૂરી જણાયતો રાત્રીના રાઉન્ડ દરમ્યાન સ્ટ્રોંગ રૂમ પ્રતિ ખાસ ધ્યાન આપવા પોલીસ ઓફિસરને વિનંતી કરવી.

૭. દેહાંત દંડની સજા પામેલા કેદીઓની જેલ પરના પી.એસ.આઈ. હેડ કોન્સ. દરજજાના અધિકારી દ્વારા મહીનામાં માં બે માસ અણધારી વીઝીટ લેવાવી જોઈએ.

૮. રાત્રે છ રાઉન્ડ કરવા ડી.એસ.પી., ડી.વાય.એસ.પી. ઈન્સ્પે. અને સબ ઈન્સ્પે. ની ફરજો છે. પોલીસ સુપ્રી. આ કામનો અવાર નવાર ચેકીંગ કરે. જો કે આ માટે દર અઠવાડીયે રૂટીન રૂપે નિયમિત ચેકીગ જરૂરી નથી. એ.એસ.પી. અને ડી.વાય.એસ.પી. પાસેથી દર સપ્તાહે નિયમિત રૂપે રાત્રી રાઉન્ડની અપેક્ષા રહે છે.

૯. હેડ કવાર્ટરના અને પ્રવાસ દરમ્યાન જીલ્લાનાં મહત્વના શહેરો માટે નાઈટ રાઉન્ડની ફરજ પોલીસ એ બજાવવા પોતાના તાબાના કર્મચારીઓ આ ફરજ બરાબર બજાવે છે. તે જોવું અને રાત્રી રાઉન્ડ ખાસ કરી અંધારી રાત્રોએ બરાબર બજાવાય છે ? તે આકસ્મિક વીઝીટથી ચેક કરવુ.

૧૦. જીલ્લા સુપ્રી. કે રેલ્વે થી નકકી કરી અને મંજુર સંખ્યામાં અવકાશ હશે તો સ્થાનિક જાણકારી ધરાવતાં કોન્સ્ટે. ને રેલ્વે સ્ટે. પર મુકશે. સાદા વસ્ત્રોમાં અગત્યનાં રેલ્વે સ્ટેશન પર ઉપરી અધિકારીની મંજુરી થી માણસો ગોઠવી શકાય.

૧૧. ફરજ પર હોય ત્યારે જીલ્લા પોલીસ રહી શકે છે. અને તેને ત્યાંથી રેલ્વેમાં દુર કરી શકે.

૧૨. રેલ્વેમાં મુસારી કરતાં શંકાથી લઈ સ્પેશ્યલ વોચ માટે સ્ટેશન પ્લેટફોર્મ પર મોકલાયેલા પોલીસ પાસે ઈન્સ્પેકટર કે સબ ઈન્સ્પેકટરનો લેખિત હુકમ હોવો જરૂરી છે. અને સ્ટેશન માસ્ટર દ્વારા મંગાય ત્યારે તેઓને તેની સનદ બતાવવી જોઈએ.

૧૩. આવા કોન્સ્ટેબલની ફરજો નીચે મુજબ છે.

(અ) બધી મુસાફરી ગાડીઓના આવવા જવાના સમય સ્ટેશન પર હાજરી

(બ) મુસાફરોની આવન જાવન પર વોચ

(ક) રેલ્વે પોલીસ હોય ત્યારે ત્યાં તેનો અધિકારીને શંકાશીલ વ્યકિતની રવાનગી વિશે. રીપોર્ટ કરવો જેથી તે પહોંચવાના સ્થળે તાર દ્વારા રેલ્વે પોલીસ તેમજ તેના દ્વારા જીલ્લા પોલીસને જાણ કરી શકે.

(ડ) રેલ્વે પોલીસ ન હોય ત્યાં પછીના રેલ્વે પોલીસ સ્ટેશન આવી કામગીરી હાથ ધરવા તાર કરવો.

(ઈ) મુસાફરી કરતા સાદા વસ્ત્રોમાંના કોન્સ્ટેબલને જાણ કરવી જેથી તે ઈશમના ઉતારવાનાં સ્થળની રેલ્વે પોલીસ અને જી. પોલીસને જાણ કરી શકે.

(ફ) જયારે જીલ્લા પોલીસ કોસ્ન્ટેબલ રેલ્વે પોલીસ કોન્સ્ટેબલ રેલ્વે પોલીસ કે મુસાફરી કરતાં કોન્સ્ટેબલને આવી જાણ કરે અને કોઈ શંકાશીલ ઉત્તર હોય તો તેની માહિતી તુરતન વીલેજ પોલીસ કે જીલ્લા સ્ટેશનના અધિકારીને આપવા ર. મુંબઈ અંગે છે.

૧૪. પેટા નિયમ ૧૦ થી ૧૫ સુધી સ્ટીમરો –બંદર પરના રફજ પરના પોલીસમેનને લાગુ પડે છે.

૧૫. શહેરમાં પેટ્રોલ ડયુટી પરના માણસોને મેળવેલી માહિતીની પોતાની નોટબુકમાં નોંધ કરાવો જોઈએ. અધિકારીએ તેનુ ચેંકીગ કરવુ જોઈએ.

<u>નિયમ ૮૪. રોડ પેટ્રોલીગઃ–</u>

(૧) કન્ટ્રીરોડ પર પેટ્રોલ ડયુટી માટે સાધારણ રીતે હથિયારધારી કોન્સ્ટેબલ મુકવા

(૨) શકય હોય ત્યાં વિલેજ પોલીસની સેવાઓ પણ લેવી.

(૩) બધા જ મુસાફરો વાહનો, શંકાસ્પદ હાજરી અને દેખાતી ભટકતી ટોળીઓનું બારીક નિરીક્ષણ કરાવું જોઈએ. અને તે અંગેની માહિતી પો.સ્ટે. કે હેડ કોન્સ્ટે ને મોકલવી.

(૪) દુષ્કાળ દરમ્યાન નીચેની સાવચેતીઓ રાખવી. ૧ દિવસને બદલે રાત્રીના ગામડાઓ વચ્ચે પેટ્રોલીગ કરવું.

(૫) જે રસ્તાઓએ વધુ પડતો વાહન વ્યવહાર હોય ત્યાં મુસાફરો અને ગાડાવાળા ઓને જુથમાં મુકામ કરવા સલામતી ખાતર સુચવવું

(૬) બજારો ભરવાના દિવસે બહારથી આવનારાઓને રાત્રી પહેલાં ઘેર પર પહોંચી જવા સુચવવું અને રાત્રી રોકાણ કરવુ જ પડે તો સમુહમાં રહેવા જણાવવું.

**નિયમ ૮૫. સ્પેશ્યલ પેટ્રોલ:–**

૧. ચોકકસ શંકાશીલ વિસ્તારોમાં પડતી ખરેખર ધાડો અને સ્પેશ્યલ પેટ્રોલ ગોઠવાય છે. આ માટે આર્મ્ડ પોલીસ મુકવી. ટુકડી છુટી ન પાડવી.

૨. જયાં તાબાના તારોની ચોરીઓ થતી હોય ત્યાં તે પર નજર રાખવા સ્પેશ્યલ પેટ્રોલ ગોઠવવું આમ કરવાથી કામગીરી વધારે સંનિષ્ઠ, સંપુર્ણ અને સજા બને છે.

૩. પેટ્રોલીગની કાર્યક્ષમ પધ્ધતિ ગોઠવવા ગામડા અને શહેરોમાં કેવી રીતે પેટ્રોલીગ ગોઠવવું માહિતીઓ મેળવવી, એન્ટ્રીઓ નોંધવી. વિ. અંગે ખુબ જ સ્પષ્ટ સ્ટેન્ડીગ ઓર્ડરો પોલીસ સુપ્રી. એ અને એસ.ડી.પી. ઓ એ આપવા જોઈએ. કામગીરીની પધ્ધતિ અને સતત નિરીક્ષણ સિવાય કોઈ સફળતા મળે નહી આ અંગે જરૂરી અમલ કરવો.

૪. પોલીસ અધિકારી ફરજ પર જાય ત્યારે ગમે તે કક્ષા કે હોદો હોય પણ પોતાની પેન્શીલ નોટબુક વિ. સાથે હાજર રાખવુ.

**નિયમ ૮૬. પેટ્રોલીગ અને સ્પેશ્યલ પાર્ટીની હકકીત મંથલી વેરીફાઈ કરવા બાબત:–**

૧. વિલેજ પેટ્રોલીગ, ટાઉન પેટ્રોલીગ, રોડ પેટ્રોલીગ અને સ્પેશ્યલ પેટ્રોલીગની વિગત અગાઉના નિયમોમાં આપેલ છે. અસરકારક પરીણામ આવે તે માટે આવા પેટ્રોલીગનું સુપરવિઝન પોલીસ સ. ઈન્સ., સી.પી.આઈ. માં સાબદાર રહે તે માટે ઉપરી અધિકારીએ ઓચીંતું ચેકીગ કરવુ જોઈએ. કોઈ ફરજ પરનો માણસ ઉંઘતો કે અંદરના ગામમાં ફરતા કે હોટલ કે સીનેમાંમા બેસેલો નથી. તે પોતાની ફરજ પ્રત્યે બેજવાબદાર હોય પેટ્રોલીગ ડયુટીનો માણસ સહેતા પડે તો એ અધિકારી તેમના વિરૂધ્ધ પગલાં લેશે.

૨. જીલ્લા પોલીસ અધિકારીએ પોતાના મંથલી ક્રાઈમ રીવ્યુમાં આી સ્પે. પાર્ટીઓની વિગત કારણોસર સાથે રજુ કરવી.

**નિયમ ૮૭. રેલ્વે લાઈન પર જતી વખતે રાખવાની સાવચેતી:–**

૧. પોલીસ અધિકારીઓએ પુરતી કાળજી રાખી ખાસ કરી રાત્રી સલામતી ખાતર નીચેની સાવચેતીઓ ને અનુસરવાનું રાખવુ.

૨. શકયતા અને જરૂરીયાત મુજબ લાલ સ્લાઈડવાળા દીવા રાખવા.

૩. આગળ પાછળના સ્ટેશન ધારા જણાવવા.

૪. ટુકડીનાં ઉપરીએ સભ્યોને સજાગ એક બાજુ રાખવા.

૫. રેલ્વે પુલ પસાર કરતી વખતે ફુટપાથ ન હોય તો જુથવાર અને નિશાનીના ઉપયોગ સાથે અધિકારીની દેખરેખ નીચે મોકલવા.

૬. (અ) રાષ્ટ્રપતિની ગાડીની મુસાફરી દરમ્યાન લાઈનના રક્ષણ માટે ૨૦ વર્ષથી નીચેનાને રાખવો નહી.

(બ) આવા કામ પર મુકાયેલ ગ્રામજનોને વચ્ચે ચાલવા સુવા કે ન પડવા ખાસ ચેતવવા.

**નિયમ ૮૮. રાત્રીના મુસાફર ગાડીઓ પર કરતાં પોલીસ ગાર્ડ અંગે:–**

મુસાફરો અને તેમની માલ, મિલ્કત રક્ષણ તે તેનો મુખ્ય હેતુ છે આ માટે તેમને સંપુર્ણ સુચના ને માર્ગદર્શન આપવા અને જાળવવા નીચેના મુદાઓ ધ્યાનમાં લેવા.

(૧) બે કે વધુ કોન્સ્ટેબલને મુકવા

(૨) એકધારી રીત ને બદલે જુદી જુદી રીતો યોજવી. જેમ કે કેટલાક સાદા કે મુફતી વેશમાં અને કેટલાક ગણવેશમાં ચોકીદારો બદલવા ગાડીઓ બદલવી

(૩) આ જાતની કામગીરના શોખવાળા બુધ્ધિમાનોને આ કામ સોંપવું અને તેના સુંદર કાર્યોને બિરદાવીને બક્ષીશ વિ. આપવુ.

(૪) ગાડી રાજયની હદ બદલે ત્યારે રેલ્વે પોલીસ સ્ટેશન કે આઉટ હોય ત્યાં ગાર્ડને બદલવા અને ત્યાં ના અધિકારીને ફરજ સંભાળનાર અને છોડનાર બંનેની નોટબુકમાં સહી કરવી.

**નિયમ ૮૯. અધિકારીઓ દ્વારા પેટ્રોલ બુક અને નોટબુકનાં ચેકીંગનું મહત્વઃ–**

૧. જો બરાબર જળવાય અને તપાસાય તો આ બુકો સુપ્રી. કે એસ.ડી.પી. ઓ ને કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલના ચેકીગ બને બઢતી માટે શ્રેષ્ઠ મહત્વનું સાધન બની રહે છે.

૨. ગામડાના બનતા બનાવો માટે ડી.એસ.પી., ડી.વાય.એસ.પી., કે પી.એસ.આઈ., હેડકોન્સ્ટેબલ ની પેટ્રોલબુક તપાસવાની ટેવ રાખે તો તેણે અને પોલીસ કોન્સ્ટેબલ ફેરણી અંગેની ફરજ બરાબર બજાવ્યાની જાણી શકાય છે. આવા બીજા એક નિરીક્ષણ દરમ્યાન પોલીસ પટેલની પેટ્રોલબુકની ભટકતી ટોળીઓનાં રજી. કન્વી. વિઝીટ બુક વિ. સાથેની સરખામણી કરવાની છે.

**નિયમ ૯૦. રેલ્વે અને જિલ્લા પોલીસ વચ્ચે ખરાબચાલવાળાની માહિતી આપ લે અંગેઃ–**

૧. વિસ્તારમાં વસતા શંકાસ્પદ લોકો શોધ કરવામાં રેલ્વે પોલીસને મદદ કરવા ડી.એસ.પી. કે સબ ડી.એસ.ઓ. પોલીસ ખાતાના સબ ઈન્સ્પેક. ને સજા પામેલાઓની યાદી સીધી પુરી પાડવા જણાવશે.

૨. દરેક રેલ્વે પોલીસ સ્ટેશનને પોલીસ અધિકારીના દ્વારા પોતાના વિસ્તારમાં ખરાબ ચાલવાળાએ ગુના માટે રેલ્વેનો ઉપયોગ કરે તેવાઓને યાદી અપાશે. તેમાં જીલ્લા સર્વ રજી. અને અગાઉ સજા પામેલા રેલ્વે ગુનેગારોના નામો હશે.

૩. રેલ્વે ગુનાઓને સાદાથી અલગ પાડવા પોલીસ સ્ટેશન અધિકારી ગ્રામ કન્વી. રજી. માં સ્પષ્ટ નિશાની મુકશે. રેલ્વે પો.સ્ટે.ના અધિકારી જીલ્લા પો.સ્ટે. ના અધિકારીને વિસ્તારમાંના શંકાસ્પદ રેલ્વે ગુનેગારોમાં નામની યાદી આપશે. યાદી અપટુ ડેટ રાખવી રેલ્વે સુપ્રી. ડી.એસ.પી. ને સર્વે રજી. પર રાખવા. જેવા નામનોની જાણ કરશે. ડી.એસ.પી. જરૂરી આજ્ઞાઓ સંબંધિત કર્મચારીઓને આપશે. રેલ્વે પો. સ્ટે.ના અધિકારી જેનાં હિસ્ટ્રી સર્ટી જીલ્લા પોલીસે ખોલ્યા હોય તેવા ગુનેગારો માટે શીટની ડુપ્લીકેટ નકલ રાખશે.

૪. બુહદ મુંબઈને લગતી.

૫. ખરાબ ચાલવાળાઓથી પરિચિત રહેવા આગળના સબ રૂલ મુજબના પગલાં લેવા પાડોશી ડીસ્ટ્રી. પોલીસ સ્ટેશનની મુલાકાત લેવી. અને ત્યાથી સહાય મેળવવી.

**નિયમ ૯૧. ખરાબ ચાલવાળાઓના ગુના થવા અંગેઃ–**

૧. પો.સુપ્રી. ઓની હાજરી લેતી વખતે પો.સ્ટે. અને આઉટ પો.સ્ટેના નિરીક્ષણ દરમ્યાન આવી કોઈ વ્યકિતની ગેરહાજરી જુએ. ત્યારે તે વ્યકિત વિશેની જરૂરી માહિતી પો. ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા નિયત નમૂનામાં ડી.આઈ.જી. ક્રિમી. ઈન્વેસ્ટીગેશન ડીપાર્ટમેન્ટ રીપોર્ટ કરશે. આવા પ્રસિધ્ધ થયેલા નામો પર વોચ રાખવો જોઈએ. અને જયારે પાછા ફરે પત્તો મળે ત્યારે ડી.આઈ.જી. ક્રિમી. ઈન્વેસ્ટીગેશન ડીપા. ને ગુમ થયેલાઓ યાદીમાંથી નામ કમી કરવા જણાવવું

૨. આવી વ્યકિતઓ માટે પોલીસ સુપ્રી. અને એસ.ડી.પી. ઓ વિશેષ ધ્યાન આપશે. અને તાબા અધિકારીઓનું મોરલ ઢીલમાં ન પડતાં તેને મેળવીને જ જણાવશે. આ અંગેની બેદરકારી ગંભીર ગુનો લેખાશે.

૩. તહોમતદાર ની ધરપકડ કરાય ત્યારે અપરીચીત માટે પોલીસ ગેઝેટમાં ગુમ થયેલાઓની આવી યાદી કાળજીથી તપાસી લેવી.

૪. ગુમ થયેલા કે ગેર હાજર ખરાબ ચાલચલગતવાળાઓની આગલા વર્ષ મુજબની યાદી દર વર્ષના પ્રારંભે પોલીસ ગેઝેટમાં પ્રસિધ્ધ કરાશે. અને તે વર્ષ પોલીસ ગેઝેટ સાથે બંધાશે. અને મળી આવે, મૃત્યુ પામે વિ. માટે વખતો વખત લાલશાહીથી સુધારાશે.

૫. પોલીસને જરૂર હોય તેવા લોકો વિશે જાણવાનું સરળ બનાવવા દરેક પોલીસ ને સર્વ સુપ્રી. ને સર્વે સેન્ટ્રલ પ્રેસમાં મેનેજરશ્રી પોલીસ ગેઝેટસની પુરતી નકલો પુરી પાડશે. જેથી જીલ્લાના હાથ નીચેના અધિકારીઓની મોકલી શકાય.

**નિયમ ૯૨. રખડતી ભટકતી ટોળીઓ અંગેઃ–**

૧. સોનારી મીણા, કુંજર, વણજારા, લામાણી રહેટોર, બુધ હુક, બહેરાડ, ભામટા, જેવી. રખડતી ભટકતી જાતિઓ માટે ખાસ દેખરેખ અને જાપ્તો રાખવો, ગામમાં કે નજીક આ જાતિઓના સભ્યો દેખાદે ત્યારે પોલીસ પટેલ જે વિસ્તારમાં પોતાનું ગામ હોય તેના પો.સ્ટે. કે આઉટ પોસ્ટ ને જાણ કરવી. રેલ્વે ધર્મશાળા વિ. જેવા સ્થળે એ રાતે જાપ્તારાખવો અને શંકાસ્પદોની પુરતી તપાસ કરવી.

૨. આવા લોકો પર ગુનાહીત પ્રવૃતિ કે ભય સર્જવાની શંકા ઉભી થાય ત્યારે ડીસ્ટ્રીક મેજી. કે સબ મેજી. બો. પોલીસ એકટ કલમ–૫૫ નીચે પગલાં લેવા ફરીયાદ નોંધાવવી.

૩. જયારે આવી વ્યકિત પોતાનો જીલ્લો છોડવાની તૈયારીમાં કે છોડી ગયેલ હોય ત્યારે જે તે પો.સુપ્રી. સબ ડીવી. અધિકારીએ જયા જાય તેમ હોય તો પો.સુપ્રી. ને તરત જ જાણ કરવી. પોલીસ સ્ટેશન અધિકારીએ જે તે હોય તેના પોલીસ સુપ્રી. ને તરતજ જાણ કરવી. પો.સ્ટે. અધિ. એ જે તે પો.સ્ટે. ને જણાવવું ગંભીર કિસ્સામાં પાડોશી જીલ્લા મેજી. કે સબ ડીવી. મેજી. પગલાં લે તે માટે જણાવવું આવી ટોળીના સભ્યોને સારી ચાલચલગતનુ સર્ટીફિકેટ કોઈ અધિકારીએ આપવુ. નહી

**<u>નિયમ ૯૩. પરદેશીઓની રખડતી ટોળીઓ સામે પગલાં અગે.:–</u>**

૧. દેશની સરહદી રાજયોની પરદેશીઓની ભટકતી અને રખડતી ટોળીઓને દેશમાં પ્રવેશથી રોકવાની ફરજ પોલીસ ખાતાની છે.

૨. તેનો કોઈ સભ્ય રાજયમાં કોઈ ગુનો કરે તો મુખ્ય ગુનેગારોને ક્રિ.પો. કો. પ્રકરણ–૮ માંના સજાઓ નીચે યોગ્ય સજા કરાવવા કોઈ યોગ્ય પગલાં બાકી છોડવા નહી.

૩. કોઈપણ સંજોગોમાં આવી ટોળીએ બીજા રાજયમાં પોલીસ કે અન્ય પ્રકારના ગાર્ડ નીચે પસાર ન થાય તે જોવું જો સરહદ નિકાલ આવશ્યક બને તો રૂલ ૨૭૮ ફોરેન્સ એકટ–૩૧ ૧૯૪૬ મુજબ વડાઓની આંગળઓની છાપની સ્લીપો સાથે સભ્યોના વર્ણન રોલની પુરી યાદી જે તે સરહદી રાજયોને મોકલી આપવી.

૪. હદ પાર કરનાર જે જીલ્લામાં હોય તેની પો. એ કે રેલ્વે પો. ને લેખિત રીતે તેનું વર્ણન અને દેખરેખ માટે કારણની સ્પષ્ટતા પુરી પાડવા અને સરહદી રાજયના આઈ.જી.પી. ને પણ પુરા પાડવા. દરેક સ્ટેશન આંગળા અને જરૂરી માહિતી તથા વર્ણન પહોંચાડશે.

૫. ચોકકસ દેશનો તે રહેવાસી છે. તેના આધારરૂપ બીજા પુરાવાઓ પણ દેશનિકાલ કરનારાના સ્ટેટેમેન્ટ સાથે સામેલ કરવા. તેના અભાવે સ્ટેટમેન્ટ અપુર્ણ બને.

૬. (અ) જેની સામે આદેશ અપાયો હોય સને ૧૯૪૬ ના એકટ ૩૧ અન્વયે દેશના નિકાલ પામે તેવા બધા પઠાણોની આંગળાની છાપો લેવી. જોઈએ. અને એ પ્રોપર ચેનલ દ્વારા જયાં તે વસતા હોય તે તેવી ભીતી હોય તે રાજયની ફિંગર પ્રિન્ટ બ્યુરોને મોકલવી.
(બ) સબંધિત ફિંગરપ્રિન્ટ બ્યુરોને મોકલવી.
(ક) જયાં તેની પ્રવૃતિની શકયતા હોય તેવા રાજયોની બ્યુરોને મોકલવી.

૭. આ જાતિની ટોળીઓને કે તેનાં કોઈ સભ્યોને હથિયાર ધરાવવા માટે લાયસન્સ કે સેઈફ કોન્ડક વાસ કોઈ સંજોગોમાં આપવા નહી અને જો તેમના કબજામાં શસ્ત્રો કે દારૂગોગળગ મળી આવે તો આર્મ્સ એકટની જોગવાઈ અનુસાર તરતજ કબજે લેવા

**<u>નિયમ ૯૪. પરદેશી રખડતી ભટકતી ટોળો સામે પોલીસે લેવાનાં પગલાની પધ્ધતિ અંગે.:–</u>**

૧. ઈરાની, બ્લુચી જેવી ભટકતી અને ગામડામાં ગુનાઓ કરતી પૈસા પડાવતી ટોળીઓ આવે ત્યારે પોલીસ પટેલની તેની જાણ તુર્તજ પોલીસ સ્ટેશન અને નજીકના આઉટ પોલીસ સ્ટેશને કરશે.

૨. આવી જાણ મળ્યે સ્ટેશન અધિકારી પડાવના સ્થળે જશે. તેમજ ડી.એસ.પી. અને નજીક ના મેજી. ને જાણ કરશે. જો હથિયાર હોય તો આર્મ્સ એકટની કલમ–૧૩ અનુસાર તેનો કબજો લેશે.

૩. ટોળીના વડા પાસેથી હેતુ જાણવો અને જો કોઈ પરદેશી મેજી. ના મતે વાંધા જનક ન હોય તો જયાં જતાં હોય તો ફકત અનુકુળ ગામડાઓના રસ્તે જ જવા જણાવવું.

૪. જો મેજી. ને જરૂરી જણાય તો ટોળીના મુખ્ય સભ્યના નામ સરકારને જણાવવા અને ભારત સરકરા પાસેથી ફોરેનર્સ એકટ ૧૯૪૬ ની કલમ–૩ નીચે સરકાર ઠરાવે ત્યારે સરહદ પાર કરવાની મંજૂરી મેળવશે.

૫. સરકારની મંજૂરીના અભાવે જે જીલ્લામાંથી ટોળી પસાર થશે. તે જીલ્લાના મેજી. પેટા કલમ–બ ૨ મુજબ કાર્યવાહી કરશે.

૬. દરેક જીલ્લા મેજી. ટોળીના માર્ગો પરના પાડોશી જીલ્લા મેજી. ને શકય તેટલુ વહેલું તેમના જીલ્લામાંથી ટોળી ના પસાર થવાની શકય તારીખની ગોઠવણી ને આદેશો બારામાં જાણ કરશે.

૭. તકલીફ આપતી ટોળીઓની હદ પારી અંગે પોલીસ સ્ટેશન અધિકારીના પ્રથમ પગલાંરૂપે નીચેની સુચનાઓ અમલ કરવી.

(અ) પોલીસ સુપ્રી. કે એસ.ડી. પી. ઓ. ના હુકમ મળે તે દરમ્યાન પો.સ્ટે. કે આઉટ પોસ્ટના કાર્યક્ષેત્રની નજીક ટોળીને રાખવી દરેક સભ્યનું નામ ઉંમર વિ. વર્ણન, જન્મ સ્થળ, સગા સંબધી વિ. બાબત તેઓનો પરદેશી હોવા વિશે નો સ્પષ્ટ પુરાવા ધરાવતો રીપોર્ટ સંબધિત પો.સુપ્રી. કે એસ.ડી.ઓ. ને આપવો.

(બ) ૧. ફિંગરપ્રિન્ટ બ્યુરોમાંથી ખરાઈ કરેલ અગાઉની પામેલાઓની યાદી

(ક) તેના છેલ્લા બે ત્રણ મુકામો કે માસ દરમ્યાન કરેલ ગુના કે હરકતોના પુરાવા

૮. પોલીસ સુપ્રી. ની આજ્ઞા આવે તે અગાઉ ટોળી બેકાબુ બને તો કલમ–૫૫ અનુસાર નેતાઓની ધરપકડ પ્રો.કો. પ્રકરણ–૮ મુજબ કાયદેસર કામ ચલાવવું વિ. બાબતો પો.સુપ્રી. કે એસ.ડી.ઓ. ને પુરી પાડવી.

૯. પેટા રૂલ–૪ કલમ–બી નો રીપોર્ટ મળે જીલ્લા મેજી. એ રાજ્ય સરકાર દ્વારા ભારત સરકાર પાસેથી મુંબઈના બંદરેથી ફોરેનર્સ એકટ કલમ–૩ નીચે ભારત છોડી જવા જણાવવું બેકાબુ બને તો જીલ્લા મેજી. પુખ્ત પુરૂષ સભ્યોનેજ ૧૯૪૬ ફોરેનર્સ એકટ–૩૧ કલમ–૩ પેટા કલમ–૩ કલમ–૨ ના જી. મુજબ ધરપકડ વોરંટ ઈશ્યુ કરવા.

૧૦. જીલ્લા મેજી. અને રેલ્વે પો.સુપ્રી. કલમ–૫૫ ના અસરકારક ઉપયોગ માટે ટોળીઓને ભાંગી નાંખવાનો ઉકેલ છે. પોતના ક્ષેત્રમાં આવે ત્યારે ટોળીના સંપર્ક માટે પુરતી સંખ્યામાં સબ ઈન્સ્પે. કે પો.સુપ્રી. એ અને ન્યાયી કાર્યવાહી કરવા માટે પુરાવાઓ મેળવવા અને હદપારીના હુકમોનો અમલ અગાઉ પોલીસને તેને સાથે રાખી કરવો.

(૧). પડાવ પાસેના પાકમાં ઢોર ચરાવવા અને ખેતરમાં માલીકો સામે હુમલા કે ઝઘડા કરે

(૨) બળપુર્વક ઘેટા પકડે કે ચોરે

(૩) કિમ્મતી પથ્થરોના વહેંચાણના બહાને મળે તે ખાસ કરીને તેમની સ્ત્રીઓ ચોરી કરે

(૪) પૈસા ખોરાક વિ. બળજબરી પુર્વક પડાવે અને પોતાના સાથે ચરતા ઢોર વસેરા વિ. ને હાંકી ઉપાડી જાય તેવા ચોરી લુંટના ગુનોએની ટેવ દર્શાવે ત્યારે અમુક બધા સભ્યો ને ઈ.પી. કો. કલમ–૪૦૧ મુજબ પ્રોસી. કયુ. કરવા દોષીત ટુકડીના પરીચયના અભાવે તેના વડાને મેળવી આપવા જણાવવું અને તેમ ન કરે તો પ્રકરણ–૮ ઈ.પી.કો. કલમ–૫૫ નીચે ધરપકડ કરશે.

૧૧. ધરપકડનું પગલુ જયારે પણ ટોળી શાંતિ અને વ્યવસ્થાનો ભંગ કરે ત્યારે આખી ટોળી કે સભ્યો માટે લઈ શકશે.

૧૨. રાજયના વિસ્તારમાં આવી મોટી ટોળીઓને ભટકવા છુટ અપાવશે નહી બાળકો અને સ્ત્રીઓ સહીત પચાસ થી વધશે. અને જો ત્રણ જુથમાં વહેંચાઈ જવા ન સંમત થાય તો તે બે ત્રણ મુખીઓને હદ પારી કે બોમ્બે પોલીસ એકટ ની કલમ–૫૫ તળેના પગલાઓ બજાવવા

૧૩. જયારે ભયરૂપ બને ત્યારે આવી ટોળીઓને બાજુના વિસ્તારમાં મોકલી આપવી. એટલુજ જીલ્લા મેજી. માટે કલમ–૫૫ મુજબ પુરતી નથી. પણ તેને છુટા પાડી દેવી. અને તે માટેના પગલાં જરૂરી છે.

**<u>નિયમ ૯૫. જેલ સજા પુરી થયે અવાંચ્છનીય પરદેશીઓનો દેશ નિકાલ અંગે.:–</u>**

૧. જેમને ૧૯૪૬ ના એકટ–૩૧ નીચે દેશનિકાલ માટે આદેશ અપાયો હોય તેવા પરદેશીઓ જયારે જેલ સજા બાદ મુકત થવાના હોય ત્યારે જેલ સુપ્રી. એ મુકતીની તારીખ, સમય તેની જાણ અગાઉથી જે તે પોલીસ અધિકારીને કરવી. જેથી પોલીસ જાપ્તા નીચે દેશ નિકાલ માટે યોગ્ય વ્યવસ્થા કરી શકે.

૨. અવાંચ્છનીય પરદેશી પર કામ ચલાવ્યુ હોય અને જેલ સજા થઈ હોય અને સજા બાદ મુકત થયે દેશનિકાલ જરૂરી જણાય તો તે માટે સરકારને અરજ કરવી. સરકારને યોગ્ય લાગશે. તો સજા દરમ્યાનજ ૧૯૪૬ ફોરેનર્સ એકટ–૩૧ ની કલમ–૩ મુજબ દેશનિકાલનો આદેશ આપશે. આ આદેશ તેના કાગળો સાથે જે તે જીલ્લામાં જ રહેશે. જેલ મુકિત વખતે સત્તાવાળાઓએ જીલ્લા સુપ્રી. ને મુકતી તારીખ જણાવશે.અને તે કેદીને સભાળી લેવાની અને દેશનિકાલ કરવાનો હુકમની નકલ તેને આપવાની ફરજો બજાવશે. દેશ નિકાલની અમલ કરાવનાર તે અંગેની જાણ તે દેશના ભારત ખાતેના પ્રતિનિધીને અને અમલ અંગે ભારત સરકારને જરૂરી એન્ડોર્સમેન્ટ સાથે ડુપ્લીકેટમાં

નકલ મોકલી જાણ કરશે.તેનો ફોટોઆંગળાની છાપ દેશનિકાલ ભલામણ કરનાર અધિકારીને પોલીસ ગેઝેટસમાં છપાવવા માટે મોકલી આપશે.

૩. ક્રિમી. ડીપા. ના ઓર્ડર વિના રાજદ્વારા દેશનિકાલ પામનારાઓની છબી અપાવવી ન જોઈએ.

**નિયમ ૯૬. ગુંડાઓની હદ પાર અંગે:–**

૧. (૧) બળના ઉપયોગ વડે ગુનો કે લોકોની માલ મિલ્કત ને ભય સર્જે તેમ હોય તેવાઓની હદ પારી માટે પોલીસે પુરાવાઓ રેકર્ડ કરવા જોઈએ.
(૨) હદ પારીના પ્રોસેગડીઝમાં સ્પષ્ટ દર્શાવવુ જોઈએ કે સાક્ષીઓ જાહેર થવા ઈચ્છતાં નથી. આ બન્ને વિધી કલમ–૫૬ નીચે પગલાં લેવા થવી જોઈએ. જો આ શરતો પરીપુર્ણ ન કરાય તો કલમ–૫૬ નો આશરો ન્યાયી ન બને

૨. રાજયના કમી. જીલ્લા મેજી. કે સબ ડીવી. મેજી. કે પો.સુપ્રી. જેની રાજય ખાસ સત્તા આપી હોય કે, કોઈ ચોકકસ વિસ્તારમાંથી ગુંડા ટોળીઓ, સંસ્થા કે વ્યકિતઓ કે જે સજા પામી કે હીજરત કરી આવેલાઓને પોતાના વિસ્તારમાંથી હદ પાર કરી શકશે.

૩. ગુંડાઓ દ્રારા તકલીફની ફરીયાદોના કિસ્સામાં ચોખ્ખા નોન કોગ્ની. કિસ્સાઓને મેજી. ની મંજુરીથી તેમને બદલે પોલીસ દ્રારા પર લેવાવા જોઈએ. પ્રકરણ–૮ મુજબના પગલાં કે હદ પારી અટકાયત વિશે પણ પો. વિચારવું

**નિયમ ૯૭. પોલીસ રજીસ્ટ્રી સિસ્ટમ (પી.આર.ટી. સીસ્ટમ):–**

૧. ગુના તરફી ફરી વળે તેવા કેદીઓ પોતાની વતની જેલમાંથી છુટે તે સ્પષ્ટ છે આ માટે પ્રીઝનર્સ એકટ–૧૯૦૦ મુજબ કલમ–૨ (૨) અન્વેય આઈ.જી.પી. ની શરતોનો ઉપયોગ પી.આર.ટી. પધ્ધતિ ઉપયોગમાં લેવા.

૨. (અ) જેના માટે ઉપરના ઉપર મુજબના હુકમો કરાયા હોય અને અમલી હોય તેવા કિસ્સાઓ માટેજ કલમ પી.આર. પધ્ધતિ લાગુ પડે ૧. ક્રિ.પ્રો. કો. ક. ૧૮૦૮–ક–૫૬ નીચે જેમણે રહેઠાંણની જાણ કરવાની હોય
(બ) બી. હેબી. ઓફ એકટ–૧૯૫૯ ની જોગવાઈની મર્યાદાઓ મુજબ હુકમ પામેલા પી.આર.પી. પધ્ધતિનો બોરસ્ટલ શાળાઓ અને ઓ શાળાઓ માંથી મુકિત પામેલા બાળ ગુનેગારો માટે અમલ કરાય નહી

૩. સબ રૂલ એ–૨ નીચે આ છતાં ઈસમની મુકિત માટેનો પોલીસ સ્ટેશન અધિકારીને જયારે હુકમ મળે ત્યારે તે કિસ્સાના બધી વિગતો નમુના પી.એમ. ૧૩૧ વિ. વિશે એસ.ડી.ઓ. કે સુપ્રી. ને જાણ કરશે આમ અગાઉની મુકિતઓ વિશે જણાવવું નહી અને જેલ રજી.માં તેની ફેરબદલી અંગે નોધ કરવી. આ વ્યવસ્થા અન્ય રાજયો અંગે પણ અમલ કરવી.

૪. વતનમાં સ્થાન અને જીલ્લા વિશે કાળજીથી ચોકસાઈ કરવી અને પોતાના અભાવે કિ. ઈન્વે. ડીપા. ને જણાવવું વતનના જીલ્લાનો અર્થ જયાં કેદીનું કાયમી રહેઠાંણ હોય ધંધો હોય જમીન અગર બીજી મિલ્કતો હોય તે જીલ્લા જન્મ સ્થાન હંમેશા આલેખી શકાય તેમ ન માનવું પણ યોગ્ય વતનના અભાવે જન્મ સ્થાન કે ધરપકડના સ્થાને વતનનુ સ્થાન લેખવું.

૫. પોલીસ સુપ્રી. જો સત્તાવાળાઓને પી.આર.ટી. સ્લીપ નમુનોટ એ આપે અને તેની નકલ કેદીનાં વતનના જીલ્લા પોલીસ સુપ્રી. ને આપે જેથી તેને જીલ્લા ના એક બખચલન વિશે અને તેનાં ગુમ થવા વિશે માહિતી મળે.

૬. નમુનો (બી–પી એમ. નમુનો ૧૩૫ જેની મુકિત થવાની હોય તેવા કેદી અંગેની તે જીલ્લાના પોલીસ સુપ્રી. અને ઈન્સ. જન. પ્રીઝન્સ દ્રારા અગાઉથી જાણ છે. તેને જેલ પર પે.આર.ટી. સ્લીપ સાથે મોકલાય છે. અને કેદી કમીટલ વોરંટ સાથે રખાય છે. જેલ એ અને બી બને ફોર્મ સાથે કેદીની ફેરબદલીની મંજુરી અગાઉ જેલનાં ઈન્સ. જન ને મોકલનાર નોમીનલ રોલ સાથે સામેલ કરશે. જેલના ઈન્સ. જન. ફોર્મ–બી ફાડી લઈ જે તે પોલીસ સુપ્રી. ને મોકલશે. અને નોમીનલ રૂલ જેલને પાછો મોકલશે.

૭. જયારેપી.આર.ટી. કેદીને દંડ ભરી દેવાના જામીન આપવાના છે ઉપર અપીલના કારણોસર વહેલો છોડવામાં આવે ત્યારે તે અંગેના કારણો દર્શાવી તેની જાણ જેલ સત્તાવાળોઓ જયાં કેદીને મોકલવાનો હતો ત્યાંની જીલ્લા પોલીસને તે પરત જ કરશે.

૮. પો. સ્ટેશનના અને સબ ડીવીઝન ઓફીસના ક્રાઈમ રજી. જે ગુણો માટે સજા પામેલા હોય તેનાં ખાનામાં પી.આર.ટી. સ્લીપની સંખ્ય નોંધવી.
૯. પી.આર.ટી. કેદીઓને જો રાજય બહારની જેલમાં બદલવાના હોય ત્યારે સાદામા વસ્ત્રોમ અને બેડીઓ વિના મોકલવામ વાંધા જેવુ નથી. સંભાળનાર પોલીસ એ પોતાની હાથકડી અને દોરડા લાવવા આમ ખર્ચ બચશે. કેદી નાશે નહી તે માટે એસ્કોર્ટ પાર્ટી એ સજાગ રહેવુ.
૧૦. મુંબઈ ના હોઈ, લીધેલ નથી.
૧૧. જયારે પોલીસ રક્ષણ નીચે પગપાળાને બદલે કેદીઓની મોટર મુસાફરી થઈ હોય તેની જે ખાતાના છ ગ્રાન્ટમાંથી હુકમો અંગેની વીધી રીઝો. હોમ. ડીપા. નં. ૯૨૦૬–૧૯ જુન ૧૯૩૧ અને ગવ લેટર હોમ નં.૯૨૦૬ જી ઓકટોમ્બર ૧૯૩૨ માંથી માહિતી મળે છે.
૧૨. મુંબઈનો હોવાથી લીધેલ નથી.

**<u>નિયમ ૯૮. જાહેર શાંતિના ભયને અટકાવવાઃ–</u>**

૧. માટે ભાગે આવો ભંગ હુલ્લડો, સરઘસો, ઉત્સવો, મેળાઓ, હલાણનો હકક અને તેના જેની બાબતો માટે જ સર્જાય છે શાંતી ભંગ થતો અટકાવવા નીચે મુજબના પગલાઓ લેવા જોઈએ.
૨. પોતાના વિસ્તારમાં નોંધાયેલ ગુનાઓ અને તે માટેના પ્રસંગોથી પુરા પરીચીત રહેવુ.
૩. શાંતિ ભંગની શકયતા વખતે જે તે સ્થળની મુલાકાત લેવી અને ત્યાનાં વગદાર સભ્યો, વહેચાયેલો પત્રિકાઓ અને સવિશેષતો બહારના તત્વો દ્રારા ફેલાવાતી અફવાઓ વગેરે પર ચાંપતી વોચ માટે વીલેજ પો. અનેપેટ્રોલ પો. ને સુચવવુ.
૪. જરૂરી બને તો જે તે સ્થળે સભા, સરઘસો, અને ભાષણો ન યોજવા માટે બી.પી. એકટ કલમ–૩૦ નીચ જીલ્લા મેજી. પાસેથી જાહેરનામ બહાર પાડવુ. ઉશ્કેરણી કરનારાઓ સામે ક્રિ. પોલીસ. કો. રૂલ ૧૦૦ કલમ–૧૦૮ નીચે પગલાં લેવા.
૫. ઉચ્ચ અધિકારીઓ ખાસ કરીને ગેઝેટેડ દરજ્જાનાએ પક્ષના નેતાઓ સાથે મીલનથી તેમજ સલાહ અને ચેતવણી દ્રારા વ્યવસ્થા જાળવનારાઓના કામમ હરકત ન કરવાની પત્રિકાઓ વહેચી. વચ્ચે પડવુ. જોઈએ.
૬. શાંતી ભંગની શકયતા તે સ્થળ પુરતી પોલીસનીસંખ્ય માટે વ્યવસ્થા કરવી. ખાસ કરીને જીલ્લાની આમર્ડ પોલીસને ત્યાં કેન્દ્રીત કરવી. વધુ સંખ્યા આઈ.જી. ની જાણ અને મંજુરીથી મેળવવી પોલીસ સુપ્રી. કે જીલ્લા મેજી. ખાસ સત્તા નીચે પોલીસ પણ મુકી શકે.
૭. જો સરઘસના કારણે સુલેહ ભંગ થાય તેમ હોય તો બી.પી. એકટ કલમ–૩૯ મુજબ ની જીલ્લા મેજી. ની સત્તાની મદદ લેવી. તોફાનીઓ આશ્રય લે કે હુલ્લડો કે શસ્ત્રો ફેકી શકે તેવા સ્થળો અને મકાનોનો કામચલાઉ કબ્જો લેવા કે બંધ કરાવવાની કલા–૪૦ મુજબ જીલ્લા મેજી. ને વિનંતી કરવી.
૮. ઝઘડાલુ સરઘસ બારામાં પોલીસ સુપ્રી. એ બી.પી. એકટ કલમ–૩૬ નીચે સરઘસ ના નિયમ માટે પુરક ઓર્ડરો આપવા અને રીગ લીડરો સામે ક્રિ.ઓ. કો. ક. ૧૦૭ નીચે અને જમીન દેવળ સ્થાવર મીલ્કત માટે ૧૪૫ નીચે કાર્યવાહી કરવી.
૯. આવા કોઈ પગલાં અસરકારક ન બને તો છેલ્લા ઉપાયરૂપે મેજી. કિ. પોલીસ કલમ–૧૪૪ નીચે કામચલાઉ રીતે ચોકકસ કામગીરીઓ કરતા અટકાવવા, માટે વિનંતી કરવી.
૧૦. સબ. ડી.ઓ. અને પોલીસ સુપ્રી. એ આવા સ્થળો જાતે હાજર રહેવુ અને પરિસ્થિતિ હલ કરવી.
૧૧. ખુન જેવા ગુનાઓનુ પ્રમાણ વધતુ રહેતો સમાજ વિરોધી પ્રવૃતિ ઓ કાબુમાં લેવા હદપારી વિ. જેવી ખુબથ જલદ કાર્યવાહી હાથ ધરવી.

**<u>નિયમ ૯૯. ક્રિ.પો. કો. પ્રકરણ–૮ પ્રમાણે પ્રોસીડીગ અંગેઃ–</u>**

૧. કલમ–૧૦૬ સુલેહ ભંગ કરનાર પાસેથી સજા ઉપરાંત સુલેહ જાળવવાના જામીનો પણ કામ ચલાવનાર મેજી. લઈ શકે આ માટે પોલીસએ સંજોગો બતાવી તેને વિનંતી કરવી.
૨. કલમ–૧૦૭ સરઘસ, ઉત્સવો, મેળાં, ચુંટણી, રાજ્કીય પ્રવૃતિ વિ. જેવા સંજોગો સુલેહ ભંગ થાય તેમ હોય જયારે આ કલમ નચી. ખુબ અસરકારક પગલા લઈ શકાય છે. (ચેપ્ટર કેસ કરવો) બીજી કાય"રવાહી કરતાં પહેલાં લેખીત કે મૌખિક પુરાવાઓ નીચેની બાબતો અંગે મેળવવા
(૧) ખાસ પ્રસંગ

(૨) ઝઘડાનું અસ્તિત્વ અને કારણ અને તે કયારથી ચાલુ છે.
(૩) ઝઘડાના વિષયે અમુક ધ્યેય સિધ્ધ કરવા કે ન કરવા.
(૪) પક્ષકારોની સંખ્યા અને અનુયાયીઓ વચ્ચે સુલેહ માટેનાં પ્રયત્નો અને તેના પરીણામો સાક્ષીઓ વિ. ના વિસ્તૃત સ્ટેટમેન્ટની જરૂર નથી. ટુંકમાં નોંધ પુરતી લેખાય ક્રિ. પોલીસ કો. નું પ્રકરણ–૧૪ અને કલમો–૧૬૨ લાગુ પડતાં નથી.

૩. રૂબરૂમાં કે ટપાલ દ્વારા મેજી. જે સંજોગો વિ. જણાવી ફરીયાદ નોંધાવી શકાશે. અને રક્ષણની માંગણી કરી શકાશે. રક્ષણ માટે પ્રકાર અને સમય સુચવી શકાશે.

૪. પછી જ મેજી. વ્યક્તિને પોતાના સમક્ષ હાજર થવા ફરમાવશે. જો ધરપકડની તાત્કાલીક જરૂર જણાય તો મેજીસ્ટ્રેટને ધરપકડનું વોરંટ ઈશ્યુ કરવા વિનંતી કરી. ક્રિ.પો.કો. કલમ–૧૧૨ નીચે પ્રીલીમનરી ઓર્ડર કરશે. જેમાં જામીન ન સ્વીકારવાનાં કારણો દર્શાવશે. બાદમાં પોલીસ પુરાવાઓ તપાસીને તે આખરી ઓર્ડર આપશે. જરૂર મુજબ વચગાળાનો ઓર્ડર પણ આપી શકાય.

૫. આ કલમ નીચે સુલેહ ભંગ કરતી. મંડળીઓ સામેજ વ્યકિત સાથે નહી, કાર્યવાહી હાથ ધરી શકાય. આના ઉપયોગ માટે ખુબ જ કાળજી રાખવી અને કાયદાની મર્યાદા ધ્યાનમાં લેવી. જો આ કલમના હેતુસર પુરાવા મેળવ્યા વિના સમંસની કાર્યવાહી કરી ન શકાય.

૬. જુદા જુદા કિસ્સા માટે બે જુદા જુદા પ્રોસીગીગ જોઈ જવા.

૭. પરસ્પર વિરોધી પક્ષો માટેનાં પ્રોસીડીગમાં એક બીજાના વિરોધ માટેના સાક્ષીરૂપ લેખવા.

૮. (એ) કલમ–૨૦૮ એ ભાષણ, પત્રીકા વિ. દ્વારા ઉશ્કેરણી કરનાર રાજદ્વારીઓ (બી) છાપનારાઓ વિ. સામે સુલેહ જાળવવાનો અને સભ્ય વર્તણકના પ્રોસીડીગ ભરી શકાય (અ) માટે સરકારી મંજુરી જરૂરી છે.

૯. ભાષણ, પત્રિકાઓ વિ. ના પુરાવા એકઠા કરવા અને તે અંગેની નોંધ રીપોર્ટમાં કરવી તેમજ મેજીસ્ટ્રેટને પણ આપવી ત ઈશમો તે વખતે મેજી. સત્તા–મર્યાદામાં હોવા જોઈએ.

૧૦. કલમો–૧૦૯–૧૧૦ ગુનાઓ અટકાવવા અને કાબુમાં લેવા. આ કલમો ખુબ મદદરૂપ છે. ૧૦૯ નીચેના પ્રોસીડીઝ માટે નીચેના મુદાઓ ઉપરના પુરાવાઓ ઉપયોગી બને છે.

૧. અસામાન્ય સ્થળે, સમયે અને શંકાસ્પદ સંજોગોમાં મળી આવેલ વ્યકિતઓ અંગે.
૨. રીતભાત હીલચાલ કે ગુપ્તવેષ તેની હાજરી અને ઓળખ છુપાવવાના પ્રયત્નરૂપે લાગે.
૩. પુછપરછમાં ખોટું નામ રહેઠાંણ જણાવે.
૪. છટકી જવા જેવી શંકાશીલ વર્તણુંક બતાવે
૫. ગુનો કરવાનો પ્રયત્નો કરતો જણાય દસ્તાવેજની આપ લે જેને ગુનો કરવાનો આશય ખુલ્લો કરે.
૬. જયારે કોઈ વ્યવસ્થિત ધંધા –રોજગારનો અભાવ હોય અને આવી પ્રવૃતિથી આજીવીકા ઉભી કરતો જણાય.
૭. સ્વીકૃત નીતી કરતાં અસંબધ્ધ રીતે જીવતો જણાય.
૮. દારૂ–જુગાર વિ. પ્રવૃતિઓ પર જીવતો જણાય
૯. કુટુંબના ભરણ પોષણ માટે તદન અપુરતી આવકવાળો
૧૦. સ્થાન પરની હાજરી વિશે સંતોષકારક ખુલાશો ન આપી શકે.
૧૧. જવાબો ન આપનાર અને અસબધ્ધ કે ખોટા જવાબો આપનાર
૧૨. જાણીતા ગુનાહીતોના સાથે મળી આવેલ.

૧૧. કલમ–૧૧૦– આ કલમના પ્રોસીડીઝ માટે નીચે મુજબ પુરાવા મેળવવા
(એ) પોલીસ સ્ટેશન અધિ. એ પુરતી તૈયારી સાથે હિસ્ટ્રીશીટસ ખોલવુ. વખતો વખત તેમાં ઘણી જ જરૂરી નોંધ કરવી.
(બી) તદ ઉપરાંત નીચે મુજબના પુરાવાઓ પણ મદદરૂપ બને.
૧. સરખા પ્રકારના અગાઉ કરાયેલ સજાના પુરાવા
૨. ગુનો કરતા જોનારા સાક્ષીના પુરાવા
૩. આબરૂદાર તે વિસ્તારનાં રહેવાસીઓની સાક્ષીના પુરાવા
૪. સ્થાન પરથી ગેરહાજરી ખાસ કરીને રાત્રીના સમયનીનો પુરાવો.
૫. જાણીતા ગુનાહની સાથેનાં સંબધોનું પુરાવો.

૧૨. કલમ–૧૦૯ અને ૧૧૦ નીચે કામ ચલાવવાનું હોય તે જો કલમ–૫૫ નીચે આવે પી.પી.સ્ટે. અધિકારીએ ધરપકડ કરી મેજી. સમક્ષ રજુ કરવો અન્ય કિસ્સામાં મેજી. ફરીયાદકરાયે જરૂરી પુરાવા પ્રોસેસ કાઢશે. આ મોટની વીધી સબ રૂલ મુજબ છે.

૧૩. કલમ–૧૦૬ અને ૧૦૯ અને ૧૧૦ નીચેના પ્રોસીડીઝ માટેનાં નીચેની રેખાઓ કાળજીપુર્વક પાળવી.

૧. જેની સામેના પ્રોસીકયુશન નિષ્ફળ ગયુ હોય તે કારણે તેનું પ્રોસીડીઝ કરવુ અયોગ્ય છે.

૨. જે જેલ ભોગવતો જ હોય તેવા સામે પ્રોસીડીઝ કરવુ નહી કારણ કે તેનાં દ્રારા ગુનાની શકયતાં નથી.

૩. બંને કલમો તળેના પ્રોસીડીઝ એકી વખતે અને સમય એક વ્યકિત સામે કરાય નહી.

૪. જો ગુનાહિત પ્રવૃતિમાં સંયુકતપણાનોં પુરાવાર થાય તો કલમ ૧૧૦ નીચે બે કે વધુ વ્યકિતઓને સંયુકત રાતે પ્રોસીડીઝ કરી શકાય.

૫. કલમ–૧૧૦ તળે ફરીયાદ મેજી. રૂબરૂ ચાલતી હોય ત્યારે સાક્ષી કોગ્ની. ગુનાની ફસ્ટ ઈન્ફરમેશન બની રહે તેવી. વાત કરે તો તેના પરથી ગુનો રજી. લેવાય નહી.

૬. કલમ ૧૧૦ નીચે પ્રોસીડીઝ માટે વ્યકિતની વર્તણુંક અંગે તપાસ પુરી થયે તરતજ ફરીયાદ નોંધવી. જોઈએ. પણ પુરાવાના અભાવે જામીન લેવા જરૂરી નથી.

૭. ફકત આગળ સજા પામ્યા ના મુદા જ પછીથી ગુના તરફ પાછા વળવાનું પુરવારન થતુ હોય તો જામીન માંગવા યોગ્ય નથી.

૮. કલમો–૧૦૯ અને ૧૧૦ નું પાલન પુરતુ નથી. કલમ–૧૧૮ નીચે આખરી ઓર્ડર આપતાં પહેલા મેજીસ્ટ્રેટને જામીન માંગવાનું પુરવાર થયેલુ જણાય તો તે તેવામાં જામીન લેવા.

૯. ચેપ્ટર કેસ નિવારવા અને વિલંબ અટકાવવા નીચેની સુચનાઓ ખુબ કાળજીપુર્વક અમલ કરવો. ખરેખર જામીન સિવાય ચેપ્ટર કેસોની કાર્યવાહી ન કરવી.

૧૪.જરૂર વખતે ખરેખર કયો પક્ષ ગુનેગાર છે તેની પાકી ખાત્રી બાદ તે પક્ષ સામે જ પણ બને સામે ચેપ્ટર કેસ કરવો નહી.

૧૫. ચેપ્ટર કેસનો ખરો હેતુ માર્યો જાય અને પક્ષકારો ને અડચણરૂપ બને તેટલાં વિલંબથી કરવો નહી. આવો વિલંબ નિવારવા કોર્ટમાં હાજરી આપી સંમસ બરાબર બનાવી વિ. રીતે ઝડપછ પતાવટમાં વહીવટી મેજી. ઓને મદદરૂપ બનવુ.

**<u>નિયમ ૧૦૧. કલમ ૪૧૨. ૫૧ સી.આર.પી.સી. મુજબના માણસોને એરેસ્ટ કરવા બાબત.:–</u>**

ગુનો અટકાવવાના કારણે સબ સી.આર.પી.સી.ક. ૪૧૨. અપવાદ રૂપ મુજબ ધરપકડ કરી શકાશે. સી.આર.પી.સી. ક. ૫૭ હેઠળ પકડાયેલ વ્યકિતને ૨૪ કલાકની અંદર મેજી. સમક્ષ રજુ કરવી. સી.આર.પી.સી. કલમ ૫૭ મુજબ ધરપકડ થયેલ વ્યકિતની હકીકત નમુના મુજબના ફોર્મમાં પોલીસ ઓફિસર મેજી.ને રીપોર્ટ કરવો જોઈએ. આ રીપોર્ટમાં ધરપકડ કરાયેલ વ્યકિત કોગ્ની. ગુનો કર્યા અંગેની વિગત અને ધરપકડના કારણો આગળની કાર્યવાહીન વિગત સાથે રીપોર્ટ રજુ કરશે. સી.આર.પી.સી. પ્રકરણ–૮ મુજબ આ કાર્યવાહીની મુદત –૨૪ કલાક પુરા થયા પહેલાં રજુ કરવાની રહેશે.

**<u>નિયમ ૧૦૨. જામીન વગેરે જેવી સ્થાવર મિલકતોના ઝઘડાઓ અટકાવવા પગલાઓ લેવા અંગે:–</u>**

૧. કલમ–૧૪૪ તોફાનોની તાત્કાલીક અટકાયતો માટે આનો આશરો લઈ શકાય. તે જાહેર પ્રજાને કે ચોકકસ વ્યકિતને ઉદેશીને હોઈ શકે અને તે દ્રારા ચોકકસ કામગીર બનાવતાં પ્રજા હીતમાં અટકાવી શકાય. પાર્ટી ઓર્ડર પણ ઈમરજન્સીમાં આપી શકાય આ હુકમ બે માસ માટે અમલમાં રહે છે. અને તેનો અમલ શેરીઓ જેવા સ્થળોએ કે ખાનગી સ્થળોએ પણ તેના કાયદેસરના હકક કે રીત રીવાજ ધ્યાનમાં લીધા સિવાય લાગુ પાડી શકે. આ હુકમ ક્રિ.પ્રો.કો. ક. ૧૪૪ તળે ખાસ સત્તા અપાયેલ પોલીસ અધિકારીઓ આપી શકે.

૨. કલમ–૧૪૫ જમીન, પાણી વિ. જેવા કારણોસર સુલેહભંગ કરી ઝઘડા સર્જે એમ હોય ત્યારે લાગુ પડે છે. તેનો હેતુ જૈસે થે પરિસ્થિતિ જાળવી રાખવાનો છે. એટલે કે કાયદેસર ચુકાદો ન આવે ત્યાં સુધી કબજો ધરાવનાર કબજો જાળવે ઈમરજન્સીમાં સમય લેનાર હોવાથી લાગુ ન પડાય વળી ક્રિ.પ્રો. ૧૦૭ ના પ્રોસીડીંગને અવરોધ નથી.

**નિયમ ૧૦૩. હેબી. ઓફ એક્ટ ૧૯૫૯ નીચેના પગલાઓ અંગે:–**

૧. ગુનો કરવની ટેવવાળા અને ખાસ કરી જેનુ નિયત રહેઠાંણ અને ધંધો હોય તેનાથી દુરના સ્થોએ જઈ ગુનો આચરતા હોય તેવાઓ માટે તેમની હિલચાલને મર્યાદિત કરવાનું હાજરી પુરવાનું કે બને શ્રેષ્ઠ પગલુ બને.

૨. ક્રિ.પ્રો.કો કલમ ની જોગવાઈઓ મુજબ જેનાં સારી ચાલચલગત માટેના જામીન મંગાયા હોય તેવા હિલચાલ મેજી. નિયંત્રણો કરી શકે છે. અલબત ફરીયાદી અધિકારી એ તે માટેની વિનંતી કરવી જોઈએ. મેજી. કલમ ૧૧૨ પેટા કલમ–૨ કલમ ઈ અનુસાર ફાયનલ ઓર્ડરમાં નિયંત્રણ જરૂરી નથી. તેમ પણ સારી ચાલચલગતના જામીન લઈ સુચવી શકે.

૩. તે જ પ્રમાણે યોગ્ય કિસ્સામાં પોલીસ અધિકારીની માંગણી આવે હિલચાલ પર કલમ–૫૬૫ મુજબ નિયંત્રણ મુકી શકે.

૪. જયારે મેજી. કે કોર્ટ નિયંત્રણના હુકમની ના પાડે તો જીલ્લા મેજી. કે સેશન્સ જજ પાસેથી ગમે ત્યારે આવી મંજુરી મેળવી શકાય. અને કલમ–૧૧૦ કે ૫૬૫ (૧) બાકીના સમય માટે અમલ મુકી શકાય

૫. જેની હિલચાલ નિયંત્રણ થઈ હોય તેવા જે તે વિસ્તારને યોગ્ય પાસ વિના છોડી શકાશે નહી. આ રીતે તેના પર સતત નજર રાખવાથી કે નિષેધમાં શ્રેષ્ઠ મદદ થાય છે.

૬. અટકાયતી સુધારક પગલાં રૂપે સરકાર દ્રારા મળેલ સત્તાની રૂએ જીલ્લા મેજી. આવી નિયંત્રણ હીલચાલ વાળી વ્યકિતઓને જે તે માટે સ્થાયી રહેણાંક જરૂરી હોય તેવા ઉધોગ અને શિક્ષણોમાં સ્થીર કરી વસાવવા પ્રયત્ન કરશે આવી ધંધાકીય તાલીમ દરમ્યાન તે રેકલેમેશન અધિકારીના નિરીક્ષણ નીચે રહેશે.

૭. લાંબા ગાળાના સ્થાયી વસવાટની જોગવાઈ લાગુ પડે નહી.
(એ) જો હિલચાલ નિયંત્રણ દોઢ વર્ષ કરતાં ઓછા સમય માટે
(બી) શિક્ષાત્મક ગુના માટે એક કે બે વાર સજા પામેલ હોય.
(સી) અશકત અને બુધ્ધિહીન વ્યકિતઓ માટે આવા ઓને લેખિત નોંધ સાથે ખાસ કારણો હોય તો જ જોગવાઈ લાગુ થઈ શકે.

૮. પોલીસ સુપ્રી. આ માટેની દરખાસ્ત ડેપ્યુટી ઈન્સ્પે. જન. ક્રિ. ઈન્વ. ડીપા. અને રીફલેકશમેન અધિકારી દ્રારા જીલ્લા મેજી. ને મોકલે જે જરૂરી હુકમો બહાર પાડે શંકા ઉદભવે તો સરકારશ્રી પાસેથી હુકમો મેળવવા.

૯. બધા જિલ્લાને આવા કિસ્સામાં લેવાયેલ પગલાં તે માટેના કારણોની જાણ કરી નોંધ સરકારશ્રીને આપશે.

**નિયમ ૧૦૪. લાંચ રૂશ્વત અટકાવવા અને દબાવવા માટેના પગલાં:–**

૧. પોતાની હકુમત નીચેના કોઈ ઈસમ વડે લેવાયેલી લાંચ વડે એપેન્ડીકસના નમુના–૫ ભરાયેલા પગલાંની વિગતો સાથે અર્ધ વાર્ષિક રીપોર્ટ સાથે જાન્યુ અને જુલાઈની પાંચમીએ પહોંચે તેમ આઈ.જી. પી. ને મોકલશે. કિસ્સા ન હોય તો પણ રીપોર્ટ મોકલશે. આઈ.જી. પી. દરમાસે જાન્યુ અને જુલાઈની પંદરમીએ સરકારને આવા કિસ્સા અને તે માટે લેવાયેલા પગલાં અંગે નોંધ મોકલેશે. જે કિસ્સાઓની ઈન્કવાયરી બાકી હોય તેનો નોંધમાં સમાવેશ કરવો નહી.

૨. પી.ટી.એસ. માં તાલીમ મેળવતાં છાત્રો અને હેડ કોન્સ્ટેબલને લાંચ રૂશ્વત અટકાવવા અંગે આવશ્યક રીતે ભાર પુર્વક સમજાવવા

૩. ખાતાકીય કે ન્યાયી તપાસના પરીણામે દોષીત પોલીસ અધિકારીને કરાતી સજાને બહોળી પ્રસિધ્ધી આપવી.

૪. કાર્યાલયોના બધા અધિકારીઓ પોતાના ખાતામાં સજા પામેલા કર્મચારીઓ અંગે નામો જણાવ્યા સિવાયના દર છ માસે જાન્યુ અને જુનમાં લેવાયેલા પગલાં અંગે દર વર્ષ તાબાના સ્ટાફમાં યાદી ફેરવશે.

૫. આવા કિસ્સાઓનસ સમગ્ર યાદી ડાયરેકટર ઓફ ઈન્ફર્મેશન બનાવશે. અને પ્રેસ નોટના રૂપમાં છપાવશે.

૬. જામીન પર છોડાવવાના કિસ્સાઓમાં ગેરકાયદેસર રાહત ન અપાય તો કિસ્સાઓ ખાસ ચકાસી જોશે. અને વ્યાજબી રીતે જે નિર્ણય લેવાયાની તપાસ કરશે. લાયસન્સ માટેની ભલામણો માં નિરીક્ષણ અધિકારી બીન જરૂરી વિલંબ કે રેફરન્સો ન મંગાય તે ખાસ જોશે.

———xxxxx———

# પ્રકરણ–૬

# ગુનાની તપાસ

## તપાસની કામગીરી અંગેના સામાન્ય નિયમો (રૂલ ૧૦૫ થી ૧૩૬)

**નિયમ ૧૦૫. પોલીસ અધિકારીની સ્પે. એકઝીકયુટીવ તરીકે નિમણુંક કરવા અને સત્તા બાબત.**

ક્રિ.પ્રો. કોડ કલમ–૧૪ સબ સેકશન –૨ મુજબ નીચે પ્રમાણેના પોલીસ અમલદારને સરકાર દ્વારા સ્પેશ્યલ એકઝીમેજી. તરીકે નિમણુંક કરવામાં આવે છે. અને તેમની હદમાં સાથે સામેલ નીચેની યાદી મુજબની સત્તા પણ તેને આપવામાં આવે છે. આવી સત્તાઓનો અમલ.

(એ) શાંતિ જાળવવા, ગુનાઓ અટકાવવા અને પકડવા અને ગુનેગારોને પકડવા અને ગુનો કરતાં રોકવા, મેજી. રૂબરૂ રજુ કરવા માટે

(બી) ઉપરાંત કાયદા દ્વારા તેમના પર મુકરર થયેલી ફરજો બજાવવા અંગે.

| અધિકારીઓ | સત્તાઓ |
|---|---|
| ૧. આઈ.જી.પી. | કોર્ટની હુકમત બહારનું વોરંટ બજાવવા માટે માન્ય કરવાની સત્તા કલમ–૮૩ |
| ૨. ડેપ્યુ. પોલીસ કમી કવા. અમદાવાદ | આવા વોરંટ તળે ધરપકડ કરાયેલ ને છોડી મુકવા અથવા<br>જામીન ઉપર છોડવાની સત્તા કલમ–૮૫, ૮૬ |
| ૩. બધા ડી.એસ.પી.ઓ. | તપાસ દરમ્યાન જડતી વોરંટ આપવાની સત્તા કલમ–૯૮ |
| ૪. બધા એ.એસ.પી. કે ડી.વાય.એસ.પી. | ૧. ઝડતી વોરંટ ઈશ્યુ કરનાર કોર્ટની સત્તા મર્યાદા બહાર સર્ચ દરમ્યાન મળેલી વસ્તુઓ વોરંટ ઈશ્યુ કરનારને પહોચાડવાની સત્તા કલમ–૯૯<br>૨. ભય અને તોફાનનાં કિસ્સામાં જરૂરી હુકમ આપવાની સત્તા કલમ–૧૪૪ |
| ૫. પોલીસ કમિ. ઓફ અમદાવાદ | કોર્ટની હુકમત બહારનું વોરંટ બજાવવા માટે માન્ય કરેલી સત્તા કલમ–૮૩<br>સત્તાનો નં. ૨, ૩, ૪ |

**નિયમ ૧૦૬. ગુનાઓ વિશેની બાબતો માટે તારનાં મફત ઉપયોગ અંગે:–**

ગુના પકડવામાં મદદરૂપ થવા નીચેના જિલ્લા અને રેલ્વે પોલીસ અધિકારી ઓ સ્પે. તાર આપવાને સત્તા ધરાવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧.ડી.આઈ.જી.પી. | ૨. પોલીસ કમિશ્નર | ૩. ડે. આઈ.જી.પી. | ૪. ડાયરેકટર એન્ટી. પ્રોહી ઈન્ટે બ્યુરી |
| ૫. પોલીસ સુપ્રી.ઓ. | ૬.આસી. ઈન્સ. જન ઓફ પોલીસ | ૭. પોલીસ તાલીમ શાળાના પ્રિન્સીપાલો | ૮.હે પોલીસ કમી. |
| ૯.એ.એસ.પી.ઓ. | ૧૦. ડી.વાય.એસ.પી.ઓ. | ૧૧. પોલીઈ ઈન્સ્પે. | ૧૨.પી.એસ.આઈ. |
| ૧૩.જમીનદારો | ૧૪.હવાલદારો | ૧૫.હેડ કોન્સ્ટેબલો | ૧૬. નાયક |
| ૧૭. લાયસન્સ નાયક | ૧૮. કોન્સ્ટેબલો | | |

૨. સાદાતારથી તેને જુદા પાડવા. મોકલનાર સ્પે. પોલીસ એવી નોંધ કરતાં બમણાં દરે જશે.

૩. તેને ૧. તાત્કાલીક ૨. રેલ્વે સેવા તાત્કાલીક ૩. તોફાન માટેના સીગ્નલ અને ૪. પરદેશ ના તાર કરતાં પ્રાધાન્ય આપશે.

૪. આવી સત્તા ધરાવનાર તેનો ઉપયોગ અતિ અગત્યના ગુના પુરતો જ કરશે.

૫. તાર ઓફીસ પ્રજાના તાર માટે જયારે બંધુ હોય તેવા સમયે જ દરમ્યાન જ સ્પે. પો. તાર રવાના કરવા અને જે તાર ઓફિસને બંધ કામગીરીના કલાક દરમ્યાન કામ હાથ ધરવાનું રહે તે દરેક દીઠ રૂા.૧ ની ફી ચુકવવામાં આવશે.

૬. સ્પે. પો. તારને પ્રાધાન્ય રેલ્વે તાર ઓફિસો દ્વારા પપણ આપવાનુ લાગુ પડે છે.

૭. પોલીસ સ્ટેશન અધિકારીઓએ રૂલ ૧૧૪ પેટા રૂલ ૧ નીચેના ગુના માટે પો. સુપ્રી. અને એસ.ડી. પોલીસને તારથી ખબર આપવા અને તેમનણે ટપાલ વિ. ની રાહ જોયા વિના તાર અન્વયે પગલા લેવા.
૮. અગત્યના ગુનાઓની શોધ માહિતી વિ. તારનાં બહોળો ઉપયોગ માટે પી.આઈ. ને પી.એસ.આઈ. ને પ્રોત્સાહન આપવુ. સ્પષ્ટતા છતાં ખર્ચ બચાવવા ટુંકાણ પર ભાર મુકવો.
૯. મૃત્યુ નિવારવા શહેરી વિસ્તારમાંના મોટર અકસ્માતના કિસ્સામાં સર્કલ પોલીસ ઈન્સ્પેકટરને તાર કે સ્પે. રીપોર્ટથી માહિતી મોકલવી.
૧૦. માનવ જીદંગી સરકારી અધિકારી કે મીલ્કતને હાની પહોચે તેના પ્રસંગની માહિતી રેલ્વે અધિ. કે ટેલીગ્રાફર દ્વારા તુરતજ પોલીસ સુપ્રી. ને ઈશમ ખર્ચ ન આપી શકે તો પણ મોકલી તારનાં ચુકાદા માટે પુસ્તક–૨ જુલ–૧૨૪ ઉ. અભ્યાસ કરવો.
૧૧. કેદીઓનો નાસી છુટવાનાં સાદા તાર કરતાં સ્પે. પોલીસ કે એકસપ્રેસ તાર જ વધુ અનુકુળ છે.

**<u>નિયમ ૧૦૭. ગંભીર ગુના પ્રસંગે ગાડીઓને નોન સ્ટોપ સ્ટેશને રોકવા અને રેલ્વે કેરેજ મોકલવા અંગે:–</u>**

૧. ખાસ અને ગંભીર કિસ્સાઓમાં ગેજેટેડ દરજ્જાનો પો.અધિ. કે મેજી. ની માંગણી મળે ગાડીઓ જયાં ન રહેતી હોય તે સ્ટે. ઉભા રખાશે.
૨. ચાલુ ગાડીમાં ખૂન જેવા કે ગંભીર ગુના બને ત્યારે ગુનેગારને પકડી શકાય તેવા લોહીના ડાઘ આંગળાની છાપ અને અન્ય નિશાનીઓ નાશ ન પામે તે પહેલા તાત્કાલીક પગલા લેવા. તે માટે ખાનુ કે બેરેક ખાલી કરાવી દેવું અને માહિતી મેળવનાર ફર્સ્ટ પોલીસે સીલ કરી દેવુ. પોલીસ અધિકારી સમયસર ન મળી શકે તો ગાર્ડ તે પગલાં ભરશે જયાં બીજો કેરેજ જોડી શકાય તેવા નજીકના પહેલા સ્ટેશન એ પુરાવાવાળુ કેરેજ છુટો પાડી દેવો. અને સત્તા ધરાવતાં રેલ્વે પોલીસ સ્ટેશને પહેલાં જ મળી શકાતી ગાડી દ્વારા મોકલી આપવા જણાવવું.

**<u>નિયમ ૧૦૮. પોતાની હદ બહાર જતાં પોલીસ અધિકારની ઓળખ અંગે:–</u>**

જયાં પોતાની ઓળખ ન હોય તેવી પોતાની સત્તા બહાર મદદ અને સહકાર માટે જયાં માંગણી કરવાની થાય ત્યાં માંગણી રજુ કરતાં પોતાની સનદ અને પરીચયના પુરાવાઓ સાથે લઈ જવા અને સ્થાનિક પોલીસએ બહારથી આવતાં અજાણ્યા પોલીસ અમલદારન પરીચય મળ્યા પછી જ કંઈપણ માહિતી પુરી પાડવી

**<u>નિયમ ૧૦૯. મીલીટરી વિસ્તારમાં તપાસ અંગે.:–</u>**

૧. જયારે ઝડતી ધરપકડ અને કોઈ તપાસ મીલીટરી વિસ્તારમાં કરવા અંગે જવાનું થાય ત્યારે અગાઉથી ઓફીસ કમાન્ડીગ એડજ્યુટન્ટ કે રેજીમેન્ટના ઓર્ડરલી ઓફિ. ને અગાઉથી કોન્ફીડેન્સીયલ જાણકારી અને ગણવેશમાં જ જવું શકય હોય ત્યાં સુધી તે હદમાં પ્રવેશતી વખતે યુનિટના ઓફિસ કમાન્ડીગ સહાય મેળવી.
૨. ઓફિસ કમાન્ડીગની જાણ અને મંજુરી વિના એ સૈનિકોની સેવાઓ ઉપયોગ ન જ કરવો. જો શંકાસ્પદ જણાય તો સિપાઈને ઓબ્જર્વ કરવો પોલીસની ફરજ છે. પણ તેના ઓફિસ કમાન્ડીગની જાણ વિના તેના સાથીદારો કે બીજાઓ વડે આચરેલ ગુના શોધવા કામે લગાડવો નહી સિપાઈઓ સામેના શંકાસ્પદ સંજોગો માટે પોલીસ સુપ્રી. એ જરૂરી બધી ખાનગી રીતે ઓફિસમાં કમાન્ડીગ સમક્ષ રજુ કરવી.

**<u>નિયમ ૧૧૦. પોલીસ હેતુઓ માટે ચોકકસ ગુનાઓની ટ્રીટમેન્ટ અંગે.:–</u>**

૧. કલમ–૧૧૮ (૧) દારૂ પીધેલ અને કલમ–૧૬૭ ચેપી રોગવાળાએ કપડા ધોવાં, ખોરાક બનાવવો કે, વેચવો, વિ. ગુનાઓ કોગ્ની. છે. અને તેની કેન્ટોમેન્ટ એકટ સને ૧૯૮૮ ના ડીસ્ટ્રી. મ્યુની. એકટ–૩ નીચે નિકાલ કરવો. જયારે કેન્ટોમેન્ટ એકટ ૧૯૨૪ નીચેના નોનો કોગ્ની. છે. તે અંગેની ફર્સ્ટ અને ફાઈનલ રીપોર્ટ આપવા અને સુપ્રી. ના ક્રાઈમ રજી. માં બતાવવા જરૂરી નથી. ફાયનલ ઓર્ડરસની પણ જરૂર નથી. તેને સ્ટેટમેન્ટ ભાગ–૧ અને ૨ માં બતાવ્યા પણ સ્ટેટમેન્ટ ૧ કે ૨ ભાગમાં પોલીસ વહીવટ વાર્ષિક રીપોર્ટમાં બતાવવા નહી આવા કિસ્સા માટેની ધરપકડ વોરંટ વગર કરી શકાશે. અને ક્રિ.પ્રો. કોડ કલમ–૬૨ મુજબ તે અંગે રીપોર્ટ કરાશે.

૨. ૧૯૨૦ ના પબ્લીક કન્વે. એક્ટ નીચેના ગુનાઓ કોગ્ની. છે. પણ ક્રાઈમ રજી. અને તપાસની બીજી બાબતો માટે નોન કોગ્ની. ગણાય તેની વાર્ષીક વહીવટ રીપોર્ટના ભાગ–૧ સ્ટેટમેન્ટએ માં સમાવેશ કરવો.

૩. જો ગણવેશધારી પોલીસ અધિ. ના હાજરીમાં બને તો ઈન્ડીફન મોટર વ્હીકલ એક્ટ–૧૯૩૯ ની કલમો ૧૧૬, ૧૧૭ અને ૧૨૬ નીચેના ગુનાઓ કોગ્ની. છે. અને તેને તે રીતે જરૂરી રજી. લઈ ક્રિ.પો. કો. કલમ–૧૪ ની જોગવાઈઓ નીચે હલ કરવા જોઈએ. પેટા કલમ–૧૨ (૨) નીચેના ગુનાઓ વાર્ષિક વહીવટી રીપોર્ટ ના સ્ટેટમેન્ટએ ભાગ–૧ માં સમાવેશ પામવા અને કોગ્ની. લેખાવવા જોઈએ. પણ ક્રાઈમ રજી. અને તપાસની બીજી બાબતો અંગે નોન કોગ્ની. લેખવા

૪. બી.પી. એક્ટ ની કલમો–૩૬, ૬૭, ૬૮, ૬૯ સમગ્ર વાહનવ્યહારનું નિયમન કરનાર પોલીસ ને તે અંગેના કોઈ નિયમ કે દાવાનો ભંગ કરતાં રોકવાની સત્તા આપે છે. અને તે અંગેની ચેતવણી આપી શકાય આથી પોતાનો અને પ્રજાનો સમય બચે છે. ગુનાનો ભંગ કરનારના નામો, સરનામો, તારીખ વિ. અંગે નોટબુક કે ડાયરીમાં નોંધ કરવી. આવી નોંધ ઉપયોગી બને છે.

૫. ચોકકસ પ્રકારના નોન કોગ્ની. ગુનાઓ સંબધમાં ગુનો કરનારને તે અંગેની લેખિત જાણ જરૂરી નોંધ સાથે આપી શકાય અને આવા ગુના અટકાવવા આવી લેખિત ચેતવણીઓ ગુના અટકાવવામાં અસરકારક નિવડશે.

૬. સ્થાનીક પરિસ્થિતિને તેવી સહાયક સુચનાઓ પો.સુપ્રી. પેટા કલમ–૪ અને ૫ ની રીતને અસરકારક બનાવતાં આપી શકશે.

૭. કલમ–૭૩ બી.પી.ઓ. પોલીસ અધિકારીઓને પ્રિવેન્શન ઓફ કુઅલ્ટી એનીમલ્સ એક્ટ ૧૧–૧૮૯૦ ની કલમો–૩, ૪, ૫ અને ૬ નીચેના શિક્ષાત્મક ગુનાઓ કરનાર મેજી. ના હુકમ કે વોરંટ વિના ધરપકડ કરી શકે. આવા ગુના ક્રાઈમ રજી. માટે નોન કોગ્ની. લેખવા.

૮. કલમ–૭૦–૭૧–૭૨ અને ૭૯ પો. અધિ. શિક્ષાત્મક ગુનાઓ કરનારના વોરંટ વિના ધરપકડ કરી શકે. આ ગુનાઓ બધા હેતુ માટે કોગ્ની. લેખવા એન ક્રિ.પ્રો.કો. પ્રકરણ–૧૪ ની જોગવાઈઓ લાગુ પાડવી.

૯. પ્રિવેન્શન ઓફ ગેમ્બલીગ એક્ટ–૪ ઓફ ૧૮૮૭ કલમ–૪ અને ૫ નીચેના નોન કોગ્ની. લેખવા.

——————XXXXX——————

# પ્રકરણ–૭
# મેજીસ્ટ્રેટ દ્વારા પોલીસને તપાસ માટે સોંપાયેલ કેસો અંગે

**નિયમ ૧૧૧. મેજી. દ્વારા તપાસ માટે પોલીસને સોપાયેલ ફરીયાદ અંગેઃ–**

૧. જયારે ક્રિમીનલ પ્રોસી. કોડની કલમ–૨૦૦ નીચે મેજી. સમક્ષ ફરીયાદ કરાય ત્યારે તેણે ફરીયાદીને સોંગદ પર તપાસવા જોઈએ. પ્રોસી. મેજી. આ બંધનકર્તા નથી. મેજી. એ સ્ટેટમેન્ટ લેખિત લેવુ. જોઈએ. આ પધ્ધતિ અનુસર્યા વગર પોલીસ ને ફરીયાદ મોકલવાનુ અને તે અંગે પગલાં લેવાનું જણાવવું કાયદાની વિરૂધ્ધ છે.

૨. ફરીયાદીની તપાસ પછી મેજી. ને ફરીયાદીની સત્યાસત્ય અંગે શંકા ન રહે તો ક્રિ.પ્રો.કો. પ્રકરણ–૨૬ માં દર્શાવેલ પ્રોસીઝર અનુસાર આગળ કાર્યવાહી કરી શકશે. પણ જો ફરીયાદી વિશે શંકા રહે તો કલમ–૨૦૨ નીચે તપાસ પોલીસને મોકલવી. પરંતુ આ માટેના કારણો નોંધવા બધા સેસન્સ જજોએ તાબાના બધા મેજી. ફરીયાદ ની ખરાઈ, પોલીસ તપાસ અને એ માટેનાં કારણો નોંધાવી ફરજો જાણે છે તે જોવુ જો કારણ ન નોંધેલ હોય તો પણ પોલીસ ફરીયાદ મેજી. ને પાછી ન મોકલે. પણ મેજી. ના જયુડીશીયલ ઓર્ડર નો અમલ કરે તાબાના મેજી. કલમ–૨૦૨ નીચે પોલીસ તપાસ બીન જરૂરી રીતે ન યોજે અને વિલંબ ન થાય તે સેસન્સ જજે જોવું. મેજી. દ્વારા તપાસ માટે મોકલાવેલ કિસ્સાની માહિતી પોલીસ સુપ્રી. અને એસ.ડી.પી. ઓ. એ સબ ઈન્સ. પાસેથી મેળવવી.

૩. ક્રિ.પ્રો. કો. કલમ–૨૦૨ નીચે મેજી. દવારા તપાસનો હુકમ અપાય ત્યારે અંતિમ જવાબદાર તેની છે. નહી કે પોલીસની અને તેથી તે તપાસનો રીપોર્ટ સીધો તેને મોકલવો. મેજીસ્ટ્રેટ તપાસ માટે ચોકકસ સમય પધ્ધતિ કે તેમનાં વધારો સુચવી શકે છે.

૪. કલમ–૨૦૨ નીચે મેજી. દ્રારા રીફર થયેલા કિસ્સા માટે તે તપાસ કરી શકે અને ધરપકડ સિવાય સીધા રીપોર્ટ થયે મળતી બધી સત્તાઓને અમલ કરી શકે. તપાસ પછી તે ફકત કલમ–૨૦૨ નીચે રીપોર્ટ કરી શકે પણ ધરપકડ કે કોડના પ્રકરણ–૨૪ મુજબ ચાર્જશીટ ન સબમીટ કરી શકે. ગુનો કોગ્ની. હોય તો પણ એને તાત્કાલીક ધરપકડ કાયદેસર હોય તો પણ વોરંટ ઈશ્યુ કરવાનું મેજી. ના નિર્ણયને આધીન છે. નાસી જવાનો પ્રયત્ને અને તેમાં વિલંબ થવાથી મળેલા વોરંટ સિવાય, વોરંટ વિના પોલીસે ધરપકડ કરવી જોઈએ નહી.

૫. જયારે પોલીસ ફરીયાદને ખોટી હોવાન જણાય અને મેજી. તે સાથે સમંત ન હોય ત્યારે મેજી. પોતે તે કેસ પોલીસ કેસ તરીકે લેવાનું સુચવી શકે તહોમતદારને પોલીસ કેસની જેમ પોતા સમક્ષ રજુ કરવાનું જણાવી શકે.

**નિયમ ૧૧૨. ફરીયાદ વિનાના કેસ મેજી. તરફથી પોલીસ પાસે તપાસ માટે આવે તે અંગેઃ–**

ક્રિ.પ્રો. કો. કલમ–૧૯૦ અને પેટા કલમો ૧ કલોઝ અ નીચે પોતાને મળેલ ફરીયાદ વિનાની માહિતી પરથી મેજી. કોડની કલમ–૧૫૫ઃ૨ઃક ૧૫૬ ૩. મુજબ નોન કોગ્ની. કે કોગ્ની ગુના તરીકે પોલીસ ને તેની તપાસ સોંપી શકે. તેવા કિસ્સામાં કોડના પ્રકરણ–૧૪ મુજબ તપાસની બધી સત્તાઓ ચાર્જશીટ આપવા સુધીની ભોગવી શકે છે. જો ગુનો નોન કોગ્ની. હોય તો પણ વોરંટ વિના ધરપકડ કરી શકે નહી.

———×××××———

# પ્રકરણ–૮
# ગુનાઓ અંગેની માહિતી અને રજીસ્ટ્રેશન

**નિયમ ૧૧૩. કોગ્ની. ગુના માટે એફ.આઈ.આર નોંધવા અંગે:–**

૧. ગુનાની એફ.આઈ.આર. પો. સ્ટેશન ના અધિકારી મૌખિક રીતે અપાય તો ક્રિ.પ્રો. કલમ–૧૫૪ મુજબ તેણે જાતે જ કે જાત દેખરેખ નીચે લખવી જોઈએ. જેના વિશે ગુનો થયો હોય તેણે તે આપવી જરૂરી નથી. આ જાતની માહિતી ક્રિ.પ્રો. કલમ–૪:૪૧ ની વ્યાખ્યા અનુસારની ફરીયાદ નથી. માહિતી મળે જેનાં વિશે ગુનો ગયો હોય તેની હાજરીની રાહ જોયા વિના તરત જ નોંધવી જોઈએ. એકવાર પો. તંત્ર ગુના વિશેની કામગીરી ચાલુ કરે પછી જેના વિશે ગુનો નોંધાય હોય તે પક્ષ ફરીયાદ પાછી ખેંચી શકશે નહી. ગુનો થવાનો એ.આર. ધરાવનાર જ ફરીયાદ આપે તે જરૂરી નથી. ફરીયાદ આપનાર વ્યકિતએ તે અંગેની જવાબદારીઓ ઉઠાવવાની રહે છે.

૨. (અ) જયારે વિલેજ પોલીસ પટેલને ઈન્ફરમેશન અપાય ત્યારે તે પોલીસ સ્ટેશનને તે આપશે, અને આવા કિસ્સામાં કાયદેસરના હેતુ માટે તે એફ.આઈ.આર. ગણાશે.

(બ) ઘણાં કિસ્સાઓમાંપોલીસ પટેલ બીજા કારણોસર ગુનેગારોના નામ જાણીતાં હોવા છતાં, વરદી રીપોર્ટમાં જણાવતાં નથી. પોલીસ પટેલની અનિષ્ફળતા સાક્ષીઓને ખોટા માનવા પ્રેરે છે. આથી સર્કલ પો.ઈન્સ્પે. અને પી.એસ.આઈ., પોલીસ પટેલને જો જાણતા હોય તો તહોમતદાર ના નામો વરદી રીપોર્ટમાં જણાવવું સુચવવું.

૩. જીલ્લામાંના દરેક આઉટ પોસ્ટને દર વર્ષે બે ગડીઓમાં વ્હેચાયેલા પાના વાળી તેની જરૂરીયાત મુજબની એક કે વધુ બ્લેક બુકસ પુરી પાડશે. હેડ કો. કે હવાલા ધરાવનાર અધિકારી તેને રીપોર્ટ થયે કોગ્ની. અને નોન કોગ્ની. ગુનાઓ અને બીજી માહિતીઓ તેમાં નોંધશે અને જલ્દીથી પો.સ્ટે. પહોંચાડશે. જમણાં હાથ પરનું ફોઈલ કોપીને ઉપરી પોલીસ સ્ટેશનને મોકલવું જયારે આઉટ પોસ્ટના અધિકારી સમક્ષ લેખિત કે મૌખિક જાણ કોગ્ની. અંગે કરાય ત્યારે બંને ફોઈલ્સ પર માહિતી લાવનાર જેનાં વિષે ગુનો કરાયો હોય તેના નામ, ગુનાનો પ્રકાર, સમય, તારીખ અને ગુનેગારોના નામ નોંધશે અને પુરેપુરી વિગતવાળં એક ફોઈલ્સ વિશેષ પગલાં માટે પોલીસ સ્ટેશનને મોકલશે. જેનાં સબંધમાં ગુનો કરાયો હોય તે પોતે જ જો આઉટ પોસ્ટ પર હાજર થાય અને ઈચ્છા બતાવે તો પોલીસ સ્ટેશન જવાનું તેને માર્ગદર્શન આપવું. તે માટેની ઈચ્છા કે અનિચ્છાની બંને ફોઈલ્સ પર નોંધ કરવી, પછી આઉટ પોસ્ટના અધિકારીએ બી.પી.એકટ કલમ–૪૪ ની જોગવાઈઓ મુજબની કાર્યવાહી કરવી.

૪. આવા કોગ્ની. ગુના અંગે પોલીસ સ્ટેશન ને સીધી માહિતી મળે ત્યારે ફરીયાદીનું નામ, ગુનાનો પ્રકાર, ગુનેગારના નામ અને મલ્યા તારીખ જે તે આઉટ પોસ્ટને તેની બ્લેક બુકમાં યોગ્ય ચોટાડવા માટે મોકલી આપશે. અને ફરીયાદ સીધી પોલીસ સ્ટેશને થયેલ છે તે અંગે નોંધ કરશે.

૫. એફ.આઈ.આર. નોંધાવવાની કાયદેસર સત્તા પોલીસ સ્ટે. અધિકારી ને જ હોઈ પેટા કલમ–૩ જે આઉટ પોસ્ટ દ્વારા મળેલ હોય તો માત્ર સામાન્ય માહિતી રૂપે જ લખવી. અને પછી પોલીસ સ્ટે. ના અધિકારી જે વ્યકિત ક્રિ.પ્રો. ક. ના ૧૫૪ નાં હેતુઓ મુજબ એફ.આઈ.આર આપવા ઈચ્છે તેનો સંપર્ક સાધવો.

૬. કલમ–૧૫૪ તળે એ આવશ્યક છે કે એફ.આઈ.આર. આપનાર વ્યકિતએ રૂબરૂ જ જવુ પણ જો પત્ર મૌખિક અન્ય મારફતનો તાર, ટેલીફોન સંદેશો મળે ત્યારે તેનો ખરાપણાં વિષે વિચારણા બાદ યોગ્ય રીતે વર્તવું જો માહિતી ભરોસાપાત્ર લાગે તો યોગ્ય કાર્યવાહી કરવી. અને ધારાકીય જરૂરીયાત મુજબ પોતે કે કોઈ તાબેદારે માહિતી આપ્યાનું નોંધવુ. અથવા તો જાત માહિતીના માં વગેરે યોગ્ય કિસ્સાની માહિતીને એફ.આઈ.આર. લેખવી. અને તે મુજબ નોંધવી.

૭. કોગ્ની. ગુના અંગેની કોઈ દ્વારા માહિતી ન અપાય પણ અધિકારીને પોતાને ગુનો થવાની શંકા હોય હોય અને પોતે ખરેખર ગુનો થતો જોયો હોય તો ક્રિ.પો.કો. કલમ–૧૫૪ મુજબ અનિવાર્ય ન હોવા છતાં એફ.આઈ.આર. નોંધવી જેથી તહોમતદાર પોતાની સામેના પુરાવાઓની અતિશયોકિતમાંથી રક્ષણ પામી શકે.

૮. પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ એફ.આઈ.આર. એવીડન્સ એકટ કલમ–૮ નીચે પુરાવા માટે ગ્રાહય અને સંબધીત લેખાય છે. ગુનો એ પોતે આપેલ માહિતી પણ એફ.આઈ.આર તરીકે નોંધી શકાય. આવી એફ.આઈ.આર. નાં કોઈ ભાગને ગ્રાહય લેખવો કે નહી ? તે કોર્ટના નિર્ણય ને આધીન છે. જયારે ગુનેગાર પોતે એફ.આઈ.આર. આપે ત્યારે તે નોંધનારનાં પુરાવા પરથી તેની ખરાઈ કરી શકાય. જયારે ખુન કેસમાં ફરીયાદીનું અવસાન થાય ત્યારે પ્રોસીકયુટરને એફ.આઈ.આર. ને ડાઈંગ ડેકલેરેશન ગણવાનો ભારપુર્વક આગ્રહ સેવવો.

૯. પોલીસ સ્ટે. હાઉસના હવાલામાંના સબ ઈન્સ્પે. ને ગેરહાજરીમાં એફ.આઈ.આર. નોંધવાની હાજર સીનીયર હેડ કોન્સ્ટે. ની જવાબદારી છે. પણ જો થોડીજ વારમાં હાજર થઈ શકે તેમ હોઈ અને કેસની ગંભીરતા જોતાં જરૂરી જણાય તો હેડ કોન્સ્ટેબલ એ એફ.આઈ.આર. નોંધવા સબ ઈન્સ્પે. ને બોલાવવાં.

૧૦. જો એફ.આઈ.આર. હેડ કોન્સ. નોંધે તો તે અંગેની માહિતી જયાં હોય ત્યાં સબ ઈન્સ. તુરંતજ મોકલવી પછી તેની ખરાઈ કે વધારાના સ્ટેટમેન્ટો નોંધવા વિ. સબ ઈન્સ. પર રહે છે. એ યાદ રાખવુ ઘટે કે આવી પુરક નોંધ ક્રિ.પ્રો. કો. કલમ–૧૫૪ નીચે એફ.આઈ.આર. નો ભાગ ગણાય નહી.

૧૧. પ્રવાસ દરમ્યાન પણ સબ ઈન્સ. કે ઈન્સ. ની પોલીસ સ્ટેશન પરની સત્તા ચાલુ જ રહે તો હોય, કોગ્ની. ગુનાની માહિતી મળતાં જાણ કરનારને પોલીસ સ્ટેશનને મોકલતાં કલમ–૧૫૪ મુજબ નોંધ લઈ પોલીસ સ્ટેશન ને વિશેષ પગલા માટે મોકલી આપવી. અને પોતે તેની તપાસમાં આગળ વધવુ.

૧૨. એફ.આઈ.આર. નોંધતા પહેલાં માહિતી આપનારને ખોટી, અતિ વધારેલી માહિતી સામે ચેતવણી આપવી અને ઈચ્છે તેટલી સમય શાંતિથી વિચારવા તક આપવી. ગમે તે કડી દ્રારા મળેલી માહિતી કોગ્ની. ગુનો ન બતાવે પણ વિશેષ ઈન્કવાયરીની જરૂર બતાવે તો પોલીસ સ્ટેશન અધિકારી એ સ્ટેશન ડાયરીમાં નોંધ લેવી અને ગુનાના સ્થળે તપાસ કરવી. ત્યાંની. તપાસ જો કોગ્ની દર્શાવે તો કાયદાની જોગવાઈ અનુસાર તેને હલ કરવો.

૧૩. વ્યકિત ગુમ થવા અંગે નો રીપોર્ટ સ્ટેશન ડાયરીમાં નોંધવો અને તેની તપાસ પોલીસ સ્ટેશન અધિકારી કે હેડ કોન્સ્ટેબલ એ કરવી જોઈએ. ગુમ થવાના સંજોગો જો કોગ્ની. ગુનાની શકયતા કે શંકા બતાવે તો તેને તુરતજ રજીસ્ટર કરવો. જો બાળક ગુમ થાય તો, તે મળી આવે અથવા તે માટેનું વજુદવાળુ કારણ જડી આવે ત્યાં સુધી તેની શોધક અને તપાસ ચાલુ રાખવી. બાળ અપહરણ કર્તા સાધુઓ, વૈરાગી, ઈરાની વિ. જેવા ટોળીઓની કાળજીપુર્વક તપાસ હાથ ધરવી અને તેમની સાથે બાળકો ખરેખર તેનાજ છે તેની નોંધ ખાસ ચોકકસાઈ કરવી. ભાગી ગયેલી પત્ની જેણે સ્વેચ્છાથી ઘર અને ગામ તજયા હોય તેવી પુખ્ત વ્યકિતને બળપુર્વક પાછા લાવવાની પોલીસ અધિ. ની ફરજ નથી. ગુનેગાર સામે પુરતાં પુરાવા વિના ધરપકડ ન જ કરાય તેની ખાસ કાળજી રાખવી.

**નિયમ ૧૧૪. એફ.આઈ. આર. રેકોડીંગ અંગે:–**

૧. માહિતી આપનાર જો તે મૌખિક આપે તો પોલીસ સ્ટેશનની એફ.આઈ.આર. બુકમાં પ્રથમ આવતા બ્લેન્ક ફોર્મના ડાબા હાથની ગડીનો પાછલી બાજુએ તેને અક્ષરસઃ ઉતારી લેવી જો પુરેપુરી માહિતી એક ફોર્મની જગ્યામાં ન સમાય તો ક્રમિક રીતે પછીની ફોર્મની પાછલી બાજુએ તે જ રીતથી ઉતારતા જઈ તેને પુરી કરવી, અને નીચે આપનારની સહી કે અગુંઠાની છાપ લઈ અધિકૃત કરવી. લેખિત રીતે અપાય ત્યારે એફ.આઈ.આર. બુકમાં ઉપરમાંની જ પધ્ધતિએ લખી અને સહી મેળવવી.

૨. પછી તેના ખાતાઓ પુરી લેવા અને પુરેપુરી એફ.આઈ.આર. તેજ જમણી બાજુમાં ફેરબદલી કરી લખવી. માહિતી આપનારના સહીવાળો ભાગ પોલીસ સ્ટેશનમાં જાળવવો, જયારે બાકીનો ક્રિ.પ્રો. કો. કલમ–૧૫૭ મુજબ એફ.આઈ.આર. તરીકે મેજી. ને મોકલવો પો.સ્ટે. કે આઉટ પો.સ્ટે. ને મોકલવા માહિતીની વધારે નકલો જરૂરી બને તો તે સાદા કાગળ પર કરવી. પોલીસ સ્ટેશન અધિકારીને એફ.આઈ.આર. મેળવવામાં વિલંબ જણાય ત્યારે ચોકીદાર કે મેનેજર જે તે લાવે તેને સાક્ષી તરીકે તપાસવો અને વિલંબ માટે ખુલાસાને રેકર્ડ પર લેવો. આ હેતુ માટે પોલીસ સ્ટેશન અને ગામ વચ્ચેનું અંતર અને પગે ચાલતાં કે પાર કરતાં લાગે તેવા સમયની નોંધ કરવી. કોઈ કારણસર

ચોકીદાર પુરાવો આપવા માટે ન મળી શકે, ઈન્વેસ્ટીગેશન અધિકારી પુરાવામાં તે હકીકત ધ્યાન પર લાવવી.

૩. જેવી નોંધ પુરી થાય કે તરત જ ઈન્ફોર્મેશન એફ.આઈ.આર. બુકમાં નોંધાયા મુજબની નકલ આપવી. આ માટે કોઈ ફી વસુલ કરવી નહી. જો પોલીસ પટેલ દ્વારા ત. પહેલાં પોચાય અને પોલીસ સ્ટેશનને મોકલાય તો પણ આજ કાર્યવાહી કરવી પણ જો લેખિત મળેલ હોય તો આ પધ્ધતિઓ અમલ જરૂરી નથી.

**નિયમ ૧૧૬. કોગ્ની. ગુનાઓના રજીસ્ટ્રેશન અંગેઃ-**

૧. આવા બધા જ ગુનાઓ કોગ્ની. ક્રાઈમ રજી.માં સ્ટેશન અધિકારી દ્વારા જો કે કલમ-૧૫૭ ૧ (બી) ક્રિ.પ્રો. કો. નોંધ હાથ ધરાયા હોય તો પણ નોંધવા.

૨. જુદા જુદા ક્રાઈમના રેકોર્ડ જાળવવા (૧) ઈ.પી.કો. ના ગુનાઓ માટેનું અને (૨) સબ ડીવીઝનનો હવાલો ધરાવતાં પોલીસ સુપ્રી. ના વર્ગ-૬ ગુનાઓ માટેનું અને જયાં વાર્ષિક ૨૦૦ કે વધુ ગુનાઓ થતાં હોય તેવા પોલીસ સ્ટેશન માટેનું બીજા સ્ટેશન કે ફકત એક રજીસ્ટર રાખવુ.

૩. ક્રિ.પ્રો. કો. કલમ-૨૦૨ નીચે તપાસ માટે મળેલી ફરીયાદીનો સુપ્રી. કે સબ ડી.ઓ. નાકા રજી. પર દાખલ નહી પણ તેને પોલીસ સ્ટેશન કા. રજી. માં છેડે (એમ) ક્રમાંક નીચે, નોંધવા.

૪. ક્રિ.પ્રો. કો. કલમ-૧૭૪ નીચે ઈન્કવાયરી કરાયેલ કિસ્સાઓ કા. રજી. મા તે ખાસ અલગ રખાયેલ ભાગમાં નોધવા આ ભાગમાં ફરીથી પેટા ભાગો કરવા 'એ' આકસ્મિક મૃત્યુ માટે 'બી' બીજા અકુદરતી મૃત્યુ માટે, જરા જેટલી ગંદી રમતની ગંધ આવે તો ગુનો નોંધવો.

**નિયમ ૧૧૭. કોગ્ની. ક્રાઈમ રજીસ્ટર લખવાની સુચના અંગેઃ-**

૧. આ રજીસ્ટરમાંની એન્ટ્રીઓ તેનાં પુઠાની અંદરની બાજુએ છાપેલ સુચના મુજબ લખવી નીચેના પુરક સુચનાઓ અમલ કરવો.

(૧) કોલમ-૬ જે તારીખે પોલીસ સ્ટેશન માહિતી મળે તે નોંધવી નહી કે આઉટ પોસ્ટની.

(૨) કોલમ-૭ તેમાં સુઓ મોટો પોલીસ વડે કરાયેલ કે, મેજી. વોરંટ નીચે અને રીકવીઝેશન પર બીજા પોલીસ વડે કરાયેલ ધરપકડોની સંખ્યા જણાવવી.

(૩) કોલમ-૯ ક્રિ.પ્રો. કો. ક.૧૬૯ નીચે પોલીસ વડે છોડી મુકાયેલાઓની સંખ્યા બતાવવી.

(૪) કોલમ-૧૦ તેમાં ફરીયાદી દ્વારા મિલ્કતની જણાવેલ કિમત મળી અને પંચે ઠરાવેલ કિમંત લેવી તે મુજબ સુધારો કરી લેવો 'બી' કે 'એ' વર્ગ તરીકે અથવા ક્રિ.પ્રો. ક. ૧૫૭ ૧ (બી) નીચે જેની તપાસ ન અપાઈ હોય તેવા સીવીલ લેખાયેલ ગુનાઓ માટે મિલ્કતની નોંધ કાઢી નાંખવી જયારે સમરી કે, ફાઈનલ ટુંકમાં મળી જાય અને આંકડાકીય ગણત્રી માટે તેને લેવી નહી.

(૫) કોલમ-૧૨ જયારે સજા થાય ત્યારે જે કોલમ તળે તહોમતદાર ફરમાવાયુ હોય તે આ કોલમમાં અવશ્ય બતાવવી અને કલમ-૪ માં જરૂરી સુધારો કરવો.

(૬) કોલમ-૧૩ તેમાં નીચેના મુદાઓ બતાવવા જોઈએ.

(એ) અવાર નવાર પોલીસ કે સબ ડી.ઓ. એ એ મંજુર કરેલ એકસ નિશાની

(બી) ક્રિ.પ્રો.કો. ક. ૧૬૭ નીચે મેળવાયેલા રીમાન્ડો

(સી) 'બી' વર્ગની નોંધ થઈ હોય તો મેજીસ્ટ્રેટ ને ફરીયાદ નોંધાવવા કરેલ વિનંતી અંગે રીમાકર્સ,

(ડી) તહોમતદાર માટે પી.આર.ટી. કરાયેલ છે કે ટેવવાળો ગુનેગાર છે.

(ઈ) ઘરફોડીના કિસ્સામાં ગુનેગારના મોડઝ ઓપરેન્ડી અંગેના રીમાર્ક.

(એફ) ક્રિ.પ્રો.કો. ક.૨૫૦ લાગુ પડાય છે ?

(જી) અગાઉ સેકશન ૧૫૭ (બી) નીચે તપાસ ન કરાઈ હોય તો તે હાથ ધરવા ઉપરી અધિકારીનો હુકમ.

(એચ) તહોમતદાર ના જામીનખતને રદ કરવુ. (જો તેમ હોય તો ?)

(આઈ) સબ ડી. ઓ. અને સબ.ડી. ના ચાર્જમાના પોલીસ સુપ્રી. પોતાના પોલીસ સ્ટેશન માટે ક્રાઈમ રજી. ઓ જાળવશે. અને તેમાં મળેલી કેસ ડાયરીઓ પરથી વિગતો નોંધશે. આ રીતે પોતાના પોલીસ અધિકારીઓ અને કામગીરીથી પરીચીત રહી ગુનાને નિયંત્રણમાં રાખશે. તેને રોજરોજ લખવાથી ગુનો અને તે વિષેની તપાસનાં સંપર્કમાં રહી શકાય છે. જેથી આ રજી.

નિયમિત અને યોગ્ય રીતે લખવા તેણે એસ.ડી. ઓ. અને પ્રો. એ.એસ.પી. ને રજી. અપ–ટુ–ડેટ રાખવાનું મહત્વ સમજાવવું. રજીસ્ટરોનું સમયાંતર ચેકીગ કરવું. બેદરકારી ના કિસ્સાં આઈ.જી.પી. ને જણાવવા. નિરીક્ષણ દરમ્યાન ડેપ્યુ. આઈ.જી.પી. ને પણ આ અંગે ધ્યાન આપવું. મહત્વની હકિકતોના અંગે રજી. રીમાર્ક કોલમમાં ખાસ નોંધ કરવી.

**નિયમ ૧૧૮. ગુનાની નોંધણી માટે સ્ટે. યાર્ડ અને રેલ્વે લીમીટની વ્યાખ્યા અંગેઃ–**

૧. રેલ્વે લીમીટની વ્યાખ્યા માટે જે વિસ્તાર તેની માલિકીનો કે, કાયદેસર કબજામાં હોય અને માલ કે મુસાફરોના વહનમાં વપરાતો હોય અને તે હેતુ માટેનું મકાન કે સ્થળોનો સમાવેશ થાય છે રેલ્વે પરનો કે નીચેનો રસ્તો તેની માલિકીનો નથી. અને તેવી જ તે અંગે ફરજો જી.પી. ની છે.

૨. સ્ટેશન યાર્ડની લીમીટનો અર્થ ડીસ્ટંટ સીગ્નલો વચ્ચેની સમાવેશ પામતી ટ્રાફીક લાઈનો અને પ્રીમાસીસ.

૩. રેલ્વે કે સ્ટેશન યાર્ડની લીમીટી અંગે શંકાના પ્રશ્ને રેલ્વે અને જીલ્લાના પોલીસ સુપ્રી. ઓએ પતાવટ કરવી (સામાન્ય વર્કીગ રૂલ તરીકેનો ખાસ નિર્દેશીત ન હોય તો મકયુઝીનમાં રેલ્વે પોલીસ ઈન્ડીયન રે. એકટ ૧૮૯૦ કલમ–૩૪ એની વ્યાખ્યામાંના બધા મકાનો અને જમીન પર સત્તા ધરાવે છે.)

**નિયમ ૧૧૯. રેલ્વે પર કમીટ થયેલા ગુનાઓના રજી. અને ઈન્વે. અંગે.:–**

રેલ્વે પર કમીટ થયેલા ગુનાઓના રજી. અને ઈન્વે. અંગેઃ–

૧. વ્યકિત કે મીલ્કત સામેના બધા કોગ્ની. ગુનાઓ અને તારના થાભલા કે, વાયર ચોરી જેવા રેલ્વે લાઈન પર સ્ટેશન યાર્ડની હદ બહાર તોફાનોની નોંધ અને તપાસ જી. પોલીસ એ કરવી. તેવી જ રીતે ફલેટસ સ્ટે. ને ઓવર લાઈન લેખી ત્યાંના ગુનાની તપાસ પણ તેણે કરવી. તે માટેની નજીકના રેલ્વે કે ડીસ્ટ્રી પોલીસ સ્ટેશનને જાણ કરવી. રેલ્વે મિલ્કતની ચોરી અટકાવવા ૧૯૫૫ ના એકટની પુરેપુરો ઉપયોગ કરવો.

૨. અઃ જો રેલ્વે લાઈન પર કે આસપાસ ભેગા થયેલાં લોકો વડે આચરાયેલી તેમ માનવા પુરતા કારણો હોય અને બી ગુનાનું સ્થળ લગભગ જાણીતું હોય તો ડીસ્ટન્ટ સીગ્નલો વચ્ચે દોડતો ગુડઝ ગાડોઓમાં મીલ્કત કે વ્યકિત સામેના બધાં કોગ્ની. ગુનાઓ જી. પોલીસ અનેરજી. લેવા અને તપાસ કરવી. તે માટેની માહિતી નજીકના રેલ્વે પોલીસ સ્ટેશન ને આપવી.

૩. રજી. માટે માર્ગદર્શનરૂણે નીચે દાખલાઓ આપ્યા છે.

(૧) સ્ટે પર આવે ત્યારે કેટલાંક વેગનના બારણો ખુલ્લા જણાય, ગાર્ડ રીપોર્ટ આપે કે તેણે બે સ્ટેશન વચ્ચે હલ્લો થતો જોયો છે. આ કેસ જી. પી. એ રજી. કરવો.

(૨) પણ હલ્લા કે તેનાં સ્થાનની માહિતી યાર્ડ ન આપી શકે તો રે. પોલીસે રજી. કરવુ.

(૩) રેલ્વે લાઈનની બાજુમાં ચોકકસ સ્થળે દાણાંની થેલીઓ મળે. ગુનો જી.પી. એ. નોંધવો.

(૪) ટ્રેનમાંથી થેલીઓને ફેકતા અને ચોકકસ સ્થળે ટોળાને જોયાનો ગાર્ડ રીપોર્ટ આપે તો જી.પી. એ. રજી. કરવો.

(૫) વેગન ખુલ્લા બારણા સાથે સ્ટેશનએ પહોચે, ગાર્ડ લાઈન પર લોકોને ભેગા થયેલા જણાવે, પણ હલ્લા અંગે ન જણાવી શકે તો રે. પોલીસએ રજી. લેવો.

(૬) વેગન એક સ્ટેશનને છોડે પણ પછીના ઘણા સ્ટેશન બાદ તે તુટેલ જણાય અને ગાર્ડ તે અંગે ન જણાવી શકે તો રે. પોલીસએ રજી. લેવો.

૪. ચાલુ ગુડઝ ગાડીઓની ચોરી માટે કે જે પેટા રેલ :૨: નીચે આવે તેની નોધ જયાં તે પકડાય તે હદના રે. પોલીસ સ્ટેશન એ લેવી. સબ રૂલ ૧ઃ કે :૨: પડવા અંગે શંકા હોય ત્યારે પણ રે. પોલીસએ રજી. લેવા.

૫. રેલ્વેના નોકરો કે અન્ય દ્રારા ચોરી અંગે ભેદ પાડવો નહી ફકત વેગનમાંથી માલ ઘટયો કે ગુમ થયો કે સીલને નુકશાન કે ચોરીના ગુના રજી. લેવા માટે પુરતુ નથી. ચોરી માટેના પુરતા કારણો અને તે માટેની ફરીયાદ રેલ્વે સત્તાવાળાઓ પર રહે છે.

૬. મુંબઈ ને લગતો છે.

૭. પેટા રૂલ ૧ઃ અને :૨: મુજબ જે માટે રીપોર્ટ પહેલાં રે. પોલીસ સ્ટે. ને થયેલ હોય ત્યારે તેની તરત જ નોંધ લેવી. અને નકલ જીલ્લા પો. ને મોકલી અને જીલ્લા પોલીસ અધિકારી હાજર ન થાય ત્યાં સુધી તપાસની કાર્યવાહીમાં આગળ વધવું રેલ્વે પોલીસ સ્ટેશન ની નકલ મળતાં જી. પોલીસ સ્ટેશન

Scanned by CamScanner

અધિકારીને પહેલા રીપોર્ટ મળે તે તેની નકલ રે. પોલીસ ને મોકલશે. અને સ્ટેશન ડાયરીમાં માહિતી અંગે નોંધ કરશે.

**<u>નિયમ ૧૨૦. શંકાસ્પદ સત્તા ક્ષેત્ર અંગે પ્રોસીજરઃ–</u>**

જેમાં પ્રો. જયુરી નકકી ન થઈ શકે તેવા રેલ્વે પસાર થતી હોય તેવા વિસ્તારોમાં બનતાં ગુનાઓ માટે રજીસ્ટ્રેશન અને તપાસ માટેનો પ્રોસીજરઃ–

૧. જેને કોગ્ની. ગુનો પ્રથમ રીપોર્ટ થયો હોય તે પોલીસ તેને રજી. લેશે અને તપાસ કરશે.

૨. તપાસ દરમ્યાન જેને માહિતી મળેલ હોય તે પોલીસ ને લાગે કે પોતાના સત્તા ક્ષેત્ર બહાર છે તો બધી માહિતી ની નકલ યોગ્ય પો.સ્ટે. ન મોકલશે. આ પોલીસ સ્ટે. ગુનો રજી. લઈ પોતાને જ થઈ હોય તેમ તપાસ કરશે.

૩. જયારે કેસ શોધી શકાય ત્યારે ગુનો જયાં બન્યો હોય તે પોલીસ સ્ટે. તે નોંધો લેશે. અને માહિતી રસ ધરાવતાં બીજા પો.સ્ટેશન ને આપશે. જેથી ત્યાંના રજી. પરથી ગુનો દુર કરી શકાય.

૪. વર્ષાન્તે ગુનો ન પકડાય તો વહી રીપોર્ટનાં સ્ટેટમેન્ટ 'અ' માં પણ પકડાયેલ તરીકે બતાવશે.

૫. જયારે ગુનાની હદ બારામાં અને તેની આખરી પતાવટ બારામાં જી. અને રે. પોલીસ વચ્ચે મતભેદ રહે, ત્યારે આઈ.જી.પોલીસ ને રીફર કરી ઓર્ડર મેળવવા.

૬. રે. અને જી. પોલીસ પરસ્પર સાથે સહકાર દાખવવો. પોલીસ સુપ્રી. ઓની આ જવાબદારી રહેશે.

૭. કિસ્સા આંતર રાજય પ્રકારનો હોય તો નિર્ણય માટે સુપ્રી. એ.આઈ.જી. પી ને મોકલવો સંબધીત રાજયના આઈ.જી.પી. સાથે મસલત દ્રારા નિર્ણય કરવો.

**<u>નિયમ ૧૨૧. જેલમાના કેદીઓ દ્વારા કરાતા ગુનાઓ અંગેઃ–</u>**

૧. જેલ કેદીઓ વડે થતાં ગુનામાં ક્રિ. પોલીસ કોડ કે બીજા કાયદા નીચે સજા થઈ શકે છે. તેમજ જેલ ડીસીપ્લીનના નિયમો નીચે પણ થઈ શકે. તેથી પોતાની સત્તા અનુસાર તે નીચેના જેવા ગુનાઓ સિવાયના ગુનાઓ માટે કોર્ટ દ્રારા સજા કે પ્રોસીકયુટર કરવાનો નિર્ણય લઈ શકાય.

(૧) હુલ્લડો (ક્રિ. પોલીસ કો. ક. ૧૪૬,૧૪૮ અને ૧૫૨ મુજબ શિક્ષાત્મક)

(૨) નાસી છુટવું (કલમો ૨૨૨, ૨૨૪ નીચે શિક્ષાત્મક)

(૩) બેદરકારીથી મૃત્યુ ૩૦૪ક કલમ કે આપઘાતનો પ્રયાસ (કલમ–૩૦૯) સ્વૈચ્છિક રીતે ગંભીર ઈજા કરવી (કલમ–૩૨૫ અને ૩૨૬)

(૪) સેસન્સ કોર્ટ વડે જ ટ્રાયલ યોગ્ય કોઈ ગુનો પ્રોસીકયુશન કરાવવુ જોઈએ.

૨. પેટા રૂલ–૧ ની જોગવાઈ મુજબના ગુનાઓની પ્રાથમિક તપાસ પોલીસ કે જેલ સુપ્રી. વડે હાથ ધરાવી જોઈએ. તેનો નિર્ણય તે વિવેક બુધ્ધિ મુજબ લેશે.

**<u>નિયમ ૧૨૨. નોન–કોગ્ની. ગુનાઓના રજીસ્ટ્રેશન અંગેઃ–</u>**

૧. પોલીસને કે તે દ્રારા રીપોર્ટ થયેલા બધા નોન–કોગ્ની. ગુનાઓ નોન–કોગ્ની ક્રાઈમ રજી. (ફોર્મ નમુના ૬૮ પી.એને. કો. ક–૧૫૫ મ નીયત થયા મુજબ) માં નોંધવો કલમ–૪ થી ૭ ફકત જયારે મેજી. વડે નોન કોગ્ની ગુનાની તપાસ પો. ને સોંપાયેલ હોય અને તેનાં વડે કરાયેલ હોય ત્યારેજ કરાવવી.

૨. ક્રિ.પ્રો.કો. ક.૨૦૨ નીચે મેજી. દ્રારા પોલીસ ને તપાસ માટે રીફર કરાયેલ નોન કોગ્ની. ગુનાઓ સ્ટે. નોન કોગ્ની ક્રાઈમ રજી. માં છેડે 'એમ' ક્રમાંક નોંધ સાથે કોગ્ની ગુનાઓ નોંધવા તેમજ નોન કોગ્ની ક્રાઈમ રજી. નું કોલમ–૨ કોરુ રાખવુ. અને રીમાર્કસ કોલમમાં પ્રથમ દ્રિતિય વર્ગના મેજી. દ્રારા ફરીયાદ અને તપાસ સોંપાયાની નોંધ કરવી.

**<u>નિયમ ૧૨૩. કોગ્ની. ગુના અંગેની તપાસની સત્તા ઓ અંગેઃ–</u>**

ક્રિ.પ્રો. કો. માં પ્રકરણ–૧૫૬ નીચે તપાસ કે ટ્રાયલ ચલાવવા પો. સ્ટેશન નીચેના જે વિસ્તાર કોર્ટનો કાયદેસરનો હકક હોય તેવા પોલીસ સ્ટેશનના અરસપરસ તે ક્ષેત્રના કોગ્ની. ક્રિ.પ્રો. કો. કલમ–૧૫૬ નીચે તપાસ કરી શકે છે જો કે સગવડ ખાતર પોલીસ સ્ટેશનની હદમાંના ગુનાઓ અંગે તપાસ મર્યાદીત રાખવી. હદ બહાર થયેલ ગુના માટે સાદા કાગળ રેકર્ડ કરવો અને સંબધીત જે તે પોલીસ સ્ટેશને તે મોકલી આપવી. અને ફરીયાદીને તે પોલીસ સ્ટેશન જવા સુચવવું. સ્ટેશન ડાયરી અંગે તેની નોંધ કરવી.

**નિયમ ૧૨૪. ગુનાની તપાસ કરવાની ના પાડવાની ડીસ્ક્રીશન અંગે:–**

૧. પોલીસ સ્ટેશન અધિકારને તપાસ માટે પુરતુ વજુદ ન જણાય તો ક્રિ પોલીસ કો. કલમ–૧૫૧ 'બી' હેઠળ તપાસ યોજવાની પોતાની નિર્ણયશકિત વાપરી ના પાડી શક, જો કે આ અંગેની તેની સંપુર્ણ જવાબદારી રહે.

૨. ડિસ્ક્રીશનનો નીચેના કિસ્સાઓમાંજ ઉપયોગ કરવો.
(એ) ધંધાદારી કે મોટો ગુનેગારો અથવા જેને શોધી કે સાબીત ન કરી શકાય તેવા બીન મહત્વના ગુનાઓની ફરીયાદ કે તપાસ
(બી) ભુલ ભરેલી, ખોટા દ્રેશવાળી, નજીવી, હેરાન કરવાની વૃતિવાળી તેમજ બહુ મોટી બનાવાયેલી ફરીયાદો
(સી) ઈ.પી.કો. ની કલમ–૯૫ માં આવરેલ નજીવી બાબતો (ખોરાક, ફળ વિ. ની નજીવી ચોરીઓ અંગે)
(ડી) સીવીલ ઝઘડાઓ ફરીયાદના સ્વરૂપ પરથી જણાય આવે અને છતાં ક્રિ. કોર્ટ પાસેથી લાભ મેળવા દેખીતી રીતે કરાયેલ ફરીયાદ અંગે.
(ઈ) જેમાં ઈજા પામનાર તપાસ ન ઈચ્છતા હોય તેવા બીન મહત્વના ગુનાઓ
(એફ) ચોરી જેવા બીજા ઉમેરા સાથે હલ્લા વિ. ના શંકાસ્પદ કિસ્સા
(જી) પ્રોહીબિશન એકટ નીચેની બીન વારસી અંગેના કિસ્સાઓમાં જુદા રજી. માં નોંધવા આવા કિસ્સાઓ માટે કલમ ૧૫૭(૧)બી ક્રિ.પ્રો. કો. મુજબ પુરાવાના અભાવે તપાસ હાથ ધરી શકાય તેમ નથી. તેમ દર્શાવવુ ડાયરીમાં પણ નોંધ કરવી નહીં પોતાના રીડરો દ્વારા સબ ડી.ઓ.એ. ઉપર મુજબ કેસોનસ ક્રાઈમ રજી. માં એન્ટ્રી કરવી જે જન. ડાયરી અનુસાર કરવી.

૩. ઉપરના પેટા નિયમો કોગ્ની. ગુનાની ફરીયાદ સ્વીકારવાની ના પાડવા માટે ન્યાયીપણુ કે, બચાવ બક્ષતુ નથી. આવી બધી ફરીયાદો મળે ક્રિ.પ્રો.કો. કલમ–૧૫૪ મુજબ એ લઈ કાયદા મુજબ હલ કરવી. પણ જો અધિકારીને કાયદા મુજબ તપાસ માટે વજુદવાળા કારણ ન લાગે તો કલમ–૧૫૭ પેટા કલમ(૨) મુજબના માટેનાં પુરા કારણો રેકર્ડ કરી, હાથ ન ધરવી પોલીસ સ્ટેશન ડાયરીમાં પણ તે માટે નોંધ કરવી.

૪. સુપ્રી. અને સબ ડી.ઓએ પ્રવાસમાં નિરીક્ષણ દરમ્યાન પો.સ્ટે. અધિકારીઓએ ઉપરના પેટા નિયમો બુધ્ધીપુર્વક સમજય અને અમલ કર્યાનું ખાસ જોવુ. અપુરતા કે અયોગ્ય કારણો ગુના છુપાવવાના હેતુથી બેદરકારી અને આળસ નિવારાય તે પણ ખાસ જોવુ.

૫. ક્રિ.પ્રો.કો. કલમ–૧૦૭ (૧) નીચે તપાસની ના પડાય ત્યારે જેને બી.પી. એકટ કલમ–૯૭ નીચે સત્તા છે તેવા પો.સુપ્રી. કે એસ.ડી.ઓ.એ મેજી. ના ઓર્ડરવગર પણ એફ.આઈ.આર. મોકલવી પોલીસ સ્ટેશનને માટે અલગ ઓર્ડર અને કિસ્સાની તપાસ માટે ઓર્ડર થયાની મેજી. ને માહિતી પહોંચાડવી. પોલીસ સ્ટેશન અધિ. કોગ્ની ક્રાઈમ રજી. ના રીમાર્ક કોલમમાં સુપ્રી. કે સબ ડી.ઓ. નો ઓર્ડર મળ્યે કમ, તારીખ નોંધશે.

**નિયમ ૧૨૫. નોન–કોગ્ની. ગુનાનાં ઈન્વેસ્ટીગેશન માટે સત્તા અંગે:–**

૧. જો કોઈ ખાસ કારણ સબબ નોન કોગ્ની ગુનાની તપાસ જરૂરી હો તો પોલીસે સક્ષમ મેજી. ની સંમતિ મેળવ્યા પછી કોગ્ની. ગુના માટેની બધી સત્તાઓનો ઉપયોગ કરવો. ગુનાઓની તપાસણી સત્તાઓ બાબતમાં મેજી. દ્વારા રીફર કરાયેલ હોય તો નિયમો–૧૧૧ અને ૧૧૨ નો રેફરન્સ લેવો.

**નિયમ ૧૨૬. એફ.આઈ.આર.:–**

૧. ક્રિ.પ્રો.કો. કલમ–૧૫૭ (૧) મુજબ તપાસણી અધિકારી તપાસની હકીકતો અને સંજોગોમાં આગળ વધે તે પહેલા એફ.આઈ.આર. મેજી. ને મોકલવી. એફ.આઈ.આર. બુકની નોંધાયેલ નકલ રૂપે હોય છે. અને સીધી મેજી. ને મોકલાય છે. આથી ક્રિ.પ્રો.કો. કલમ–૧૫૯ નીચે કાર્યવાહી કરી શકે જો કેસ કલમ–૧૫૭(૧) પેટા કલમ(બી) નીચે આવે તો રૂલ ૧૨૩ ના પેટા રૂલ–૫ ની સુચનાઓને અનુસરવું. કલમ–૧૫૪ નીચે રજી. થયેલ હોય કે, ન હોય તેવા ગુનાની તપાસ હાથ ધરાય, ત્યારે કલમ–૧૫૭ મુજબ કામ ચલાવવા સત્તા ધરાવતાં મેજી. ને તેની લેખિત જાણ કરવી.

૨. ક્રિ.પ્રો.કો. કલમ–૧૫૮ ના હેતુઓ માટે રાજ્ય સરકારે જીલ્લા કે રેલ્વે માટે સુપ્રી. કે ગુનાના સ્થળના એસ.ડી.ઓ. સમજવા.

———xxxxx———

# પ્રકરણ–૯
# સ્પે. રીપોર્ટ

**નિયમ ૧૨૭. ગંભીર અને અગત્યની બાબતો અંગે:–**

૧. મહત્વની દરેક બાબત અંગે તુરત જ અને પુર્ણ પણે જી. મેજી. ને માહિતગાર રાખવા, સાધારણ રીતે આવા બનાવો પો. સુપ્રી. એ માસિક ક્રાઈમ રીવ્યુ માં બતાવવા. અસાધારણ પ્રસંગોને તેમાથી દુર રાખી શકાય, પણ જયારે સુપ્રી. એ અર્ધસત્તાવાર અને ગુપ્ત રીતે માહિતી આપવી.

૨. સામાન્ય પ્રકારના પુર્વ આયોજીત ડેકોઈટ, મેલરોબરી, ગંભીર હુલ્લડો, ધંધાદારી પોઈઝનીગં જેવા ગંભીર ગુનાઓ જેમાં પો કસ્ટડીમાં મુત્યુ કે તેવા ગંભીર આક્ષેપો પોલીસ પર કરાયેલ હોય ત્યારે પોલીસ સુપ્રી. એ તુરતજ જીલ્લા મેજી. ને રીપોર્ટ કરશે. જે તેની પાસેથી ડીસ્ટ્રી. પોલીસ એકટ કલમ–૧૫ મુજબ રીપોર્ટ માંગશે.

**નિયમ ૧૨૮. ગંભીર વિસ્ફોટ અંગે:–**

પો.સુપ્રી. એ યાદ રાખવુ જોઈએ કે, ગંભીર વિસ્ફોટનાં ચીફ ઈન્સ્પે. ની સેવાઓ ઈન્કવાયરી કે તપાસ માટે જરૂરી બનતી હોઈ, જિલ્લા મેજી. દ્વારા ચીફ ઈન્સ્પે. ઓફ એકસપ્લોઝીવ, કેન્દ્ર સરકારને તારથી જાણ કરવી. પેટ્રોલ કે બીજા ભયંકર પદાર્થો ના વિસ્ફોટો માટે આજ પધ્ધતિઓ અમલ કરવો. આવા વિસ્ફોટો માટે જિલ્લા મેજી. અને પો.સુપ્રી. એ રીપોર્ટ કરવો. વિસ્તૃત સુચનાઓ માટે એપેન્ડીકસ –૮ રીફર કરવુ.

**નિયમ ૧૨૯. ચલણી નોટોની ફોર્જરી અંગે:–**

૧. જેને માટે સ્ટે. ઈન્કવાયરી બને તેવી નથી. અને જુની સીરીઝની ફોર્જડ નોટીસ 'ફોર્જ નોટસ' ના મથાળા નીચે રાજય પો. ગેઝેટસ ભાગ–૨ માં ક્રિ. ઈન્કવાયરી ડીપા. ના ડી.આઈ.જી. સાપ્તાહીક જાહેરાત કરશે.

૨. નીચેના કિસ્સામાં જ પો.સુપ્રી. ઈન્કવાયરી યોજશે.
(એ) રાજય પોલીસ ગેઝેટસમાં જેને સ્ટે. ઈન્કવાયરીની નોંધ હોય તેવી સીરીઝની નોટો દેખા દે ત્યારે:
(બી) તુરત જ તપાસ કરતા જણાઈ આવે કે, વિગત મળી આવે તેવી અન્ય નોટો દેખાય ત્યારે,

૩. આ પધ્ધતિ બીન જરૂરી શ્રમ, સમય અને નિષ્ફળ તપાસમાંથી બચાવશે અને પકડી શકાય તેવી ફોર્જરીઓ માટે જી. પોલીસનુ. લક્ષ દોરશે.

૪. પોલીસ સુપ્રી. રાજયના ડી.આઈ.જી. ક્રિ. ઈન્વે. ડીપા. સિવાયના અન્ય કોઈ પાસેથી બનાવટી નોટો વિશે જાણશે ત્યારે નીચેની બાબતો સાથે તાત્કાલીક રીપોર્ટ ડુપ્લીકેટ નકલના કરન્સી ઓફિસને મોકલશે.
(એ) રજુ થયેલ કે હાથ થયેલા સંખ્યા (બી) સીરીયલ નંબર (સી) જનરલ નંબર (ડી) સર્કસ, (ઈ) ડેઈટ (એફ) ડીનોમીનેશન (જેમ કે, રૂા.૧૦૦, ૧૦, ૨, ૫ અને ૧) (જી)પ્લેસ ઓફ એપીયરન્સ (એચ) ડેઈટ ઓફ એપીયરન્સ (આઈ) રીમાર્કર્સ પ્રોસેસ મેઈડ એન્ડ ઓલ્ટર્ટ મેઈડ વગેરે.

૫. જે માટે ઈન્કવાયરી ન કરાઈ હોય તેવી બનાવટી નોટો રૂલ–૪ મુજબ રીપોર્ટ સાથે ફોરવર્ડ કરવી. બીજા કિસ્સાઓમાં તપાસ પુરી થયે ફોર્જ નોટનો ડુપ્લીકેટમાં પુરો રીપોર્ટ કરન્સી ઓફ. ને ક્રિ. ઈન્વે. ડીપા. ના ડી.આઈ.જી. મારફતે મોકલવો એક નકલ તે રાખશે અને બીજી. મોકલી આપશે.

૬. નીચેના પેટાનિયમ–૮ અને ૯ મુજબ જરૂરી હોય ત્યાં પગલાં લેવા.

૭. ફોર્જ નોટર બારામાં પ્રજાને સામાન્યપણે વોર્નીગ આપતી નહી પણ ચોકકસ નોટોની સંખ્યામાં ફોર્જરીના કિસ્સાઓ કોમ્યુનિકેશન દ્વારા પ્રજાને ચોકકસપણે જાણ કરવી આ માટે પો.સુપ્રી. એ ડી.આઈ.જી. ક્રિ. ઈન્વે. ડીપા. મારફતે ડેપ્યુ. કંન્ટ્રોલ ઓફ કરન્સીને રીપોર્ટ કરીને કંટ્રોલ ઓફ કરન્સીની પુર્વ સંમતી મેળવી લેવી.

૮. નોટ ફોર્જ કરવા સંબંધે કે અટરીગ ફોર્જરી અંગે ધરપકડ કરાય તે પહેલા (એ) તે અંગે ક્રિ.ઈન્વે. ડીપા. ડી.આઈ.જી. ને ટુકો ઈતિહાસ પુરો પાડવો (બી) લાઈફ સાઈઝના દસમાં ભાગનો કુલ ફેઈસ અને પ્રોફાઈમ એમ બે પોઝીસીનમાં વ્યકિતનો ફોટો લેવો.

૯. ફોટાની નકલ કેટલાક ફિંગર પ્રીન્ટ બ્યુરોને વહેચવાની થતી હોય, સબંધીત ફિંગર પ્રિન્ટ અધિકારીને એ માઉન્ટેડ કોપીની નકલોની કેટલી સંખ્યા જોશે તે જણાવવું અને ફોટાની નકલો મળે તે વહેચી આપવી.

૧૦. ક્રિ.પ્રો. સી. માટે પો. ને અપાયેલ પોતાની એકસ્પર્ટ સહાય માટે સિક્યોરીટી પ્રિન્ટીગ ઈન્ડીયા કોઈલ ફી લેશે નહી પણ જો તેને તેની મફત સેવાનો ગેર ઉપયોગ થતો જણાય તો તે ભારત સરકારનું ધ્યાન દોરશે.

૧૧. ફોર્જ નોટસ અંગે ઈન્કવાયરી યોજવા નીચેના મુદાઓ ધ્યાનમાં રાખવા જોઈએ.

(એ) રજુ કરાયેલ કે કબજે કરાયેલ બધી નોટો જેવી અગાઉ જોવામાં આવેલ છે. ઈન્ડીય સીકયુરીટી પ્રેસ પણ આ મુદા ધ્યાન લેશે આથી તેને ફેલાવવામાં તેના જવાબદારી ઓળખ તારવવામાં મદદ થશે.

(બી) બનાવટી નોટોનું મુળ શોધી કાઢવા કાળજી પુર્વકની તપાસ યોજવા સ્મગલર્સ સામેની બુધ્ધિપુર્વકની ગોઠવણ ગેરકાયદે દાણચોરી તેમજ બનાવટી નોટના મુળ શોધવામાં મદદરૂપ નીવડે છે માટે શંકાશીલોની સતત પુછપરછ રેકેટના મુળને પકડી પાડવામાં મદદરૂપ બને છે.

(સી) આવા ગુના માટે ઈન્ટર ડીસ્ટી. સહકાર આવશ્યક હોઈ સ્ટેશન ક્રિ. ઈન્વે. ડીપા. ના કંટ્રોલ નીચે તપાસ યોજવી.

૧૨. રૂા. ૧૦૦ ની રકમની નોટ હાથ આવે ત્યારે તુરતજ તે રજુ કરનારના નામ, સરનામુ સંજોગો વિ. સાથેના રીપોર્ટ સાથે કરન્સી ઓફિસને રજુ કરવી.. નાસીક પ્રેસ કે ઈન્ટેલી. બ્યુરોની સુચના અને રીપર્ટના અભાવે તપાસ અટકાવવી નહી પણ નોટને તો કરન્સી ઓફિસ દ્વારા નાસીક પ્રેસને તપાસ માટે અવશ્ય મોકલવી જ.

૧૩. આ અંગે વિસ્તૃત સુચનાઓ માટે એપેન્ડીક્સ—૯ ને રીફર કરવુ.

<u>નિયમ ૧૩૦. બનાવટી સિકકાઓ અંગેઃ—</u>

૧. રેલ્વે સ્ટેશન કે તિજોરીઓ કે બીજેથી મળેલા નકલી સિકકાઓ રેલ્વે સત્તાવાળા તપાસ માટે ડી.આઈ.જી. ક્રિ.ઈન્વે. ડીપા મારફતે મીન્ટરને રજુ કરવા.

૨. જયારે એકજ ડાઈ કે મોડેલના બે કે વધુ નમુના હાથ થાય ત્યારે એક પોતે રાખી, તે અંગે જાણ અને નકલી નમુના મીન્ટ માસ્તરને મોકવો જો એક જ નકલી સિકકો હોય અને સ્થાનીક તપાસ માટે જરૂરી હોય તો તેવી. સુચના સાથે મીન્ટને મોકલવો. મીન્ટ પરીક્ષણ પછી તેને તરત પરત કરશે.

૩. રેલ્વે દ્વારા મોકલાયેલનકલી સીકકાના સ્ટેટમેન્ટની નકલી સીકકા મળવા અંગે માહિતી તરતજ પોલીસ ને આપશે.

૪. નકલી સિકકા પકડવા અને દબાવવા માટે દર મહીને કે અઠવાડીએ દરેક સ્ટેશને અપાતા કે નકારતા આવા સિકકાઓની નોંધ અને રીપોર્ટ રાખવા સત્તાવાળા અધિકારીને જણાવશે. આ માહિતી પો. ને પુરી પાડવી જેથી બોલાવયા ત્યારે તે ડીટેકટીવની સહાય વ. ખાસ પગલાં લઈ શકે.

૫. ક્રિ.પ્રો. ક. ૧૫૭ તળે મેળવાયેલા બનાવટી સિકકાઓ અને ડાઈ મોલ્ડ વગેરે જેવા સાધનો ટુંકા સાથે મોફયુઝીલમાંથી કોર્ટ ટ્રેઝરી ઓને રજુ કરશે. જે ક્રિ. ઈન્વે. ડીપા. ના ડી.આઈ.જી. મારફત મીન્ટને મોકલી આપશે. સાધનો બાબતમાં જરૂરી હોય તો પોલીસ ને જરૂર છે. તેમ જણાવવાથી મીન્ટ તેને પરત કરશે.

૬. ક્રિ.ઈન્વે. ડીપા. ના ડી.આઈ.જી. મીન્ટ માસ્ટરને પોતાનો ત્રિમાસિક રીપોર્ટ બનાવટી સીકકા અંગે મોકલશે. તેની નકલો ડી.જી.પી. અને સરકારને આપશે.

<u>નિયમ ૧૩૧. ફોર્જરી અને કોઈનીગ કેસમાં વપરાયેલા સાધનોના નિકાલ અંગેઃ—</u>

૧. પોલીસ દ્વારા મેળવાયેલા બનાવટી સિકકા, નોટના નમુના અને સાધનો હથિયારો જે છેતરીપીડી નકલમાં વપરાયેલા હોય તે ડી.આઈ.જી. ક્રિ. ઈન્વે. ડીપા. ને તપાસ અને સાચવવા માટે મોકલવા મીન્ટ ધારા પરીક્ષણ રૂલ નં.૧૩૦ નો સહારો લેવો.

૨. ફોર્જ નોટ બનાવવામાં વપરાયેલા સાધનોના નિકાલ કેસ ચલાવતી કોર્ટને આધીન છે. માટે પો. ને સોપાય અને જાળવી રાખવાનું જરૂરી જણાય તો ક્રિ.ઈન્વે. ડીપા. ને સોપવા બીજા કિસ્સામાં પોતે જ નાશ કરવા માટે વ્યવસ્થા કરવી.

૩. ફોર્જરી નોટસના રજુ થયેલ નીચેની વસ્તુઓ ક્રિ.પ્રો. ડીપા. ના ડી.આઈ.જી. ને સાચવવા મોકલી આપવી.

૧. ડાઈ
૨. એગ્રેવીન્ગ સાધનો
૩. લીથો સ્ટોન
૪. એન્ગ્રેવીન્ગ બ્લોક
૫. કેમેરા પ્રિન્ટીગ ફ્રેમ
૬. નંબરીગ સાધનો
૭. મેટલ બ્લોક
૮. વોટર માર્કવાળા કાગળ
૯. વોટર માર્કીગના સાધનો.

**<u>નિયમ ૧૩૨. મોટર ડ્રાઈવર અને કલીનરનાં અકસ્માતો અંગેઃ—</u>**

૧. બધા સુપ્રી. મૃત્યુ પછી કે પછી ઈજામાં પરીણમેલ મોટર એકસી. ના કિસ્સામાં અવશ્યરૂપ કમી. વર્કમેન કોમ્પેનશેશનને રીપોર્ટ કરવા.
૨. નીચેની બાબતો દર્શાવવી.
૧. અકસ્માતનું સ્થળ
૨. તારીખ અને સ્થળ
૩. સંડોવાયેલા વાહનોનો સંખ્યા અને સામાન્ય વર્ણન
૪. ડ્રાઈવર કે કલીનરનું પુરૂ નામ તેનું સંબધીઓનુ સરનામું
૫. શેઠનું નામ અને સરનામું
૬. ઈજાનો પ્રકાર
૭. ટુંકી માહિતી અને સુચવેલ પગલાં
૮. વળતર માટે મીલકત ઈન્સ્યોર્ડ થયેલ છે. અને તો વિમા કું. નુ નામ અને સરનામું

**<u>નિયમ ૧૩૩. વિમા કું. અને ખાનગી પાર્ટીઓને મોટર અકસ્માત પો. રેકર્ડનો કોપી આપવા બાબત.:—</u>**

૧. વપરાયેલા સ્ટેશનરીની કિંમત અને નકલ કરાવવાના ખર્ચ પેટે રૂા. ૫ ના ઉચ્ચક દરે રેકર્ડની કોપી કરાવવાની કિંમત આપવી. તે સત્તાવાર પોલીસ રજી. અને ફાઈલ્સની એન્ટ્રીઓને લાગુ પડે.
૨. રાજયના માર્ગો પર વાહન સત્તાવાળા જેમાં તેમનું વાહન સંડોવાયે હોય તેવા અકસ્માત માટે નકલો માગી શકે. જો નકલોની ફી ન આપવા ઈચ્છે તો પોતાના માણસો દ્રારા નકલ કરાવી શકે.

**<u>નિયમ ૧૩૪. ગંભીર ગુનાઓ અંગેઃ—</u>**

૧. નીચે પ્રમાણેનાં ગંભીર ગુનાઓ માટે પોલીસ સ્ટેશન અધિકારી તાર કે ઝડપીમાં ઝડપી સાધનો દ્રારા એસ.ડી.ઓ. કે સુપ્રી. ને સ્પે. રીપોર્ટ મોકલશે.

૧. ખુન
૨. શૈક્ષણિક મનુષ્યવધ
૩. ડેકોઈટી
૪. સુર્યાસ્ત અને સુર્યોદય વચ્ચે ટ્રેન રોબરી
૫. ફાયર આર્મ્સના ઉપયોગ સહ રોબરી કે તે માટે નો પ્રયત્ન
૬. ૧૫૦૦૦ કે તે ઉપરની ચોરી સાથે ઘરફોડી
૭. ગંભીર હુલ્લડ
૮. ખરેખર ફરીયાદ નોધાયેલી હોય તો અને જેમાં પોલીસ અધિકારી તહો. હોય તેવો કિસ્સો
૯. અમદાવાદ શહેરમાં મૃત્યુ સર્જતા ગંભીર મોટર અકસ્માત
૧૦. એ ગ્રીઝીવ ઓફ રેઈસ (બી) મુસાફર કે ગુડઝ ટ્રેનની લુંટ (સી) રેઈલ્સનું ટેમ્પરીગ (ડી) રેલ્વે એકટ કલમ—૧૦૧, ૧૨૬ મિલ્કત કે વ્યકિત ગુમાવવાના કિસ્સા

૨. આવા ગુના બને ત્યારે તે અધિ. એ જીલ્લા મેજી. ને તેજ દિવસે કે મોડામાં મોડુ બીજા દિવસે જીલ્લા મેજી.ને સ્પે. રીપોર્ટનો નકલ આપવી. રેલ્વે પોલીસ માટે પણ વિસ્તારના જીલ્લા મેજી. ને નકલ મોકલવી.
૩. મુંબઈ માટે છે.

———xxxxx———

# પ્રકરણ–૧૦
# ગંભીર ગુનાની મુલાકાત અંગે

**નિયમ ૧૩૫. ઉપરી અધિકારી દ્વારા ઈન્વે. અંગેઃ–**

૧. સુપ્રી. કે એસ.ડી.ઓ. ની સ્થળ પર હાજરી બને તે સિવાયના પણ ગંભીર ગુનાઓમાં પોલીસ એ ધરપકડ વખતે મેળવેલ કબુલાતથી સંતોષ માની બેસી ન રહેવું કારણ કે જો સાક્ષી ફરી જાય કે તેની કબુલાત ન કરે તો પ્રોસીકયુશન ફેઈલ જાય.

૨. પોલીસ સુપ્રી. એસ.ડી.ઓ. ની કબુલાત પર ભાર ન આપવા બને તેટલા સ્વતંત્ર પુરાવા મેળવવા પોલીસ સુપ્રી. કે એસ.ડી.ઓ. એ સ્થળ ઉપર મુલાકાત લીધી છે કે નહી અને લેવા માટેનાં કારણો રીવ્યુ કે ડાયરીમાં બતાવવા.

૩. રૂલ–૧૩૪ (૧) નીચેના ગુના ગંભીર હોઈ રીપોર્ટ મળે તુરત જ સુપ્રી. કે એસ.ડી.ઓ. એ ઈન્કવાયરી હાથ ધરવી. સબ ઈન્સ્પે. કક્ષાના અધિ. સામેનાં આક્ષેપોનો તપાસ એસ.ડી.ઓ. કે ઉપલી કક્ષા ધરાવનારે જ હાથ ધરવી (૨) રેલ્વે ટ્રેક ના ટેમ્પરીગ અને ગંભીર અકસ્માતનો મુલાકાત એસ.ડી.ઓ. તેમજ પોલીસ સુપ્રી. એ લેવી.

૪. માતા મળી આવે અને તેણે ગેરકાયદેસરના બાળકનુ ખુન કર્યુ હોય ત્યારે રૂબરૂ મુલાકાત જરૂરી નથી પણ જો વારસો સાથે સંબધ ધરાવતાં કે નિભાવ ખર્ચ વિ. પ્રશ્ને બાળકના ખુન માટે રૂબરૂ મુલાકાત લેવી જોઈએ.

૫. ગંભીરગુનામાં શકય ત્યાં સુધી રૂબરૂ મુલાકાત યોજવી. પંચનામામાં સહી સાક્ષીઓનાં સ્ટેટમેન્ટ નોંધવા વિ. દ્વારા હાજરીની સાબિતી પુરવાર કરવી. વિઝીટ વખતે જ તે કેસ પેપર્સ ડાયરી તપાસી ટુકી સહી કરવી. જરૂરી સુચનાઓ આપવી અને તેની વિસ્તૃત નોંધ વીકલી ડાયરીમાં કરવી.

૬. સીધી ભરતીથી કરાયેલ એ.એસ.પી. અને ડી.એસ.પી. એ ઓછામાં ઓછા મહત્વના કેસ ઈન્સ્પે. કે સબ ઈન્સ્પે ની મદદથી ઈન્વેસ્ટીગેશન કરવા મહત્વના દસ્તાવેજો પુછપરછ જાતેજ કરવી આ વર્કશીટનો ત્રિમાસિક અહેવાલ ડી.એસ.પી. દ્વારા એપે–૧ ફોર્મ–૬ માં જાન્યુ એપ્રિલ, જુલાઈ ઓકટો ના બીજા સપ્તાહમાં મોકલવો. તે અંગેની યોગ્ય નોંધ ફોર્મ–૬ માં સુપ્રી. એ કરવી.

૭. જરૂર મુજબ પોતે મુલાકાત લીધેલ કેસમાં પોતાને સાક્ષી તરીકે મુકો. પ્રોસીકયુશનનાં પુરાવાને સુપ્રી. કે સબ ડીવી. એ મજબુત કરવો.

૮. મીલીટરી નેવી કે એર ફોર્સ વાળાના પો. પરના હુમલા માટે સુપ્રી. કે એસ.ડી.ઓ. એ જાત ઈન્વે. કરવો.

**નિયમ ૧૩૬. ગંભીર ગુનાઓની ઉપરી અધિકારી અધિ. એ વીજીટ કરવાની અગત્ય અને હેતુઃ–**

૧. સુપ્રી. કે એસ.ડી.ઓ. ની સ્થળ પર મુલાકાતનો હેતુ એ ફરીયાદી સાક્ષીઓ અંગે બીજી રીતે ફેકટ મેળવી ખરાઈ કરવી (બી) પોલીસ ઈન્વે. અંગે નિર્ણય કરવો (સી) સાચી દિશામાં અને ઝડપી પ્રોસી. માટે મદદ અને માર્ગદર્શન (ડી) નીચલા દ્વારા અનિયમિતતાઓ અટકાવવી પ્રોત્સાહન આપવુ. (ઈ) અગત્યના કબુલાત મેળવાઈ હોય તો ઈન્સ્પે. અને રૂબરૂ વાતચીત દ્વારા તેને બળપુર્વક નહી પણ સ્વૈચ્છીક છે તેની ખરાઈ.

૨. પોલીસ સુપ્રી. એ કે એસ.ડી.ઓ. ની આવી જાત ઈન્કવાયરી ખુબ ઉપયોગી નીવડે છે. ફકત ઉડતી મુલાકાતથી કાંઈ હેતુ સરે નહી માટે પુરતા સમય માટે મુલાકાત લેવી. વીકલી ડાયરીમાં તે અંગે રોજબરોજ નોંધ લેવી.

૩. સુપ્રી. કે એસ.ડી.ઓ. નો સતત ગાઢ સંપર્ક, જાત ઈન્વેસ્ટીગેશન વગેરે પોલીસના ટોન મોરલ અને ક્ષમતા પર ખુબજ અસર કરે છે.

૪. ગંભીર ગુનાના સ્થળોમાં ઓછુ એક રોકાણ અને ગંભીર ગુનાઓ માટે લાંબા સમયનું રોકાણ કરવુ જોઈએ.

૧. કેજયુ. રજા એ રૂબરૂ મુલાકાત ટાળવાનું વજુદવાળુ બહાનુ નથી બલ્કે તુરતજ હાજર થઈ તે અન્ય અધિકારીની રૂબરૂ મુલાકાત યોજવી. ૨. સમયસર જ મોડી નહી રૂબરૂ મુલાકાત યોજવી. ૩. ટેકનીકલ ગંભીર અને દેખીતા બીન અગત્યના ગુનાઓ માટે યોજવી. ૪. રાત્રીના બે ત્રણ અવર્સ ન યોજવી. ૫. ક્રાઈમ રીવ્યુમાં મુસાફરીનો સમય અને માઈલેજ બતાવવા.

———XXXXX———

# પ્રકરણ–૧૧
# ડીટેઈલ પ્રોસીજર રીગાર્ડીગ ઈન્વેસ્ટીગેશન

**નિયમ ૧૩૭. ઈમપાર્શીયલ અને લોકલ ઈન્વેસ્ટીગેશન અંગેઃ–**

૧. પોલીસ ની સત્ય શોધવાની અને તટસ્થ રહેવાની ફરજ છે. તેને ખરા ગુનેગારને પકડવા જોઈએ. કોઈ સામે પુર્વગ્રહ ન ધરાવવો. મળતાં પુરાવાને ઉતાવળ વિના અને કાળજીથી વિચારવો.

૨. નામથી કોઈ સામે માહિતી ન અપાઈ હોય તેવા ગુના માટે પોલીસ સ્ટેશન અધિકારી એ ક્રિ.પ્રો. કો. કલમ–૧૫૭ (૧) મુજબ તપાસ માટે ખાસ કરીને ગ્રામ પ્રદેશમાં રૂબરૂ જવુ જોઈએ. શહેરમાં પોલીસ સ્ટેશન હાઉસમાં ઈન્વેસ્ટીગેશન હાથ ધરી શકાય. આથી ટેવો. રીવાજો વગેરે કેસને મદદરૂપ મુદાઓ મેળવી શકાય.

૩. પોલીસ સ્ટેશન રેકોર્ડની તપાસમાં કેટલા કિસ્સાની જાત તપાસ થઈ છે ? અને કેટલાની ફરીયાદ મોકલાઈ છે ? તે સુપ્રી. અને એસ.ડી.ઓ. એ તપાસવુ ફરીયાદ અને રૂબરૂ તપાસની તારીખો નોંધવી.

**નિયમ ૧૩૮. ગુનાના સ્થળનું નામઃ–**

૧. ઈન્સ્પે. માટે અધિકારીને નીચેના સુચનો ઉપયોગી બનશે.

(એ) ગુનાનો રીપોર્ટ મળે કે તુરત જ–

(૧) હકીકતોનો સંપુર્ણ વિચાર કરવો અને પોલીસ સ્ટેશન ક્રાઈમ રેકર્ડ જેવાકે વિ. કા., નોટુબકો, કન્વી. રજી. ઓફ નોન ક્રિમી. વગેર તપાસી જવા.

(૨) મદદ માટે યોગ્ય સહાયકો શોધી લેવા.

(૩) મેઝરીગ ટેપ, ત્રાજવા, ટોર્ચ મેગ્નીફાઈગ ગ્લાસ વગેરે જરૂરી સાધનો મેળવી લેવા.

(૪) પંચોને હાજર કરવા અને સંપુર્ણ તપાસ માટે નિષ્ણાંતો બોલાવવા.

(૫) સમય બગાડયા વિના તપાસ હાથ લેવી.

(બી) સ્થળ પર પહોંચીઃ–

(૧) તપાસને અવરોધરૂપ બીનજરૂરી લોકોને દુર કરવા.

(૨) સંપુર્ણ તપાસ માટે યોગ્ય પધ્ધતિ હાથો ધરવી.

(૩) હવામાન વગેરે જેવા બીજા મહત્વના મુદાઓ પંચે અને પોતે નોટીસ ભર્યા હોય તેની નોંધ.

(૪) મહત્વના કેસોમાં ફોટોગ્રાફ તારીખ, સમય, પ્રકાશનો પ્રકાર, કેમેરા પોઝીસન વગેરે કોર્ટમાં પુરાવારુપે રજુ કરવા.

(૫) કેસમાં ડાયરીમાં વિગતો નોંધવી.

(૬) સ્થળ પર સર્વ કરી આ અંગે આંગળા કે, છાપ, છોડી જવાયેલ બહારી પદાર્થ વગેરે મેળવવા.

(૭) જરૂર લાગે તો સ્થળનો ડાયમેન્શલ સ્કેચ દોરવો. વિસ્તૃત સુચનાઓ માટે એપેન્ડીકસ–૧ જોવુ.

(૮) આઉટડોર સીન્સ માટે જવા આવવા વગેરેના માર્ગો વાળા બહોળા વિસ્તારને ધ્યાનમાં લેવા.

(૯) કાચના ટુકડા, રંગની સ્ટ્રીપ્સ, લોહી, વાળ, વસ્ત્રો અને રેસા જેવા વૈજ્ઞાનિક પુરાવાઓ ભેગા કરવા અને તેના કંટ્રોલ સેમ્પલ અવશ્ય એકઠા કરવા, લેબો. ની એકઝા માટે જરૂરી છે. અને સાચા સ્થળેથી જે લેવાવા જોઈએ. શરીરના સંબધિત ભાગના વાળ સેમ્પલરુપે લેવા.

(૧૦) બધી મહત્વની બાબતો, દસ્તાવેજો હાથ કરેલ આર્ટીકલોની સ્પષ્ટ નોંધ સાથે સ્થળ પર જ પંચનામુ કરવુ.

(૧૧) રૂબરૂ મુલાકામત વખતે ઉપયોગમાં લેવા, આવી વસ્તુઓની સંપુર્ણ યાદી બનાવવી, રૂમાલ, ખામનકાબ બગ્લીઓબ્લીગ ગીમ્લેટ વડેની ઘરફોડી અને બારીના સળીયા તોડવા, વાળવા વગેરે માટે હેડ કોન્સ્ટેબલને બદલે સબ ઈન્સ. એ પોતે રૂબરૂ મુલાકાત લેવી.

<u>નિયમ ૧૩૯.ગુનાખોરોની વૃતિ રોકવા બાબત.:–</u>

૧. જયારે જયારે શકય બને ત્યારે જાહેર જનતા સમક્ષ ગુનાખોરીની વૃતિ ઘટે તે અંગેના વ્યાખ્યાનો રેડીયો ઉપરથી પ્રાદેશીક ભાષામાં પણ પ્રસારીત કરવા જોઈએ.
૨. રાજયની રાજધાનીમાં પ્રદર્શનો ભરી અને પ્રજાને ગુનાખોરી વિરૂઘ્ધ જાગૃત કરવા પ્રેરવા જોઈએ.
૩. પોલીસ સાયન્સ કોગ્રેસ વખતે એક જુદો સ્ટોલ ફોરેન્સીક સાયન્સના સાધનો સાથે ઉભો કરવો જોઈએ.
૪. આવા પ્રદર્શનમાં રજુ કરી શકાય તેવી સામગ્રી સી.એફ.એસ.એલ. કલકતા અને સેરીલોજીસ્ટ કલકતા પાસેથી એપેન્ડીક્ષ–૧૦ મુજબ મળી શકશે. જયારે અખીલ ભારત પ્રદર્શન રાજયમાં ભરાય ત્યારે કમાન્ડન્ડ સી.એફ.આઈ. કલકતાને સમયસર લેખિત જાણ કરવી.

<u>નિયમ ૧૪૦. પોલીસ ડોગ સ્કવોડ મંગાવવા બાબત.:–</u>

૧. રાજયોનો જુદા જુદા કેન્દ્રોમાં પોલીસ ડોગ સ્કવોડ રાખવામાં આવેલ છે. આઈ.જી.પી. આવા કેન્દ્રો અને કેન્દ્રો હેઠળના એરીયા અંગેના હુકમો સમયાંતરે કરશે.
૨. જયારે ખુન, લુંટ હથિયાર સાથે ધાડ, હાઈવે લુંટ મોટી ઘરફોડ ચોરી કે જેમાં રૂા.૫૦૦૦/– કે તેથી વધુની મિલકત સંકળાયેલ હોય તેવા ફકત ગંભીર પ્રકારના ગુનાઓમાં તેમજ તપાસની શરૂઆત માટેની વાસ્તવિકતા કડી મળતી ન હોય ત્યારે જ ડોગ સ્કવોડ આવેલ હોય ત્યાં સામન્ય ગુનાઓમાં પણ તેનો ઉપયોગ કરી શકાય.
૩. ગેરકાયદેસર દારૂના કેસમાં ડોગ સ્કવોડનો ઉપયોગ થઈ શકે નહી. કેમ કે, આવા દારૂની ગંધ પારખી શકાય તેવી હોતી નથી. કારણ કે, આવી ગંધ ઘણીવાર દવા ઉપરાંત અમુક ખાદ્યપદાર્થ પણ ધરાવતાં હોય છે.
૪. પોલીસ ડોગ સ્કવોડનો ઉપયોગ ટેલીફનો લાઈનના કોપર વાયર અંગેના ગુનામાં વ્યવસ્થિત આયોજન સાથે અને જવાબદાર અધિકારીના સુપરવિઝન હેઠળ કરી શકાય. જયારે ગુનાનો ઉકેલ થઈ ગયો હોય અથવા ગુનાનો ઉકેલ હાથવેંતમાં હોય, ત્યારે પોલીસ ડોગ સ્કવોડનો ઉપયોગ કરવો નહી.
૫. ગુજરાત રાજયનાં વાતાવરણને અનુલક્ષીને ગુનેગારોની ઓળખ મળી શકે તેવી કડીઓ માત્ર ૨૪ કલાક સુધી પ્રાપ્ત થઈ શકે તેવી હોય છે. જેથી ૪૮ કલાકની અંદર શકય હોય ત્યાં સુધી પ્રાપ્ત થઈ શકે તેવી હોય છે. ૪૮ કલાકની અંદરની શકય પોલીસ ડોગ સ્કવોડ મંગાવી લેવો.
૬. પોલીસ સ્કવોડની સેવા લેવા માટે ગુનાની ગંભીરતાનો પ્રકાર નકકી કર્યા મુજબ નજીકના પોલીસ સ્ટેશનથી વાયરલેસ કરવો. જેથી ડોગ સ્કવોડ બીજા ગુના ઉકેલવામાં કામમાં ન હોય તો તાત્કાલીક પહોંચી શકે.
૭. સી.પી. અમદાવાદ સીટી અને જે તે ડી.એસ.પી. ડોગ સ્કવોડનાં ઉપયોગ અંગે માસિક રીપોર્ટ પરીણામ આઈ.જી.પી. ને મોકલી આપશે.
૮. પોલીસ ડોગ સ્કવોડ અંગેનો અહેવાલ મંથલી ક્રાઈમ રીવ્યુ પાર્ટ –સી માં દર્શાવવો.

<u>નિયમ ૧૪૧. ફર્સ્ટ એઈડ ટુ ધી ઈન્જર્ડ:–</u>

૧. સ્થળ પર ભયંકર ઘવાયેલ મળી આવવાને મેડીકલ એઈડ તુરત જ મેળવી આપવા કે નજીકની ઈસ્પીતાલે મોકલવાની પોલીસની ફરજ છે. પંચનામાની વીધીમાં વિલંબ કર્યા વિના આમ કરવુ.
૨. બિલ્ડીગને ઘડીવાળા કપડાના ટુકડાઓ મુકી પાટા વડે ચેક કરવું જે તે અંગના ઉપર મજબુત પાટો બાંધી લોહી વહેતું અટકાવી શકાય.
૩. સ્વચ્છ પાણીએ ઘાને ધોવો, જો મેડીકલ ટ્રીટમેન્ટ ન મળી હોય તો જ આમ કરવુ. ઘાને બંધ કરવા લોહીને જામી જવા દેવુ.
૪. પાટા માટે સંપુર્ણ સ્વચ્છ કપડુ લેવુ અને ફેકચર અને ગંભીર ઘા વાળાને ધકકો ન લાગે તેમ ઉપાડવા
૫. ઈચ્છા વિરૂઘ્ધ દાકતરી સહાયને આપવી.
૬. અકસ્માતની ખબર મળે ત્યારે ઈસ્પીતાલો, કોલેજ, હોસ્પિટલો અને ગર્વ. ડીસ્પે. માંથી એમ્બ્યુલન્સ વાહન બોલાવી લેવો તેમની પાસે ન હોય તો નજીકના હોસ્પિટલ કે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. જેમનાં કબજામાં મોટર વ્હીકલ હોય તેવા પોલીસ અધિકારીએ મેડી. ઓફી. ને અકસ્માતના સ્થળે પહોંચાડવા અને ઈજા પામેલાને ઈસ્પીતાલે મોકલવા. પેટ્રોલ વગેરેનો ખર્ચ પોલીસ ખાતુ ભોગવશે.

**નિયમ ૧૪૨. સરકારી મેડી.ઓ. દ્વારા ઘવાયેલોઓની મેડી. ટ્રીટમેન્ટ અંગે:–**

૧. પોલીસ અધિકારીએ સરકારી મેડી. ઓફી. ની સેવાઓ મેળવવી, બને ત્યાં સુધી ખાનગી પ્રેકટીશનરોની નહી મેડી. કો લીગલ કેસીસને પ્રાથમિક સારવાર સિવાય કમ્પાઉન્ડ હસ્તકનાં દવાખાને મોકલવા નહી.

૨. કોઈ મેડી. ઓફિ. ને ઘવાયેલાની સારવાર માટે પોતાની ફરજ છોડવા કહેવુ નહી. પરંતુ મૃત્યુનો ભય હોય ત્યારે ફરજ પરથી પણ બોલાવી શકાય. સન્સ બજવણીનો અમલ કરવો કે નહી તે મેડી. ઓફી. ને ડિસ્ક્રીશનનો પ્રશ્ન છે. શકય ત્યાં સુધી સમન્સને માન આપવું નહી તો લેખિત કારણો જણાવવા.

૩. અસાધારણ સંજોગોમાં જ સબ આસી. સર્જનને કલાકથી વધુ ફરજના સ્થાનથી દુર રહેવું પડે તેવા સ્થાને બોલાવવા નહી.

૪. મેડીકો. લીગલ કેસીસના દર્દીઓનું મુસાફરી ખર્ચ નિયત મર્યાદામાં રહી પોલીસ ડીપા. ભોગવશે.

**નિયમ ૧૪૩. મેડીકલ સર્ટીફિકેટ અંગે:–**

જયારે તપાસેલા કિસ્સાઓની ઈજા બારામાં માંગણી થયે મેડી. ઓફી. એકઝા. પછી તુરત જ પોલીસને મેડી. સર્ટી. આપશે.

**નિયમ ૧૪૪. જરૂર હોય ત્યાં પોસ્ટ મોર્ટમ એકઝા. અંગે:–**

૧. તપાસ નીચેના કેસની વ્યકિતનું મૃત્યુ થાય તો સબ ઈન્સ્પે. થી નીચે નહી તેવા અધિકારી ક્રિ.પ્રો.કો. કલમ–૧૭૪(૩) મુજબ નજીકના સિવિલ સર્જન કે, યોગ્યતાવાળા મેડી. મેનને પોષ્ટમોર્ટમ એકઝા. માટે શબ મોકલશે. મૃત્યુના કારણની શંકા હોય અને જેમાં આપઘાત માટેના સીધા પુરાવા ન હોય તેવા આપઘાતો માટે, અથવા–

૨. શંકા ન હોય તો પણ નીચેની બાબતો અંગે એકસપર્ટ મેડી. પુરાવા મેળવવા.

(એ) મૃત્યુ બાદ ગયેલો સમય

(બી) મૃત્યુનું કારણ, અકસ્માત, આપઘાત વગેરે નકકી કરવો.

(સી) મરનારની અંગત ઓળખ માટે

(ડી) બાળમરણના કિસ્સામાં મરેલ કે જીવતુ જન્મેલ તે જાણવા.

(ઈ) મૃત્યુ અકસ્માતથી થવા વિષે–ખાસ કરી વાહન અકસ્માતો માટે મોટર કે અન્ય અકસ્માતો માટે જો પ્રોસી. ન થવાનું હોય અને મૃત્યુનુ કારણ સ્પષ્ટ હોય તો આવી એકઝામીનેશન જરૂરી નથી. તે માટેના નિર્ણય પોલીસ અધિકારીને જ લેવાનો છે પોલીસની પુરેપુરી માહિતી મેળવ્યા વિના કરાતુ પોષ્ટમોર્ટમ ન્યાય પ્રાપ્તીને નબળો પાડે છે. તેથી મેડીકો લીગલ કેસીસમાં ખાસ ધ્યાન આપવાના મુદાઓ તેનાં મેડીકો લીગલ આસ્પેકટસ જણાવી પોલીસ એ મેડી. ઓફી. ને લેખિત ઓથોરીટી મોકલવી જોઈએ.

૩. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ માટે પણ રૂલ (૧) અને (૨) લાગુ પડે છે.

**નિયમ ૧૪૫. પોષ્ટમોર્ટમ અને અન્ય મેડીકો. લીગલ એકઝા. વિષેના પ્રોસીઝર અંગે:–**

૧. ક્રિ.પ્રો.કો.કલમ–૧૭૬૭ ની વ્યાખ્યા મુજબ સિવિલ સ્ટેશનના અધિકારીમાં કે સરકારી કે સરકાર એટેચ્ડ ડીસ્પેન્સરીના ચાર્જમાના સબ મેડી. સર્વી. ઓફીથી ઉપર દરજજાના મેડી. અધિકારી 'કવોલીફાઈડ મેડી મેન' લેખાય છે. પોષ્ટમોર્ટમ અને મેડીકો. લીગલ કામ આયુર્વેદિક અને યુનાની મેડી. પ્રેકટી ને કોઈ સંજોગોમાં સોંપવુ નહી.

૨. મડદુ કે મેજી. કે પોલીસ અધિકાર દ્વારા મેડીકો. લીગલ પરીક્ષણ માટે કોઈ વસ્તુ મળે કે તુરત જ પહોંચ આપવી. પહોંચ નીચેના નમુના મુજબ હોવી જોઈએ.

## રીસીપ્ટ ફોર આર્ટીકલ સેટ ફોર મેડીકો. લીગલ એકઝામીનેશન

સ્ટેશનઃ–
ડેઈટઃ–
ફોર્મઃ–..............

રીસીવ્ડ ગેટઃ–..............................

એ.એમ/પી.એમ.ઓન..................................................

(રેન્જ)........................
(નંબર ઓફ પોલીસ કોન્સ્ટેબલ)
(રેસીડન્સ)....................

ધ ફોલોઈંગ આર્ટીકલ ફોર મેડીકો. લીગલ એકઝા.............................................

(નેઈમ)..............................................

૩. (એ) જો શરીર પરનાં બહારી ઘા પંચનામાના વર્ણન કરતાં જુદા પડેલ કે બીલકુલ દેખી ન શકાતા હોય ત્યારે મેડી. ઓફી. એ મેજી. ની સંપર્ક ક્રિ.પ્રો. કો. કલમ–૧૭૬ નીચે પંચનામું કરાવવુ. તેને જણાવવુ.
(બી) જ્યારે ઉપર મુજબ બીજુ પંચનામુ કરવુ પડે ત્યારે શબ લાવનાર પોલીસ ને મેજી. પાસે મોકલવો. ડીસ્પેન્સરી કર્મચારીને મોકલવો જરૂરી નથી.

૪. (એ) મેડીકો. લીગલ કેસના પોષ્ટમોર્ટમ એકઝા. દરમ્યાન જો કોઈ બહારી પદાર્થ (ગોળી બીસ્કીટ, સ્મોક કોટ, લોઢાના ટુકડા, પથ્થર વગેરે) મળી આવે તેને કાઢી લેવા અને કોર્ટમાં પુરાવારૂપે રજુ કરવા, સાચવવા પોષ્ટમોર્ટમ નોટમાં શરીરના જે તે ચોકકસ ભાગમાંથી બહારી પદાર્થ મળ્યાની નોંધ કરવી તે પદાર્થને સીલબંધ શીશીમાં જાળવવો. 'બી' જરૂર પડે પોલીસને તે પદાર્થ બતાવવો. પણ કોર્ટ સમક્ષ મેડી.ઓફી. એ ઓળખી બતાવવાના હોય તેનો હવાલો પુરાવો અપાય ન જાય ત્યાં સુધી જાળવવો.

૫. હેડકવાર્ટર ખાતે પોષ્ટમોર્ટમ એકઝા. બજાવતાં મેડી. અધિકારીએ તેના પરીણામ નંબર–૨૩ માં નોંધવા અને તેની પુરી નકલ છબ લાવનાર પો.કો. મારફત પોલીસ સ્ટેશનને હાથોહાથ મોકલવી.

૬. મૃત્યુના કારણની મેડી.અધિકારીએ જણાવેલ ફકરાઓ નકલ પો.સુપ્રી. ને હાથોહાથ મોકલવી.

૭. જે પોલીસ અધિકારી છબ ઈસ્પિતાલ લાવે તેને એકઝા. સર્ટી ન મળે ત્યાં સુધી રોકાવવા સુચવવું.

૮. તદન અરજન્ટ કામ સિવાય પોષ્ટમોર્ટમ એકઝા. ને મેડી.અધિકારીએ પ્રાધાન્ય આપવુ.

૯. ક્રિ.પ્રો.કો. કલમ–૧૭૩ નીચે જરૂરી મુજબ તહો. ને પોષ્ટમોર્ટમ નોટની નકલ આપવી.

૧૦. છબ લાવનાર પોલીસ અધિકારીને ઓટોપ્સી દરમ્યાન માટચરીમાં હાજર ન રહેવા દેવો પર ઓટોપ્સી બાદ જો ઈચ્છે તો ઓળખ માટે છબ બતાવવું.

૧૧. ક્રિ.પ્રો.કો. કલમ–૧૭૬ નીચે ખરાઈ માટે રીએકઝા. ના કિસ્સામાં સબ રૂલ –૧૦ નો વિશેષ લાગુ પડે નહી. આથી આવી રીએકઝામ પ્રથમ એકઝામના તારણોની અંગે શંકા ન કરાય માટે છે. તેથી ન્યાય ખાતર રીએકઝામ વખત પોલીસ અધિકારીને હાજરી આપવા દેવી.

૧૨. જો છબ પોષ્ટમોર્ટમ એકઝામ માટે એટલુ મોડુ મળ્યુ હોય કે જેથી બીજે દિવસે હાથ ધરી શકાય અને જ્યાં મેટરનીટી ન હોય ત્યાં પોલીસે તેની ચોકીની વ્યવસ્થા કરવી. જ્યાં મોર્ટરી હોય ત્યા ગાર્ડ જરૂરી નથી.

૧૩. જયાર આકસ્મિક મૃત્યુ કલાસીફાય અને મેજી. તે અંગે સમરી ઈશ્યુ કરે તો પોષ્ટમોર્ટમ નોટસ અને મેડી. સર્ટીની નકલો ગુજરાતના સંબધીઓને આપી શકાય તે માટે નીચેના દર વસુલી માટે રૂા.૫ અને ૩ બન્ને માટે ૭.૫૦

૧૪. મુંબઈ ને લગતો છે.

**નિયમ ૧૪૬. પોઈઝનીગ સસ્પેકટેડ કિસ્સાઓમાં જોવાની બાબતોઃ–**

૧. શંકાસ્પદ ઝેર અપાયાના કિસ્સામાં વસ્ત્ર, શરીર, સપાટી તેના કુદરતી છીદ્રો વગેરેનું નિરીક્ષણ કરવુ તેથી વોમેટ એસ્ક્રિટા, વધેલા ખોરાક, ભુકી, વિ. ધરાવતાં કે વપરાયેલાં વાસણો વગેરેનો અભ્યાસ કરવો. ગોળી, ભુકો, જંતુનાશકો વિ. જેવી શંકાસ્પદ ઝેરી દવાઓ પણ મળી આવે શરીર, સપાટી

વસ્ત્રો વગેરે પરથી ઝેર કે તેના ઉપયોગ બતાવી આપનાર ઉલટી વિ. જેવુ કાંઈ મળી આવે કે તે ઈંજેક્શન રૂપે કે મોઢા દ્રારા લેવાયાની નિશાનીઓ મળી આવે તે આ બધાની ખાસ જાતની ગંધ વિ. બારીક તપાસ યોજવી.

૨. તેની મેડી. હિસ્ટ્રીની તપાસ અધિકારીએ જાણ મેળવવી.

૩. (૧) પોષ્ટમોર્ટમ એકઝા. દરમ્યાન પેશાબ લીવર કિડનીને બીજા અંગ કે ટીશ્યુઓ જેનાં મારફતે ઝેર અપાયુ કે કઢાયુ હોય કે જળવાયુ હોય તે સાચવવા.

(બી) કોલગેસની શંકા માટે હદયના લોહીની સામેલ માટે નખ અને વાળ શ્વાસોશ્વાસ રોકનાર દવાના ઉપયોગની શંકા માટે મગને જાળવવા.

૪. છબને દફનાવાયુ હોય તો તેની હાડકા વિ. શકયપણે હાથ કરવા. સોમલ માટે તેનાથી ડિટેકશન થઈ શકે.

<u>નિયમ ૧૪૭. કેમીકલ એનેલાઈઝર દ્વારા વિષ અને બીજી વસ્તુઓની એકઝામ અંગે:–</u>

૧. (એ) ઝેર અપાયાના શંકાસ્પદ કેસની પોષ્ટમોર્ટમ એકઝામ પછી મેડી. અધિકારીએ પોલીસને પરીણામ જણાવવુ અને મેજી. સુપ્રી. કે સબ ડી.ઓ. પાસેથી ઓર્ડર મેળવ્યા બાદ જ મરનાર શેષ વગેરે સરકારી કેમી. એને. ને મોકલવા મોત ન થાય તો પણ ઝેર આપ્યાની શંકાનો રીપોર્ટ આપવા અને યોગ્ય અધિકારી પાસેથી ઓર્ડર મેળવી પેટમાંથી મળેલ કે વોમીટેડ કે કંન્ટેન્સ એનેલીસીઝ માટે મોકલવા.

(બી) વાળનો માઈક્રોસ્કોપીક પરીક્ષાર્થી તે માનવી ના છે ? વગેરે બાબતો ખુન જેવા ગુનાઓ ઓળખવા માટે મદદગાર થાય છે.

(સી) તેવી જ રીતે કપડાં, દોરડાં, કાગળ, શાહી, વગેરેનું માઈક્રોસ્કોપીક ગુનો શોધવામાં મદદરૂપ થાય. આવી બધી વસ્તુઓને એનેલાઈઝરને મોકલવી.

(ડી) ગંભીર વિસ્ફોટ અને પેટ્રોલીયમ વડે કોન્ફલેગ્રેશન વગેરેની તપાસમાં કબજે લીધેલ વસ્તુઓ સરકારી એનેલાઈઝરને મફત એનાલીસીસ માટે મોકલવી.

૨. વિશેષ કે મેડી.કો. લીગલ એનાલીસીસ વાળી શીશીઓ સીલ કરી મેડી. ઓફિસરે મેજી. હુકમો આવે ત્યાં સુધી કસ્ટડીમાં રાખવા પોલીસ સ્ટેશને મોકલવી.

૩. આવા કિસ્સા ઈન્વેટીગ્રેટરોને ફોરેન્સીક લેબની પૃથકકરણ કામગીરી જાણતાં હોય તે ઈચ્છનીય છે. તેને સંબધીત પધ્ધતિઓ વગેરેની જાણકારી હોય તો સારૂ

<u>નિયમ ૧૪૮. અરજન્ટ જરૂરીયાતવાળા કિસ્સામાંજ કેમી. એનેલાઈઝરને રીફર કરવા અંગે:–</u>

૧. ઝેરની શંકા પોષ્ટમોર્ટમ એકઝામમાં ખાસ શંકાજનક ન મળે તો કેમી. એનાલીસસની જરૂર નથી. સ્થાનિક મેડીકલ અધિકારી માહિતી ન આપી શકે તો મેજી. એ કેમી. એને. રીફર કરવુ સુપ્રી. કે સીવીલી સર્જનની સત્તા બહાર એ છે.

૨. ન્યાયના વિલંબને નિવારવા પોલીસ સુપ્રી. શંકાશીલ પદાર્થને એનેલાઈઝરને મોકલવા ડીસ્કશ્નરી સત્તા છે.

૩. ફોરેન્સીક લેબોરેટરીના કામ માટે એપેન્ડીકસ–૧૩ ને રીફર કરવો.

<u>નિયમ ૧૪૯. પોલીસ અધિકારી કે મેજી. દ્વારા કેમી. એનાને. રજુ કરનાર સંબધિત કિસ્સાઓ બારામાં માહિતી અંગે.:–</u>

૧. મેજી. પો.સુપ્રી. અને એસ.ડી.ઓ. મેડીકલ અધિકારીને વસ્તુઓ સરકારી એને. ને મોકલવા જણાવશે. અંગ્રેજીમાં નંબર તારીખ કે કેસ હિસ્ટ્રીની સમરી ઈ.પી.કો. ના સંબધીત કલમોનો રેફરન્સ ખાસ કરી બ્લડ અને સીમેન કેસો માટે કેમી. એને. ને જણાવશે.

૨. ઝેર અપાયાના શંકાવાળા કિસ્સામાં કેમી. એને. ને મેજી. વગેરે વડે મુદાઓ વગેરે જણાવવા જોઈએ.

(એ) ન કરાય ઝેરના પહેલાં ચિન્હો દેખા દે અને છેલ્લા ખાવા કે પીવા વચ્ચેનો સમયગાળો ?

(બી) મૃત્યુ અને છેલ્લા ખાવા કે પીવા વચ્ચેનો સમયગાળો

(સી) પહેલા ચિન્હો કયાં હતા ? નીચેનામાંથી કયાં હાજર જણાયા ૧. ઉલટી અને ઝાડા ૨. ઘેરી ઉઘ ૩. ચામડી અને ગળાનુ ટીગલીગ ૪. આચકા અને સ્નાયુઓનુ તણાવવું ૫. બકવાસ અને હવામાં બચકા ભરવા.

(ઈ) અન્ય કોઈ ચિન્હો હતાં ?

(એફ) શંકાસ્પદ ખોરાક કે પીણું બીજા કોઈએ લીધેલુ ? અને તેને તેવા ચિન્હો જણાય.

૩. મદદરૂપ થાય તેવી બીજી કંઈ માહિતી.

૪. કબજે લેવાયેલ બીજા પદાર્થ જેનું એનાલીસીસ મદદરૂપ લાગે. ડીકંપોઝડ થાય તેવા સાથે રેકટીફાઈડ સ્પીરીટ ઓફ વાઈન ઉમેરી મોકલવું.

૫. વસ્તુઓ મોકલવામાં રૂલ ૧૨૭, ૧૨ મુજબની સાવચેતીઓ ધ્યાનમાં લેવી.

૬. ક્રિ. ગુનાઓમાં ઝેરનુ પ્રમાણ મહત્વનુ હોઈ તો કેમી. એને. ને તેનું કોન્ટીટેટીવ એને. મોકલવા મેજી. અને પોલીસ સુપ્રી. એ જણાવવું.

૭. આવી ખાસ સુચના ન મળે તો કેમી.એને. ક્વોલીટેટીવ એને. કરશે.

૮. માનવ વિશેષ માટે બને પ્રકારનું હાથ ધરી દરેક માટે રીપોર્ટ આપવો.

<u>નિયમ ૧૫૦. કેમી. એને. ને મોકલવાની વસ્તુનાં પેકીગ અંગેઃ—</u>

૧. (૧) પેકીગ અને ફોરવડીગ ફરજ મેડી. અધિકારી ની છે. કે પોલીસ અધિકારીની નજીકમાં મેડી.અધિકારીને મળી શકે. અને વિલંબથી ડીકંપોઝ ન થઈ જાય તે માટે પોલીસ ને સીધી મોકલી શકે.

૨. વિસ્તૃત સુચનાઓ માટે એપેન્ડીકસ—૧૪ જોવુ.

<u>નિયમ ૧૫૧. કેમીકલ એનેલાઈઝરને વસ્તુઓ મોકલવા મેડીકલ અધિકારીએ ફોલો કરવાના પ્રોસીડીગ અંગેઃ—</u>

૧. હુકમ મળ્યા પછી મેડીકલ અધિકારી કેમીલક એનેલાઈઝરને વસ્તુઓ મોકલે ત્યારે નીચેની બાબતો સાથે તેણે પત્રોથી જાણ કરવી.

(એ) શીશીઓ બંધ કરવા માટેના સીલનું વર્ણન અને છાપ,

(બી) વસ્તુઓની યાદી અને મોકલવાની રીત

(સી) ઓર્ડર આપનાર અધિકારીનું નામ સરનામુ અને હુકમના નંબર તારીખ,

(ડી) ફોર્મસી એમ ૨૩ માં જોવામાં આવેલ પોષ્ટમોર્ટમ નિરીક્ષણનો વિસ્તૃત અહેવાલ,

(ઈ) ઈ.પી.કો. ની લાગુ થતી કલમો ખાસ કરી બ્લડ એન્ડ સીમેન કિસ્સામાં,

(એફ) જીવતો હોય ત્યારે તેની તપાસ અને જણાવેલ ચીન્હ અને આપેલ ટ્રીટમેન્ટ અંગે

૨. વિશેષ ફોરવર્ડ કરનાર અધિકારી. એ સબ રૂલ ૧ પત્રની નકલ પોલીસ સુપ્રી. કે સબ ડી.ઓ. ને મોકલવી.

<u>નિયમ ૧૫૨. કેમી. એને. ને વસ્તુઓ મોકલવાની રીત અંગેઃ—</u>

૧. મેડીકલ અધિકારીઓ પો. ને તે માટે પહોંચ આપવી. સીલ અકબંધ હતા કે નહી ? તે જણાવવું એના. ને મોકલતા પોલીસ વાપરેલ લેબલો જ ફરી વાપરવા કેમી. એના. પરના પત્રમાં પો. એ આપેલ નંબરો ક્વોટ કરવા. કેમી. એને. એ સર્ટી. માં તેના વર્ણન માટે પોલીસ નંબર અને વર્ણનનું લેબલ આપવુ.

૨. મેડી. અધિકારીએ પાર્સલો ટપાલ દ્વારા સીધા મોકલવા સ્પે. મેસેજર મોકલવો જરૂરી હોય તો સ્ટેશન સબ ઈન્સપે. દ્વારા વ્યવસ્થા કરવી. સીવીલ સર્જનનો સીધા પો.સુપ્રી. પાસેથી વ્યવસ્થા કરે. સસ્તી રીતે ટપાલ રેલ્વ કે સ્પે. મેસેજર દ્વારા પાર્સલ મોકલી શકાય. એસ.ડી.ઓ. કે ડી.એસ.પી. ની મંજુરી લઈ લોહીના ડાઘવાળી વસ્તુઓ તુરતજ ફોરેન્સીક સાયન્સ લેબ. ને મોકલવી (સુચના માટે એપેન્ડીકલ—૧૫)

<u>નિયમ ૧૫૩. મેડીકો. લીગલ એકઝીબીટ સિવાયના નમુનાઓની કેમી. એને. ની એકઝા. અંગેઃ—</u>

૧. કોગ્ની. ક્રિ. ગુનાઓ સંબધમાં પોલીસ સુપ્રી.વડે નમુનાઓની પરીક્ષા કરવી અને રીપોર્ટ આપવાની વર્ગ. કેમી. એને. ની ફરજ છે.

૨. ધંધાકીય કોડ માટે પોલીસ સુપ્રી. એ ખુબ વિચારણા બાદ નમુના મોકલવા. ફરીયાદીનાં લાભમાં હોય તો નમુના મોકલતાં પહેલાં સુપ્રી. એનેલીસીઝની ફી વસુલી શકે છે. તે ફી કેમી.એને. મોકલી આપશે. જે નિયમો મુજબ તેનો નિકાલ કરશે.

૩. સ્પે. પોલીસ એસ્ટાબ્લીસ કેસો માટે કંઈ ફી લેવી નહી.

<u>નિયમ ૧૫૫. કેમી. એને. નો રીપોર્ટઃ—</u>

વસ્તુઓ મોકલનારને એકઝામ રીપોર્ટ આપવો રીપોર્ટ મળે તેની નોંધ લઈ હુકમ આપનાર પોલીસ સુપ્રી. કે એસ.ડી.ઓ. ને મોકલવો તે પ્રમાણે મેજીસ્ટ્રેટ ઈન્કવાયરીમાં રજુ કરવા જરૂરી પગલાં લેવા.

**નિયમ ૧૫૬. પ્રોહીબીશન કેસોમાં કેમી. એને. નો રીપોર્ટ:–**

આવા શંકાસ્પદ કેસોમાં કેમી. એને. ને તુરત જ સર્ટી જરૂરી લાગે અને આરોપી કસ્ટડીમાં હોય અને કોર્ટમાં ફરીયાદ જ કરાયેલ હોય તો કે મને એને. ને સર્ટી મોકલવાની અર્જન્સી અને ચોકકસ સમય જણાવવા.

**નિયમ ૧૫૭. પ્રાણીઓ કે તેના મૃતદેહોનાં વેટરનરી અધિકારી દ્વારા એકઝા. અંગે.:–**

૧. સરકારી વેટરનરી ડીસ્પે. ના બધા વેટરનરી અધિકારી ઓ મેજી. કે પોલીસની સુચનાથી પ્રાણીઓ મેડીકો લીગલ કેસમાં પોષ્ટમોર્ટમ એકઝા કરવાની અને નિયત નમુનામાં રીપોર્ટ કરવાની ફરજ છે.

૨. ઘાતકીપણાની ફરીયાદ વાળા જીવીત પ્રાણી માટે વેટરનરી અધિકારી ની સેવા મળી શકે તેવા કિસ્સામાં મેજી. એ એડી. અધિકારી નો અભિપ્રાય લેવો જરૂરી નથી. ખાસ કિસ્સામાં મેડી. અધિકારીને રૂા. ૨ ની ફી ચુકવવી.

૩. પોલીસ મોકલવા ઈચ્છે તેવા પ્રાણીઓના જિલ્લાના સિવીલ સર્જન કે મેડી. અધિકારનુ પેકીગ અને કેમી. એને. ને મોકલી આપવા, જે સીવીલ વેટરનરી ગ્રેજયુએટ હોય ત્યાં આ તેની ફરજ બજશે.

**નિયમ ૧૫૮. કેટલ પોઈઝનીગ કિસ્સામાં ચિન્હો અંગે.:–**

નીચે મુજબનાં ટુકા વર્ણનવાળા ચિન્હો મોટે ભાગે મળી આવે છે.

૧ઉ આર્સેનીક કે બીજા ઈરીટેટ મીનરલ ઝેરો ઝેર મલ્યા પછી તુરતજ સખત પેટનો દુખાવો, ધુજારી, આળોટવું, ઘાંટા પાડવા, મોઢે ફીણ દર્શાવે છે. અને ઝડપથી મરી જાય છે. ધીમા કે ઓછા ઝેરની અસરરૂપે પેટ ફુલવુ. એકયુટ ડાયેરીમાં ડીશેન્ટ્રી દેખાય, સખત તરસ લાગે અને થાકથી મૃત્યુ થાય, રેડર પોસ્ટ, હોવેન અને ડીસેન્ટ્રીના ચિન્હો પણ આસર્નીક પોઈઝનને બહુ મળતા છે. નીચેના દેખાતા તફાવતો છે.:–

(એ) રીડર પોસ્ટમાં નર્વસ કે સ્પેઝમોડક વીચીઝ સાથે ધુજારી થાય પણ શરૂઆતમાં દર્દને બદલે ચુસ્તી જણાય, ધીમે ધીમે ફેલાય.

(બી) (૧) હોવેનમાં પેટનો દેખાવો મંદ હોય છે. ડીસેન્ટ્રીમાં પાતળા લોહીવાળા ઝાડા મુખ્ય જ છે. જયારે દુખાવો અને પછીથી ઝાડા તે આર્સેનીકની અસર છે. (૨) એકોનાઈટ ધુજારી, નોશીયા રેચીગ્સ, અશંત આંચકી ઉભા ન લઈ શકાય, ધીમી નાડી, કાંમો અને મૃત્યુ વગેરે ચિન્હો. (૩) નકસવોમીકા (ઝેર કોચલુ) મોટા ડોઝ માટે સ્વૈચ્છીક સ્નાયુઓની તાણ, ધનુર, જીભ પકડાવી, શરીર સખત થવુ. પુંછડી સીધી થઈ જવી વગેરે ચિન્હો છે. ગુંગળામણને કારણે, શ્વાસ બંધ થઈ જવાથી મૃત્યુ થાય છે. શીગડાવાળા પ્રાણીઓમાં ધનુર ભાગ્યેજ થાય છે. તે ખ્યાલમાં રાખવુ.

**નિયમ ૧૫૯. ચોકકસ કિસ્સામાં મેડીકલ નિષ્ણાંતની એકઝા. અંગે:–**

નિષ્ણાંત અભિપ્રાય મેળવતા તપાસશીન અધિકારીએ ગર્વ. મેડીકલ અધિકારી સમક્ષ તેની સંમતીથી નીચેની બાબતોની એકઝામીનેશન અંગે વ્યકિતને મોકલવી.

૧. ઉમંરની નિશ્ચિત કરવા,

૨. તેની અંગત આઈડન્ટીટી માટે,

૩. તે માનસીક રીતે અસ્થિર છે કે કેમ ? તે નકકી કરવા.

૪. તેના શરીર પરનાં ચિન્હો અને અસરો, ગુનાહીત હિંસા જાતીય ગુનો, જન્મ છુપાવવી કે , ગુનાહિત એર્બોશન રૂપે છે. તે નકકી કરવા.

**નિયમ ૧૬૦. એનોટોમીકલ એકસપર્ટ અંગે:–**

જેનાં હાડકા મળી આવ્યા હોય તેની મૃત્યુ વખતની ઉમર અને જાતિ જાણવા માટે નાગપુર, ઔરંગાબાદ, જામનગર, અમદાવાદ અને પુનાની તેમઈ મુંબઈ ગ્રાન્ડ મેડીકલ કોલેજ એનાટીમીનાં પ્રોફેસરને રેફરન્સ કરવો.

**નિયમ ૧૬૧. ફિંગર પ્રિન્ટ એકસપર્ટની એકઝામ અંગે.:–**

૧. સ્થળ પરની ઝાંખી છાપ ગુનો પકડવામાં ખુબ મદદરૂપ નીવડે. ફિંગર પ્રિન્ટ બ્યુરો સાથે જોડાયે નિષ્ણાંત ડેવલપીગ કોટ ધરાવે છે. અને વિનંતી થયે મુલાકાત લેશે. તેમના હેડ. કવા. પર તો સેવા મળે, બીજે સ્થળે પણ લઈ શકાય, કેટલાક જિલ્લાના લોકલ કા.બા. સબ ઈન્સ્પે. અને હેડ. કો. ને આવી ખાસ તાલીમ અપાય છે. અને તેની સહાય પણ લેવાય.

૨. બધી જ ચમકતી અને સુવાળી સપાટીઓ જેવી કે લાકડાનું ફર્નીચર, ટી પેટીઓ, ચીનાઈ માટી, ધાતુ કે કાચની વસ્તુઓ આંગળાની ઝાંખી છાપ ધરાવે છે. તપાસમાં તેનુ બારીક નિરીક્ષણ કરવુ અને તપાસમાં તેનુ બારીક નિરીક્ષણ કરવુ અને બીની છાપ, તડકો કે વરસાદ અસલને વિકૃત ન કરે તે જોવુ. પછી ફિંગરપ્રિન્ટ બ્યુરોના એકસપર્ટ તાલીમી પો. અધિકારી ચાન્સ પ્રીન્ટ માટે એકઝામ અને ડેવલપ કરાવવી. ડેવલપમેન્ટ માટે.–

૧. ઘેરા રંગના પોલીસ્ડ લાકડાના કે ધાતુના પદાર્થો, બારીક કાચ, પારદર્શક કાચની વસ્તુઓની સપાટી, સપાટીને ગ્રે રંગના વર્સલ પાવડર વડે કોટીંગ કરી ને.

૨. ચાઈના વેર સફેદ રંગની વસ્તુઓ અને કાગળ પરની છાપ કાળા ચોપડી શકાય તેવા પાવડર કે આઈવરી પાવડર વડે શકાય તેવી. વસ્તુઓની છાપ નાશ ન પામે તેમ પેકીગ કરી વિભાગો ફિંગર પ્રિન્ટ બ્યુરોને મોકલવા જે સ્પર્શ કર્યા હોય તે સર્વની છાપ સ્લીપ વસ્તુઓ સાથે મોકલવી. વસ્તુઓ મોકલી શકાય તેમ ન હોય તો નિષ્ણાંતને બોલાવવા.

૩. હથેળીની છાપ માટે પણ આજ રીતે લાગુ પડે.

૪. પગલાંની છાપ માટે એપેન્ડીકસ–૧૬ જોવુ.

<u>નિયમ ૧૬૨. ગુના કે અકસ્માત સાથે સંકળાયેલા ગોળી હથિયારો વિ. ને એકઝામ અંગેઃ–</u>

૧. પોલીસ ને મળેલ સર્વિસ બોધ અને સેલ માટે નજીકના ઈન્સ્પે. ઓફ એકસ પ્લીઝીનો સંપર્ક સાધવો તે ઓળખ નિકાલ વગેરે માટે નજીકના એમ્યુનીશન ડી. પોલીસ ના ઈન્સ્પે. ઓડીનન્સ અધિકારીની મદદ લઈ શકે અને તે ન ઓળખી શકે તો ફીર્કીના ચીફ સુપ્રી. ઓફ ડેવલપમેન્ટ ને મોકલી આપે. બધા કોર્ટ કિસ્સામાં જરૂરી મુજબ ઈન્સ્પે. ઓ એકસપ્લોઝીવ સાક્ષી આપશે. આ માટેની કાર્યવાહી સીધી રીતે પોલીસ નહી પણ ઈન્સ્પે. ઓફ એકસપ્લોઝીવ દ્વારા થશે.

૨. હથિયારો અને ગોળીઓ જે કબજે લીધા હોય અને જે આર્મ્સ એકટના પરવ્યુમાં આવે તેની ઓળખ માટે અને ટેકનીકલ ઓપીનીયન મેળવવા કીર્કીના ચીફ સુપ્રી. ઓફ એમ્યુનીશનો સંપર્ક સાધવો.

(એ) એકસપર્ટ એડવાઈઝ કે ઓળખ કે નિકાલ માટે ગેઝેટેડ અધિકારી. દરજજાના અધિકારી લેખિત રીતે સહી સિકકાવાળી વિનંતી કરે. ઈમરજન્સીમાં ઓફિસ અવર્સ દરમ્યાન ગેઝેટેડ અધિકારીએ ટેલીફોનથી જાણ કરવી.

(બી) પછી લાયકાતવાળા અધિકાર ને ફરજ સોપાશે જે ને તે રીપોર્ટ આપશે.

(સી) એકસપર્ટ એડવાઈઝ અને એકઝામીનેશન માટે દરેક દિઠ રૂા. ૪૦ ની ફી ટેકની. એકસ્ટ્રા ન ચુકવવી.

(ડી) પુના માટે

(ઈ) તપાસ પુરી કર્યા પછી વસ્તુઓ પરત મલ્યાનું ચાર નકલામાં એકસેપ્ટન્સ સર્ટી. મોકલવું.

(એફ) નાસ કરવાનો હોય ત્યારે (ઈન્સીટી કીર્કીના નિષ્ણાતં દ્વારા કરાશે. તે માટેની વ્યવસ્થા પોલીસ કરશે. તેનો ખર્ચ તો ભોગવશે. અને તેને એકસેપ્ટન્સ સાથે ઉમેરી દેવો.

(જી) ફકત સર્વિસ ટાઈપનું એમ્યુનીશનજ એકસપર્ટ તપાસશે અને હેન્ડલ કરશે.

૩. હથિયારો, એમ્યુશીનશ, ઓર્ડરનન્સ અધિકાર. ને મોકલવાની સાચી પધ્ધતિ નીચે મુજબ છે.

૧. યોગ્ય એક કોર્ટ પાર્ટી વિના હથિયારો અને એમ્યુનીશન કદી ૨. એમ્યુન્સ, એમ્યુનીસેન ડીપા. મોકલવા ૩. દરેક એકઝીબીટની એકઝા ફી. તરીકે ઉચ્ચક રૂા. ૪૦ લેવાશે. ૪. ફોરેન્સીક બેલાસ્ટીકના પ્રશ્ને ગર્વ એકઝા ઓફ કવેશ્યન ડોકયુ. ને રીફર કરવુ. તે માટે ફોટોગ્રાફીનો ખર્ચ પુરાવા આપનાર અધિકારી નો ટી.એ. અને હોલ્ટી એલા. (સેન્ટ્રલ સર્વિસ ના ગ્રેડ–૧ અધિકારી માટેનાં) અને સાથે પટાવાળા માટે ઈન્ડીય ગર્વ. ના પટાવાળાના દરે ખરેખર ખર્ચ વસુલ થશે અને તેનુ બુક એડજસ્ટમેન્ટ કરાશે.

<u>નિયમ ૧૬૩. કરન્સી અધિકારી અને મીન્ટ માસ્ટરના એકસપર્ટ ઓપીનીયન અંગે.:–</u>

૧. નકલી સિકકા આવે તો ડી.આઈ.જી. કિ. ઈન્વે. ડીપા દ્વારા મુંબઈના માન્ય માસ્ટર અભિપ્રાય માટે મોકલવા.

૨. બનાવટી ચલણી નોટો મળી આવે તો તેજ અધિકારીએ રીપોર્ટ સાથે કરન્સી અધિકારીને તપાસ અને એકસપર્ટ ઓપી. માટે મોકલવી.

૩. વિસ્તૃત સુચન માટે એપેન્ડીકસ–૯ જુઓ.

<u>નિયમ ૧૬૪. ફોટોગ્રાફર અને બીજા ટેક. નિષ્ણાંતો અંગે.:–</u>

૧. જયારે ગુનાનાં સ્થળ કે, આગળાની કે પગની છાપ લેવાની હોય ત્યારે ફોટોગ્રાફરને બોલાવવો.
૨. રે. અકસ્માતની તપાસના જન. ટા. મેન. ના અમુક નિયમની સ્પષ્ટતા એકસપર્ટ એવીડન્સ માટે બોલાવવા. એપ્લાય થવુ અને કોર્ટનમાં તથા પો. ને મદદરૂપ થતાં યોગ્ય માણસ લેવો.
૩. તેવી જ રીતે બધી ટેક. બાબતો દાત. ઈન્જી. મોટર મીકે. વગેરેની તપાસ માટે સરકારી કે બીન સરકારી નિષ્ણાંતોની મદદ લેવી.

<u>નિયમ ૧૬૫. ગુના શોધવામાં જુદા જુદા કિરણોનો ઉપયોગ અંગે.:–</u>

સુર્યપ્રકાશમાં જાંબલી, નીલો, વાદળી, લીલો, પીળો નારંગી, લાલ સાત દશ્ય અને બીજા અલ્ટ્રાવાયોલેટ અને ઈન્ફારેડ નામનાં અદ્રશ્ય રંગો છે. ખાસ સાધનો કે, ફલોરસન્સ નામની પ્રક્રિયા વડે તે જોઈ શકાય છે. ગુના શોધવામાં એપેન્ડીકસ–૧૭ મુજબ ઉપયોગ કરવો.

<u>નિયમ ૧૬૬–૧૬૭. સ્ટેશન ઈન્વે. ડીપા. ના ડોકયુમેન્ટના એકઝામીનર્સ અંગે.:–</u>

૧. ક્રિ. ઈન્વે. ડીપા. સાથે જોડાયેલ હસ્તાક્ષર અને ફોટોગ્રાફી અમદાવાદ અને રાજકોટ આવેલ છે.
૨. તેમની હકુમત પોતપોતાના વિભાગ માટે છે. એન્ટીકરપ્શન અને રે. પોલીસ જે તે વિભાગની સહાય મેળવી.
૩. નીચે પ્રમાણે ૩ જાતના કિસ્સાઓ આવે
(૧) પોલીસ કેસીસ (એ) પો.સુપ્રી. એ મોકલેલ (બી) પ્રોસીકયુશનની માંગણી થી સેસન્સ જજ કે જયુડી. એ કિ. ટયલેના મોકલવા.
(૨) (એ) સબ રૂલ–૬ મુજબ કાર્યવાહી બાદ ખાતાના વડાઓએ ખાતાકીય તપાસ સંબધે મોકલેલા (બી) રાજય સરકાર કે સેક્રેટરી ડીપા. (સી) જયુડી. મેજી. સેસન્સ જજ પોતાની ન જાણકારી માટે મોકલવા
(૩) પેઈડ કેસીી (એ) રાજયની સીવીલ કોર્ટો એ મોકલેલા (બી) સોલીસીટરો, રેલ્વે યુની. મ્યુની કે જાહેર સંસ્થાઓ મોકલેલા (સી) આરોપીએ એપ્લાય થઈ કોર્ટ મારફત મોકલેલા (ડી) ખાનગી પ્રાસી. ના પક્ષકારે એપ્લાય થઈ કોર્ટ મારફતે મોકલેલા (ઈ) અન્ય રાજય દ્વારા મોકલાયેલા કામના ભરાવા વગેરે કારણે પઈડ કેસીસની ડી.આઈ.જી. અસ્વીકાર કરી શકે.
૪. ૧. ડોકયુ એકઝામીનરના ઓપી માટે જે તે બ્યુરોના અધિકારીને એપ્લાય કરવુ.
૨. પોલીસ કેસોમાં ઈન્વેસ્ટી અધિકારીએ નીચેની માહિતી પાડવી. (૧) પોલીસ સ્ટેશન અને સી.આર.ના. આરોપી (૩) હસ્તાક્ષર અભિપ્રાય લેવાનો જરૂરી (૪) આરોપી અને ફરીયાદીના નામ (૫) મોકલાયેલા એકઝીબીટ અને ડોકયુ ના (૬) બીજી જરૂરી સાંયોગીક માહિતી (૩) લખાણ સરખાવવાનું ધોરણ બને તેટાલ હસ્તક્ષર નમુનાઓ મેળવવા ડોકયુ લખાયાનું સમયનું લખાણ જ કરવે. સમાન લીપી જાળવવી નુમનાના લખાણમાં આવતા સામાન્ય શબ્દો સામેજ રાખવા. જુદા જુદા પાના પર જુદી જુદી વ્યકિતનાં લખાણ નમુના લેવા. બને તો છાપેલ કે ટાઈપ જ્ઞાનમાંથી લખાણ કરાવવું અસલ ડોકયુ. બતાવવુ નહી સમય, પેનની પ્રકાર કાગળ પોવઝીશન વગેરે અંગે નોંધ કરવી. અમુકના અંગે જરૂરી નોંધ કરી તારીખ અને પોતાની સહી મુકવી.
૫. એપેન્ડીકસ–૧૭ 'એ' શેડયુલ મુજબ પ્રશ્નોતરી અને ડોકયુ ની યાદી જોડવી.
૬. 'એ' ખાનગી વ્યકિત ઓની એપ્લીકેશન પર ધ્યાન અપાશે નહી. નીચેના સુચનોનો અમલ કરવો. :૧: લખાણની ભાષા :૨: એકઝીબીટની સંખ્યા, ઓળખ, નિશાનીઓ ઘ ચોકકસ લખાણ કે તેના વિભાગ બારામાં
૭. શિર્ષક, તારીખ, ફરીયાદી અનેઆરોપીના નામ લગાડેલ કરમ વિ. વિગતો
:બીઃ પંચ સમક્ષ હસ્તાક્ષર ના લીધેલા ઓછામાં ઓછા મોકલવા.
:સીઃ નમુના ઉપરાંત તેના રોજબરોજના લખાણ અને સહીના અવશ્ય મોકલવા અને તેનો જુદો એકઝાબીટના આપવો.
:ડીઃ લખાણ કે સહીના એન્સકલીગ અંગે ધ્યાન દોરવો જેવા લાલ કે બ્લ્યુ પેન્સીલ વડે ફરતું સર્કલ કરવુ. સહી કરવી. પોઈન્ટેન પેન્સીલ વડે કાળજીથી સ્વચ્છ પણે લખાણ અડે નહી તેમ વર્તુળ કરવુ. ખાલી અંડરલાઈન કે બ્રેકે કરવા નહી

:ઈ: લખાણ, શાહી, પેન્શીલ કે ટાઈપનુ હોય તો નમુના પણ તેમાંજ મેળવવા મુળ ડોકયુ વિનાની કાર્બનકોપી ધ્યાનમાં લેવાશે નહી.

:એફ: પેન રાઈટીગ પેડ બને તો પેન અને રાઈટીગ તેડ લખનારનાં કાપલી ચોટાડી સાથે મોકલવા.

:જી: સીલીગ એકસની છાપો ટપાલમાં તુટે નહી તેમ કાળજીથી પેક કરવી. બને બાજુ નું પાતળુ પડ મુકવાથી સારી રીતે જળવાય છે.

:એચ: ઓળખની ખાસ નિશાની બધા કાગળો પર એ.બી.સી.ડી. એકઝીબોટો પર એક, બે, ત્રણ, એવી નિશાનીઓ મુકવી ડોકયુ પર બીજુ કાંઈ લખાણ કરવુ નહી. પત્રો માટે કરવ પર પત્ર મુજબ સબ માર્ક કે આંકડો મુકવો દા.ત. એ લેટરના કવર પર એ–૧ વગેરે

:આઈ: ટીચીગ એન્ડ ટેગીગ ઓફ પેપર્સ લખાણ બગડે કે નાશ ન પામે તેમ કરવુ. જે પ્રશ્નોતરી ટુકી કે વર્ણન વિનાની આપવી. મંગાયેલ અભિપ્રાય નો અછડતો ખ્યાલ પણ ન આપવો જોઈએ. આથી કોસ એકઝામમાં તટસ્થ થતાં વિશે શંકા ન ઉઠે.

:કે: કાગળોની રવાનગી– બને ત્યાં સુધી બ્લેક શીટ કે થીન બોર્ડ વચ્ચે રાખી ફલેટ મોકલવા તો રોલવાળીને ઘડી કરવી નહી ફોલ્ડ કરવીજ પડે તો અસલ મુજબ જ કરવી. લુઝ સ્થિતિમાં નહી પણ શીલબંધ કવરમાંજ મોકલવા નહી તો સ્વીકારાશે નહી. ફાટી તુટી હાલતમાં હોય તો પણ બીજા કાગળ પર ચોટાડવા માટે જરૂરી ઓછામાં ઓછા ડોકયુ જ મોકલવા.

<u>નિયમ ૨૫૪. ટ્રાયલને ઝડપી બનાવવા અંગે.:–</u>

૧. કિ. કામને બધા કરતા પ્રાયોરીટી આપવી અને સાહેદો અને પક્ષકારોએ ઓછામાં ઓછી તકલીફ પડે તે જોવુ. રજા સિવાય રોજબરોજ હીયરીગ થવુ જોઈએ. મૌકુફી ટુંકી રાખવી.
૨. આરોપ ઘડાયા બાદ કો. એકઝા માટે સાક્ષીઓનો રોકી રાખ્યા વિના અને પ્રોસી. ના એવીડન્સની રાહ જોયા વિના કલમ–૨૫૪ મુજબ પ્રાઈમેયા ફેસીયા કેસ જણાયનો ચાર્જ ફ્રેમ કરવો.
૩. (એ) પોલીસ અધિકારીએ કોર્ટમાંથી હાજરીને પ્રાધાન્ય આપવુ. મોડા આવવા કે બહાર રહેવા માટે ઉપરીએ બોલાવ્યાના બહાનાઓ ચાલશે નહી. (બી) વ્યાજબી કારણસર કોર્ટમાં હાજરી ન આપી શકાય તો તે કારણોનું સર્ટી યોગ્ય અધિકારી પાસેથી લઈ રજુ કરવુ રૂલર પોલીસ સ્ટેશન માટે સબ ઈન્સ્પે. એ મોકલશે સબ ઈન ની ગેરહાજરીમાં એસ.ડી.ઓ. મારફત નકલ મોકલવી.
૪. જજ અને મેજી.ને ખાનગી પ્રો. લખીને ઝડપી હીયરીગ માટે સંપર્ક સાધવો નહી પણ પ્રોઝીકયુટર દ્વારા જણાવવુ.

<u>નિયમ ૨૫૫. ચોકકસ કિસ્સામાં યોગ્ય સજા કે હુકમો મેળવતા પ્રોસી. ના આગ્રહ અંગે.:–</u>

૧. નીચે જેવા કિસ્સા માટે આકરી સજાની માંગણીનો આગ્રહ રાખવો. (એ) હિંસા સાથે રાત્રીની ધાડ, વીથ જુગારના (સી) દારૂના ગેરકાયદે હેરફેર કે ગાળવાના (ડી) સંગ્રહ, નફાખોરી વિ. (ઈ) વિસ્ફોટ અંગેના કે. (એફ) ફંકટરી એકટ–૧૯૩૪ નીચેના
૨. (એ) રેલ્વે લાઈન પર તિજોરીની ચાવીઓ વગેરેની ચોરીના સલામતી જોખમવનાર વગેરે પર પુરતુ લક્ષ આપવુ. ઈન્સ્પે. ને તે અંગેની જવાબદારી સોંપવી અને પ્રો.પ્રોસી. એ કેસ ચલાવી સજા માંગવી.

(બી) કાર્યોથી નિયમ થયા મુજબની ઓછામા ઓછી સજાથી જો મેજીસ્ટ્રેટ સાથે મસલત વિના માન્ય રાખવી નહી. તેવી સુચના ન મળે કાયદામાં સુચવેલ સજાનો નિર્દેશ કરી તે અંગે કોર્ટને નિર્ણય લેવા દેવો.

૩. લો કોર્ટ દંડ કરે ત્યારે ઘણીવાર દંડને બદલે કેસ પસંદ કરાય છે. જો કે ચુકવી શકે તેમ હોય છે. પોલીસ પ્રોસી. એ કોર્ટ દ્વારા દંડ વસુલ લેવા પ્રયત્ન કરાવવો.

૪. ક્રિ.પ્રો.કો. કલમ–૨૫૦ ની જોગવાઈઓ નીચેના કિસ્સાઓમાં કોર્ટને ફરીયાદ ખોટી, અતિશયોકતિવાળી વગેરેની શકયતાની યાદ દેવડાવવી.

૫. ક્રિ.પ્રો.કો. કલમ–૫૬૫ ગુના અટકાવવામાં ખુબ અસરકારક બનતી હોય કોર્ટ તેની નીચે હુકમો આપે તેવો આગ્રહ સુવવો.

૬. જાહેર શાંતિભંગ માટે કે હુમલા જેવા કિસ્સામાં કલમ–૧૦૬ નીચે સુલેહ જાળવવાના જામીન લેવા કોર્ટ દ્વારા પ્રયત્ન કરવો.

૭. ૧૬ અને ૨૧ વર્ષની વચ્ચેની ઉંમર માટે જન્મ સર્ટી, મેડી એકઝામ ઉંમર નકકી કરતાં પુરાવા કોર્ટ અવશ્ય નોંધવા. જેથી આરોપીની ઈચ્છા વિરૂધ્ધ પણ ઈન્સ્પે. જન પ્રોઝન્સ બોરસ્ટલ સ્કલ એકટ કલમ–૧૧ નીચે તેનું ડીટેન્શન કરી શકે બાળ ગુનેગારો માટે જન્મ પ્રમાણપત્ર કોર્ટ સમક્ષ રજુ કરવું જ જોઈએ.

**<u>નિયમ ૨૫૬. કોમી રમખાણો દરમ્યાન ઉદભવેલ કેસો ચલાવવા કે વિથડ્રો કરવા અંગે.:–</u>**

૧. કોમી રમખાણો દરમ્યાન ઉદભવેલ કેસો જયારે કોર્ટમાં મુકવામાં આવે ત્યારે પી.પી. કે ઓ.પી.પી. એ આવા કેસોમાં બને તેટલી વધુ સજા થાય તે માટે ભારપુર્વક રજુઆત કરવી. પોલીસ એ પણ કોમી રખખાણો ભડકાવે તેવી પ્રવૃતિ, હથિયાર દારૂગોળો કબ્જે કરવો વ. ગુનામાં પુરતી કાળજીથી કેસ તૈયાર કરવો.

૨. જયારે કોમી કે જો ન્યાયધીશને એમ લાગે કે કોઈ ગુનાઓ કેસ કોમી સંતોષ હડતાલો તો તે પાછો ખેચવા માટે સરકારશ્રીનો સંપર્ક સાધીને પરવાનગી મેળવીને જ પાછો ખેચી શકાય, આ માટે ન્યાયી રજુઆત કરવી. કોઈ પ્રોસીકયુરે પોતાની રીતે સરકારશ્રીની મંજુરી વિના આવા કેસો પાછા ખેચવા નહી.

**<u>નિયમ ૨૫૭. ઈન્વેસ્ટી અધિકારીની કોર્ટમાં હાજરી અંગે.:–</u>**

ખુન, ધાડા જેવા મહત્વના ક્રિમી. કિસ્સામાં તપાસના સંજોગો બારામાં સાહેદ તરીકે એકઝામીન થવા માટે તૈયારી રાખવી. તેણે પોતાની કેસ ડાયરી કેસ અને સાક્ષીઓના સ્ટેટમેન્ટો સાથે રાખવા અને ડાયરીનો અગાઉથી અભ્યાસ કરવો છતાં જરૂર પડે તો જોવી કોર્ટ પણ તે જોઈ શકે અને તેના આધારે પ્રશ્નો પુછી શકશે. આ માટે કેસ સાથે ઉતારાઓ આમેજ કરવા. સાક્ષીઓના વિ. સ્ટેટમેન્ટ માટે રૂલ–૧૭૦ જોવો.

**<u>નિયમ ૨૫૮. અગત્યના કેસોની ટ્રાયલને વોચ કરવાની હાજરી અંગે.:–</u>**

૧. જયુડી કે મેજી. અધિકારી વડે આકરી ડીસ્પોઝલ ગંભીર ગુનાઓ પોલીસ સુપ્રી. પોતે કે નીચેના અધિકારી દ્વારા વોચ કરે, ઘણીવાર આના અભાવે આરોપી સજામાંથી છટકી જાય છે. સુપ્રી. એ કેસ વોર કરનાર પાસેથી ટુંકો રીપોર્ટ મેળવવો અને ભુલો ફરી ન બને અને ખાત્રીઓ નીવારવા સર્વે પ્રો. સાથે ચર્ચા વિચારણા પણ કરવી.

૨. પોલીસ સમક્ષના અગાઉના સ્ટેટમેન્ટના આધારે પ્રોસીકયુશનના સાક્ષી બનાવવાની ખોટી ઉતાવળ કરવી નહી અને યાદ રાખવુ કલમ–૧૬૨ નીચે તે સાક્ષી માટે અવરોધરૂપ લેખાય છે.

૩. પોતે રૂબરૂ મુલાકાત લીધેલ કિસ્સાઓમાં પોતાની સાક્ષી આપવા અંગે રૂલ–૧૩૫ ૭ જુઓ

૪. જો કોર્ટ ગુનાના સ્થળની રૂબરૂ મુલાકાતોની જાણ કરે તો યોગ્ય અધિકારીએ તે જરૂરી વ્યવસ્થા ગોઠવવી.

**<u>નિયમ ૨૫૯. કેસમાં ખોટો પુરાવો રજુ કરવા બાબતે સમરી પ્રોસીજર.:–</u>**

સી.આર.પી. સી. કલમ–૩૪૪ મુજબ સેસન્સ કોર્ટ કે ફર્સ્ટ કલાસ મેજી. એ જજમેન્ટ આપતી વખતે કે આખરી હુકમ કરતી વખતે કોઈ કેસમાં કોઈ સાક્ષીએ કેસને નુકશાન થાય તે રીતે જાણતા કે અજાણતા ખોટી સાક્ષી આપી હોય કે ઈરાદાપુર્વક ન્યાયને અસર કર્યા ખોટો કે આભાસી સાક્ષી આપે તો તેના વિરૂધ્ધ કોગ્ની. દાખલ કરી અને જો સાબીત થાય તો ૩ માસ અને અથવા રૂા.૫૦૦/– દંડને પાત્ર થશે કોર્ટ

આવા સમરી બને તેટલા વહેલા ચલાવી લેવા કે જેથી તેના જજમેન્ટ વિરૂધ્ધમાં અપીલકે અરજી દાખલ કરવામાં આવે નહી તે કેસ માટે સ્ટેશન ઓર્ડર લઈ આખરી હુકમને બંધનકર્તા રહે તે રીતે અપીલ કે રીવીઝન દાખલ કરાય નહી તે જોવુ.

**નિયમ ૨૬૦. સમન્સ બજય છતાં, સાક્ષીની ગેરહાજરી અંગે સમરી પ્રોસીજર.:–**

સી.આર.પી.સી કલમ–૩૫૦ મુજબ જો કોઈ સાક્ષી કે જેને કો.મી. કોર્ટ સમક્ષ અમુક જગ્યા અને સ્થળે હાજર થવાનુ સમન્સ બજેલ હોય તે સાક્ષી તરીકે હાજર રહેવા બંધાયેલ છે. કોઈ સાક્ષી આનો જગ્યાએ કે સમય ગે.હાજર રહે કે તેમ કરવા ઈન્કાર કરે તો ન્યાયના હિતમાં તેના વિરૂધ્ધનની જાણકારી મેળવી, મજકુરને રજુઆતની તક આપી કે તેને આ કલમ હેઠળ સજા કેમ ન કરવી ? બાદમાં રૂ.૧૦૦ સુધીનો દંડ કરી શકે. કોર્ટ બને તેટલી ઝડપથી આ સમરી ટ્રાયલ પુરી કરવી.

**નિયમ ૨૬૧. કોર્ટમાં એવીડન્સ આપવા અંગે.:–**

નીચેના નમુના માર્ગદર્શક બને છે.

(એ) હમેશા ગણવેશમાં જ જવું.

(બી) વીટનેસ બોકસમાં દાખલ થતા અને છોડતા કોર્ટને સેલ્યુટ આપવી.

(સી) ધ્યાન આપતા રહેવુ.

(ડી) શાંત અને મોભાદાર રહેવુ જેની સર્વ પર અસર પડશે. બીનજરૂરી રીતે આસપાસ ન જોવુ પણ સામેજ જોતાં રહેવુ.

(એફ) વિરોધપક્ષના પ્રશ્ન વખતે પ્રોસી. સલાહકાર તરફ ન જોવુ.

(જી) પ્રશ્નો પ્રશ્ન વડે જવાબ ન આપવો.

(એચ) સમજયા વગર ફાવે તેમ જવાબ આપવાને બદલે સ્પષ્ટપણે ખરી હકીકત જણાવવી.

(આઈ) હકીકત યાદ ન આવે તો ગમે તેમ જવાબને બદલે સ્પષ્ટપણે ખરી હકીકત જણાવવી.

(જે) ગુસ્સે ન થવુ અને તેમને ન પસંદ પ્રશ્ન માટે અપમાન ન લખવુ.

(કે) અયોગ્ય પ્રશ્ન માટે કોર્ટને જાણ કરી રક્ષણ માંગવુ કોઈપણ કારણસર કાઉન્સીલ સાથે સંઘર્ષ કરવો.

(એલ) તમારી જાત માહિતી અને તમને મળેલ માહિતીનો ભેદ કાળજીપુર્વક સ્પષ્ટ કરવો.

(એમ) ઉપરમાં બીનજરૂરી માહિતી ન આપવી. જેમ કે પ્રશ્ન પુછાયા અમુક વસ્તુ ધોળી હતી ? તે તેમ ન કહેવુ કે કાળી હતી પણ ફકત હા કે ના કહેવુ.

(એન) તમારા જવાબને વિશેષ સમજુતી આપવાની જરૂર લાગે ત્યારે બન્ને પક્ષની દલીલો પુરી થયા પછી કોર્ટને તે અંગે જણાવવુ.

(ઓ) યાદ રાખો કે કોર્ટતો આરોપીની નિર્દોષતા કે ગુનાની ચોકકસાઈ જ ઈચ્છે છે તમારી બુધ્ધી પ્રદર્શન નહી.

(પી) તમારી માહિતી ની પ્રાપ્તીસ્થાન અંગે સ્પષ્ટતા જરૂરી નથી.

(કયુ) લાંબા જવાબથી દુર રહેવુ, લાંબા જવાબ કોસ પરીક્ષા માટે વધારે સામગ્રી પુરી પાડે છે.

(આર) કોર્ટની મંજુરીવિના અને બોલાવનાર પક્ષ બધા એવીડન્સ પુરા ન થયા હોય ત્યાં સુધી કોર્ટ છોડો નહી.

**નિયમ ૨૬૨. પુરાવા આપનાર હેતુથી સત્તાવાર ડોકયુ રજુ કરવા માટે કોર્ટ વડે ગર્વમેન્ટ સરવન્ટને બોલાવવા અંગેના પ્રોસીજર અંગે.:–**

૧. બીન પ્રસિધ્ધ સત્તાવાર રેકર્ડને કોર્ટમાં પુરાવારૂપે રજુ કરવા અંગેનો કાયદો ઈન્ડી. એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમો–૧૨૩, ૧૨૪, અને ૧૬૨ દ્રારા દર્શાવાયેલ છે. જો યોગ્ય લાગે અને રાજયને લગતી બાબતો અંગે ન હોય, કોર્ટ ડોકયુ. તપાસી શકે કે તેને અગ્રાહય રાખવા બીજો પુરાવો લઈ શકે. ભાંષાતર જરૂરી હોય અને જો એવીડન્સ તરીકે તે ડોકયુ આપનાર ન હોય તો અનુવાદને તે ખાનગી રાખવા આદેશ કરશે. અને તેનો ભંગ કરનાર ઈ.પી.કો. કલમ–૧૬૬ મુજબ ગુનેગાર થશે.

૨. કલમ–૧૨૩ અન્વયે હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટનો અર્થ ખાતા પરનો કાબુ ધરાવનાર તેમજ તેને હસ્તક ખાતાનું રેકર્ડ રહેતુ તે હોય તે રાજય સરકારો માટે તેને સેક્રેટરી અને ભારત સરકાર માટે એડી. સેક્રેટરી કે જોઈન્ટ સેક્રેટરસ જે તે મીનીસ્ટ્રી માટે ડાયરેકટરો સબંધે ડાયરેકટ જનરલ હેડ લેખાશે. તેજ

ડોકયુ રજુ કરવા પરવાનગી આપી શકશે. મધ્યસ્થ સરકારના સંચાલન તળેના રાજયો માટે ચીફ કમી. કે લેફ. ગર્વ. નહી કે તેના સેક્રેટરી ખાતાના હેડ લેખાશે.

૩. પત્ર વ્યવહાર હાથ ધરનાર ઉપલી સત્તા અથાવ પરદેદો કે રાષ્ટ્રસમુહના દેશો બારામાં અનુક્રમે ભારત કે રાજય સરકારનું સત્તાવાર ચેનલ દ્રારા કોર્ટ સમક્ષ તેને રજુ કરવા, કે તેનાં આધારીત એવીડન્સ આપવા મંજુરી મેળવવી. પણ જો પ્રસિઘ્ધ કરનાર હોય કે તદન ફોર્મલ કે રૂટી પ્રકારના હોય તો મંજુરી જરૂરી નથી.

૪. પેટા નિયમ–૩ સિવાયના ડોકયું. માટે જો પ્રજા હિતનો વિરૂઘ્ધ કે સંરક્ષણને હાનીકર્તા કે રાજદવારી સંબધોની સારી જાળવણી માટે જાહેર સેવાના હિતમાં ગુપત રાખવાનું બને તો તેને રજુ કરવા નહી. જો કે કેટલીક હાઈકોર્ટે આ અધિકાર માન્ય રાખ્યો નથી. ગેરવહીવટ બહાર પડે કે વળતર ચુકવવુ. તેવા મુદાઓ છાવરછાના હેતુથી ને રજુ થતા અટકાવવા ન્યાય પરસર નથી. અને તેથી જ રજુ ન કરવાના કારણે એપેન્ડીકસ–૧ નમુના નં.૧૩ માં યોગ્ય સ્થળે તે મોટી એફીડેવીટમા આપવા.

૫. શંકાસ્પદ કિસ્સામાં ખાતાના વડાએ ઉપલી સત્તાના ઓર્ડર મેળવવા.

૬. આ સુચનો સરકાર પક્ષકાર હોય તેવા કેસને પણ લાગુ પડે છે. ડોકયુ ના મહત્વ અંગે મોટો ધારાકીય સલાહ પણ રહે છે. એટલે કે તે અંગે વિચારી લેવુ. અને ઉપલી સત્તાને રીફર પણ કરવુ.

૭. ખાતાના વડા સિવાય સત્તાવાર ડોકયુ રજુ કરવા સમન્સ મેળવનાર તે તેના કબજામાં છે અને રજુ કરી શકે તેમ છે. તેનો નિર્ણય કરવો સામાન્ય તે ખાતાના વડાના કબજામાં હોય છે. એટલે પોતાના કબજામાં ન હોય તો કોર્ટને તેમ જણાવવુ વળી તે બીનપ્રસિઘ્ધ સત્તાવાર રેકર્ડ છે કે નહી ? વગેરે પણ વિચારી અને કલમ–૧૨૩ નીચેના અધિકાર માટે કલેઈમ કરવો. જો આ અંગે શંકા રહે તો ખાતાના વડાને જાણ કરવી. જે ફોર્મ ૨૩ માં એફીડેવીટ કરશે અને જરૂરી સુચના આપશે. ૧૨૩ ની કલમ નીચે કલેઈમ નકકી કરી શકાય છતાં ગુપ્તતા અને જાહેર હીત જાળવવા રજુ કરવા યોગ્ય ન લાગે તો કલમ–૧૨૪ નીચે નમુના નં. ૧૪ માં એ અંગે કલેઈમ કરવો. શંકાસ્પદ કિસ્સામાં ખાતાના વડાની સલાહ લેવી.

૮. સત્તાવાર ડોકયુ સાથે સાક્ષી તરીકે કોર્ટમાં હાજરી આપવાની હોય તેવા ગર્વ નોકરે કલમ–૧૨૩ નીચે મંજુરી ન મળી હોય તો એપેન્ડીકસ–૧ નમુના–૧૩ માં ખાતાજા વડાની સહી સાથેની એફીડેવીટ આપવી. માટે બોલાવયા ત્યારે તે રજુ કરવી અને ડોકયુ રજુ કરવા કે તેના આધારે એવીડન્સ આપવા છુટ નથી જો કે રજુ કરનારના કાગળો તેણે રજુ કરવા.

૯. કલમ–૧૨૪ નીચેના ડોકયુ માટે ફોર્મ–૧૪ માં એફીડેવીટ કરવી. જો કે તે પોતે હાજર ન રહે તો ડોકયુ. સાથે તેને કોર્ટ પહોચાડવી પહોંચાડનાર ડોકયુ. મંગાય ત્યારે તે રજુ કરે ડોકયુ સાથે રાખવા પણ સ્પષ્ટ આદેશ વિના કોર્ટને સોંપવા નહી. વિરોધપક્ષને તે ન બતાવવા.

૧૦. ખાતાના વડાએ કોર્ટના પ્રોસી. અધિકારીને આ બારામાં પત્ર વ્યવહાર કરવા નહી. તેણે કોર્ટના આદેશનો અમલ કરવો રૂબરૂ હાજરી આપવી કે ડોકયુ સાથે બીજાને મોકલવા અને જો રજુ ન કરવા હોય તો પેટા નિયમ–૮ ની જોગવાઈ અનુસાર વર્તવુ.

———XXXXX———

## પ્રકરણ—૨૧
## મેજીસ્ટ્રેટ અને કોર્ટ દ્વારા પોલીસ કેસનાં નિકાલ અંગે

**નિયમ ૨૬૩. ફાઈનલ રીપોર્ટની સમરી અંગે.:—**

૧. કોગ્ની. કેસને ડીસ્પોઝ કર્યા બાદ તુરતજ દરેક મેજી. સુપ્રી. કે એસ.ડી.ઓ. ને ફોર્મ—ઈ માં ફાઈનલ ઓર્ડરનો સમરી જો કે પો. સ્ટેશન દ્વારા મોકલશે. ટ્રાયલ કે અન્ય રીતે ડીસ્પોઝ કરાયેલ બધા જ કિસ્સા માટે તે મોકલવી સેસન્સ કોર્ટ દ્વારા તેના કેસોની સમરી કમીટીગ મેજી. દ્વારા મોકલવી. અપીલ રીવીઝનના કારણે પરીણામ બદલાય તો ફેરફારની સમરી એફ ફોર્મમાં મોકલવી.

૨. પુરાવા નોંધાય તો પહેલા અને ચાર્જશીટ રજુ થયા બાદ આરોપી મુત્યુ પામે તો મેજી. ને (એ) સમરી માટે વિનંતી કરવી.

૩. ટ્રાયલ માટે ન રજુ કરાયેલ પણ ફાઈનલ રીપોર્ટ પર ડીસ્પોઝ કરાયેલ કિસ્સા માટેની સમરી પ્રો. રીપોર્ટના આધારે કોગ્નીઝન્સ લેવા સત્તાધારી મેજી. એ ઈશ્યુ કરવી.

૪. ક્રિ.પ્રો.કો. કલમ—૧૫૭ ૧ (બી) નીચે જેને માટે પો.ઈન્વે. ના પડાઈ હોય તેવા રીપોર્ટસના મેજી. ની જવાબ જરૂરી છે. ફોર્મ—ઈના પ્રશ્ન—૪ માં મેજી. ની મંજુરી નીચે તેમ ખાસ નોંધવુ સીવીલ પ્રકારની ન હોય તેજી ફરીયાદ માટે સમરીના મેજી. એ કહેવાતી ચોરાયેલ મિલ્કત કિંમત પણ નોંધવી.

૫. જો કેસ સાચો હોય તો તેને (એ) તરીકે વર્ગીકૃત કરવો આ જેના પર મુકદમો ચાલ્યો હોય અને પુરાવાના અભાવે છોડી મુકાયેલ પણ લાગુ પડે આરોપી કે બીજા કોઈ દ્વારા બીલકુલ ગુનો ન થયાનું લાગે તેવા કિસ્સા (બી) અને (સી) લેખાય. નોન કોગ્ની ગુના માટે નોન કોગ્ની. લખવુ. અને કલમ—૨૦૩ મુજબના ગુના માટે પણ તેમ લખવુ.

૬. કેસ કમ્પાઉન્ડેડ હોય તો તે મુજબ સમરી ફોર્મ—ઈ ના નબંર—૩ તે મુજબ નોંધવુ. તેવી જ રીતે મુત્યુ, ગાંડા થઈ જવુ કે નાસી છુટવા માટે પણ નોંધવુ.

૭. ક્રિ.પ્રો.કો. કલમ—૧૫૬ અને ૨૦૨ નીચે ઈન્કવાયરી માટેનાં કેસોની ફાઈનલ ઓડર્સની સમરી રેકર્ડ માટે નિયત નમુનામાં પોલીસ સ્ટેશન અધિકારીને મેજીસ્ટ્રેટ એ સીધેસીધી મોકલવી.

૮. ૧૯૫૨નો ક્રિમી. લો. એમે. એકટ કલમ—૬ નીચેના ગુનાઓની ટ્રાયલ માટે ખાસ જજોની નિમણુંકની જોગવાઈઓ ધરાવે છે. (એ) ૧૯૪૭ના પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટ કલમ—૫ પેટા કલમ—૨ ઈ.પી.કો. નીચે કલમો—૧૬૧—૧૬૫ કે ૧૬૫ (એ) નીચે સજા અંગેના ગુનાઓ (બી) કલોઝ (એ) માં સ્પષ્ટ થયેલા ગુનાઓ અંગે (સી) (એ) અને (બી) બતાવ્યા મુજબના ગુનાઓ સાથે સંકળાયેલ ગુનાઓ અંગે પો.સ્ટે. એન્ટી કરપ્શન બ્યુરો અધિકારીએ સ્પે. જજને તપાસનો રીપોર્ટ આપવો અને તેમની પાસેથી સમરી મેળવવી.

૯. જેને પ્રોસીકયુટર કરવા સરકારે ઓર્ડર કરેલ હોય તેને માટે ફર્ધર ઓર્ડર અવશ્ય મેળવવા અને જો પ્રોસીકયુશન ન હાથ ધરી શકાય તો ફકત સમરી માંગવી.

**નિયમ ૨૬૪. પેપર્સના ફાઈલીગ અંગે.:—**

૧. નોન કોગ્ની અને બી, સી વર્ગના કેસના પોલીસ ઈન્વેસ્ટીગેશન પેપર્સ મેજી. ની કોર્ટમાં ફાઈનલ કરવા કે, મેજી. ફાઈનલ ઓર્ડર પાસ કરશે. એ વર્ગના પણ ડીટેકટ ન થયા હોય અને ટ્રાયલ માટે ન લેવાય તે રેકર્ડ માટે પોલીસને પરત કરવા

૨. ટ્રાયલ પુરી થયે ડાયરી અને રેકઝીબીટ રૂપે મુકાયેલ સિવાય પંચનામા અને પોલીસે નોંધેલ સ્ટેટમેન્ટો અને બીજા કાગળો અપીલ માટે મંજુર થયે સમય પછી કોર્ટ વડે પોલીસને પરત કરાશે. વહેલા માગે તો પણ મેળવી શકાય, પોલીસ ડાયરીની નકલો અને એકઝીબીટ તરીકેનો કાગળોની નકલો કોર્ટમાં કેસ પેપર સાથે ફાઈલ કરાશે.

૩. આગામી નુકશાની થયે ઈન્કવાયરી દ્વારા કોગ્ની. ગુનો જ જણાય તો ઈન્કવાયરી અધિકારી દ્વારા ઈન્કવાયરીના કાગળો ફાઈલ કરાશે.

**નિયમ ૨૬૫. ઈરાદાપુર્વક ખોટા કેસમાં પગલાં અંગે.:–**

૧. 'બી' વર્ગના કિસ્સામાં ફાઈનલ રીપોર્ટ કે ટ્રાયલ પછી ઈરાદાપુર્વક ખોટી ફરીયાદો ગુનો ઈ.પી.કો. કલમ–૨૧૧ નીચે અને નહીં કે ૧૮૨ નીચે લેવાશે અને ફરીયાદની સાથે મેજી.ની લેખિત ફરીયાદ વડે પ્રોસીક્યુશન નોધાવશે.

૨. જો ફરીયાદ સામે ક્રિ.પ્રો.કો. કલમ–૨૫૦ નીચે પ્રોસીક્યુશન કાર્યવાહી ન કરાઈ હોય તો પ્રો. સુપ્રી. કે એસ.ડી.ઓ. ઈ.પી.કો કલમ–૨૧૧ નીચે કાર્યવાહી કરશે. 'બી' સમરીનો ફાઈનલ રીપોર્ટ મોકલતાં કે ટ્રાયલ પછી મેળવતા મેજી ને જુદો રીપોર્ટ વિગતો આપતો અને ફરીયાદ નોંધાવવાના લેખિત કારણો કોર્ટને આપવો.

૩. પોલીસ એકેડેમી વાર્ષિક રીપોર્ટ સુપ્રી. કે એસ.ડી.ઓ. એ જરૂરી વિગતો સાથે, તારીખવાર એન્ટ્રીઓ જરૂરી માહિતી સાથે પુરી પાડવી.

**નિયમ ૨૬૬. એક કરતાં વધુ પોલીસ સ્ટેશન એ રજી. થયેલ ડીટેકટેડ કેસો અંગે.:–**

રૂલ ૧૧૯ માં પોતાની હદ બહારના કિસ્સાઓને રજીસ્ટર પરથી દુર કરવા માટે અનુસરવાનો પ્રોસીજર છે.

**નિયમ ૨૬૭. ટેવાયેલા ગુનેગારો અંગે.:–**

૧. ઈ.પી. કોડના પ્રકરણ–૧૨, ૧૬, ૧૭, ૧૮ નીચે સ્વતંત્ર રીતે કે ચાલુ કેસના અનુસંધાને કન્વીકશન અંગે ગુનો કરવા ટેવાયેલ છે અને તે અંગે સજા પામેલ છે.

૨. ક્રિ.કો. કલમ–૧૦૯, ૧૨૩ સાથે વાંચતા અટકાયત કરાયેલ હોય કે કમીટ કરાયેલ હોય

૩. કલમ–૧ મુજબના ગુના માટે કન્વીકટ થયેલ અને આગલા કન્વીકશન ના સાબીત રહે તો જો ચોર કે ધાડપાડુ ટોળીની સભ્ય કે ગુલામોનો વેપાર કરનાર કે ચોરેલ મિલ્કત રાખનાર ટોળીઆનો સભ્ય હોય કે ટેવ ધરાવતો હોય, કલમ–૨ કોર્ટ શિક્ષા ફરમાવતા પેટા કલમ–૧ નીચેનાને ટેવવાળા તરીકે વગીકૃત કરશે અને કમીટલ વોરંટમાં તે બતાવશે. જો તેમ ન કરાય તો જિલ્લા મેજી. સેસન્સ જજ વર્ગીકરણ કરશે અને જેલના અધિકારી પણ કરી શકશે.

૪. જો ટેવાયેલ તરીકે વગીકૃત કરાયેલ અરજી કરે તો કલમ–૩ કોર્ટ જે જિલ્લા મેજી. કારણો લેખિત નોંધ કલમો ૧૨૩, ૧૦૯ અને ૧૧૦ સાથે વાંચતા ટેવાયેલ તરીકે ન ગણવા અને તે માટેની સુચના રીવાઈઝ કરવી. કલમ–૪ કન્વીકટીગ કોર્ટ કે જિલ્લા મેજી. પોતાના વર્ગીકરણને રીવાઈઝ કરી શકે અને જિલ્લા મેજી. કોર્ટના વર્ગને બદલી શકે જયારે કોર્ટ સમક્ષ ન હોય તેવી ફેકટસનો આધાર લીધો હોય,

૫. પેટા નિયમ–૨ થી ૪ મેજી. એટલે કે જિલ્લામાં ગુનેગારને કન્વીકટ કમીટ કે ડીટેઈન કરાયો હોય અને પ્રેસીડેન્સી મેજી. નો પણ તેમાં સમાવેશ થાય.

૬. ફાઈનલ રીપોર્ટની ઈશ્યુ કરનાર મેજી. એ સાતમાં ખાનામાં (એચ) કરવો વર્ગીકરણની સત્તા ધરાવનાર વર્ગીકરણ કરે ત્યારે તેની નકલ પોલીસ સુપ્રી. ને તરતજ આપવી.

૭. મેજી. ની કોર્ટમાં પ્રોસીક્યુશન ચલાવનાર જો કેદી ટેવાયેલ હોય તો ફાયનલ ઓર્ડરની સમરીમાં (એચ) લખાયેલ છે કે નહી તે ખાસ જોશો અને લખાયેલ હોય તો સુધારા માટે તુરત પરત કરશો.

**નિયમ ૨૬૮. અપીલ અને રીવીઝન અંગે.:–**

૧. જયારે ક.સનો અંચ મેજી. વડે ડીસ્ચાર્જ કે એકવીટલમાં આવે ત્યારે પોલીસ સ્ટેશન અધિકારી એ જજમેન્ટ નકલ તુરતજ વિસ્તૃત પોર્ટ સાથે પોલીસ પ્રોસી. દ્વારા પોલીસ સુપ્રી. અને મોફયુજલમાં એસ.ડી.ઓ. ને ૧૦ દિવસની અંદર મોકલવી. નીચેના મુદાઓ જોવા ૧. ઈન્વેસ્ટીગેશન યોગ્ય રીતે હાથ ધરાયેલ કોર્ટમાં પ્રોસીક્યુટરે યોગ્ય રીતે રજુ કરેલ ૩. પ્રોસીક્યુટરના એવીડન્સને મેજી. એ શા માટે ધ્યાને ન લીધો અને કયા કારણોસર ડીસ્ચાર્જ કે એકવીટ કર્યો

૨. લો ઓફિસર્સના રૂલ્સના રૂલ–૫૦ નીચે એકવીટલ સામે અપીલ કરવાની દરખાસ્ત અને રીવીઝન એપ્લીકેશન સરકારને ચુકાદાની તારીખ થી ૬ અઠવાડીયા દરમ્યાન કરાય છે. કેટલીકવાર સમયમર્યાદા બહાર કે પ્રમાણીત જરૂરી નકલો વિના દરખાસ્ત કરાય છે. તેથી વિલંબ થતા હાઈકોર્ટમાં કેસ નિષ્ફળતામાં પરીણમે છે.

૩. વિલંબ નિવારવા માટે પોલીસ કે પબ્લીક પ્રોસી. એ નીચેની પધ્ધતિ અમલમાં મુકવી. ચુકાદો અપાય કે તુરતજ પ્રમાણીત નકલ મંગાવી નકલ મળે ૩ બિન પ્રમાણીત નકલો તે નકલ સાથે અપીલ કે

રીવીઝન માટેનાં કારણોના રીપોર્ટ સાથે પબ્લીક પ્રોસી. ને મોકલવા પુરાવાના ઉત્તરો અંગ્રેજીમાં મોકલવા ચાર્જશીટ કે ચુકાદાની નકલમાં આરોપીના સાચા નામ અને સરનામા આપવા પ્રમાણીત નકલો અંડર લાઈન કે નિશાનીઓ કરવી નહી કારણ કે હાઈકોર્ટ તે સ્વીકારતી નથી. દરેક પાના પર કોર્ટનુ સીલ હોવુ જરૂરી છે. આરોપીના નામ અને સરનામા દરખાસ્ત સાથે મોકલવા.

(એ) જેલમાં હોય તો કઈ જેલ તે જણાવવુ દરખાસ્ત સાથે કોર્ટનું અસલ રેકોર્ડ મોકલવુ નહી.

(બી) જો દેહાંત સજા થયેલ હોય તો અપીલ તરતજ મોકલવી આથી અપીલ સાથે સાથે કન્ફરમેશન સાંભળવાનું હાઈકોર્ટ માટે શકય બને છે.

(સી) પોલીસ પ્રોસી. કે અન્ય અધિકારી પોતાની દરખાસ્ત જો પબ્લીક પ્રોસી. ને મોકલવી.

(ડી) દરખાસ્તની નકલ ડી.એસ.પી. ને મોકલવી જે પોતાનો અભિપ્રાય જિલ્લા મેજી. ને આપશે.

(ઈ) સુપ્રી. ના અભિપ્રાયની નકલ આઈજી. અને ડીઆઈજી ને આપશે. નકલ મળે કે પોતાની અભિપ્રાયની મુદત દરમ્યાન દરખાસ્ત પહોંચવી જોઈએ.અપીલ માટેનો સમય ફકત ૩ માસનો છે. લીગલ ડીપો ને પુરતો સમય મળે ઝડપથી કાર્યવાહી થવી જોઈએ.

(જી) જિલ્લા મેજી. કે સમાહર્તા કે વધારાના જિલ્લા મેજી. પબ્લીક પ્રોસી. ને રીપોર્ટ મળે કેસ તપાસ એન્ડોર્સ કરેલી નકલ આઈ.જી. કે ડી.આઈ.જી. ને આપશે.

(એચ) અપીલ કે રીવીઝન માટેની દરખાસ્ત કરવાની પી.પી. ની પ્રાથમિક ફરજ છે. વિના વિલંબ યોગ્ય કિસ્સામાં આવી દરખાસ્તમાં જિલ્લા મેજી. ને દરખાસ્ત કરશે.

(આઈ) જિલ્લાનાં બી.પી. પોતાના દ્વારા કંડકટ થયેલ કિસ્સામાં અપીલ કે દરખાસ્ત મળે બી. પ્રાસી માટે દરખાસ્ત સાથે નીચલી અને સેસન્સ કોર્ટના ચુકાદાની પ્રમાણિત નકલ મોકલવા કે ઉપરના પ્રોસીજર કરવો.

(કે) સજાના વધારાના રીવીઝન અરજી કે દરખાસ્તોને લાગુ પડે છે.

(એલ) પુરાવાના સંબધીત ઉતારા ચુકાદા અને રીપોર્ટ સાથે મોકલવા જરૂર અંગ્રેજીમાં અનુવાદ કરવી.

(એમ) ચુકાદાની પ્રમાણીત નકલ વિના મુલ્યે પુરી પાડશે.

<u>નિયમ ૨૬૯. કોર્ટ પ્રોસીડીગ નકલ અંગે.:–</u>

૧. બીજા ખાતા કે કાર્યાલયને જરૂરી તેના વધારાના પ્રોસીડીગ આપી શકાતી નથી. આ માટે તે સરકારી પ્લીડર કે જિલ્લા સમાહર્તા દ્વારા નિમાયેલ આબરૂદાર વ્યક્તિને પ્રોસીડીગને ઉપયોગમાં લેવા બિનઅધિકારીકૃત નકલો લેવા દે છે. અને તે રીતે તે સસ્તામાં મેળવી શકાય છે.

૨. મેજી. કોર્ટના રેકર્ડને તપાસવા ઈચ્છનાર સુપ્રી. કોર્ટ ગેઝેટેડ અધિકારી સેસન્સને એપ્લાય કરશે જે નીચેના કોર્ટમાંથી તે મેળવી માંગણીદાર અધિકારીને મોકલવાય કે કેમ તેનો નિર્ણય લેશે અને જરૂર મુજબની આવા ડોકયુની નકલ મેળવશે.

૩. સરકારી અધિકારી જયુડી કન્વી. થયે નિર્ણય નકલ તેના ખાતાના વડાને વિના મુલ્યે આપવી. જેથી તે યોગ્ય પગલાં લઈ શકે ખાતાના વડાની માંગણીથી એકવીટલ અને ડીસ્ચાર્જના ચુકાદાની નકલો પણ તેને આપવી.

૪. નકલોથી હેતુ સરે તેમ હોય તો જયુડી પ્રે રેકોર્ડની અસલમાં માગણી કરવી નહી.

<u>નિયમ ૨૭૦. સરકારી કર્મચારીનુ પ્રોસીકયુશન.:–</u>

૧. ભારત કે રાજય સરકારના કર્મચારી ને ક્રિમા ગુના માટે લો કોર્ટમાં પોલીસ વડે પ્રોસીકયુટ કરાય તો તેનુ પરીણામ તેના વહીવટી અધિકારીને જેમ બને તેમ જલ્દી જણાવવુ.

૨ ઉપરની કોર્ટને તેના વડે રીવીઝન કે અપીલ કરાય તો તેને સેસન્સ કે હાઈકોર્ટ તરફથી નોટીસ મળે તે જિલ્લા મેજી. તેના ડી.એસ.પી. અને ખાતાકીય સત્તાને જાણ કરશે આવી માહિતી ખાતુ પોતાની સત્તાના સંપર્કમાં રહી અપીલાના પરીણામ અંગે નકકી કરશે.

<u>નિયમ ૨૭૧. જજેમેન્ટની ચકાસણી.:–</u>

૧. ક્રિ.પ્રો.કો. કલમ–૩૬૫ મુજબ સેસન્સ જજ કે ચીફ જયુડી. મેજી. કે ચીફ મેટ્રો મેજી. દ્વારા ચલાવાયેલા કેસને જજમેન્ટ નકલ ડી.એમ. ને મોકલશે અને તેઓ ડી.એસ.પી. ને મોકલશે અને એસ.પી. એ આ જજમેન્ટમાં ચકાસી જવુ કે કયાંય ખોટી કે ભુલ ભરેલી તપાસ તો થઈ નથી ને તેણે તેવા કિસ્સામાં યોગ્ય ઉપાયો કરવા જોઈએ જો સામાન્ય પ્રકારના હોય તો જજમેન્ટની એક નકલ

ડી.આઈ.જી. સી.આઈ.ડી. ક્રાઈમને કે જેથી તેઓ મુ.પો. અધિકારી સાથે મસલત કર્યા બાદ જરૂરી જનરલ હુકમ બહાર પાડશે જે જજમેન્ટનો નકલ જો આઈ.જી., સી.આઈ.ડી. ક્રાઈમને મોકલાય તે નકલ ડી.આઈ.જી. રેન્જને પણ મોકલવી કમિશ્નરેટ એરીયામાં જજમેન્ટમાં અનુસંધાને પગલા લઈ તેની જાણ આઈ.જી.પી. ને કરશે. અને પોતાનો રીપોર્ટ આપશે.

૨. કમિ. ડી.એસ.પી. એ આવા કેસોમાં નિર્દોષ જાહેર થયા હોય તેની વિગત દર્શાવતુ એક રજીસ્ટર રાખશે કે જેમાં ચીફ જયુડી. મેજી. કે ચીફ મેટ્રો મેજી. ના જજમેન્ટ આપેલા હોય.

૩. સેસન્સ કોર્ટ કે ચીફ મેજી. કે ચીફ મેટ્રો મેજી. સિવાયના કોર્ટના જજમેન્ટની એસ.પી. અમદાવાદ સીટી અથવા જિલ્લા એસ.ડી.પી.ઓ. એ ચકાસણી કરી પોતાના રીપોર્ટ સી. પી., ડી.એસ.પી. ને મોકલવો અને તેનુ રજીસ્ટર રાખવુ.

૪. રેન્જ ડી.આઈ.જી. અને ડી.જી.પી. એ પોતાના ઈન્સ્પેકશન દરમ્યાન આ રજી. ચકાસવુ. અને જરૂરી રીમાકર્સ કરવા.

**<u>નિયમ ૨૭૨. ચુકાદામાં કરાયેલ એકસપન્જ ઓફ સ્ટકચર માટે પ્રોસીજર અંગે.:–</u>**

નીચલી કોર્ટમાં સરકારી અધિકારીઓ સામે ચુકાદામાં કરાયેલા અયોગ્ય રીમાર્કને એકસપન્જ કરવા હાઈકોર્ટને મુવ કરવા સરકારને વિનંતી કરાય છે. આ માટેનો યોગ્ય સમય હાઈકોર્ટમાંની અપીલ કે રીવીઝન દરમ્યાન છે. અધિકારીએ ઉપરીઓ કે જિલ્લા મેજી. દ્વારા સમયસર ધ્યાન પર લેવા જોઈએ જેથી હાઈકોર્ટમાના ગર્વ. પ્લીડરને તે અંગે જરૂરી જાણ કરી શકાય અને ચુકાદો અપીલ કે રીવીઝનામાં લેવાય ત્યારે હાથ ધરી શકાય.

———XXXXX———

## પ્રકરણ–૨૨
## એકઝીકયુશન અને રેમીશન ઓફ સેન્ટેન્સ

**નિયમ ૨૭૩. રેમીશન ઓફ સેન્ટેન્સીસ**

૧. એપેન્ડીકસ–૨૩ માં લાંબી કેદની સજા રીવાઈઝ કરવાના સલાહકાર બોર્ડની નિમણુંક આવી સમિતિઓની રચના અને કામગીરી અને આવા કેદીઓની વહેલી મુકિત અંગે ભલામણ કરવા સંબધેના સિધ્ધાંતો માટેના નિયમો ધરાવે છે.

૨. આજીવન કેદ અને તેની વહેલી મુકિત અંગે અને તે માટેના નિયમો માટે અનુસરવાના નિયમ એપેન્ડકીસ–૨૪ માં મળે છે.

૩. ઈન્સ્પેકટર જનરલ ઓફ પ્રિઝન ક્રિ.પ્રો.કો.કલમ–૪૦૧ નીચે સરકારી આદેશ મેળવ્યા વિના કોઈ કેદીને છોડી શકે નહી.

૪. કોન્ઝર્વન્સી વર્ક સિવાય ટેવાયેલા કેદીઓને રેમીશન મંજુર કરી શકાય નહી. તેઓ સલાહકાર બોર્ડની મર્યાદા બહારનાં છે.

**નિયમ ૨૭૪. આર્કીયોલોજીકલ અવશેષો અંગે.:–**

સ્થાપત્ય અને આર્કીયોલોજીકલ અવશેષનું ભાંગફોડ અને નાશમાંથી રક્ષણ કરવું જોઈએ. જાહેર સ્થળો નજીક ધાંધલ ધમાલ ન થવા આ એકટની કલમ–૧૫ નીચે આ નિયમ ભંગ માટે પગલાં લઈ શકાય.ક

**નિયમ ૨૭૫. એરક્રાફટ અંગે રીપોર્ટકર્તા અને નોટીસ કરવી ડીટેઈલ અંગે.:–**

૧. એપેન્ડીકસ–૨૫ માં વર્ણવેલ સામાન્ય સલામતીની પરિસ્થિતિ અંગે ખાસ ધ્યાન આપવુ. નીચુ કે ભયંકર ઉડયન દેખાય ત્યારે બીની નિશાનીઓની નોંધ કરવી અને માલીક અને પાયલોટને એરેસ્ટ કરવા પ્રયત્ન કરવો. નિયમભંગ અંગે સીવીલ એવીએશન ડાયરેકટની સહાય લેવી.

૨. (એ) પગલા લેવાના હોય અને એરોડ્રમ અધિકારીને રીપોર્ટ કરવાનો હોય તો નીચે માહિતી આપવી. એ બીજો નિશાની ઓ પ્રકાર વિ.
(બી) પાયલોટ અને સભ્ય અન્ય સભ્યના નામ
(સી) ઉડયનનો પ્રકાર આવવા અને જવાની દિશા અંદાજી ઉંચાઈ
(ડી) સમય નજીકના રેલ્વે સ્ટેશન કે નકશા પરના સ્થળનું નામ
(ઈ) સમય અને તારીખ એક નિયમભંગની ટુંકી વિગત. અકસ્માત કર્યો હોય તો તે અંગેની વિગત

૩. ગુમ થયેલ એરક્રાફટ માટે સી.ડી.ઈ. ની .વિગત મહત્વની બની રહે છે.

**નિયમ ૨૭૭. વિસ્ફોટક પદાર્થ કબજે લેવા અને જડતીની સત્તા.:–**

૧. (એ) આ અપાયેલ અધિકારી જ્યાં ઉત્પાદન થાય રખાય ઉપયોગ કરાય વેચાય, હેરફેર કે લાયસન્સ તળે આયાત કરાય તેના કોઈપણ વહાણ કે સ્થાનમાં પ્રવેશ નિરીક્ષણ કરી કે કસોટી કરી શકે છે.
(બી) તે અંગે જડત મંગાય તો કિંમત ચુકવી નમુના લઈ શકે.
(સી) કાયદાભંગ માટે તેને કબજે લઈ શકે કે દુર કરાવી શકે.

૨. ચીફ ઈન્સ્પે. સિવાયના જો પેટા રૂલ–૧ નો અધિારી વાપરે તો તુરતજ તેની જાણ તાર દ્રારા તેમને આપે અથવા જિલ્લા સત્તાધીશને આપે.

૩. દબાણ તળે કે પ્રવાહીરૂપમાં નળામાના કોઈ વાયુ મેજી વડે ચીફ ઈન્સ્પે વિ. ની સુચના વિના દુર કરી શકાય નહી.

૪. અધિનિયમનાં ભંગ માટે પોલીસ અધિકારી વોરંટ વિના પણ પગલાં લઈ શકાશે.

**નિયમ ૨૭૮. ભારત શસ્ત્ર અધિનિયમ–૧૯૫૯ નો પોલીસની ફરજો અને સત્તા અંગે.:–**

૧. ડી.એસ.પી., એ.એસ.પી. અને ડી.વાયએસ.પી. વર્ષમાં એકવાર ફેરીયા કે ઉત્પાદકોનો જથ્થો તેનો હિસાબ દુકાન વગેરે તપાસી જિલ્લા મેજી. ને રીપોર્ટ કરશે. હિસાબી ચોપડામાં સહી અને તારીખ નોંધશે. મોફયુજોલમાં પી.આઈ. દર છ માસે આ ફરજ બજાવી જિલ્લા મેજી. ને જાણ કરશે.

૨. (એ) જપ્ત કરાયેલ ફાયર આર્મ્સની કિંમત નીમેલ કમીટી કરશે. જિલ્લા મેજી. તેના ચેરમેન અને ડી.અસ.પી., એસ.ડી.ઓ. હેડ.કવા. ના આર્મરીના ઈન્સ્પે. અને જિલ્લા વિકાસ બોર્ડના વી.સી. અને આર્મ્સ ડીલીવરી સભ્યો રહેશે.

(બી) આ કિંમતે તે હથિયારો જિલ્લા મેજી. ની મંજુરીથી વેચવા
3. જપ્ત કરેલ બંદુકો યોગ્ય કિમતે ગન કલબ, પાક સંરક્ષણ મંડળીઓ અને સર્વદો કેન્દ્રને અગ્રતાક્રમથી આપવો.
૪. (એ) પોલીસ ની સલામતી કસ્ટડીમાં રખાયેલ હથિયાર અને દારૂગોળા કોઈ સંજોગોમાં કોઈ કારણે હેડ.કવા. સ્ટોર્સની બહાર ખસેડવો નહી. એસ.પી. ની મંજુરીથી ખસેડાય.
(બી) તેના રજીસ્ટરનુ માસિક ચેકીગ કરવુ. આ નિયમિતતાની આઈ.જી. વગેરેને જાણ કરવી.
(સી) ડી.એસ.પી. એ જિલ્લા મેજી. જપ્ત લીધેલ અને નિકાલ માટેનાં ફાયર આર્મ્સ અંગે માસના પ્રારંભે સ્ટેટમેન્ટ આપવુ. સમિતિએ નકકી કરેલી કિંમતે વેચાઈ ગયેલ અને વધેલાને જથ્થો વગેરે માસના અંગે જણાવવુ.

**<u>નિયમ ૨૭૯. પોલીસ અધિકારીના ખાનગી હથિયારોનું રજીસ્ટર.:–</u>**

૧. આઈ.પી.એસ. અધિકારી બે રીવોલ્વર કે પિસ્તોલ રાખી શકે છે કે, ડી.વાય.એસ.પી., એક રેગ્યુલેશન પેટર્ન રીવોલ્વર રાખી શકે છે તે અંગેની જાણ ચાર્જ સંભાળ્યાના ૧૫ દિવસમાં જિલ્લા મેજી.ને આપવી.
૨. તે જ રીતેઅન્ય અધિકારી અંગત માલીકીની રીવોલ્વર કે પિસ્તોલ રાખે તેને પણ ઉપર મુજબ અમલ કરવો.
૩. તપાસ અને ખરાઈ માટે તે હથિયાર રજી. સર્વી. પાસે રજુ કરવા.
૪. તે ગુમાવાય કે ચોરી થયે નજીકના પોલીસ સ્ટેશન અને જિલ્લા રજી. અધિકારીને રીપોર્ટ કરવો.
૫. નિવૃત થયે તે નિકાલ કરે તો નીચેના પ્રોસીજરનો અમલ કરવો.
(૧) જો પ્રોહી. બોરનુ હથિયાર હોય તો પોતે કે પોલીસ સ્ટેશન દ્વારા ગર્વ આર્સેનલને મોકલી દેવુ.
(૨) નહી તો નજીક કસ્ટમ હાઉસને તેની ડયુટી દેવા યોગ્ય લાયસન્સીગ સત્તા પાસે તેને રાખવા માટેની મંજુરી મેળવવી કે ખરીદનારનું નામ, સરનામું વિ. રજી. સત્તાને જણાવી વેચી દઈ શકે.

**<u>નિયમ ૨૮૧. પોલીસ કોન્સ્ટેબલ દ્વારા રીવોલ્વરનો ઉપયોગ.:–</u>**

માત્ર નીચેના સંજોગોમાં જે પ્લેઈન કલોયમાં કોન્સ્ટેબલ રીવોલ્વર વાપરી શકે છે.
(એ) જયારે અમલદારના બોડી ગાર્ડ તરીકેની ફરજ હોય
(બી) જયારે અમલદારના મકાનો અને એપાર્ટમેન્ટની અંદરના ભાગ કે કોર્ડન વિસ્તારમાં ફરજ બજાવતાં હોય.
(સી) જયારે ભયાનક ગુનેગાર સાથે સંકળાયેલ કામ સોંપાયેલ હોય, તેમ છતાં કોન્સ. દ્વારા રીવોલ્વરનો ઉપયોગ પસંદ કરવા યોગ્ય નથી. કેમ કે, તેના દ્વારા અકસ્માતે નર્વસનેસમાં ફાયરીગ થઈ જવા સંભવ રહે છે.

**<u>નિયમ ૨૮૪. ગુન્હાઓ અને દંડ.:–</u>**

૧. આર્મ્સ એકટ સેકશન–૨૫ થી ૩૧માં ગુનાઓ અને દંડની વિગત આપેલ છે.
૨. એવા કિસ્સામાં પોલીસ ઓફિસર કોઈ શખ્સને પકડી શકે કે, જેમાં કોઈ શખ્શ હથિયાર લઈ જતો કે, પહોંચાડતો, લાયસન્સ ધરાવતો કે, ન ધરાવતાં કે જેમાં શંકાસ્પદ જેવુ જણાય અને કાયદાનો ભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવા ઈરાદો ધરાવતો હોવાનુ જણાય ત્યારે તેની પાસેથી હથિયાર, દારૂગોળો કબ્જે કરી શકાય.

**<u>નિયમ ૨૮૫. કેટલ ટ્રેસપાસ એકટ અંગે સત્તા અને ફરજો.:–</u>**

(એ) કલમ–૧૦ નીચે દરેક પોલીસ અધિકારીએ કાયદેસર કબ્જાનો વિરોધ અને પકડનારને રક્ષણમાં સહાય કરવી.
(બી) કલમ–૧૧ નીચે પોલીસ જાહેર માર્ગો, નહેર, વાડીઓ મેદાનો વગેરે નુકશાન કરી રખડતાં ઢોરને પકડશે કે તે માટે વ્યવસ્થા કરશે.
(સી) કલમ–૨૪–૨૬ અને ૨૭ આ એકટની પીનલ (ફોર્જદારી) કલમ છે.

**<u>નિયમ ૨૮૬. બાળ લગ્ન અટકાયત એકટ–૧૯ નીચે ઈજેકશન ઈશ્યુ કરવા અંગે.:–</u>**

૧. કલમ–૮ નીચે ફર્સ્ટ કલાસ મેજી. ગુનાનું કોગ્ની લઈ શકે કે ટ્રાયલ કરી શકે ૧ વર્ષની મુદત બાદ તેમ ન થઈ શકે. જો કોર્ટને ફરીયાદ થાય તો સંબધકર્તા પક્ષકારને ઈજેકશન ઈશ્યુ કરી શકે.

૨. બાળલગ્ન પ્રતિબંધક દ્વારા આ અધિકારીના સિધ્ધાતંનો એમેન્ડમેન્ટ થયેલ છે. (ગુજરાત એમેન્ડેમેન્ટ એકટ–૧૯૬૩)

**નિયમ ૨૮૭. સી–કસ્ટમ એકટ પોલીસની સત્તા અને ફરજો.:–**

૧. ચોરાયેલ હોવાની શંકાથી જે જપ્ત લેવાયેલ છે તે કાંઈપણ પોલીસ સ્ટેશનએ લઈ જવુ કે, કોર્ટમાં તે અંગેની ફરીયાદ કે ઈન્કવાયરી ચાલી રહી હોય ત્યાં તેનું પરીણામ આવે ત્યાં સુધી ડીટેઈન કરવુ. જપ્ત કરાયેલ વસ્તુઓ અંગે નજીકના કસ્ટમ હાઉસને લેખિત નોટીસ મોકલવી અને ફરીયાદ કે ઈન્કવાયરી નિકાલ પામે કે તરત જ નજીકના કસ્ટમ હાઉસને મોકલી આપવી. આ જોગવાઈઓનો અમલ ફરજીયાત છે. એટલે મેજી.ના લક્ષ પર મુકવો લક્ષ પર મુકવો જેથી મિલ્કતના નિકાલના ઓર્ડર વખતે તે પર ધ્યાન આપી શકે.

૨. દાણચોરીની પ્રવૃતિઓ અટકાવવા કસ્ટમ એકસાઈઝ અને પોલીસ ખાતુ સહીયારા સહકારથી કાર્ય કરે તો સુંદર અસર પાડી શકે આ માટે પસંદ કરેલ સ્થળે.

૩. ખાતાના અધિકારી સમયાંતરે મીટીગ યોજવી, તેમાં સરહદ પરના ડી.એસ.પી. અને ક્રિમિનલ ઈન્વે. ડીપાર્ટમેન્ટના એક પ્રતિનિધિ ભાગ લે.

**નિયમ ૨૮૮. પ્રિવેન્સ ઓફ કરપ્શન એકટ પોલીસની સત્તા અંગે.:–**

૧. જાહેર નોકર દ્વારા વિશ્વાસના ગુનાહીત ભંગમાં કિસ્સામાં પોલીસ ઈ.પી.કો. કલમ–૪૦૯ નીચે મેજી.ની કોર્ટમાં પ્રોસી. ઈન્સ્ટીટ્યુટ કરી શકશે કે કરપ્શન એકટ નીચે જોગવાઈઓનો અમલ કર્યા બાદ સ્પે. જજની કોર્ટમાં પ્રોસીકયુશન ઈન્સ્ટીટ્યુટ કરશે. કલમ–૫૧ સી નીચેની કાર્યવાહી ઝડપી અને અરેસકારક હોઈ તે મુજબ પ્રોસીકયુશન કરવુ હિતાવહ છે.

૨. ડી.વાય.એસ.પી. કક્ષાથી નીચેના અધિકાર એફ.સી. કે, જયુડી મેજી. ની આજ્ઞા વિના ઈ.પી.કો કલમ–૧૬૧, ૧૬૫ :એ: નીચેના કોઈ ગુનાને ઈન્વે. કરી શકશે નહી.

**નિયમ ૨૮૯. પ્રાણીઓ પ્રતિ ઘાતકીપણુ અટકાવવા અંગે પોલીસની ફરજો.:–**

૧. ઘાતકીપણે બકરાને મારી નંખાતુ હોઈ કે દુમ દેવ કે કુકડા આચરાતુ હોય વિ. ત્યારે હદ પ્રવેશ કરી શકે. તપાસ કરી શકે અને સાધનો કે પ્રાણીને કબ્જે લઈ શકે.

૨. લેખિત માહિતી, જાત તપાસ દ્વારા જણાય તો, આ અંગે ગુનો ગણવો અને પોતે કે, વોરંટ દ્વારા અન્ય અધિકારી પાસે તપાસ કરાવવી.

૩. આવા ગુના માટે યોગ્ય લાગે તો યાતના મુકિત માટે પ્રાણીના ત્વરીત વધની સુચના આપી શકશે.

૪. ગંભીર, રોગગ્રસ્ત કે ઈજાથી પીડાતા માટે પશુ સર્જનને બોલાવી સર્ટી મેળવી મેજી. ના હુકમ નીચે તેનો નાશ કરાવશે. પશુ અધિકારી સુચવે તો પાંજરાપોળ મોકલશે.

**નિયમ ૨૯૦. ૧૯૪૦ નાં ડ્રગ્ઝ એકટ–૧૩ અંગે.:–**

૧. કોગ્ની. ગુનો છે જેમાં દવાઓ કબ્જે લેવા માટે રેડ પાડવાની હોય ત્યારે તે વિસ્તારના ડ્રગ્ઝ ઈન્સ્પેકટરને જાણ કરવી તેને સાથે લેવા અને દવાના નમુના લેવા અને બરાબર સીલ કરી પંચ અને આરોપીની સર્ટી. લેવી છે દવાની યોગ્ય કિંમત ચુકવવી. જથ્થો કબ્જે લેવાય તો તે માટેની પહોંચ આપવી. નમુનો આરોપીને સોંપી તેની સહી લેવી. પછી ડ્રગ્ઝ ઈન્સ્પેકટર પોતે તે જ પંચો અને આરોપી સમક્ષ તે દવાના નમુના લે.

૨. સ્પીરીટીવાળી દવાઓ માટે સરકારી એનાલીસ્ટને નમુના મોકલવા અને તપાસ પુરી થયે આગળના પગલાંની કાર્યવાહી માટે ડીવી. સીનીયર ડ્રગ્ઝ ઈન્સ્પેકટરને જણાવવુ.

૩. ગેરકાયદેસર લે–વેચ કરનાર કાયદેસર ધંધાની મનાઈ કરવી અને આયાત નિકાલ સર્ટી અટકાવી દેવા સિવાય રદ કરવા.

૪. આંતરીક હવાઈ સેવા કસ્ટમના કાર્યક્ષેત્રમાં આવતાં નથી. તેનનાથી સામાન તપાસવો વિ. રાજ્ય સરકારના જકાત અને પોલીસ સત્તાવાળાની ફરજ છે. આથી વગેરેને માટે કડક ચેકીંગ કરવુ.

**નિયમ ૨૯૧. ડ્રામેટીક પરફો. એકટ નીચે ફરજો.:–**

આ કાયદાનો ભંગ કરે તેવા ઉપયોગ માટે કોઈ સ્થળ કે મકાન વપરાતુ હોય તો મેજી. વોરંટ પોલીસ અધિકારીને ગમે ત્યારે સહાય સાથે બળજબરીથી તેમાં દાખલ થવા સત્તા આપી શકે.

**નિયમ ૨૯૩. ૧૯૫૪ નો ડ્રગ્ઝ અને મેજીક રેમેડીઝનો કાયદો.:-**

૧. આ કાયદો ગર્ભપાત, ગર્ભ નિરોધ વગેરે જેની બિનકાયદેસર ઉપયોગમાં લેવા કે, તે અંગેની જાહેરાતની પ્રસિધ્ધિનો નિષેધ કરે છે. આવુ છાપવા તે અંગેના ડોકયુ. ની આયાત નિકાસની પણ મનાઈ કરે છે.

૨. આ કાયદાના ભંગ માટે પી.એસ.આઈ. કક્ષાના અધિકારીને તેવી વસ્તુ, જાહેરાત, ડોકયુ. કબ્જે લેવા સત્તા છે.

૩. આ કાયદા ભંગ માટે જિલ્લા ગર્વ. પ્લીડર અને પી.પી. ની કાયદાકીય સલાહ લેવી.

**નિયમ ૨૯૫. હિજરતી મિલ્કતને વહીવટ અંગે સત્તા અને ફરજો.:-**

આ એકટ નીચેના ગુનાઓ કોગ્ની. અને શિક્ષાપાત્ર છે. તેમાં હિજરતી મિલ્કતનો કબ્જો સોંપવાની નિષ્ફળતા, ખોટી રીતનો ચુકાદો, ભાડુ વસુલ લેવુ. તેની મિલ્કત છુપાવવી. નુકશાન પહોંચાડવું કે ખોટી જાહેરાત સમાવેશ પામે છે. સરકારની પુર્વ મંજુરી પછી નિયમભંગ માટે પ્રોસીકયુશન હાથ ધરવુ.

**નિયમ ૨૯૬. ૧૯૪૪ ના સોલ્ટ અને આબકારી એકટ અંગે સત્તા અને ફરજો.:-**

૧. જડતી વોરંટ નીચે આબકારી માલસામાનને કબ્જે લેવાય ત્યારે તેની પુરી યાદી બનાવવી. અને તેની નકલ કબ્જેદારને આપવી. ડયુટી પેઈડની હોય તો નજીકના સી.ઈ.ઓ. ને નકલ આપી. અને માલના નિકાલ વખતે તેને જાણ કરવી.

૨. આ કાયદાના અમલમાં બધા પોલીસ અધિકારીએ એસ.ઈ.ઈ.ઓ. ને સહાય કરવી અને મળેલી સત્તાનો અમલ કરવો.

૩. આ કાયદા તળે ધરપકડ કરાયેલને પોલીસ સ્ટેશન મોકલાય ત્યારે મેજી. સમક્ષ હાજર રહેવાની શરતે જામીન પર છુટી શકે છે તેનો ભંગ થયે કસ્ટડીમાં મુકાય.

**નિયમ ૨૯૭. ઈન્ડિઅન ઈલેકટ્રીસીટી એકટ અંગે પ્રોસીકયુશન માટેની સત્તા.:-**

આ કાયદા તથા તેના નિયમન લાયસન્સ કે હુકમ સામેના કોઈ ગુના માટે સરકારશ્રીએ ઈલે. ઈન્સ્પે. ની મંજુરી વિના પ્રોસીકયુશન કરાશે નહી.

**નિયમ ૨૯૮. પ્રોસીકયુશન કરવાના પાવર્સ અંગે.:-**

૧૯૨૨ ના ઈન્ડિઅન એગ્રીગ્રેશન એકટની નીચેના કોઈ ગુના માટે પ્રોટેડકટર કે નિયુકિત થયેલ કે જિલ્લા મેજી. ની મંજુરી વિના પ્રોસી. કરાશે નહી.

**નિયમ ૩૦૦. વિસ્ફોટના ઈન્સ્પેકશન અંગે.:-**

જથ્થા દુકાનમાં ખાતામાં વિ. પી.એસ.આઈ. દર ત્રણ માસે ઈન્સ્પે. અને એસ.ડી.ઓ. દર ૬ માસે, ડી.એસ.પી. એ અવારનવાર ઈન્સ્પે. કરવા જ જોઈએ. કામચલાઉ લાયસન્સદારોને સ્ટોક દિવાની પહેલા અને પછી સબ ઈન્સ્પે. એ તપાસવો. (૨) વિક્રેતાના રજી. માટે રૂલ નં.૨૭૮ (૧) (બી) (સી) જુઓ.

**નિયમ ૩૦૧. ભયંકર વિસ્ફોટ અંગે સુચનો.:-**

૧. આમા ખાસ કરી કલોરેટનુ આર્સેનીક સલ્ફાઈડ કે સલ્ફર કે ફોસ્ફરસ કે એલ્યુમીનીયમ સાથેનુ ગેરકાયદેસરનુ મિશ્રણ આવે છે. એટલુ ભયંકર હોય કે પેટી ઘસડાવાથી, પડવાથી, ભટકાતાથી વિ. રીતે ભયંકર વિસ્ફોટ કરે છે.તેનાં સંગ્રહ માટે પણ ખાસ અને કાળજી ભરી વ્યવસ્થા થવી જોઈએ.

૨. બિનસલામત કે ગેરકાયદે વિસ્ફોટકની શંકા પડે ત્યારે કંઈને સ્પર્શ ન કરવો પાકો પહેરો ગોઠવવો. ત્યાં કોઈને પણ જવા છુટ ન આપવી.

૩. સ્થાનિક અધિકારીએ તારથી ડી.એસ.પી. ન. જાણ કરવી. જે પોતે તપાસ કે તેની વ્યવસ્થા કરશે. તપાસમાં નીચેનાનલ ખ્યાલ રાખવો.

૧. પદાર્થને મુળ વિસ્ફોટક ન માનવો.

૨. નજીકનો દિવો, અગ્નિ, દિવાસળીનો ઉપયોગ કે ધુમ્રપાન ન કરવા દેવુ.

૩.વેરાયેલુ વગેરે જણાયે બુટ નાંખી દાખલ થવુ.

૪. બધુ કાળજીથી અને ધીમેથી અડવુ.

૫. કોઈ પેટી કે સાધનને ગબડાવવુ કે ઘસડવુ નહી પડે કે ફેકાઈ નહી કે પણ કાળજીથી ઉચકવુ કે મુકવુ.

૬. જથ્થો થોડો હોય તો તેને પાણીમાં મુકી, વાંસણને ઢાંકી સરકારી કેમી. એને. ને મોકલવો.
૭. વજન ૧ પૌન્ડથી વધુ હોય તો તાર વડે એકસેપ્લો ઈન્સ ની સહાય મેળવવી.

૪. નીચેના પદાર્થો માટે ખુબજ શંકાસ્પદ રહેવુ.
૧. જે સફેદ ભુકા કે સ્પષ્ટ સ્ફટીકરૂપે હોય તેવા સોડા અને પોટા કલોરેટસ
૨. ગાંગળા કે પીળા કે નારંગી ભુકાના રૂપમાં આર્સેનીક સલ્ફાઈડ
૩. ફોસ્ફરસ
૪. પીળવા નારંગી ભુકામાંથી બનેલ આતશબાજી

૫. સોડા પેટક સિવાયના સફેદ ભુકાનું મિશ્રણ

૬. (એ) સફેદ ભુકા સાથે એલ્યુમિનિયમના ભુકાનું મિશ્રણ, બધી જાતના ફટાકડા :એ: દેશી ફટાકડા કે બોમ્બ, લંબગોળ કે ગોળ વસ્તુઓ પર કાપડ કે શણ વીટાળી બનાવેલ હોય છે. તેને ડીસ્ટીલ પાણીમાં બરાબર ભીજવવા અને મેસેન્જર મારફત બરાબર પેક અને સીલ કરી મોકલવા.
(બી) કાચને બદલે એનેમલ કે રૂનાં પડ વચ્ચે માટીનું વાસણ વાપરવુ.
(સી) તેને કદી સુકી સ્થિતિમાં નિકાલ માટે ઈન્સ્પેકટર ઓફ એકલપ્લોની સહાય લેવી.
(ડી) દેશી બોમ્બ માટે સહાય મેળવવી, અને તેની પુરેપુરી વિગતો તેને જણાવવી.
(ઈ) કાળજીપુર્વક પ્રાથમિક તપાસ સ્થળ પર જ કરવી અને શકય હોય તો ફોટો લેવો.
(એફ) જો તે લશ્કરના ઉપયોગનો હોય તો યોગ્ય ચેનલ મારફત પુના ખાતે આર્મી ઓરડે કોર્ટસના બ્રિગેડીયરને જાણ કરવી અને ઈન્સ્પેકટ એકસપ્લોઝીવને નિકાલ માટે જાણ કરવી.

૭. વિસ્તૃત સુચના માટે તેની પુસ્તિકા જોવી.

૮. તાર માટેનું સરનામુ 'ઈન્સવેસ્ટ' બોમ્બે.

**<u>નિયમ ૩૦૨. લાયસન્સ આપવા અંગે.:–</u>**

૧. તે અંગેના નિયમ મુજબ ઉત્પાદન, વેચાણ કે સંગ્રહ માટે લાયસન્સ અપાવુ જોઈએ અને તેમાં ન સમાવેશ પામનાર માટે આર્મ્સ એકટ નીચે અપાવુ જોઈએ.

૨. બન્ને કાયદા તળે જુદા જુદા લાયસન્સ જરૂરી નથી.

૩. જયારે હથિયારો અને દારૂગોળો બન્ને એકી સાથે આયાત કરાય ત્યારે બન્ને કાયદા નીચે જુદા જુદા લાયસન્સ જરૂરી છે.

૪. અકસ્માત નિવારવા ગેઝેટેડ અધિકારીના જાત નિરીક્ષણ અને શરતો બરાબર સંતોષવાની શરતે જ આપવુ. વેચાણ માટે આતશબાજીનો ગમે તેટલો જથ્થો ધરાવી શકાય નહી.

૫. સ્થળનું વારંવાર ઈન્સ્પેકશન કરાવવુ જોઈએ. અને બધી શરતો અમલી બને છે, તે જોવુ જોઈએ. ખાસ કરીને તહેવારોમાં

૬. ગંધક, દેશી ગન પાવડર વગેરે દુરૂપયોગ કે અકસ્માત નિવારવા ખુબ જ કાળજી અને કડક નિયંત્રણ નીચે જ લાયસન્સ આપવુ.

**<u>નિયમ ૩૦૩. ફલ્મીનેટસનાં ઉપયોગ અને નિષેધ અંગે.:–</u>**

૧. ગંધક કે સલ્ફયુરેટ સાથેનાં મિશ્રણના ફલ્મીનેટ કહેવાય છે. અને તેની ફાયર વર્ક ઉત્પાદનમાં માન્ય કરાયો નથી

૨. પટપટીયા જેને ટાર્ટરી વગેરે પણ કહેવાય છે. અને તે અધિકૃત એકસપ્લોઝીવમાં ગણાતા નથી. એટલે તે કબ્જે લેવા અને ધરાવનાર સામે કાયદા નીચે કાર્યવાહી કરવી.

**<u>નિયમ ૩૦૪. વિસ્ફોટના વેચાણના સ્થળ પર નિયંત્રણ.:–</u>**

લાયસન્સની શરતો તેમાં નિયત સ્થળ સિવાય તેના વેચાણની મનાઈ ફરમાવે છે. અને સ્પેશ્યલ લાયસન્સ વિના વિસ્ફોટ વગેર વેચાણ ગેરકાયદે ઠરાવે છે.

**<u>નિયમ ૩૦૫. ટ્રાયલ ગુનાઓના નિયંત્રણ અંગે.:–</u>**

એકટની કલમ–૭ નીચેની જોગવાઈઓ નીચે મધ્યસ્થ સરકારની સંમતિ વિના આ કાયદાના ભંગ અંગે કોઈ કોર્ટ સામે ટ્રાયલ ચલાવી શકે નહી

**નિયમ ૩૦૬. ફેકટરી એકટના ગુનાઓનું કોગ્નીઝન્સ લેવા અંગે.:–**

ફેકટરી ઈન્સ્પેકટરની ફરીયાદ કે લેખિત પુર્વ મંજુરી વિના આ કાયદાના ભંગ માટે કોઈ કોર્ટ કોગ્નીઝન્સ લેશે નહી તે માટેની ફરીયાદ ઈન્સ્પેકટરની જાણમાં આવ્યાની તારીખથી ૩ માસ અંદર કરાયેલી હોવી જોઈએ.

**નિયમ ૩૦૭. પરદેશીઓને હદપાર કે પ્રવેશના ઓડર્સનાં પોલીસ દ્વારા અમલ અંગે.:–**

૧. આ કાયદો ભારત સરકારને દેશમાં પરદેશીઓનાં પ્રવેશ કે વિદાય કે દેશમાંની હાજરી અંગે નિષેધ મર્યાદિત કરવાની કે નિયંત્રિત કરવાની સત્તા આપે છે. અ સત્તા રાજય સરકારને ડેલીગેટ કરાયેલી છે. જેથી પરદેશીને ચોકકસ ભાગમાંથી દુર કરવાની તેની પાસેથી જામીન લેવાની નિયમન વગેરે અંગેની ભારત સરકારની સત્તાઓનો અમલ કરી શકાય.

૨. તે માટેની જાણ સુપ્રી. જિલ્લા મેજી. ને કરશે જે યોગ્ય હુકમો સરકારશ્રી દ્વારા અપાવશે

૩. મળેલ સુચના કે આજ્ઞાના અમલ માટે બળ વાપરીને પણ પોલીસ અધિકારી જરૂરી પગલાં લેશે.

૪. ડી.એસ.પી. ઓ. પોતાના વિસ્તાર માટે રજી. ઓફી. નિમાયેલા છે.

૫. આ કાયદાના ભંગ માટે ૫ વર્ષની કેદની સજા થઈ શકે.

**નિયમ ૩૦૯. જંગલખાતાને સહાય.:–**

૧. ગુનો અટકાવવા કે દબાવવા તેમને પોલીસે મદદ કરવી.

૨. મહેસુલી કે પોલીસ અધિકારી ફોરેસ્ટગાર્ડ રેન્જરની મંજુરી વિના બોલાવી શકશે નહી

૩. જંગલ ખાતાના ગુન્હા માટે વપરાયેલ ઢોર, વાહનો, હોડી સાથેના કે કંથલ ઉત્પાદન ને કબજે લઈ શકાશે તેના પર યોગ્ય નિશાની કરાશે મેજી.ને જપ્તી અંગે અને તે કેસ ચલાવવા જાણ કરશે. કબ્જે લીધે મિલ્કત સરકારી હોય અને આરોપીની પત્ની ન હોય તો ઉપરીઓને જાણ કરશે.

૪. માસ કે વધુ સમય જેટલી શિક્ષા થઈ શકે તેવા જંગલખાતાના ગુન્હા માટે મેજી. ના ઓર્ડર કે વોરંટ વિના શંકાસ્પદ ની ધરપકડ કરશે. (કરી શકાશે) કલમ–૩૦ કલીઝ (સી) નીચેના ગુના ઓ અપવાદ છે.

૫. આવા ગુન્હા અટકાવવા પોલીસને તેમાં વચ્ચે આવવાની કે બનતા અટકાવવાની સત્તા છે.

**નિયમ ૩૧૦. ભેળસેળના કિસ્સામાં પોલીસ પગલાં અંગે.:–**

૧. ખાદ્ય પદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે એકટની અંદર જોગવાઈઓ છે. અને તે અંગે ગુનો કરનાર માટે જરૂરી શિક્ષા અપાવવા પગલાં લેવા.

૨. ખાવામાં પીવામાં ભેળસેળને કારણે માણસની તંદુરસ્તીને નુકશાનકર્તા અને અસર થાય તેવા કિસ્સામાં સંબધકર્તા સામે ઈ.પી.કો. કલમની જોગવાઈઓ નીચે પગલાં લેવા.

૩. ખાવાના પીવાના પદાર્થમાંના ભેળસેળને કારણે જો ગંભીર અસરો ન સર્જાય તો સંબંધકર્તા સામે ઈ.પી.કો. કલમ–૪૨૦ નીચે પગલાં લેવા.

૪.પોલીસ અધિકારીએ આવા કિસ્સાની ભાળ મળે ગુનાનું કોગ્નીઝન્સ લેવુ. અને કાયદા મુજબ પગલાં લેવા સામાન્ય પ્રજા પણ આવા ભેળસેળ માટે પોલીસ ની સહાય મેળવી શકે.

**નિયમ ૩૧૧. ફિશરીઝ એકટ સત્તા અને ફરજો.:–**

ઝેર, લાઈમ, ડાયનેમાઈટ વગેરેના ઉપયોગથી માછલીઓનો નાશ કરતાં પકડવા માટેનાં ગુન્હા માટે કોઈપણ પોલીસ અધિકારી વોરંટ વિન ધરપકડ કરી શકશે. નામ, સરનામુ મેળવવા જો આનાકાની કરે કે શંકાસ્પદ જણાય તો પત્તો મેળવી ખરાઈ ન કરાય ત્યાં સુધી ડીટેઈન કરી શકશે.

**નિયમ ૩૧૪. ઔધોગિક વિવાદના ગુનાનું કોગ્નીજન્સ લેવા અંગે.:–**

યોગ્ય સરકારની સત્તા નીચે કે ફરીયાદ તળેજ આ કાયદાના ભંગ માટે કોર્ટ કોગ્નીજન્સ લઈ શકશે. કલમ–૨૨, ૨૩ અને ૨૪ કાયદેસર અને બીન કાયદેસર હડતાળો અને તાળાબંધીની વ્યાખ્યા આપે છે.

**નિયમ ૩૧૫. આવકવેરા વિભાગને ચુકવવુ અને વાર્ષિક પત્રક માહિતી મોકલવા અંગે.:–**

જિલ્લા પોલીસ અધિકારી નીચેની વિગતો આવક વેરા ખાતાને ખાનગી રીતે પુરી પાડશે.
(૧) કોન્ટ્રાકટરોના નામ અને સરનામા અને (૨) દરેકને વર્ષ દરમ્યાન થયેલ ચુકવણી

**નિયમ ૩૧૬. ગાંડાઓ સંબધી પોલીસની ફરજો.:–**

૧. ગાંડાઓને મેજી. ના આદેશ નીચે સીવીલ હોસ્પિટલમાં લઈ જવાની પોલીસની ફરજ છે.

૨. નીચે સિવાયના કિસ્સામાં સીવીલ હોસ્પિટલ કે મેન્ટલ હોસ્પિટલ લઈ જવા કે રાખવામાં વોચ માટે ગાર્ડની જોગવાઈ જરૂરી નથી.
(એ) અતિ ભયંકર ગાંડાઓની વોચ કોન્સ્ટેબલ વડે કરવા
(બી) જયારે મેન્ટલ હોસ્પિટલ ખસેડાય ત્યારે તેના વડે નિયુક્ત એટેન્ડન્ટો રખાય છે. પણ તેવા એકાદ ન હોય તો કોન્સ્ટેબલની સેવા ઉછીની લેવી.
(સી) કસ્ટડીના પ્રશ્ને એસ્કોર્ટની બીજા રાજયમાં મોકલનાર ગાંડાઓ માટે ઉપર મુજબની યોજવી રાજયના પોલીસ એસ્કોર્ટને હદના અનુકુળ કે નજીકના સ્થળે બદલવા.
૩. (એ) પોતાની હદમાં ભટકતાં અને ગાંડા જણાતાને પોલીસ સ્ટેશન અધિકારી અટકાયત કરશે.
(બી) ગાંડા જણાતા અને યોગ્ય સારસંભાળ કુટુંબી વગેરે દ્રારા ન લેવાતી હોય તો મેજી. ને હકીકતથી વાકેફ કરાશે.
૪. પોલીસના સમક્ષ રજુ કરાયેલ ગાંડા માટે મેજી. સીવીલ ઈસ્પીતાલે કરાશે. પછી ૩ નકલોમાં પોલી સ્ટેશન અધિકારી મેડી. હિસ્ટ્રીશીટ બનાવશે. અને તે અંગે જાણકારને એસ્કોર્ટ તરીકે મોકલશે. સાથે જરૂરી મેમો મોકલવો.
૫. ગાંડાના ૩ વર્ગો છે.
(એ) ઘરબારવિનાના અને રખડતા (બી) તે અંગે ભયંકર મનાતા (સી) સાર સંભાળ વિનાના બેકાબું.
(એ) પ્રકારનાને શરીર પર સિવાય કાંઈ મિલ્કત હશે નહી પોલીસે કબ્જે લેશે. ચાર નકલોમાં ઈન્વેસ્ટ બજાવશે.
(બી) અને (સી) વર્ગના માટે શરીરની કબ્જે લેવી પણ અન્ય જંગમ મિલકત સાથે સાર-સંભાળ લેનાર રહેનાર કોઈ ન હોય તો કબ્જે લીવી. તેની ચાર નકલો બનાવવી, ભારે મિલ્કત માટે ઘરમાં લોક કરી, સીલ કરી ગાર્ડ નીચે મુકવી. આ વ્યવસ્થા જિલ્લા મેજી. કે પોલીસ કર્મી. ના ઓર્ડર ન મળે ત્યાં સુધી રાખવી.

**<u>નિયમ ૩૧૭. રકપીત્તીયાની ધરપકડ અંગે.:-</u>**

૧. રાજય સરકારને લાગુ કરેલ કોર્ટ વિસ્તાર માટે પોલીસ અધિકારી વોરંટ વિના ભિખારી કે રકતપિત્તયાને પકડી શકશે અને નજીકના પોલીસ સ્ટેશન મોકલાવશે. જયાંથી તેઓ ડિસ્પોઝલ માટે તેમના ઈન્સ. તરફ લઈ જવાશે. જિલ્લા મેજી. ના આદેશ નીચે એસાયલમાં મોકલાયેલ ભાગી છુટેલ કે સુપ્રી. ની લેખિત મંજુરી વિના તે છોડી જાય તો તેવાની ધરપકડ કરાશે અને તેને એસાયલમને પરત કરશે. તેમને તેના ખાસ નિયમ નીચે પ્રોસીકયુટ કરવા
૨. પોતાને રકતપિતીયા લાગે અને નોટીફાઈડ એરીયાની હદમાં મળી આવે તો વોરંટ વિના અટકાયત. તેને નજીકના સેગ્રેશન કેમ્પમાં મોકલવો અને ત્યાંથી ભાગે તો ફરી એરેસ્ટ કરવો.
૩. બને તો તેમને સવારે પકડવા, તેને ભથ્થુ કદી આપવુ નહી પણ રોકેલ હોય તો ભથ્થાના પૈસામાંથી ખરીદ કરી ખવરાવવુ. તાત્કાલીક દાકતરી સારવાર જરૂરી લાગે અને રજા અંગે તે ન થઈ શકે તો તેવાને એસાયલમમાં કોઈ વિધી વિના મોકલી આપવો પણ પછી તેની મેડીકલ અધિકારી દ્રારા એકઝામ અને મેજીસ્ટ્રેટ સમક્ષ રજુઆત જરૂરી છે.

**<u>નિયમ ૩૧૮. મેડીકલ ડીગ્રી એકટના ગુનાનું કોગ્નીજન્સ લેવા અંગે.:-</u>**

કોઈ કોર્ટ, રાજય સરકારના ઓર્ડ દ્રારા કે કાઉન્સીલ ઓફ મેડીકલ રજીસ્ટ્રેશન કે રાજય સરકારની પુર્વ સંમતી સાથેની ફરીયાદ વિના આ એકટ નીચે કોઈ ગુનાનું કોગ્નીશન લેશે નહિ.

**<u>નિયમ ૩૨૦. માઈન્સ એકટના પ્રોસીકયુશન અંગે.:-</u>**

૧. જિલ્લા મેજી. કે ચીફ ઈન્સ્પે. કે તેણે નિયત કરેલા ઈન્સ્પે. ની સુચના વિના આ કાયદાની નીચેના કોઈ ગુના માટે માલિક એજન્ટ કે મેનેજર સામ, પ્રોસીકયુશન હાથ ધરી શકશે નહિ.
૨. ખાણના ચીફ ઈન્સ્પેકટર દ્રારા સોંપાયેલ કિસ્સાના ચુકાદાની પ્રમાણીત નકલો પોલીસ પ્રોસી. સમયસર ખાણ ખાતાને મોકલશે. જેથી આગળની કાર્યવાહી ચીફ ઈન્સ્પે. યોજી શકે. નકલની કિંમતો ખાણ ખાતુ ચુકવશે.

**નિયમ ૩૨૧. મોટર વ્હીકલ નીચે પોલીસ એકશન અંગે.:–**

૧. વાહન વ્યહારના નિયમન માટેની સુચના અને માર્ગદર્શન અને તે માટેની પોલીસ અધિકારી ને અપાયેલ પત્રિકાનો અભ્યાસ કરવો.

૨. મૃત્યુ કે શારીરીક ઈજાવાળા અકસ્માત થયે પોલીસ સ્ટેશન અધિકારીએ ખાસ નિયત ફોર્મ–એ–૧ પુરૂ કરી રજી.ટ્રાન્સ ઓફિસને મોકલી આપવુ અને સાથો સાથ તેની નકલ ડી.એસ.પી. સ્ટેશન બ્રાચને મોકલવુ તેમાં
(એ) સ્થળ (બી) માર્ગનું નામ (સી) માઈલ વગેરે જણાવવું.

૩. ગણવેશધારી અધિકારી મોટર વાહનને અટકાવી શકે. અને ટેકસ ચુકવવા અંગે તપાસ કરી શકે પોલીસ અધિકારીએ બધા મોટર વાહનોના રજી. નંબર જેનાં પર કરંટ ટેકસ ટોકન્સ દર્શાવેલ ન હોય તેની સુપ્રી. ને રીપોર્ટ કરવો, જે રજી. ટ્રા.અધિકારીનો સંપર્ક સાધશે.

૪. ભારખટારનામાં લોકો અને ડ્રાઈવર જે ફુડ કંટ્રોલ ઓર્ડરના અધિકારી ને સાધનોનો બીનઅધિકૃત ઉપયોગનો કોગ્ની. ગુના કરવા અંગે ખાતાકીય પગલાં લેવા.

૫. (એ) આ કાયદાના ભંગ માટે રજી. ટ્રાન્સ. અધિકારીને તરતજ રીપોર્ટ કરવો. જેથી તાત્કાલીક પરમીટ સસ્પેન્ડ કરવા ખાતાકીય પગલાં લે પ્રોસીકયુશન કરાયેલ કિસ્સાના પરીણામ પણ જણાવવા જેથી તેવા બીજા પગલા વધારામાં લઈ શકે.
(બી) આ અંગેના સ્ટાફને પોલીસ અધિકારીઓએ પુરેપુરી અને સક્રિય થાય તો કેસોના ઝડપી નિકાલ માટે ખાતાકીય પગલાંની સહાય લેવી. શકય ત્યાં સુધી કાયદાની કોર્ટનો આશરો નિવારવો રજી. ટ્રાન્સ અધિકારીએ જાણ કરાયે ઝડપી અને યોગ્ય પગલાં લેવા.
(સી)(૧) ફિટનેશ સર્ટી. પરમીટ વગેરે ડોકયુ. ના વિના વાહન ચલાવવા વગેરે જેવા આ કાયદાના ભંગ અંગેના ગુનાઓ માટે માલીકો અને ડ્રાઈવરો સામે પ્રોસીકયુશન નોંધાવાય ત્યારે નીચે મુજબના સરકાર માન્ય પ્રોસીજરનો અમલ કરવો.
(૨) પોલીસે ખરાઈ કરવી કે આવા ડોકયુમેન્ટ કોઈ કારણોસર રજી. ટ્રાન્સ. અધિકારી પાસે જમા કરાયેલ છે. કે કેમ ?
(૩) ઝડપી કાર્યવાહી માટે પોલીસ આ વિષયકના સંપર્ક સાથે ત્યારે તેને અરજન્ટ લેખવો અને વિના વિલંબ ડીસ્પોઝ કરવો.
(૪) જાહેર –પેસેન્જર બસ માટે કાયદેસરની વધુમાં વધુ કલાક–૩૦ માઈલ અને ભારે વાહન માટે ૩૫ માઈલની નિયત થયેલ છે. તેનો ભંગ કરનારનો રજી. ટ્રાન્સ અધિકારીને રીપોર્ટ કરવો. પોલીસ સુપ્રી. લીધેલા પગલાં રેકર્ડ જાળવશે. ઝડપ ભંગના ગુના માટે કલમ–૧૧૫ નીચે પણ પગલાં લઈ શકાશે.
(૫) રાષ્ટ્રીયકૃત ટ્રાન્સપોર્ટ સંસ્થાના નિયમના ભંગ ગુનાઓ અપવાદરૂપ છે. જેના માટે સુપ્રી. એ હોમ ડીપા. નો સંપર્કનો સાધવો અને મંજુરી લેવી. સાથોસાથ એન્ડોર્સ કરેલી નકલો જન મેને. ને આપવી.

૬. ઘણીવાર ડ્રાઈવરો વાહનને ઢળતા અટકાવવા પૈડા નીચે મોટા પાણાઓ મુકે છે અને પછી તેને રસ્તા પરજ રાખી મુકે છે આ માટે તેમની સામે પગલાં લેવા ઈ.પી.કો. કલમ નીચે આ અંગે પ્રોસીકયુશન પણ થઈ શકે.

૭. નાના નિયમભંગના ગુના માટે ડ્રાઈવીગ ઈમ્પાઉન્ડ કરવાનો આશરો લેવા નહી, જયારે તે ઈમ્પાઉન્ડ કરે તો ડ્રાઈવરને રસીદ આપવી કે, કામચલાઉ ઓથોરાઈઝેશન આપવુ. તે અંગેની જાણ, લીધેલા પગલાં લાસયસન્સ આપનાર સત્તાધીશોને જણાવવા.

૮. નાની નાની જરૂરીયાતોનો ભંગ અંગે પહેલીવાર ચેતવણી આપવી અને તે પુરી કરી લેવા જણાવવુ ખાસ ધ્યાન તો ઓવર સ્પીડ, ઓવર લોડીગ વગેરે જેવા મહત્વનાં ગુના પર આપવુ.

૯. વાહનનું ચેકીગ કરાય પણ પંચનામુ ન કરાયનો ખામીઓ અને નિયમભંગ બતાવતં મેમોરેન્ડ આપવુ, એની નકલ પર ડ્રાઈવરની સહી લેવી. તેને ભાષામાં વિગતો સમજાવવી. તેમ કર્યા અંગેની મેમોરેન્ડામાં નોંધ લેવી, અસલ પોતે રાખવી.

૧૦. (એ) આ કાયદા અને નિયમોની જોગવાઈઓની અમલ કરાવવા તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરવો જોઈએ. ગણવેશમાં અધિકારી બસને રોકી તેમાંના મુસાફરોની સંખ્યા અને વાહન અંગેની બીજી બાબતો તપાસી શકે છે.

(બી) પ્લેડેસ્ટીન ઓપરેશન માટે કબ્જે લેવાયેલ વાહન પોલીસની વિનંતીથી ડીવી. કન્ટ્રોલર એસ.ટી. ડેપો કે વર્કશોપનાં ગેરેજમાં મુકાશે આવી રીતે મુકાયેલ વાહન પોલીસ કસ્ટડીમાં લેખાશે અને તેમાં કંઈ ભાંગફોડ ન થાય તેની જવાબદારી એસ.ડી.ની રહેશે.

૧૧. (એ) ખાનગી મોટર વાહનમાં મુસાફરની પ્લેડેસ્ટીન ફેરફાર કાયદા નીચે શિક્ષાપાત્ર ગુનો છે. પોલીસ અધિકારીએ આવા કિસ્સામાં ડીટેકટ કરવા અને કાયદા ભંગ અંગે આકરી સજાનો આગ્રહ સેવવો.

(બી) કાયદાની કલમ–૪૧૧ નીચેના ગુનાની તપાસમાં અધિકારીએ પુરાવો લેવો જોઈએ કે, માલીકને નિયમભંગ માટે માલીકની સ્પષ્ટ કે મૌખિક સંમતિ હતી.

(સી) પોલીસ સ્ટેશન અધિકારી કે હેડ.કો. દરજજાના અધિકાર આ કાયદાની જોગવાઈઓના ભંગ કે રજી. સર્ટી વિના ઉપયોગ કરાવાતા વાહનોને ડીટેઈન કરી શકે કે, કબ્જો લઈ શકે.

૧૨. પો.સુપ્રી. એ તાબાના અધિકારીઓને રેસ ડ્રાઈવીગ પરીણામે અકસ્માત સર્જાતા જાણમાં લાવવા. જેવુ યોગ્ય પગલા લઈ શકાય.

૧૩. પોલીસ સુપ્રી. એ નીચેના માસિક રીટર્ન ડી.વાય.એસ.પી સ્ટેટ ટ્રાન્સ. બ્રાંચને નિયત નમુનામાં મોકલવા.

(૧) દર માસની ૧૫ મી એ જિલ્લામાંના મોટર અકસ્માતોનું રીટર્ન (૨) જિલ્લામાંના અધિકારીઓ વડે કાયદાની નીચેના ગુનાઓનું રીટર્ન ને દર માસની ૨૦ મીએ મોકલવુ.

૧૪. ટ્રાન્સપોર્ટના વહીવટી સ્ટાફનો સાથ સહકાર ઉપયોગમાં લેવો જેથી ઓવરલોડીગના કિસ્સામાં માલીકે ડ્રાઈવરને ખટારાનો ઓવર લોડીગ માટે દબાણ કર્યુ હોય તો તે વિષેનું ડ્રાઈવરનુ સ્ટેટમેન્ટ નોંધવુ અને રજી. ટ્રાન્સ અધિકારીને માલીક સામે ખાતાકીય પગલાં માટે મોકલી આપવુ. જો માલીક જ ચલાવતો હોય તો દંડ ઉપરાંત વાહન સસ્પેન્ડ કરવા કોર્ટને વિનંતી કરવી. ઓવર લોડ ખટારા માટેની કાર્યવાહી અવશ્ય કરવી.

૧૬. કોર્ટની ડોરમેન્ટ ફાઈલ પર આવા મોટી સંખ્યાના પેડીગ કેસો માટે પોલીસ અધિકારીએ વખતો વખત પ્રોસેસ કરવા અને કોર્ટમાં આરોપીની હાજરીની જોગવાઈનો ઉપયોગ કરવો.

૧૭. હેડ.કોન્સ. દરજજાના અધિકારીને નીચેની સત્તા છે.

(એ) વાહનનું વજન કરવાની

(બી) રજી. સર્ટી અને ફીટનેશ સર્ટી માલીક કે ડ્રાઈવર પાસેથી મેળવવાની

(સી) આ કાયદાના ભંગ માટે તેના ડ્રાઈવર અંગે માલીક પાસેથી માહિતી માટે પુરી કરવાની

(ડી) અકસ્માતમાં સંડોવાયેલા વાહને તપાસવાની

(ઈ) ડ્રાઈવરને વિમાનું સર્ટી. રજુ કરવાનુ જણાવવાની

(એફ) માલીક પાસેથી કલમ–૯૪ ના ભંગ ચલાવાતું હતુ કે કેમ ? તે જાણવાની

(જી) ખોટા ડોકયં. ઈમ્પાઉન્ડ કરવાની

(એચ) રજી. સર્ટી કે પરમીટ વિનાના ડીટેઈન કરવાની

૧૮. સામાન્ય ટ્રાફીક ગુનાઓ અને ઝડપી મર્યાદા અંગે એપેન્ડીકસ–૨૪ જોવુ.

<u>નિયમ ૩૨૨. ઈન્ડીયન ઓફીસીયલ સિક્રેટ નીચે સત્તાઓ.:–</u>

૧. રીએબ્બસ ઓફ લીગલ એફર્સ દ્વારા કિસ્સાઓના જે અભિપ્રાયો એકસપ્રેસ કરાયા હોય તે ખાનગી હોય છે. અને તેથી તે અભિપ્રાયની એકપ્રેસ કરાયા હોય તે ખાનગી હોય છે. અને તેથી તે અભિપ્રાયની નકલો તાજા કે અગાઉનાં નોધાંયેલ કિસ્સાઓમાં નોન–ઓફિસીયલોને કોઈ સંજોગોમાં પુરી પાડવી ન જોઈએ. કે પ્રાપ્ત કરવા ન દેવી જોઈએ. તેવી જ રીતે ગર્વ. ઠરાવની નકલો જેનાં માટે તે અધિકારી એ આવા અભિપ્રાય આપ્યા હોય તે પણ રીફયુઝ કરવી, આ સુચનાઓ ભંગ સત્તાવાર ગુપ્તતાનાં ભંગરૂપે લેખાશે અને તે પ્રમાણે કાર્યવાહી કરાશે. આ સુચનો સામાન્ય માહિતી માટેનાં અભિપ્રાયોને લાગુ પડશે નહી.

૨. જે કોઈ વ્યક્તિ રાજયના હિત કે સલામતીના વિરૂધ્ધ (એ) એપ્રોચ કરે, પ્રસાર કરે, નજીક રહે, મનાઈ ફરમાવેલ સ્થળમાં પ્રવેશે (બી) દુશ્મનને સીધી કે આડકતરી રીતે ઉપયોગ થવા નોંધ, નમુનો, નકશો કે કોઈ રૂપરેખા બનાવે (સી) કોઈ ખાનગી સત્તાવાર સંકેત સંદેશો કોઈ વ્યક્તિને પ્રસિધ્ધ કરવા, નોંધવા, એકઠી કરવા કે મેળવવા અને તે રીતે દુશ્મનને મદદરૂપ થવા પ્રયત્ન કરે તો ગુનેગાર લેખાશે.

**નિયમ ૩૨૩. ઈન્ડિયન પાસપોર્ટ એકટ પાવર્સ ટુ એરેસ્ટ.:–**

કાયદાની કલમ–૩ નીચે નિયમનો ભંગ કરનારને વોરંટ વિના સબ ઈન્સ્પેકટરની ઉપરની કક્ષાના અધિકારી ધરપકડ કરી શકશે.

**નિયમ ૩૨૪. પેટ્રોલીયમ એકટ ઝડતીની સત્તા અંગે.:–**

૧. ઈન્સ્પેકટરથી ઉપલી દરજજાના પોલીસ અધિકારીને
(એ) પોતાની સત્તા મર્યાદાના કોઈ સ્થળના જ્યાં પેટ્રોલ આયાત કરાતુ હોય, સંગ્રહ કરાતુ હોય, ઉત્પાદન કરાતુ હોય શુધ્ધ કરાતુ હોય કે ભેળવાતું હોય તેવા સ્થળમાં દાખલ થવાની સત્તા છે અને
(બી) તેના નમુના લેવાની સત્તા છે.

૨. તેજ રીતે પેટ્રોલ અંગે ઉપરની બધી કાર્યવાહી ગેરકાયદે હાથ ધરાતી હોય તો અને ત્યારે કે અમુક જથ્થો કબ્જે લેવો, ડીટેઈન કરવા કે દુર કરવા સત્તા છે.

૩. ખાનગી વ્યક્તિઓ ।મટે કાયદાની જોગવાઈઓ સરકાર માટેના પેટ્રોલીયમને પણ તે જ રીતે લાગુ પડે છે.

**નિયમ ૩૨૫. પોઈઝન શીટસના ઈન્સ્પેકશન અંગે.:–**

૧. આખા રાજયમાં પોઈઝનના વેચાણ કે સંગ્રહ નિયમન કરવા માટેના નિયમો પોઈઝન્સ એકટની કલમ–૨ નીચે ઘડાયેલ છે અને ૧૧ નવે. ૧૯૨૨ ના સરકારી નોટી. પ્રસિધ્ધ થયેલ છે.

૨. આવી લાયસન્સ દુકાનો દર ૩ માસે ઈન્સ્પેકટર કે સબ ઈન્સ. દ્રારા અને દર વર્ષ એકવાર ગેઝેટેડ પોલીસ અધિકારી દ્રારા તપાસવવી જોઈએ.

૩. જિલ્લા મેજી. સબડીવી. મેજી. કે પોલીસ કમી જયાં પોઈઝન રખાતુ હોય કે નિયમ વિરૂધ્ધ વેચાતુ હોય તેવા સ્થળની ઝડતી માટે વોરંટ કાઢી શકશે.

**નિયમ ૩૨૬. પેનલ્ટી.:–**

ભારતમાં કાયદા દ્રારા સ્થાપાયેલ સરકાર સામે વિરોધી પ્રવૃતિ કે તેનો પ્રયત્ન કરવ માટે કે પોલીસ દળના સભ્યની ફરજ અટકાવવા માટે કે ઉશ્કેરાટ માટે કે શીસ્ત ભંગ માટે આ કાયદો પેનલ્ટીની જોગવાઈ કરે છે. જિલ્લા મેજી. ની કે પોલીસ કમી. ની ફરીયાદકે પુર્વ મંજુરી વિના આ કાયદાના ભંગ માટે કોઈ કોર્ટ ટ્રાયલનું પ્રોસેડીગ કરશે નહી.

**નિયમ ૩૨૯. રાષ્ટ્રીય ચિન્હોના અપમાન અટકાવવા અંગેનો કાયદો –૧૯૭૧.:–**

જાહેર જગ્યા કે અન્ય જનતા સમક્ષ રાષ્ટ્રીય ધ્વજ, ભારતીય બંધારણ કે તેનો કોઈ ભાગ બાળવા, તોડફોડ કરવા, વિકૃત કરવા, નાશ કરવ કે નુકશાન કરવા કે શબ્દો દ્રારા કે લખાણથી કે બીજા રીતે અપમાનીત કરે તેને ૩ વર્ષ સુધી લંબાવી શકાય તેવી. સખત સજા અને અથવા દંડ થઈ શકે છે.

**નિયમ ૩૩૨. સ્પીરીચ્યુઅશ બનાવટોની જપ્તી.:–**

૧. આ અંગેના ગુના કોગ્ની. પોતાની કે પ્રાપ્ત થયેલી લેખિત માહિતી આવે કે સ્પીરીચ્યુઅશ પ્રેપરેશન કોઈ પણ મકાન બંધીયાર જગ્યામાં રખાયેલ કે છુપાયેલ છે. કે કોઈ વાહન વહાણ, એરક્રાફટ દ્રારા ફેરફાર કરાય છે કે ઘુસાડાય છે તો અને તેમાં ડોકયુ. ને કે સાધનોને જપ્ત કે ડીટેઈન કરી શકશે, અને ગુનેગારોની જપ્તી લઈ શકશે અને તેની પાસેથી મળી આવે તો ધરપકડ કરી શકશે લેખિત માહિતી મળે તો તેની નકલ ઉપરી અધિકારીને આપવી.

૨. આ કાયદાના અને નિયમોના અમલની કામગીરી પોલીસ ખાતુ સંભાળશે.

**નિયમ ૩૩૩. સપ્રેશન ઓફ ઈમ્મોરલ ટ્રાફીક ઈન વિમેન એન્ડ વલર્સ.:–**

૧. પોલીસની સત્તા અને ફરજો.:–
(એ) તેમાં પચ્ચીસ કલમો છે. અને લગભગ મુંબઈ વેશ્યા નાબુદી કાયદાને મળતો જ છે. જો કે કેટલીક ખાસ જોગવાઈઓ પણ છે તેમાં વેશ્યા અને વેશ્યાગીરીની વ્યાખ્યા આપેલી છે. કાયદામાં

સરકાર વડે પ્રોટેકટીગ હોમ શરૂ કરવાની કે સરકારના લાયસન્સ નીચે ખાનગી વ્યકિત વચ્ચે શરૂ કરવાની જોગવાઈ છે, લાયસન્સ વિનાના આવા હોમ શરૂ કરવા સજાને પાત્ર છે.

(બી) કલમ–૧૦ ની જોગવાઈઓ જેને કલમ–૭, ૮ નીચે કન્વીકટ કરાય તેને સજા ભોગવાનો બદલે હોમમાં ડીટેઈન કરાય છે.

(સી) કોઈ પણ સ્ત્રી કે છોકરી પ્રોટેકટીવ હોમમાં રહેવા મેજી. ને વિનંતીથી અરજી કરી શકે છે. અને પુરી તપાસ બાદ મેજી. તે અંગે રીપોર્ટ આપશે.

(ડી) આવા ગુના માટે અગાઉ કન્વીકટ થયે મુકિત બાદ ૫ વર્ષ દરમ્યાન તેજ પ્રકારના ગુના માટે કન્વીકટ થાય તો તેમને તેમનું રહેઠાણ નોટીફાઈ કરવા જણાવવું રીઢા ગુનેગાર માટે કોર્ટ સદવર્તનના જામીન માંગી શકે. તે જ રીતે રીઢા ગુનેગાર માટે જો ફરીયાદ આવે તો સલામતી જાળવવાના પ્રોસીડીગ શરૂ કરી શકે. પોલીસ પણ આ જોગવાઈઓનો અમલ કરાવી શકે.

(ઈ) ખાસ પોલીસ અધિકારીની કે સલાહકાર સમીતીની નિમણુંક માટે પણ કાયદામાં જોગવાઈ છે, સ્પે પોલીસ અધિકારી વોરંટ વિના ઝડતી લઈ શકે (સ્થાનની) અને ૨૧ વર્ષની નીચેની ઉંમરની છોકરીઓને ત્યાંથી છોડાવી શકેશ, આ કાયદાના ભંગનો ગુનો કોગ્ની. છે. જો સ્પે. અધિકારી સિવાયના વડે ધરપકડ કરવાની હોય તો સ્ટેશન પોલીસ અધિકારીનો લેખિત અધિકારપત્ર મેળવી લેવો તે બતાવ્યા બાદ ધરપકડ કરવી.

૨. સગીર ઉંમરની છોકરી જો વેશ્યાગીરી કરતી હોય તો, તેને છોડાવવા સહાય કરવી. મેજી. ને માહિતી મળે સ્પે. પોલીસ અધિકારીને વેશ્યા ગૃહમાં દાખલ થવા અને છોકરીને ત્યાંથી હટાવવા સુચવશે. નિર્ણય ન આવે ત્યાં સુધી પ્રોટેકટીવ હોમમાં રાખશે કે, વ્યવસ્થા કરશે, મેજી. કે પાંચ સામાજીક કાર્યકરોની કલમ–૧૬ અને ૧૮ નીચેની કામગીરી માટે સહાય મેળવવી. જેમાં ૩ સ્ત્રીઓ હોવી જોઈએ.

૩. રાજયના પ્રોટેકટીવ હોમ્સ નાં ચીફ ઈન્સ્પે. તરીકે ડેપ્યુ. સોશ્યલ વેલ્ફેરની નિમણુંક કરાયેલ છે.

૪. છટકા ગોઠવવા માટે બનાવટી ગ્રાહકને અધિકારી. એ અવશ્યપણે સુચવવુ કે તે જાતિય સંપર્ક બાંધે નહી પણ તેની સામે શકમંદ હાલતમાં મળી આવે.

૫. રૂા. ૧૮/– માસિક પકડાયેલ સ્ત્રી કેદી દિઠ ભરણપોષણ ખર્ચ નકકી કરેલ છે તેને યોગ્ય બજેટ હેડ નીચે ફાળવવો.

<u>નિયમ ૩૩૪. ટેલીગ્રાફ વાયર્સ એક્ટ.:–</u>

<u>પોલીસની ફરજો અને સત્તા</u>

૧. ટેલીગ્રાફ, લાઈનમેનો એક ઈંચ વાયર ધરાવતો તે પણ પાંચ વર્ષની સજા કે દંડ કે બને થઈ શકે તેવો ગુનો છે. આ માટે એક માઈલે ૧૫૦ પાઉન્ડ, ૨૦૦ પાઉન્ડ અને ૩૦૦ પાઉન્ડ ત્રણ પ્રકારની ટેલીગ્રાફ લાઈન હોય છે. આ કાયદાના ભંગ માટે કોર્ટ સમક્ષ પ્રોસી. અગાઉ કેન્દ્ર સરકારની મંજુરી ફરજીયાત છે.

૨. કેન્દ્ર સરકારને બધા ડી.એસ.પી. અને ટેલીગ્રાફ અને ટેલીવિઝન ખાતાના એસ.ડી.ઓ. ને કોર્ટ સમક્ષ ફોર્મલ કમ્પલેઈન કરવા સત્તા આપેલી છે. તેથી કેન્દ્ર સરકારની મંજુરી જરૂરી નથી. તાર અને ટેલીફોન ખાતાના એસ.ડી.ઓ. ને કોર્ટમાં એકઝામીન કરી શકાય અને તેમની આવા તાર પણ માલીકી પુરવાર કરી શકાય.

૩. આવા ગુનાનો સ્પે. જરૂરી રીપોર્ટ કે, સર્વ વિગતો સાથે દર માસની ૧૦ મીએ ડી.આઈ.જી. ક્રિ. ઈન્વે. ડીપા. ને આપવો.

૪. આ કાયદો તાંબાના તારની ચોરી કરનાર અને તાર રાખનારને ધરપકડ તથા શિક્ષા આપવવા માટે છે.

૫. સુપ્રી. એ ટેલીફોન તારની ચોકી કે કિસ્સા ફોર્મ નંબર ૧૬ માં દર માસે આઈ.જી.પી. ને રીપોર્ટ કરવા અને લીધેલ પગલા જણાવવા.

૬. આવા કિસ્સાની નજીકની ટેલીગ્રાફ ઓફીસને તુરતજ જાણ કરવી.

<u>નિયમ ૩૩૫. અસ્પ્રુશ્યતા એકટ– પોલીસની ફરજો.:–</u>

૧. ગુનો કોગ્ની. છે. ધાર્મિક કે સામાજીક સ્થાનો જેવા કે ઈસ્પીતાલો શિક્ષણ સંસ્થા, છાત્રાલય વગેરે પ્રવેશવાની મનાઈ, માલસામાન વેચવાની ના, સેવા આપવાની ના અને અસ્પ્રુશ્યતા અંગેના ગુના

શિક્ષા પાત્ર છે. આવા ગુના માટે કોર્ટે અસ્પ્રુશ્યતાને કારણરૂપ માનવી. પોલીસ અધિકારી. એ કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવી.

૨. હરીજન કે અન્ય પછાત વર્ગ સબંધીત અંગે ઉચ્ચ અધિકારી. એ તપાસ કરવી અને પુર્વગ્રહ રહીત કરવી.

૩. જયાં હરીજનવાસ હોય ત્યાં પ્રવાસ દરમ્યાન તેની મુલાકાત લેવી અને ફરીયાદ અંગે તપાસ કરવી.

**નિયમ ૩૩૬. વાયરલેસ– પોલીસની ફરજો.:–**

બિનઅધિકૃત વાયરલેસ સાધન સામગ્રી ધરાવનાર સામેના કિસ્સામાં રાજયના વાયરલેસના સુપ્રી. ને જાણ કરવી અને માર્ગદર્શન મેળવવુ.

**નિયમ ૩૩૭. એરીયલ રોપ વે એકટ ધરપકડની સત્તા. :–**

તેનો કર્મચારી ગેરકાયદે પ્રવૃતિ કે દખલ કરનારને વોરંટ કે અન્ય લેખિત અધિકારી વિના પણ અટકાયત કરી શકશે.

**નિયમ ૩૩૮. વાઢકાપ માટે શબ મેળવવા ઈસ્પિતાલ અધિકારીઓને સહાય અંગે.:–**

સરકારી ઈસ્પિતાલમાં મૃત્યુ થયુ હોય તેવા બિનવારસી શબને સત્તા ધરાવનાર અધિકારી શિક્ષણ સંસ્થાને વાઢકાપ માટે પુરૂ પાડશે. આવા શબ પ્રાપ્ત કરવા માટે એનીટોમી એકટ નીચે બધા પગલા લેવાશે.

**નિયમ ૩૩૯. પ્રાણીની કાયદેસર કતલ અંગે.:–**

બળદ, આખલા, ગાય, ભેંસ અને વાછરડાની કતલ જો તે ૧૫ વર્ષની નીચેનું હોય અને બોનાફાઈડ ધાર્મિક હેતુ માટે ન હોય તો ગુનારૂપ છે. તે માટે તે વિસ્તારના સક્ષમ અધિકારીનુ બિનઉપયોગીતા અંગેનુ સર્ટી. આવશ્યક છે.

**નિયમ ૩૪૧. આર્કીઓલોઝીકલ સ્મારકને નુકશાન કરવા અંગે.:–**

૧. ગુજરાત એન્શીયન્ટ મોન્યુમેન્ટ એન્ડ આર્કીઓલોઝીકલ સાઈટ અને નોમેઈન એકટ–૧૯૬૫ અન્વયે સેકશન–૩૧ હેઠળ કોઈ સ્મારકને નુકશાન કરે, તોડે વિકૃત કરે, ફેરવણી કરે કે નાશ કરે તેની વિરૂધ્ધમાં ૩ માસની સુધી લંબાવી શકાય તેવી સજા અથવા ૫૦૦૦/– સુધીના દંડની અથવા બંનેની જોગવાઈ છે.

૨. ફર્સ્ટ કલાસ મેજી. શ્રીથથી ઉપરની કોર્ટ, આ કાયદાની કલમ–૩૨ ની જોગવાઈ મુજબ કેસ ચલાવી શકે નહી.

૩. કલમ–૩૩ મુજબ ઉપરોકત કાર્યવાહી કોગ્ની. ગુનો પણ ગણી શકાય છે.

**નિયમ ૩૪૩. બોરસ્ટલ સ્કુલમાંથી લાયન્સ કે ડીસ્ચાર્જથી છુટેલા ગુનેગારો પ્રતિ ટ્રીટમેન્ટ.:–**

૧. રૂલ ૫૭ જુઓ

૨. આવા ગુના માટે અટકાયત કરાય ત્યારે પ્રોબે. ને જાણ કરવી અને તેને ડીટેઈન રાખવો.

૩. જો તે સ્કુલ સીવીલ હોસ્પિટલ નિરીક્ષણમાંથી નાસી છુટે તો તેના વોરંટ મેજી. ઓર્ડર વિના અટકાયત કરી અને પરત મોકલી આપવા.

**નિયમ ૩૪૪. ભિખારીઓ સંબધે પોલીસની ફરજો અને સત્તા.:–**

૧. આ કાયદાનો હેતુ ભીખ અટકાવવાનો અને ભિખારીઓને ડીટેઈન કરવા, સજા કરવા, કે અધિકારીકૃત સંસ્થામાં રોજગારી અપાવવાનો છે. સરકારે ઠરાવેલ સ્થળોમાં તે અમલી બને છે.

૨. ભીખ માંગવી તે માટે બીજાને રોકવા કે હુકમ ભંગ કોગ્ની. ગુના છે.

૩. પોલીસને જાહેર સ્થળોએ ભીખ માંગનારની વોરંટ વિના અટકાયતની અને મેજી. સમક્ષ રજુ કરવાની સત્તા છે. ભિક્ષુકગૃહ કે તેવી સંસ્થામાંથી ભાગી છુટેલાને ત્યાં પાછા ઢોંગીઓને નહી.

૪. અધિકૃત સંસ્થામાં રખાયેલ પોતાના આંગળાની છાપ લેવા દેશે અને જો ના પાડે તો ૩ માસની સજા ભોગવવી પડશે.

૫. દાન મેળવવાના હેતુથી ઘા, વિકૃતી વગેરે જેવુ કોઈ પ્રાણીનુ પ્રદર્શન કરશે તો તેના ધરપકડ કરાશે અને પ્રાણી કબ્જે કરાશે. પ્રાણીને યોગ્ય સ્થળે મોકલી અપાશે.

**નિયમ ૩૪૭. ચિલ્ડ્રન એકટ અંગે.:–**

૧. નીચેના નીગ્લેકટ થયેલા બાળકો મોટા થતાં ગુનેગાર ન બને તે માટે સ્થળનો કાયદો છે.

૨. (એ) પોતાને મતે બાળક ઘરબાર કે, આજીવીકાના સાધન વિનાનો, રખડતો–ભટકતો, ગેરકાયદે તરછોડાયેલ વ્યકિત બાળ અદાલત કે સત્તા ધરાવતી કોર્ટ સમક્ષ રજુ કરવો.
(બી)ઉપરના કારણે રક્ષણ અને સંભાળ જરૂરી બાળકને વાલી કે મા–બાપ હોય અને ખરેખર કબ્જો ધરાવતાં હોય તો તે અંગેની કોર્ટને જાણ કરવી.
(સી) બાળકો પ્રતિ, કૃરતા ભીખ માંગવી મંગાવી માદક પીણા પાવા, ઉછીનુ લેવરાવવા ફરજ પાડવી. પ્લેજ નીચે લે–વેચ વગેરે ગુનાહીત વગેરે ગુનાહીત પ્રવૃતિ અંગે શિક્ષા કરાશે અને ગુનો કોગ્ની. છે.
(ડી) બાળકની અટકાયત કરાય ત્યારે પ્રોબેશન અધિકી કે રીમાન્ડ હોમ અધિકાર ને તુરતજ તેની જાણ કરવી. બોસ્ટરલ સ્કુલ કે અન્ય સંસ્થા કે વ્યકિતના નિરીક્ષણ નીચેના નાસી જાય તો તેની અટકાયત કરી તેને પરત મોકલી આપવો.
૩. ઉંમરની ખરાઈ માટે જન્મ સર્ટી કે મેડી. એકઝામ કરાવવી.
૪. જે બાળક માટે કમીટલ ટ્રાન્સફર ઓર્ડર કરાયો હોય તો તે બાળકને એસ્કોર્ટ આપવુ. સિનેમા મેનેજમેન્ટએ પુખ્તવયના માટેની ફિલ્મો જોવા સગીર વયનાને પ્રવેશ ન આપવો. આ નિયમોનો ચુસ્ત અમલ કરવો. લાયસન્સ આપનારને તે અંગે આગ્રહ સેવવો. અણધારી મુલાકાત વડે આ અંગે ચેકીગ કરવુ.

<u>નિયમ ૩૪૮. દેવદાસી એક્ટના પ્રોસીજર અંગે.:–</u>
કોઈ સ્ત્રીને દેવદાસી તરીકે અર્પણ કરવાની કોઈપણ વિધી બિનકાનુની અને તેની વિધી કરનાર, મંજુરી આપનાર, તેમાં ભાગ લેનાર ૧ વર્ષ સુધીની સજાને પાત્ર અથવા તો દંડ અને સજા બંને પાત્ર છે. આ ગુનો કોગ્ની. છે.

<u>નિયમ ૩૪૯. ડ્રગ્ઝ કન્ટ્રોલરને પોલીસ સહાય અંગે.:–</u>
૧. પોતાના પો.સ્ટે. ના સત્તા ક્ષેત્ર પુરતા પી.એસ.આઈ. ઓ આ કાયદાના હેતુ માટે ઈન્સ્પે. લેખાશે.
૨. ડ્રગ્ઝ કન્ટ્રોલર નીચેના સ્ટાફ આ કાયદાના અમલ અંગે મદદ માંગે ત્યારે પોલીસે બધી મદદ આપવી.

<u>નિયમ ૩૫૦. ચેપી રોગવાળી ખુબીઓ અંગે સત્તા.:–</u>
૧. ચેપી પ્રાણી સજીવ છે કે નિર્જીવ કે તેનો ખોરાક વગેરે ચેપી વિસ્તારમંથી બહાર લઈ જવાય તો પોલીસ અધિકારી માલીકને તેને પુનઃ તે વિસ્તારમં ખસેડવા ફરજ પાડશે.
૨. (એ) બધા વિલેજ અધિકારીએ પોતાના વિસ્તારમાં પ્રાણીઓમાં ચેપીરોગ અંગે ઈન્સ્પે. અને વે.સર્જન ને જાણ કરશે. (બી) રોગ ફેલાતો અટકાવવા પગલાં લેશે, (સી) આ કાયદામાં અમલના વે. સર્જન અને ઈન્સ્પે. મદદ કરશે.

<u>નિયમ ૩૫૧. મનોરંજનનાં સ્થળમાં પ્રવેશ અંગે.:–</u>
૧. આ કાયદાની જોગવાઈઓનો અમલ કરાય છે કે નહી તે જોવા માટે જિલ્લા મેજી. તેના વતી નિયત કરાયેલ અધિકારી મનોરંજનના સ્થળમાં તે ચાલુ હોય ત્યારે પ્રવેશ કરી શકશે.
૨. તેની ફરજ બજાવવામાં મનોરંજન કે તે સ્થળના માલીક જરૂરી બધી મદદ આપશે. પ્રવેશ અટકાવવા કે વિરોધ કાયદા નીચે થતી સજા ઉપરાંત રૂ.૫૦૦/– સુધીનો દંડ પણ લઈ શકશે.

<u>નિયમ ૩૫૨. એસેન્સીયલ કોમોડીટીસ એન્ડ કેટલ એકટ.:–</u>
કોઈપણ કોર્ટ જયાં સુધી જાહેર નોકરીયાત દ્વારા લેખિત રીપોર્ટ ન મેળવે ત્યાં સુધી આ કાયદા નીચે શિક્ષાપાત્ર ગુના માટે કોગ્ની. લેશે નહી.

<u>નિયમ ૩૫૩. ફેરીઝ એકટ.:–</u>
૧. ગણવેશમાના અધિકારી કે પો. કબજામાંની વ્યકિત પાસેથી કાંઈ શુલ્ક લેવુ નહી ટોલ્કા
૨. સબ ઈન્સ્પે. દરમ્યાનના કાયદા અને લાયસન્સની શરતનો બરોબર પળાય છે તે જોવા કોઈપણ વહાણ (વેસલ) વગેરેના પ્રવેશ કે નિરીક્ષણ કરી શકે. ઉપયોગ જોખમી જણાય કે શરત ભંગ માટે લાયસન્સ સસ્પેન્ડ કરશે અને નવા લાયસન્સ કે સસ્પેન્સન રદ ન થયા ત્યાં સુધી વહાણ વગેરેના ઉપયોગ અટકાવશે.

**નિયમ ૩૫૪. ફોરેન લીકર રૂલ્સ.:–**

પ્રોહી. અને એકસાઈઝ ડાયરેકટરના લાયસન્સ નીચે કે ડાકટરી સલાહ નીચે લીકર ધરાવવા કે ઉપયોગ કરવા મંજુરી આપી શકાશે.

**નિયમ ૩૫૬. કોમન ગેઈમીગ હાઉસ રાખવા અંગે.:–**

૧. જો કોઈ
(એ) ખોલે, રાખે કે સ્થળ કે ઘરનો આવો હાઉસ માટે ઉપયોગ કરે.
(બી) માલીક કબ્જો ધરાવનાર હોય તે ઈરાદાપુર્વક ઉપયોગ કરવા દે,
(સી) આવી પ્રવૃતિની સંભાળ વ્યવસ્થા કે સહાય કરે
(ડી) આવા હેતુ માટે પૈસા પુરા પાડે તો આ કાયદા નીચે સજા પાત્ર છે.

૨. પોલીસ અધિકારી વોરંટ વિના ઝડતી લઈ શકે.
(૧) જાહેર શેરી કે રેસકોર્સ કે અન્ય જાહેર સ્થળે જુગાર રમનાર માટે
(૨) જાહેર માર્ગ, જાહેર સ્થળ વગેરેમાં પ્રાણી કે પક્ષીઓને લડાવવા ગોઠવનાર

૩. (એ) પ્રાણી કે પક્ષીઓની જાહેર લડાઈ અંગે બોલી બોલવા કે તેમાં મદદ કરવા માટે.
(બી) જુગાર રમવામાં સહાય કરે તેવા કોઈ સમાચાર કે ડોકયુ. છાપવા, પ્રસિધ્ધ કરવા વગેરે માટે વોરંટ વિના અટકાયત અને ઝડતી, કબ્જે લેવાની સત્તા છે. ધરાવે છે.

૪. (એ) કોમન / ગેઈમીગ હાઉસ તરીકે ઉપયોગ કરાતા શંકાસ્પદ સ્થળ કે મકાનમાં ગમે ત્યારે બળપુર્વક અને અન્યોની સહાયથી પ્રવેશી શકશે.
(બી) આવા સ્થળોના બધા ભાગોના સર્ચ કરશે અને ~~ત્યાં~~ રહેલ ખરેખર તે પ્રવૃતિ કરે છે કેમ તે અંગે ઝડતી લેશે.
(સી) તેવાઓને કસ્ટડીમાં લઈ જઈ શકશે.
(ડી) ઉપયોગમાં લેવાયેલ બધી વસ્તુઓ કબ્જે લેશે.

૫. (એ) રેઈડ પાડનારાએ તે પુરી થયે જરૂરી બધીજ માહિતી સહીત ડીસીપી ક્રાઈમ બ્રાંચને રીપોર્ટ આપવો.
(બી) રેઈડ વખતે પાંચ સાક્ષીઓને સાથે રાખવા
(સી) ઓછી સજા જો કરાય તો ડીટેઈલ્ડ એકટનો સ્પે. રીપોર્ટ સુપ્રી. ને આપી આગળ અપીલમાં જવા અંગેની તેમની ભલામણ મેળવવા અને તે અંગે કોર્ટનું ઘ્યાન દોરેલ કે કેમ તે જણાવવુ.

**નિયમ ૩૫૭. હાઈવે એકટ.:–**

૧. તે માટેની સત્તા કે અધિકારી કે કર્મચારી કે કર્મચારીઓની કોઈ જમીનનો કબ્જો લેવામાં કે તેમની કામગીરી બજાવવામાં કે એન્ક્રોચમેન્ટ દુર કરવામાં અવરોધ (વિરોધ) કરાય તો જિલ્લા સુપ્રી. ને તેની જાણ કરવા અને તે અટકાયત દુર કરવા કે અમલ કરવા માટે કામગીરી બજાવશે.

૨. આ કાયદાના ભંગના કોઈ ગુના માટે પોલીસ નજીકની હાઈવે ઓથો. ને જાણ કરશે અને તેમને કાયદેસરની સત્તા અને ફરજ બજાવવા મદદ કરશે.

**નિયમ ૩૫૮. જાહેર ધર્મસ્થાનોનો એકટ.:–**

હિન્દુઓના કોઈ વિભાગ કે જાતિને જાહેર હિન્દુ દેવળમાં પ્રવેશતા ધાર્મીક વિધી કરતા ભકિત કરતા અટકાવવા કે ધમકી, ઉશ્કેરણી વિ. દ્વારા ધાર્મીક પ્રવૃતિ કરતો અટકાવવો એ ગુનો છે. અને શિક્ષાપાત્ર છે. આવા ગુના કોગ્ની છે.

**નિયમ ૩૫૯. જયુડીશ્યલ પ્રોસીડીગ રીપોર્ટ પ્રસિધ્ધી અંગે.:–**

૧. કલમ–૩ ચોકકસ જયુડી. પ્રોસી. ના રીપોર્ટની પ્રસિધ્ધીની મનાઈ કરે છે.
૨. આ કાયદા નીચેની ગુનાને માટે પુર્વ સરકારી મંજુરી વિના કોઈ કોર્ટ કોગ્નીઝેબલ લેશે નહી.
૩. આ કાયદા નીચે ફકત પ્રથમ દરજજાના મેજી. કે પ્રેસી. મેજો.ની. કોર્ટ જ ટ્રાયલ ચલાવી શકશે.

**નિયમ ૩૬૦. લોટરી અને ઈનામી હરીફાઈનો એકટ.:–**

૧. આ કાયદાની જોગવાઈ નીચે બધી લોટરી અને ઈનામો બીન કાયદેસર છે.
૨. કલમ–૧૧ ની સમાહર્તા મંજુર કરેલ લાયસન્સને કેન્સલ કરી સસ્પેન્ડ કરી શકે.
૩. કોઈપણ છાપુ  કે કોઈ જાતની પ્રસિધ્ધી બીનકાયદેસર લોટરીને કે ઈનામી હરીફાઈ ધરાવતો સમાહર્તા ઓફીશ્યલ ગેઝેટસમાં નોટીફિકેશન દ્વારા આવી દરેક નકલને જપ્ત કરવા જાહેર કરી શકે.

૪. મુંબઈને લગતી છે.
૫. (એ) સબ ઈન્સ્પે. કે દરજ્જાના અધિકારી જિલ્લા મેજી. કે ડી.એસ.પી. કે એ.એસ.પી. દ્વારા ઈશ્યુ કરાયેલ સ્પે વોરંટનો અમલ કરી શકશે. અને કાયદા ભંગ માટે બળપુર્વક કોઈ સ્થળ કે ધર્મ સહાયકો સાથે પ્રવેશી તપાસ કરી શકશે.
(બી) જડતી લઈ અટકાયત કરી શકશે.
(સી) મેજી. સમક્ષ રજુ કરશે.
(ડી) તે અંગેની બધી વસ્તુઓ જપ્ત કરશે. પો. કમી. મેજી. વિ. યોગ્ય સત્તાઓને સ્પે. વોરંટ વિના પ્રતિજ્ઞાપુર્વક તેની સમક્ષ ફરીયાદ કરાયેલ ન હોય તે પુરતા સંતોષકારક કારણ ન લાગે તો તે માટે ઉપયોગ કરતાં સ્થળની તપાસ કે જડતી કરશે નહી.
૫. આવા કિસ્સાની તપાસમાં ક્રિ.પ્રો.કલમ વડે અપાયેલી કોગ્ની. ગુનાની તપાસ માટે પો.સ્ટે. અધિકારીને સોંપી શકાશે.
૬. આ અંગેના ગુના જામીનપાત્ર છે.
૭. લકકી નંબર પ્રોગ્રામ સિવાય કોઈ પ્રકારની મનોરંજન લોટરીને લાયસન્સ મંજુર કરાશે નહી. આ લકકી નંબર પ્રોગ્રામ નીચેની શરતોને આધીન રહીને લાયસન્સ મેળવવાને પાત્ર લેખાશે. અને શરતો પડાય છે. તે લાયસન્સ આપતા અગાઉ જોવુ.
(એ) ખાનગી લાભ માટે અંશતઃ કે સમગ્રપણે ઉપયોગ ન થવો જોઈએ.
(બી) કોઈ ઈનામ નાણાંના રૂપે ન હોવુ જોઈએ.
(સી) ટીકીટ કે લોટરીની તક વેચાવી કે ઈશ્યુ ન થવી જોઈએ. અને પરીણામ જાહેર ન થવુ જોઈએ. સિવાય કે પ્રીમાઈસીઝમાં જ અને ચાલુ કાર્યક્રમમાં જ થતુ હોય.
(ડી) ભાગીદાર થવા માટેની સવલતો ભાગ લેવા માટેનું પ્રલોભન ન થવુ જોઈએ.
(ઈ) દરેક માટે રૂા.૨ થી વધુ કિંમત ન હોવી જોઈએ.
(એફ) ઈનામ કે નાણાંના ન હોય તેની કિમંત રૂા.૫૦૦ થી વધવી જોઈએ. ઉપરની શર્ત મંજુર કરાઈ છે.

<u>નિયમ ૩૬૧. મોલેશીઝ એકટ.:–</u>

૧. ડાયરેકટર ઓફ પ્રોહી. અને એકસાઈઝની પુર્વમંજુરી સિવાય આ કાયદા ના ભંગના ગુનાની કોઈ કોર્ટ કોગ્નીઝન્સ લેશે નહી ઈન્સ્પે. દરજ્જાના અધિકારી આ કાયદા નીચે શિક્ષાપાત્ર ગુનાની તપાસ કરી શકશે. અને પ્રવેશ, ઝડતી, ઝપતી, અટકાયત કે ધરપકડ કરી શકશે. મોલેશીઝ કબ્જે લઈ તે અંગેની જાણ તુરતજ મેજી. કરશે અને કસ્ટડી માટે તેના જરૂરી ઓર્ડર મેળવશે.
૨. આ અંગેના ગુના કોગ્ની. અને જામીનપાત્ર છે.

<u>નિયમ ૩૬૨. મની લેન્ડર્સ એકટ નીચે કોગ્ની. ગુના અંગે.:–</u>

૧ કલમો ૫ અને ૩૩ નીચેના ગુનાઓ કોગ્ની છે.
૨. જે માટે અને જ ૪ શરતોએ લાયસન્સમાં મંજુરી મળી હોય તેના ભંગ કરીને નાણાં ધિરનાર તે ધંધો કરી શકશે નહી.
૩. કરજદાર પાસેથી નાણાં પરત મેળવવા મોલેસ્ટ કરનારને કન્વીકશન કરાયે ૩ માસની કેદ કે રૂા.૫૦૦ સુધીનો દંડ કે બંને થઈ શકશે. કાયદેસર રીતે કરવાની કાર્યવાહી કરતાં અટકાવે કે હિંસા વાપરે, પીછો કરે કે તેની મિલ્કતમાં દખલ કરે, ઉપયોગ કર્તા અટકાવે કે તેના વસવાટની નજીક રખડયા કરે વિ. ગુનાહીત અને આ કાયદો ભંગ કરનાર લેખાશે. ધંધો નિયમાનુસાર કરે છે. તેની ખરાઈ રજીસ્ટ્રાર, આસી.રજીસ્ટ્રાર કે અન્ય યોગ્ય અધિકારી કરી શકશે. અને જરૂરી રેકર્ડ કે ડોકયુ. મેળવી શકશે કે તે મેળવવા કોઈ પણ પ્રિમાઈસીઝમાં પ્રવેશ કરી પુછપરછ કરી શકશે.

<u>નિયમ ૩૬૩. એન્ટીસીડન્સ ઓફ મની લેન્ડર્સ.:–</u>

નિયમના ભંગ માટે દોષિત અને અપ્રમાણીકતા કે ધોખાબાજી આ ધંધાવાળા અંગેની માહિતી પોતાને મળે પો.સ્ટે. અધિકારી રજીસ્ટ્રાર કે આસી. રજીસ્ટ્રારને પુરી પાડશે.

<u>નિયમ ૩૬૪. મોટર વ્હીકલ એકટ રજી. સસ્પેન્ડ કરવા અને વાહનોની તપાસ કરવાની સત્તા.:–</u>

૧. કોન્સ્ટેબલ દરજ્જાના અધિકારી કાયદાની કલમ–૩૩ નીચે રજી. સર્ટી. સસ્પેન્ડ કરી શકશે.

૨. આરટીઓ સત્તાવાળાને મેળવવા માટે યોગ્ય રીતે અને કારણે ડીસકવોલીફાય કરવાની સત્તા ડેલીગેટ કરેલ છે.

૧. ડબલ ડેકર વાહન સિવાયની કુલ ઉંચાઈ જેના પર તે ટકેલ હોય તેવી સપાટીથી માપતા, ૧૧ ફુટથી વધવી ન જોઈએ.

૨. ડબલ ડેકર વાહનની કુલ ઉચાઈ ૧૫.૫ ફુટથી વધવી ન જોઈએ.

૩. આ નિયમ રજી. સત્તાવાળાઓ દ્વારા ઓર્ડર વડે અપવાદ કરાયેલ વિશિષ્ટ હેતુવાળા ટાવર વગેરે જેવા વાહનને લાગુ

૪. ગણવેશધારી પોલીસ અધિકારી પોતાની હદમાં ગમે ત્યારે જાહેર સ્થળના ભારે વાહનને રોકવા, રોકી રાખવા અને તેમાંની વસ્તુઓની તપાસ કરવાની સત્તા ધરાવે છે. આ માટે બે અપવાદો છે.

૫. ટ્રાન્સપોર્ટ વાહન માટે પણ આ નિયમ–૪ લાગુ પડે છે. તેથી કાયદાની જોગવાઈ મુજબ બ્રેક છે કે નહી, તેની તપાસ કરી શકશે.

૬. ટેકસી મીટર બેસાડેલી મોટર કેબ માટે મીટર ખામી યુકત નથી ? વગેરેજી તપાસ કરી શકશે. મોટર કેબને રોકી શકશે. અને ડ્રાઈવરને માન્ય સંસ્થાને મોકલી લેશે. અને કાયદા મુજબના પગલાં લઈ શકશે.

૭. ટ્રાન્સપોર્ટ વાહનના એજન્ટ ગણવેશધારી અધિકારી, માંગે ત્યારે લાયસન્સ બતાવશે.

૮. ટ્રાન્સપોર્ટ વાહનના માલીક તેના સંબંધનું જરૂરી રેકર્ડ જાળવશે અને તપાસ માટે જયારે પોલીસ અધિકારી. માગે ત્યારે રજુ કરશે.

૯. પરમીટ ધરાવનાર તેનો ભાગ હંમેશા સાથે રાખશે અને યોગ્ય સમયે માંગણી થયે પોલીસ અધિકારી રજુ કરશે.

૧૦. મોટર કેબના માલીક કરન્ટ રજી. રાખશે. જેમાં ડીસઈન્ફેકટ કરાયાની તારીખ નોંધશે. માંગણી થયે તે પોલીસ અધિકારી ને રજી. બતાવશે વપરાતો યાંત્રિક સ્પે. ચાલુ હાલતમાં છે ? તેની ખાત્ર કરાવશે.

૧૧. મોટર કેબનો ડ્રાઈવર ગણવેશધારી અધિકારી દ્વારા માંગણી કરાયેથી ડ્રાઈવીગ લાયસન્સ બતાવશે.

૧૨. ડ્રાઈવીગ લાયસન્સ ધરાવનાર પાસેથી તે કામ ચલાઉ કબ્જે લેવાય અને સસ્પેન્ડ કે કેન્સલ ન કરાયુ ત્યારે કાચી પહોંચ બતાવવી આપવી. દર્શાવેલ સમયમાં કામચલાઉ લાયસન્સ બનાવશે.

૧૩. જાહેર સ્થળમાં સેવા માટેના વાહન દ્વારા મુસાફરોની સંખ્યા વગેર કાયદાની જોગવાઈ અને પરમીટની શરતો બરાબર પળાય છે કે કેમ ? તે તપાસમાં તેને અટકાવી રોકી અને ચેક કરી શકશે.

૧૪. કેરીયરનો ઉપયોગ કરનાર મુસાફર તેના નામ–સરનામા મંગાયેથી સાચા નામ–સરનામા આપશે અને નહી તો નિયમભંગ લેખાશે,

૧૫. મુસાફર સ્ટેજ કેરીયરનો ઉપયોગ કરવામાં

(૧) પરમીટ ધરાવનાર નોકરને ફરજમાં રૂકાવટ

(૨) ભારે સામાન જે અન્યને અડચણ કરે

(૩) કોઈ પ્રાણી, પક્ષી, મચ્છી, હથિયાર, સાધન કે બીજા ને અડચણરૂપ કે ઉશ્કેરણી પ્રેરક હોય

(૪) અન્યાયી રીતે બજાવે

(૫) અન્યાયી રીતે સ્ત્રીઓ માટેની અલગ મુકરર બેઠક રોકે.

(૬) ગાય કે વાંજીત્ર બજાવે

(૭) ચેપીરોગથી પીડાતો હોય

(૮) મુસાફરની સંખ્યાની ભરપુર હોય છતાં જાણીબુઝીને દાખલ થાય

(૯) બીજાના વસ્ત્રો બગાડે તેવા વસ્ત્રો પહેરે કે અન્ય કોઈ જોગવાઈ કે નિયમનો ભંગ કરે તો તે વાહનમાંથી ઉતારી મુકશે અને તે માટે બળનો ઉપયોગ પણ કરાશે અને ભાડુ પરત કરાશે નહી.

૧૬. પરમીટનો બી. વિભાગ તપાસવા ગણવેશધારી પોલીસ અધિકારી ટ્રાન્સપોર્ટ વાહન પર ચઢી શકશે. મોટર કેબના ડ્રાઈવર દરેક મુસાફરી પુરી થયે મુસાફરી દ્વારા કાંઈ રહી ગયેલ અંગે વાહન તપાસી લેશે, મળે તો સંભાળી લેશે તેને નજીકના પોલીસ સ્ટેશન સોંપી દેશે.

૧૭. ઘોંઘાટભર્યા સાયલેન્સર અને ધુમાડાભર્યા એકઝોસ્ટ માટે આકરા પગલાં લેવાશે.

૧૮. દરેક ભારે વાહન ફીટ કરવામાં આવે

(એ) ૩ ઈંચથી ઓછા નહી તેવા વ્યાસ વાળા બે રીયર લાલ રીફલેકટર બોડીની બન્ને બાજુએ

(બી) ૩ ઈંચથી ઓછા નહી તેવા વ્યાસવાળો ૧ લીલો રીફલેકટર લોડ બોડીની આગળની બાજુના તદન જમણા ભાગે ફ્રન્ટની સામે જમીન થી ૪–૫ ફુંટની ઉંચાઈ વચ્ચે ૨૦: નીચેની શરતે પોલીસ ખાતાએ ભાડે કરેલ અને ખાગી માલીકીની ભાર વાહનોમાં પો. ને લઈ જવાનુ નીચેની શરતે કાયદા માન્ય છે.

૧. ઈમરજન્સી

૨. પડવાનો ભય ન હોય, બેઠેલ સ્થિતિમાં શરીરનો કોઈ ભાગ વાહનની સપાટી રેસ કરે તેનાથી ૧૦ ફુટ ઉંચાઈ અંદર હોય.

૩. કુલ વાહનની ભોયતળીયાની જગ્યાના વિસ્તારને ૪ વડે ભાંગતા સંખ્યાથી વધુ ન હોય

૪. આર.ટી.ઓ. ની પુર્વ મંજુરી મળેલી હોય.

**<u>નિયમ ૩૬૫. મોટર વ્હીકલ ટેક્સ એક્ટ.:–</u>**

પોલીસ અને તેની સત્તા ૧. ગણવેશમાં અને સરકારે ઠરાવેલ કક્ષાના અધિકારી.

(એ) દિવસ દરમ્યાન ગમે ત્યારે વાહન રખાયુ હોય તે કક્ષાના અધિકારી.

(બી) દિવસ દરમ્યાન ગમે ત્યારે વાહન રખાયુ હોય તે સ્થળમાં દાખલ થઈ શકશે.

(સી) જાહેર સ્થળ પરના વાહનના ચાલક ને તેનો રોકવા અને તેનો ટેકસ ચુકવાયો છે કે નહી ? તે તપાસવા દેશે (૨) આવા ગુના માટે કન્વીકશન થયે વધુમાં વધુ રૂા.૧૦૦/– દંડ અને જો અગાઉ પણ કન્વીકશન થયેલ હોય તો રૂા.૨૦૦ સુધીનો દંડ કરી શકશે

**<u>નિયમ ૩૬૬. ૧૯૫૮ ના વ્હીલ ટેકસ ઈન્સ્પે. અને એન્ટ્રીના પાવર.:–</u>**

૧. સરકારે નિયત કરેલ સત્તાધીસ સ્ટેજ કેરેજ જડતી માટે ગમે તે યોગ્ય સમય તેમાં કે તેને રખાયુ હોય તેવા ગેરેજમાં આ કાયદાઓનો અમલ થયો છે તેની ખરાઈ માટે દાખલ થઈ શકશે અને તપાસ કરી શકશે.

૨. પેટા નિયમ–૧ નીચે જડતીએ ક્રિ.પ્રો.કો. કલમ નીચે જોગવાઈ અનુસાર થવી જોઈએ.

**<u>નિયમ ૩૬૮. જુદા જુદા મ્યુની. કાયદાની નીચે ફરજો.:–</u>**

૧. મુંબઈ અંગે

૨. કાયદો કે તેનાં કોઈ નિયમની ભંગ કરનારની પોલીસ અટકાયત કરશે. જો તે પોતાનું નામ અને સરનામુ માંગ્યાથી ન આપે કે ખોટુ આવે.

૩. નગરપાલીકાના સ્ટાફને પુરતો સાથ સહકાર આપવો.

**<u>નિયમ ૩૬૯. મેડીકલ પ્રેકટીશ્નર એક્ટ.:–</u>**

અનકવોલીફાઈડ માણસો વડે સર્જીકલ ઓપરેશન અંગે:– રજી. મેડી. પ્રેકટીશ્નર ન હોય તેવા કે લે ભાગુ દ્રારા મોતીયા ઉતારવા આંખોની સારવાર વિ. ગેરરીતી પર પોલીસ અધિકારી અને સખત વોચ રાખશે તેવા કિસ્સા બને સરકારરીને ડી.એચી. ઓ. કે સીવીલસર્જન દ્રારા જાણ કરશે. આ અધિકારી ઓ લો કોર્ટમાં ફરીયાદ નોધાવશે.

**<u>નિયમ ૩૭૧. ઓપીયમ્સ સ્મોકીગ એક્ટ.:–</u>**

૧. પ્રોહી. અને એકસાઈઝ ડાયરેકટ કલે. કે યોગ્ય અધિકારી આ નિયમ અંગેના શિક્ષાપાત્ર ગુનાઓની પોતાની હદમાં તપાસ કરશે. (આ ગુનાની તપાસ દરમ્યાન સત્તા ધરાવતાં પોલીસ સ્ટેશન અધિકારી. ને કોગ્ની. ગુનાની તપાસ સોંપી શકશે.)

૩. તેની ઉપરથી અધિકાર પોતે તપાસ હાથ પર લેશે, કે તે અંગે માર્ગદર્શન આપશે અને તે માટેની બધી સત્તાઓ ધરાવશે.

૪. તપાસ અધિકારીને સંતોષ થાય તો તે આરોપીને મેજી. ની સમક્ષ રજુ ન કરતાં કે ધરપડકન ન કરતાં ફકત ચેતવણી આપી જામીન કે વિના ખત મેળવી છોડી દેશે અને તે અંગેનો ઉપરી અધિકારીને રીપોર્ટ કરશે.

૫. આવા અધિકારીની સત્તા રાજય સરકાર યોગ્ય ગણે તેના નિયંત્રણો અને સુધારા વધારાને આધીન રહેશે.

૬. આ કાયદાના ભંગ અંગેના ગુનાઓની જાણ કરવી અને અટકાવવા જરૂરી પગલાં લેવા કે મદદ કરવી.

૭. મુંબઈ અંગે.

૮. આ કાયદાની જોગવાઈ નીચે ગુનાની તપાસણી સત્તા કમી. કલેકટર કે એકસાઈઝ ખાતાના અધિકારીને અપાયેલ છે. તેથી ધરપકડ કરાયેલ વ્યકિત કે જપ્ત કરાયેલ વસ્તુઓ વિશેષ તપાસ માટે એકસાઈઝ સુપ્રી. ને મોકલવા.

૯. માહિતી આપનારને ઈનામ વગેરે આપવા એકસાઈઝ કમી. ને સત્તા અપાયેલી છે.

૧૦. અફીણ રાખવા વગેરે અંગેના ગુના જામીનપાત્ર નથી, પણ આ કાયદા નીચેના બીજા ગુના જામીનપાત્ર છે.

<u>નિયમ ૩૭૨. બોમ્બે પોલીસ એકટ.:–</u>

૧. જરૂરી લાયસન્સ વિના સતત રીતે ચલાવનારા ના કિસ્સામાં જિલ્લા મેજી. મારફત પગલાં કોઈ સંજોગોમાં કપ, રકાબી વિ. જોવી. તેમની મિલ્કત કબ્જે લેવી નહી.

૨. રાહદારીઓના વિરોધ થયે શેરીમાં થુકવુ. કચરો ફેકવો વિ. ગુન્હો કોઈ બુધ્ધીપુર્વક પગલા લેવા જાહેર મનોરંજન સ્થળના સાચવનારાઓની તેમના નોકરના વર્તન અંગેની જવાબદારી રહે છે. તે અંગે ખાતાકીય પગલા લેવા.

૩. જેની સામે હદપારની કાર્યવાહી કરાઈ હોય તેણે રજુ કરેલ બચાવતા સાહેદોની ક્રોસ પરીક્ષા કરવા પ્રોસીકયુશનને સત્તા નથી તે અંગેની પુછપરછ યોગ્ય સત્તાધીશ કરી શકશે.

૪. ડી.એસ.પી. કે જિલ્લા મેજી. વિકાસ સમિતીની પોલીસ સલાહકાર સમીતીની સલાહ નીચે પી.પી. એફ એન્ડોર્ઝ કરવાની દરખાસ્ત કરી શકે.

૫. મહત્વના સિનેમા થિયેટર પર ખિસ્સાકાતરૂ વિ. ના નિયંત્રણ માટે ઓછામાં ઓછા સાદા વસ્ત્રધારી એક કોન્સ. મુકવો

૬. એપ્ટર અને તડીપાર જેવા પગલાં દ્રારા અસામાજીક તત્વોને કાબુમાં રાખવા બધા પગલા લેવા.

૭. ડી.એસ.પી. કલમ–૫૫, ૫૬ અને ૫૭ નીચેની પોળીની સભ્યો સામે પગલાં લઈ શકશે.

૮. જિલ્લા પોલીસ દળ અને ડી.એસ.પી. જિલ્લા મેજી. ના કાબુ તળે રહેશે. અને રેવન્યુ કમી. ના કાયદેસર હુકમને આધીન રહેશે.

૯. પોતાની હાજરીમાં કાયદાભંગ માટે મેજીસ્ટ્રેટના ઓર્ડર વોરંટ વિના આ કાયદા તળે અટકાયત કરી શકશે.

૧૦. પોલ્ટ્રીનુ પ્રદર્શન મનોરંજન નહી પણ જાણકારીનાં હેતુ માટે હોય છે.

૧૧. કોન્ટોમેનમેન્ટ વિસ્તારમાં હોટલો માટે લાયસન્સ લેવુ જોઈએ.

૧૨. નોટીફિકેશનની પ્રસિધ્ધની અંગેનો ખર્ચ હેડ–૨૭ એડમી. ઓફ જસ્ટીસ ખાતે ઉધારવો અને ડિસ્ટ્રી. જ ચુકવણીની વ્યવસ્થા કરે.

<u>નિયમ ૩૭૩. પ્રોહિબીશન એકટ અંગે.:–</u>

૧ આ અંગેના ગુના અટકાવવા અને પકડવા મહત્વની ફરજ છે. આ અંગેના કાયદાઓથી પરીચીત રહેવુ. સ્થાનિક સમિતી અને ખાતાની સહાય કરવી.

૨. નીચેની સુચનાઓની અમલ કરવી.

(૧) માહિતી આપનારને બાતમીદાર નહી કે ફરીયાદી લેખવા, તેમના નામ ગુપ્ત રાખવા.

(૨) પો.સ્ટે. અધિકારી કે સબ ઈન્સ્પે. વડે મુલાકાત લેવાની અને ખરાઈ કરવી જોઈએ. જિલ્લા પ્રોહી. સમિતિની સભામાં હાજરી આપી જરૂરી માહિતી કે ખુલાસા પુરા પાડવા.

(૩) સ્ટેશન વિ. પર કડક યોગ્ય વોચ દ્રારા ગુપ્ત માહિતી મેળવવી.

(૪) પસંદ કરેલા હોમ ગાર્ડસ કે જંગલખાતાના બાતમીદારોની સહકાર મેળવવો.

(૫) ગામડા માટે પોલીસ પટેલ જાગૃત રહી ફરજ બજાવી અને ફરજ ભંગ માટે સખત પગલાં લેવા.

૩. ગુનો પકડવા કરતાં અટકાવવો વધુ મહત્વનો હોઈ, ગેરકાયદે આયત, સાધનો વગેરે જપ્ત કરવા કે મોબાઈલ પાર્ટીની પોલીસ વડે નાશ કરવો.

૪. પરમીટ ધરાવનારા સામે ગેરકાયદે દારૂનો ધંધો કે કબ્જા કેસ કરતાં અગાઉ કાળજી રાખવી.

૫. ઓછામાં ઓછા જથ્થા માટે કેમી. એને. ને મોકલવી અને કોર્ટ કિસ્સામાં તાલીમી દ્રારા સ્કયાઝહાઈડ્રોમીટર ટેસ્ટ કરાવો અને કોર્ટમાં તેનુ પરીણામ રજુ કરવુ. કોર્ટને કસોટી રૂબરૂ પણ કરી શકાય તેમ જણાવવુ.
૬.ફ્રેન્ચ પોલીસ કે વાર્નીસ જેવા પુરતા પ્રમાણમાં જરૂરી પદાર્થો ન હોય તો લીકર લેખાય છે અને તેથી કાયદો તેને લાગુ પડે છે.
૭. આ અંગેનો ગુનેગારો માટે અલગ નોન ક્રિ. રજી. અને સર્વે રજી. રાખવા
૮. જકાત હદપાર થતાં ગુન્હા માટે
(એ) કસ્ટમ હદ પસાર કર્યા પછી પોલીસની સત્તા શરૂ થાય
(બી) કેફી પદાર્થો ચોકકસ માર્ગે આયાતી સ્ટેજમાં હોય તો ત્યાં સુધી પગલાં ન લઈ શકાય.
(સી) અન્ય માર્ગે લાવવામાં આવે તો પગલા લઈ શકાય.
(ડી) એકસાઈઝ ચેકીગ બાદ પણ પોલીસ ચેકીગ કરી શકે.
૧૦. રાજય વાહન વ્યવહાર નિગમનું વાહન ડ્રાઈવર અને કંડકટરને આવા ગુના માટે કબ્જે અને ધરપકડ કરવા સત્તા છે.
૧૧. એકસાઈઝ અધિકારી તપાસ કે ગુના અંગેનુ જરૂરી રેકર્ડ કાર્યાલયમાંથી કબ્જે લેવા ખાતાના વડાની પુર્વ મંજુરી છે. અને ખાતાએ પોલીસને સહકાર આપવો.
૧૨. જયારે લીકેજ વિ. ને કારણે મુદામાલ માટે યોગ્ય પગલાં લેવા કોર્ટને વિનંતી કરવી અને અલગ રીપોર્ટ કરવો.
૧૩. કબ્જે લીધેલા સાધનો ફરીથી ઉપયોગમાં ન લેવાય તે માટે તેને ભાંગી તોડી નાંખવા કે નકામા બનાવી દેવા. તે અંગેની સુચનાઓની હરાજી કરતાં પહેલા ચુસ્ત અમલ થવો જોઈએ.
૧૪. આવા કિસ્સા કોર્ટ સમક્ષ રજુ થાય ત્યારે પુરતા સાક્ષી પુરાવા રાખવા જેથી આરોપીને શકનો ખોટો લાભ ન મળે.
૧૫. રેડ પાડનાર અધિકારએ કોર્ટમાં પોતાની સાક્ષી આપવી.
૧૬.(૧) જયારે મોભાદાર વ્યકિત (૨) જાણીતી ટોળીનો રાઉન્ડઅપ વિ. હાથ ધરાય ત્યારે ગર્વ. સેક્રેટરીને તુરત તેનો રીપોર્ટ કરવો અને યોગ્ય અધિકારીને નકલ આપવી.
૧૭. દર માસની ૧૦ મી તારીખે એન્ટી કરપ્શનના ડાયરેકટરને લીધેલ પગલા અને બનેલ કિસ્સાઓ વિષેની સર્વ જરૂરી માહિતી ડી.એસ.પી. એ મોકલવી.
૧૮. આ કાયદાના ભંગ માટે સજા પામેલાને કોન્ટ્રાક્ટ કે લાયસન્સ આપવાનુ અયોગ્ય ઠરાવી શકાય છે.
૧૯ (એ) લોહી લેવાય કે તરતજ તેને સાઈટ્રેટ ઓફ ઓકઝેલેટ સાથે મીકસ કરવુ અને સીસી બરાબર સીલ કરવી તુરતજ કેમી. એને. ને મોકલી આપવી. આ અંગેની સુચનાઓ અમલ કરવો.
(બી) જાહેર સેવકે દારૂ પીધો હોય તો લોહીના નમુના પોલીસ અધિકારી કે તપાસ કરતા હોય તો તેની હાજરીમાં લેવા અને મુત્રના નમુના પણ તેમની આસપાસની હાજરીમાં લેવા અને તેના પર મેડી. અધિકારી અને જે તે પોલીસ અધિકારીના સીલ કરવા.
૨૦. લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ ૦.૫ ટકાથી ઓછુ પુરવાર થાય તો તે લીકર દાકતરી વિ. કારણે ઉપયોગ કરાયેલો તેમ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે અને નહી તો કોર્ટ વિરોધી અભિપ્રાય લેશે.
૨૧. કેફી પદાર્થ લીધા ની શંકા થાય તો મેડી. પરીક્ષા કરાવી લોહીનો નમુનો લેવો, અને જરૂરી બધી વિધી અને કાર્યવાહી કરવી.
૨૨. પ્રોહી. અધિકારીઓને નિષ્ણાંતો તરીકે સાક્ષી આપવા કોર્ટમાં બોલાવવા નહી.
૨૩. ગેરકાયદે વપરાતાં વાહન પકડાય તો જપ્ત કરી શકાય, કયારેક ખરેખર ચોરાયેલા વાહન દારૂના ગેરકાયદે ધંધામાં વપરાય છે તે અંગે ચાપતી તપાસ કરવી.
૨૪. મંજુરી સિવાયના બીજા સ્થળે ન વપરાય વિ. ચોકકસ શરતો નીચે લશ્કરીદળના સભ્યે તેમણે ખરીદેલ પરદેશી દારૂ લશ્કરી મેસ કે કેન્ટીનમાં પી શકે ઉપયોગ કરી શકે.
૨૫. આ કાયદા તળે લશ્કરી કર્મચારીઓને જડતીમાંથી મુકિત નથી, પણ બિન જરૂરી અડચણ ન થાય અને તદન જરૂરી જણાય તો જ જડતી લેવી.

૨૬. લશ્કરી દળના સભ્ય વડે દારૂ લઈ જવાને બો. થુ. ટ્રા. નિયમો નિયમન કરે છે. આ માટે પાસની વ્યવસ્થા કરાયેલી છે.

**નિયમ ૩૭૪. પબ્લીક કન્વેન્ટસ એકટ.:–**

૧. આ કાયદાની જોગવાઈ રાજયના કોઈ સ્થળ કે શહેર માટે વિસ્તારવા પોલીસ સુપ્રી. એ અનુમાનરૂપ પ્રોવીઝનલ નોટીફીકેશનનો ઉપયોગ કરવો. જેમાં જરૂરી સુધારા વધારા પણ કરી શકાય.

૨. અમલની તારીખનાં એક માસ અગાઉ પ્રસિધ્ધ કરવુ. પ્રજા પાસેથી સુચનો કે વાંધાઓ મેળવવા પુર્વ પ્રસિધ્ધી જરૂરી નથી. તેથી ગર્વ. ગેઝેટસમાં નીયત તારીખ ના એક માસ અગાઉ તેની પ્રસિધ્ધી આ કાયદા સાથે સુસંગત ગણાશે.

૩. આ કાયદાના ભંગ માટે વોરંટ વિના ધરપકડ કરી શકાશે અને ઘોડા કે સાધનોને અટકાવી કબ્જે લઈ શકાશે.

૪. જાહેર સાધનોના ડ્રાઈવર લાયસન્સ જે મંજુર કે તાજુ કરવા જરૂરી વિગતોની સુપર્ણ ખરાઈ કરવી.

**નિયમ ૩૭૫. પબ્લીક કન્વે. હિસાબોના ઈન્સ્પેકશન.:–**

પોલીસ સુપ્રી. એ તપાસ અને પરીક્ષણ અંગે વ્યવસ્થા કરવી ખરેખર પોલીસ સ્ટે. ખાતે તપાસવા કે પોલીસ એકાઉન્ટરને ડેપ્યુટ કરવા જરૂરી નથી, પણ વખતોવખત ઈન્સ્પે. દરમ્યાન ડી.એસ.પી. ના કાર્યાલય અધિકારીઓ વડે તપાસવા અને હેડ.કવા. ચેક કરાવા જોઈએ.

**નિયમ ૩૭૬. રેગ્યુલેશન એકટ:– ગ્રામ્ય હદમાં લુંટ માટે ફાઈન્સીની લેવી અંગે.:–**

૧. ગામની હદમાં લુંટ કરાય કે ગામની હદમાં લુંટ થાય કે લુંટની તૈયારી કરનારા હાથ કરાય અને બેકાળજી જણાય તો જિલ્લા કે સબડીવી મેજી. ક્રિ. ઓફેન્સ તરીકે ઈન્વેસ્ટીગ કરી શકાય. અને હકીકત પુરવાર થાય તો ગુમાવેલ મિલ્કતીન કિંમત જેટલો દંડ વસુલી શકે જે માલીકને વળતર તરીકે આપી શકાય.

૨. જો રહેવાસીઓ પાસેથી એકઠો કરવાનો હોય તો કલેકટર મહેસુલી લેણાની જેમ ઉઘરાવી મેજી. ને ચુકવી આપશે.

**નિયમ ૩૭૭. હિજરતીઓના રજીસ્ટ્રેશન અંગે.:–**

કલમ–૧૦૧ સિવાયના આ કાયદાનાં તેના ગુનાઓ કોગ્ની છે. નિર્ધારીત સમયમાં હિજરતીઓનું રજીસ્ટર અને સરનામાનાં ફેરફારની માહિતી માટે નિર્દેશ કરાયેલ છે.

**નિયમ ૩૭૮. ભાડા, વિશ્રામગૃહ વગેરેના દર કન્ટ્રોલનો એકટ.:–**

આ કાયદા નીચે કલમો ૧૬, ૧૭, ૧૭ (એ) ૧૮, ૧૯, ૨૪, ૪., ૨૫ અને ૪૦ ૧. (૨) તેની સામે દર્શાવેલ વિગતો માટેનાં ગુનાઓ કોગ્ની. છે.

**નિયમ ૩૭૯. સેલ એકટ.:–**

૧. કલમ–૩૬ નીચે શિક્ષાપાત્ર ગુના અંગે કલે. ની પુર્વ મંજુરી વિના કોર્ટ કોગ્ની. લેશે નહી. વર્ગ મેજીસ્ટ્રેટ સિવાય ટ્રાયલ ચલાવશે નહી.

૨. કાયદા તળેના બધા ગુનાઓ કોગ્ની અને જામીનપાત્ર છે.

૩. રૂલ–૩૮ આધીન રહી કલેઈમ આ ગુનાની તપાસમાં સહાય કરવા નીમી શકશે.

૪. આવી અધિકૃત વ્યકિત તપાસ દરમ્યાન પોલીસ સ્ટેશન અધિકારીની સત્તાઓ ભોગવશે.

**નિયમ ૩૮૦. સેઈલ્સ ઓફ મોટર સ્પીરીટ ટેકશેશન એકટ.:–**

૧. ઈન્સ્પે. દરજજાના અધિકારીને નીચેની સત્તા છે.

૨. (એ) કલમ–૯ લાગુ પડે તેની પાસેથી હિસાબો રજી. કે બીજા ડોકયુ કે માહિતી મેળવવાની (બી) મોટર સ્પીરીટ ઉત્પન કરાય, સંગ્રહ કરાય વિ. અને ઉપરના રેકર્ડો તપાસવા, (સી) તેની તપાસ માટે કોઈપણ સ્થળ, મકાનની અંદર પ્રવેશી ઝડપી લઈ શકાશે.

૩. ગુનો કરનાર સામે લેખિતમાં કારણો નોંધી જરૂરી રેકર્ડ વિ. અને વ્યકિતને પણ કલેકટર અટકાયત કરી શકશે. અને કાચી પહોંચ આપી જરૂર પડે ત્યાં સુધી જાળવી રાખશે.

૪. આ કાયદા નીચે સજાપાત્ર ગુનાની તપાસ સબ ઈન્સ્પે. દરજજાના અધિકારી હાથ ધરી શકશે.

**નિયમ ૩૮૩. વેકસીનેશન એક્ટ.:–**

આ કાયદા નીચેના ગુના મેજી. કે પોલીસ વડે કોગ્નીઝેબલ લેખાશે, સિવાય કે વેકસીનેશન સુપ્રી. ની સત્તા અને હુકમ નીચે પ્રોસીક્યુશન કરાયેલ હોય.

**નિયમ ૩૮૪. વિલેજ પંચાયત એક્ટ.:–**

૧. કલમ–૭૫ નીચે નીચેની યાદી મુજબના ગુનાઓનુ ન્યાય પંચાયત કોગ્નીઝન્સ લઈ શકે અને ટ્રાયી ચલાવી શકે.
(એ) ઈ.પી.કો. નીચે કલમ–૨૬૯, ૨૭૦, ૨૮૩, ૩૧૩, ૩૫૮, ૩૭૯, ૪૨૬, ૪૪૭, ૪૪૮, ૪૬૧, ૫૦૪, ૫૦૬ અને ૫૧૦
(બી)પ્રિવેન્સન ઓફ ક્રુઅલ્ટી ટુ એનીમલ્સ એક્ટ નીચેના કલમો ૪, ૫, ૫એ, ૬, ૬સી અને ૭
(સી) ડીસ્ટ્રી. એકવીનેશન એક્ટ નીચેની કલમો ૨૨,૨૩, ૨૪, ૨૫ અને ૨૫ અને ૩૫૧ (૨) ૬ અને ૧૮
(ડી) (૧) પ્રાઈમરી એજ્યુકેશન એક્ટ નીચેની કલમો ૩૫, ૩૬ (૨) સૌરાષ્ટ્ર પ્રાઈમરી એક્ટ નીચેની કલમો ૨૯, ૩૦.
(ઈ) આ કાયદા નીચેની કલમો–૫૨, ૫૩, ૫૪, ૧૭૬ અને ૧૭૭ ચોરીનો કોઈ ગુનો જો આરોપી ઓળખાયેલ અને એપ્રીહેન્ડ થયેલ ન હોય તો તેને કોગ્નીઝ સે પંચાયત લેશે નહી તેવી જ રીતે નીચેના માટે પણ કોગ્નીજન્સ લેશે નહી.

૨. (એ) ઈ.પી.કો. નીચેના ગુના માટે ૩ વર્ષ કે વધારે અગાઉ સજા પામેલ હોય.
(બી) કોઈ ન્યાય પંચાયત માટે અગાઉ ચોરી માટે દંડ પામેલ હોય.
(સી) કોડની કલમ–૧૦૯ અને ૧૧૦ નીચે સારી ચાલચલગતના જમીન લેવાયેલ હોય.

૩. ફરીયાદો કે આરોપી થાય પંચાયત કે જાહેર સેવાની સભ્ય હોય તો તેનાં ગુનાનું કોગ્નીઝન્સ નહી તે ઉપર નિર્દેશ કલમો મુજબ કે તેના પેટા કાયદાના ભંગની જાહેર સેવાના સભ્યના ગુના માટે કોગ્નીઝન્સનો નિષેધ નથી.

૪. ૧૬ વર્ષની નીચેના સજા કરવાને બદલે યોગ્ય ઠપકા વગેરે વડે છોડી દેવા ઈચ્છનીય છે.

૫. (એ) હાઈકોર્ટના એટર્ની, એડવોકેટ અને પ્લીડર, વકીલ કે મુખત્યારને ન્યાય પંચાયતના કોઈ કેસમાં પક્ષકાર વતી ઉપસ્થિત થવા મંજુરી નથી. જો કે ન્યાય પંચાયતને સંતોષ થાય તો ઉપર સિવાયની કોઈપણ નોકર કે અધિકારીને પક્ષકારની સાથે કે વતી રજુ થવા મંજુરી આપી શકે.
(બી) તે અંગેની લેખિત સંમતિ તેણે ધરાવવી જોઈએ.
(સી) આ કાયદા નીચે જે કોઈ સ્થાનિક વિસ્તાર ગામડું જાહેર કરશે કે ગણાશે તેને ૧૮૭૧ ની કેટલ ટ્રેસ પાસ એક્ટ કે તેને લગતાં કોઈ કાયદો લાગુ પડશે નહી.

૭. આ કાયદા નીચે નિમાયેલા ડબ્બીનો રખેવાળ પંચાયતના સુચના અને નિયમ નીચે ફરજા બજાવશે.

૮. ૧. પો. અધિકારી અને પંચાયતની દ્વારા રખેવાળ ગામની હદમાં જાહેર કે ખાનગી મિલ્કતમાં ટ્રેસપાસ કરતાં કે ભટકતાં ઢોરને ડબ્બે પુરવા માટે લઈ જવા પકડી શકશે ૨. ૬ માસની જેલ કે રૂા.૫૦૦ સુધીનો દંડ કે બને સજા થઈ શકે.

૯. પંચાયતની કોઈ જ નોકરીયાત કે પો.અધિકારી કે આડકતરી રીતે આવુ ઢોર ખરીદી શકશે નહી.

૧૦. એસ.ડી.ઓ. થી નીચી કક્ષાના અધિકારીઓ ગામડાની વિઝીટ કરે ત્યારે પંચાયતના સભ્યનો સંપર્ક સાધશે.

**નિયમ ૩૮૫. વેઈટ એન્ડ મેઝર્સ.:–**

૧. પો.સ્ટે અધિકારી પોતાની હદમાં કોઈ પણ સ્થળે તોલમાપ માટે વપરાતા સાધનો વજન માપી વિ. ના તપાસ વિ. માટે દાખલ થઈ શકશે.
૨. જો ખોટ જણાય તો કબ્જે લેશે અને મેજી. ને તે અંગે જાણ કરશે.
૩. આ અંગે ખાસ સત્તા ધરાવતા અધિકારીની પુર્વ મંજુરી વિના પ્રોસીક્યુશન કરી શકાય નહી.
૪. કાયદાભંગ કરનાર પ્રતિધડ રૂપ આકરી સજાની માંગણી પ્રો.પ્રો. સી.કોર્ટને દબાણ કરશે.

**<u>નિયમ ૩૮૬. વાઈલ્ડ બર્ડ પ્રોટેકશન એકટ.:–</u>**

૧. જંગલી પ્રાણીઓનો કલોઝ સીઝનમાં શિકાર ન કરાય તે માટે જંગલ ખાતાને સહાય આપવો આ માટે શિકાર કરાયેલ અને જંગલ બહાર વેચાતા પક્ષીઓની તપાસ રાખવી કાયદાભંગ માટે સ્થાનિક એસ.ઓ. ને જાણ કરવી અને જંગલ બહાર કરાયેલ ગુનાની પો.એ. પોતે તપાસ કરવી.

૨. પોલીસ અધિકારી ગુનો શોધી કાઢે અને પોલીસના રીપોર્ટ કે ફરીયાદ તળે કોર્ટ તેનુ કોગ્ની. લેશે આ અંગેના નોન–કોગ્ની. છે એટલે કાયદેસર કબ્જાની સાબિતી જવાબદારી આરોપીની છે.

૨. પોલીસ અધિકારને અને તેના માણસોએ ગેર સરકારી ગેમ વોર્ડન્સને આ અંગેના ગુનાઓ શોધવામાં સહકાર આપવો.

૩. આ કાયદાના શીડયુલ ૩ અને ૪ માં યાદી કરાયેલા ગેઈમ બાબતમાં સબ ઈન્સ્પે. નિમાયેલા આસી. ગેઈમ વોર્ડન્સ ગણશે.

------XXXXX------

## પ્રકરણ–૨૩
## બીજા ખાતાની સહાયકમાં પોલીસ ફરજો

**નિયમ ૩૮૭. ટુપ્સ ઓન માર્ચ.:–**

૧. પોતાની હદનાં વિસ્તારમાંથી ટુપ્સ માર્ચ કરવાના હોય ત્યારે સમાહર્તા તેમની સાથે પો. ને મોકલવાનું ગોઠવશે માર્ગ પર નજીકમાં ગેરકાયદેસર કે દારૂ કે ફળના વેચાણને અટકાવવા પગલા લેશે એને પગલા લેશે એને પડાવ કે આસપાસથી હલકાં ચારીત્રની સ્ત્રીઓને દુર કરશે.
૨. સાથે જનાર અધિકારી એક દિવસ અગાઉ ઓફિસર કમાન્ડીગને પોતાની હાજરીનો રીપોર્ટ કરશે. અને હદ છોડી જાય ત્યાં સુધી સાથે રહેશે.
૩. તે ઓફિસમાં અને નાગરીક અધિકારીઓ કે રહેવાસી વચ્ચેનો સંપર્ક માધ્યમ બની રહેશે અને ઓફિસર કમાન્ડીગને બધી સહાય કરશે.
૪. તે ઓફિસર કમાન્ડીગ ના સંપર્ક માં રહી નાગરીકો વગેરે સાથેના ઝઘડાઓની તપાસ કરશે.
૫. તેની સત્તા અને ફરજો અંગે સમાહર્તા તેને પુરી પાડશે અને જે તે ઓફિસર કમાન્ડીગને બતાવશે.
૬. હદ છોડી જાય ત્યાં સુધીમાં ટુપ્સ વડે કરાયેલા અનિયમિતતાઓની જાણ થયે સાથે જનાર તેનો પુરો રીપોર્ટ તે વિસ્તારના ઓફિ. કમાન્ડીગ બ્રિગ્રેડને આપશે. જે તપાસ કરી જરૂરી પગલાં લેશે.
૭. પ્રાણીઓ અને ટુપ્સ માટેની રેશન વ્યવસ્થા વગેરે મીલીટરી વ્યવસ્થા વગેરે નાગરીક સત્તાવાળાઓની સહાય અને સલાહ મેળવી હાથ ધરાશે. વિસ્તૃત સૂચન માટે મેમોરેન્ડ જોવુ ગાડીઓ મેળવી આપવાની પોલીસની જવાબદારી નથી. પણ મામલતદાર કે જી. મેજી. ની ખાસ સુચના નીચે મીલીટરીને સહાય માટે તેમાં મદદ કરવી.

**નિયમ ૩૮૮. એસ.ટી.અધિકારી અને સ્ટોર્સ.:–**

સ્થાનિક એસ.ટી. અધિકારીના કબ્જામાં જયારે મોટી રકમ કે સ્ટોરમાં સ્પેરપાર્ટસ હોય તો તેનુ પુરતુ રક્ષણ કરવાની અને દેખરેખ રાખવાની પોલીસની જવાબદારી છે મદદની માંગણી થયે મદદ કરવી.

**નિયમ ૩૮૯. પેરોલ કે ફર્લો પર છુટવા કેદીઓની અરજી અંગે.:–**

૧. નજીકના સંબંધિતના મુત્યુ કે ગંભીર માંદગીની કારણે પેરોલ પર છુટવાની કેદીઓની અરજીઓનો તાત્કાલીક નિકાલ કરવો. આવી બધી અરજીઓ જેલ સુપ્રી. ડી.એસ.પી. ને મોકલી આપશે, જે તેની ખરાઈ કરી સરકારને ૪ દિવસમાં રીપોર્ટ આપશે. અરજીની નકલો આઈ.જી. પ્રીઝન અને સરકારને આપશે. ગંભીર માંદગીનો પ્રકાર વિતી ખરાઈ કરી અભિપ્રાય આપશે. લગ્ન માટે લગ્નની તારીખ અવશ્ય જણાવવી. પેરોલ પર છોડવાથી શાંતી ભંગની શકયતા છે કે કેમ તે પણ જણાવવુ.
૨. સજા પામેલા કેદીઓને પેરોલ પર છોડવા નીચેના સક્ષમ છે.
   (૧) મુંબઈ રાજય બહારની કોર્ટ વડે સજા કરાયેલ :બીઃ રાજધારી ગુના માટે :સીઃ જે ગુના માટે રાજય સરકારે ખાસ હુકમ કરેલ હોય.
   (૨) ડીવી. કમી. કે. આસી. કમી.
   (૩) એ.આઈ.જી. પ્રિઝન્સ કે ડી.આઈ.જી.
(બી) કેદી ફરલોની મંજુરીની અરજી કરે અને પ્રાઈમેયાફેસીયા તે માટે ને છુટવાપાત્ર ન હોય ડી.એસ.પી. એ તુરત જ જી.મેજી. ને મોકલવી.
(સી) જિલ્લા મેજી. અભિપ્રાય સાથે ફરલો દરમ્યાન જેની સાથે તે રહેવા માંગે છે, તેની વિષેની માહિતી પુરી પાડશે /૧/ સગપણ /૨/ તે સંબધીની ઈચ્છા /૩/ બાંહેધરી ખત આપવાની સંબંધની ઈચ્છા
(ડી) પછી જિલ્લા સુપ્રી. જિલ્લા મેજી. ને અરજી મોકલતાં અગાઉ તપાસ કરશે.
(એફ) જો ફરલોની ભલામણ ન કરાય તો તે માટેનાં જરૂરી કારણો દર્શાવવા.
(જી) રીઢા કે ગુનાહીત માનસ ધરાવનાર કેદીઓને ફરલોના કન્સેસનનો લાભ ન પણ અપાય.

**નિયમ ૩૯૦. રાષ્ટ્રપતિ, પી.એમ. કે વરીષ્ઠ અધિકારીઓના નામના બીન સત્તાવાર.:–**

આવો દુરૂપયોગ થયાનુ પ્રાઈમાફેસીયા દેખાઈ આવે તો હોમ ડીપાર્ટમેન્ટને તુરત જ જાણ કરવી. પછી સરકાર સંબધ ધરાવતી કચેરીને રીપોર્ટ કરશે. અને નકલ ગૃહખાત (ભારત) ને આપશે રાષ્ટ્રપતિ અને પી.એમ. માટે યોગ્ય અધિકારીઓ તેમનાં મંત્રીઓ છે. સંબંધિત કચેરી પ્રેસ નોટ પ્રસિધ્ધ કરી સ્પષ્ટતા કરશે અને રાજય સરકારને ખરી વિગતો જણાવશે.

––––––xxxxx––––––

# પ્રકરણ–૨૪
# ગાર્ડસ, એસ્કોર્ટસ એન્ડ ઓર્ડરલીઝ

**નિયમ ૩૯૧. નિયમના સ્કોપ વિશે.:–**

૧. આ પ્રકરણમાંના નિયમો સાધારણ સ્થિતિમાં સામાન્ય માહિતી અને માર્ગદર્શન માટે છે. સ્થાનિક જરૂરિયાત જોઈ વિચારી નિયમો બુધ્ધિપૂર્વક ઉપયોગમાં લેવા અને જરૂર મુજબ ખાસ પ્રસંગે સ્ટ્રોંગ ગાર્ડ કે એસ્કોર્ટસ મુકી શકાય.

૨. આ નિયમોનો અનુવાદ જાણ અને માર્ગદર્શન માટે દરેક ગાર્ડ પાસે અને પોલીસ સ્ટેશન હાઉસમાં રાખવો.

**નિયમ ૩૯૨. ગાર્ડને–એસ્કોર્ટસ ડયુટી કરવા આર્મ્ર્ડ પોલીસઃ–**

૧. જયારે બિલકુલ કે પુરતી સંખ્યામાં આર્મ્ડ પોલીસ ન મળે તો અને ત્યારે જ કેદીઓના ગાર્ડ એસ્કોર્ટ માટે બીન હથિયારધારી પોલીસનો ઉપયોગ કરવો અને કેદીને પોલીસ સ્ટેશન સુધી લઈ જવા જ ઉપયોગ કરશે.

૨. ખાસ સંજોગો સિવાય બિન હથિયારધારી પોલીસ કેદીઓને જેલ, પોલીસ સ્ટેશન કે હેડ કવા.થી કોર્ટ પર લઈ જવા એસ્કોર્ટ તરીકે ઉપયોગ કરવો નહી.

૩. કેદીઓની આંતર જીલ્લા હેરફેર કોઈ સંજોગોમાં બીનહથિયારધારી પોલીસ વડે કરાવી ન જોઈએ.

૪. ભયંકર કેદીઓ માટે ખાસ સુચના આઈ.પી.આર્મ્ડ પોલીસને એસ્કોર્ટ માટે મોકલવા.

**નિયમ ૩૯૩. ગાર્ડને રોજ રીલીવ કરવા માટેઃ–**

શકય હોય તો રોજ રીલીવ કરવા અને સંત્રી દીઠ ૩ માણસોનું પ્રમાણ જાળવવું. જો રોજ રીલીવ ના કરી શકાય તો ૪ માણસોનું પ્રમાણ જાળવવું

**નિયમ ૩૯૪. ગાર્ડનાં ફાયર આર્મ્સ અંગેઃ–**

તે લાકડે ન રાખવું પણ બેયોનેટસ હંમેશા ફીકસડ હોવી જોઈએ અને ઉપયોગમાં ન હોય ત્યારે ગાર્ડ રૂમમાં રખાવા જોઈએ.

**નિયમ ૩૯૫. ગાર્ડ વડે ફેરી કરવાના એમ્યુનીશન અંગેઃ–**

૧. સંત્રી સિવાયનો ગાર્ડનો દરેક સભ્યો થેલામાં બોલ એમ્યુનીશનના ૧૦ રાઉન્ડ ધરાવતું ૧ પેકેટ.

૨. ફરજ પરનાં સંત્રી ૧૦ રાઉન્ડ બેકશોટસ કોર્ટઝ લુઝ થેલામાં અને ઝડપી લોડીગ માટે તે આગળ ખુલ્લમાં પહેરશે. આ બેકશોટસ કાર્ટેજીસ છોડાવનાર સંત્રીને આપવા. જે તેના ૧૦ રાઉન્ડ બોલ એમ્યુનીશનનું બંધ પેકેટ બદલામાં આપશે. ગાર્ડ રીલીવ થાય ત્યારે છોડાવનાર ગાર્ડને બધુ એમ્યુનીશન આપવું. સાચા એમ્યુ. માટેની જવાબદારી ગાર્ડ કમાન્ડરની છે.

**નિયમ ૩૯૭. રાત્રીના ગાર્ડ ધરા લેન્ટનનાં ઉપયોગ વિષેઃ–**

રાત્રીનો ગાર્ડ ખુલ્લો કે અરક્ષિત દિવો ન વાપરતાં લેન્ટન વાપરશે.

**નિયમ ૩૯૮. ગાર્ડ વડે ફાયર આર્મ્સનાં ઉપયોગ વિષેઃ–**

૧. કેદી ભાગી જવાની કે ભાગતાં અટકાવવાનો

૨. ગાર્ડનો સામનો કરે તો ગાર્ડ ફાયર આર્મ્સનો ઉપયોગ કરી શકે. ગોળીબારનો આસરો જે ગુના માટે આજીવન કેદી કે દેહાંત દંડની શિક્ષા થઈ શકે તેવા તહોમતવાળા કેદી પુરતો જ મર્યાદિત છે. ભાગી છુટતાં કેદી શારિરીક ઈજા કરાય ત્યારે સ્વબચાવ માટે ફાયર આર્મ્સનો ઉપયોગ કરવાનો ગાર્ડને હકક છે.

**નિયમ ૪૦૦. ગાર્ડ કે એસ્કોર્ટ મુકનાર અધિકારીની ફરજોઃ–**

૧. જે અધિકારી પાર્ટી મોકલે તેને તે પહેલા તેનું ઈન્સ્પેકશન કરવું. તેમને પુરતો અને યોગ્ય રીતે સજજ રાખવાની તેની જવાબદારી છે.

૨. કેદી અને જેની વચ્ચે સગપણ કે મિત્રતા હોય તેવા અધિકારીને ગાર્ડ ડયુટી પર મુકવો નહી. અધિકારી આ અંગેની જાણકારી હાંસલ કરશે અને આવી મિત્રતા કે સગપણ ધરાવત કેદી હોય ત્યાં સુધી પરિચિત પોલીસ અધિકારીને ગાર્ડ ડયુટી મુકશે. નહી.

**નિયમ ૪૦૧. એસ્કોર્ટનાં ઓફીસર ઈન્ચાર્જ કે ગાર્ડ કમાન્ડરની જવાબદારીઓઃ–**

૧. પાર્ટીની સારી વર્તણુંક અને નિયમિતતા, સાચી રીતે ફરજ બજાવવી યોગ્ય વસ્ત્રોમાં સજ્જ રહે અને તે અંગેનાં હુકમોથી સંપુર્ણ પરિચિત રહેવાની જવાબદારી તેની છે.

૨. આ અંગેનાં હુકમો બરોબર પળાય અને પાર્ટીનાં સભ્યો બધા હુકમોથી પુરેપુરા જાણકાર અને સમજતા હોય તે જોવાની તેની જવાબદારી છે.

૩. માંદગીને કારણે ફરજ પરની જગ્યાએ હાજર ન થઈ શકાય તેમ હોય તો સબ–ઈન્સ્પેકટર કે ઉપરીને તેની તરત જાણ કરવી. જેથી અન્ય ગોઠવણ થઈ શકે.

૪. ગાર્ડ ડયુટી બજાવનાર પાસે અફીણ, દારૂ, ગાંજો કે કોઈ તેવા પદાર્થો ન હોવા જોઈએ. તે ગાર્ડ કમાન્ડરે જોવું મળી આવે તો કબ્જે લેવા અને વિના વિલંબે ઉપરી અધિકારીને જાણ કરવી.

**નિયમ ૪૦૨. ગાર્ડ.કમા. કે. સંત્રી માટે ગાર્ડ ન છોડવા અંગેઃ–**

૧. કુદરતી હાજત સિવાય કદી પોતાનું ગાર્ડ છોડવું નહી. અને પછીના સીનીયર અધિકારીને ત્યાં મુકયા બાદ જ છોડવું. કમા. ટુકાં સમયે અને ખાસ હેતુઓ સિવાય ગાર્ડ છોડવા મંજુરી આપશે નહી.

૨. ગાર્ડ ફરજ પરનાં જો પોતાનો ખોરાક મંગાવવાની વ્યવસ્થા ન કરી શકે તો ૮.૦૦ એ.એમ. અને ૨.૦૦ પી.એમ. વચ્ચેનાં કલાકો દરમ્યાન ખાવા જવાની ૨ કલાકની છુટી મેળવશે. આ લાભ એકી વખતે ત્રીજા ભાગનાથી વધુને મળશે નહી.

**નિયમ ૪૦૩. ગાર્ડ અને સંત્રીની રીલીફ અંગેઃ–**

૧. ચાર્જની લેવડ દેવડ કરતાં કમા.કાળજી પુર્વક તપાસી લેશે. કે મિલકત, કેદીઓ, તાળા અને સીલ હેમખેમ જળવાયેલ છે.

૨. દર બે કલાકે ગાર્ડ કમા.ની હાજરીમાં સંત્રીની છુટા કરાશે.

૩. દર અદલા બદલી વખતે ગાર્ડ કમા. અને છોડાવ જનાર સંત્રી જોઈ લેશે. કે બધુ બરાબર છે

**નિયમ ૪૦૪. વસ્ત્રો (ગાર્ડના) ન કાઢી આપવા અંગેઃ–**

ગાર્ડ ફરજ પરનાં કોઈ અધિકારી ફરજ દરમ્યાન ગણવેશનું કંઈ દૂર કરી શકશે નહી. પણ ખાણા દરમ્યાન અને આરામ દરમ્યાન કટીક કેપ કે બેલ્ટને દૂર કરવામાં આ નિયમ લાગુ પડશે નહી.

**નિયમ ૪૦૫. સંત્રીએ પોતાની પોસ્ટ ન છોડવા અંગેઃ–**

નિયમિત રીતે છોડાવાય નહી ત્યાં સુધી સંત્રી પોતાની પોસ્ટ છોડશે નહિ. માંદગી કે તેવા યોગ્ય કારણ માટે તે ગાર્ડ કમા.ને જાણ કરશે. જે પોતે કે અન્ય વ્યવસ્થા કરી છોડાવશે.

**નિયમ ૪૦૬. ચેલેન્જીસ એન્ડ યુઝ ઓફ ફાયર આર્મ્સઃ–**

તિજોરી પરનાં સંત્રીઓએ સુર્યોદય અને સુર્યાસ્ત વચ્ચેનાં સમય માટે ફાયર આર્મ્સના ઉપયોગ અને ચેલંજ સબંધે નીચેની સુચના પાળવી.

:એઃ સોંપાયેલ મિલકતના રક્ષણ માટે જરૂરી હોય, ગાર્ડ કમા. એ આ અંગે સંમતિ આપવી.

:બીઃ સંત્રીઓએ છેલ્લા ઉપાય તરીકે જ ઉપયોગ કરવો. ચેતવણીને અવગણવામાં આવે તો ગાર્ડને બોલાવવા અને ગાર્ડ કમા.ની ચેન્જ ફાયર કરવો તે માટે અગાઉથી ચેતવણી આપવી.

:સીઃતિજોરી અધિકારી પર હુમલો થવાના ખાસ કારણો જણાય તો સુપ્રી. ગાર્ડ. કમા. ને ખાસ જરૂરી સુચનાઓ આપશે.

**નિયમ ૪૦૭. કોમ્પલીમેન્ટસ ટુ બી પેઈડ બાય ગાર્ડઃ–**

૧. જી. મેજીસ્ટ્રેટ, પોલીસ સુપ્રી. અને ઉચ્ચ દરજ્જાનાં નાગરિક અધિકારીઓ અને ગણવેશમાં ફીલ્ડ અધિકારીઓને સંત્રીઓ પ્રેઝન્ટેડ આર્મ્સ સાથે સેલ્યુટ કરશે. અન્ય મેજીસ્ટ્રટ અને નાગરિક અધિકારીઓને અને ગણવેશધારી મીલીટરી અધિકારીઓને તેમની ઉભી ઢળેલ આર્મ્સ સાથે સેલ્યુટ કરશે.

૨.પોલીસ ૪ ગાર્ડ નીચેનાને ટર્ન આઉટ અને આર્મ્સ પ્રેઝન્ટ કરશે. ગર્વનર, પ્રધાન, હાઈકોર્ટ જજ અને ડી.એસ.પી. સેલ્યુટના અધિકારી તેવા અન્ય અધિકારીઓને માટે ગાર્ડ એટેન્ડન્શ આપશે. જિલ્લા મેજીસ્ટ્રેટ અને ડી.એસ.પી. માટે પ્રથમ વખત પસાર થાય ત્યારે જ દિવસમાં ૧ વાર ગાર્ડ ટર્ન આઉટમાં આવશે.

૩. પોતાનું કે ટુપનું બોડસ પસાર થાય ત્યારે ગાર્ડ ફોલોન થશે અને આર્મ્સ પ્રેઝન્ટ કરશે.

૪. પેટા નિયમો ૧ થી ૩ ઉપરાંત જેલગાર્ડ, જેલ અધિકારીઓ જેવાં કે આઈ.જી.પી.અને વધારાના જજ, આસી.સેસન્સ જજ, સબ ડીવી. નાં મેજીસ્ટ્રેટ, જેલના મેડી.અધિકારી અને મુલાકાતે આવનાર તેઓ અધિકારી ધરાનાર અધિકારીને આર્મ્સ પ્રેઝન્ટ કરશે.

૫. ભૂતપૂવ દેશી રાજયમાં મૂકાયેલ ગાર્ડ તેના ભૂતપુર્વ રાજવીને આર્મ્સ પ્રેઝન્ટ કરશે. (લાગુ પડતુ નથી.)

૬. :એ: સૂર્યસ્ત પછી ગાર્ડ આર્મ્સ પ્રેઝન્ટસ કરશે નહી અને વીઝીટીગ રાઉન્ડ કે આર્મ્સ પાર્ટી સિવાય રેવેલી પહેલા અને રીઢીર પછી ટર્નઆઉટ આપશે નહી.
:બી:મુલાકાત લેનાર અધિકારીના હુકમ ન આપે ત્યાં સુધી ગાર્ડ કમા.ડિસ્મીસલનો ઓર્ડર આપશે નહી.

**<u>નિયમ ૪૦૮. ટ્રેઝરી ગાર્ડ અંગેઃ–</u>**

સામાન્ય નિયમોના એપ્લીકેશન અંગેઃ– આ પ્રકરણમાંના નિયમો ૩૯૧ થી ૪૦૭ ટ્રેઝરી અને લોકઅપ ગાર્ડઝને પણ લાગુ પડે છે.

**<u>નિયમ ૪૦૯. તાલુકા તિજોરી લોકઅપ ગાર્ડની સંખ્યા અંગેઃ–</u>**

સાધારણ રીતે ૧ હેડ કો. અને કોન્સ્ટેબલની હોય, જિલ્લા તિજોરી માટે સંખ્યાઃ– ૧ હેડ કો. અને ૬ કોન્સ્ટેબલની હોય છે. તિજોરી અને લોકઅપ માટે સંત્રીની સંખ્યાઃ– એક જ મકાનમાં તિજોરી ખંડ અને લોકઅપ પડખો–પડખો હોય તો બન્ને માટે ૧ સંત્રી પૂરતો લેખાય, પણ જુદા જુદા મકાનમાં થોડા અંતરે હોય તો બે સંત્રીઓ જોશે.

**<u>નિયમ ૪૧૦. કેદીઓનો ધસારો રોકવા સાંકળતા ઉપયોગ અંગેઃ–</u>**

૧. જેમાં એક કરતાં વધુ કેદી પુરેલ હોય તેવું લોકઅપ ખોલાય ત્યાંરે બારણાંના બે અડધીયા આસપાસ પહેલા સાંકળ પસાર કરવી અને સલામતી સર્જવી. જેથી એક જ વ્યકિત પસાર થઈ શકે. ધસારાની સામે પૂરતી કાળજીરૂપ છે.

૨. સાંકળ બાબતેના નીચેના પ્રોસીઝર અમલ કરવો :એ: સાંકળને દરેક છેડે બે મોટી કડી હોવી જોઈએ અને તેને ઉપયોગમાં ન હોય ત્યારે કોટડીના પેડલોકની ચાવી સાથે લટકાવી જોઈએ.
:બી: બાર ખોલાય ત્યારે દરેક બાજેએ બારણાંના પહેલા કે બીજા સળીયા આસપાસ સાંકળ પસાર થવી જોઈએ. અને સાંકળની છેડેની કડીઓમાંથી પસાર કરી બંધ કરવુ.
:સી: સાંકળને જ્યારે આવી રીતુ બંધ કરાય અને એટેચ કરાય ત્યારે બારણાંને બોલ્ટ પાછો ખેંચી લેવો અને બાર ઉઘાડવું.
:ડી: કોટડીમાં કેદીઓને દાખલ કર્યા પછી ઉલ્ટી પ્રક્રિયા હાથ ધરવી.

**<u>નિયમ ૪૧૧. ગાર્ડ બારામાં લોકઅપ ગાર્ડ અને ટ્રેઝરી કમા.ની ફરજો.:–</u>**

સૂર્યાસ્ત પછી કે સૂર્યોદય પહેલા કોઈને ગાર્ડ છોડવા દેવો નહી. જરૂરી બને તો ગાર્ડ કમા.ની પહેલા મંજુરી મેળવવી, જે બારણું ખોલશે. કોન્સ્ટેબલને બહાર જવા દેશે અને બારને ફરીથી તુરત જ કરશે. પાછા ફરે ત્યારે દારૂ કે કેફી પદાર્થ લાવેલ નથી તેની તપાસ કરશે.

**<u>નિયમ ૪૧૨. ગાર્ડનાં કે સંત્રીને રીલીવ કરવા અંગેઃ–</u>**

૧. ગાર્ડના હવાલામાં રહેલ બધી માલ મિલકત એક ગાર્ડ કમા. દ્વારા બીજાને સોંપશે. ચાર્જ સંભાળનાર કમા. ખરાઈ માટે જવાબદાર રહેશે. અને દરેક વસ્તુનો સ્થિતિ અંગેનો રીપોર્ટમાં સર્ટી આપશે. લોકઅપમાંના કેદીની સ્થિતિ અને સંખ્યા અંગે પણ તેની જવાબદારી રહેશે.

૨. સંત્રીને છોડાવતી વખતે ગાર્ડ કમા. પોતે અને છોડાવનાર સંત્રની તિજોરી, બારનું સીલ, લોક, કબ્જામાંની બધુ વસ્તુઓ, કેદીઓ વગેરે બધુ.

**<u>નિયમ ૪૧૩. તિજોરી અંગે લોકઅપ અને તિજોરીના કમા.ની ફરજોઃ–</u>**

૧. મમલતદાર અને હેડ કારકુનના હુકમથી પૈસા મૂકવા કે કાઢવા તિજોરીનુ બારણું ઉઘાડાય ત્યારે ગાર્ડ કમા.હાજર રહેશે અને બાર પાછું લોક કરાય તે જોશે. અને આના ભંગ પ્રતિ તુરત જ શ્રોફનું ધ્યાન દોરશે. તિજોરી ખંડ છોડતા પહેલા ત્યાં કોઈ રોકાયું નથી અને બરાબર લોક અને સીલ કરાયુ છે તે જોશે.

૨. મમલતદાર કે હેડ કારકુન કે મમલતદારના અધિકૃત લેખિત સત્તા ધરાવતા અધિકારી સિવાય ટ્રેઝરી રૂમમાં કોઈને જવા દેવાશે નહી.

૩. કાયદાની કોર્ટો કે પોલીસ વચ્ચે મોકલાયેલ નાણાં કે કિંમતચીજો ગાર્ડની સેઈફ કસ્ટડીમાં મુકાશે. પણ જો બરાબર પેક ન થયેલ હોય, ખાસ કરીને પેટીમાં બાંધેલા અને સીલબંધ ન હોય તો ગાર્ડ કમા.ને સ્વીકારવાની ના પાડી કરશે. તિજોરી બંધ થવા અગાઉ મળેલ નાણાં અને કિંમતી વસ્તુ તેની અંદર મુકાશે, પણ નહી તો રીલીવીંગ ગાર્ડને જરૂરી નમુના સાથે હાથોહાથ સોંપાશે અને તિજોરી ઉઘડે જરૂર પડે ત્યાં સુધી તેમાં રખાશે.

૪. કલોઝીગ અવર્સ પછી આવેલ ભરણાં માટે પેટા તિજોરી ખાતે નીચેની પ્રક્રિયા અનુસરવી.
(એ) જે પેકેજમાં ભરણું મોકલાય તેને વીલેજ અધિકારીએ સીલ કરવુ.
(બી) પેટા તિજોરી ખાતે પોલીસ કે ટ્રઝરી ગાર્ડના હવાલામાં સ્ટ્રોંગરૂમની બહાર પેટી રાખવી. જેમાં આવુ ભરણુ સાચવવુ.
(સી) કેસ લાવનારની હાજરીમાં ગાર્ડ કમા. પેકેજ પર વધારાનું સીલ કરો.
(ડી) તેમની હાજરીમાં પેટીને બરાબર પેક કરી બાંધી અને ગાર્ડ કમા.સીલ કરશે. :ઈઃ પેટા તિજોરી ખુલે નહી ત્યાં સુધી લાવનાર એક જણ હાજર રહેશે.

૫. તિજોરીમાં કેસ બોરસીસ ડીપોઝીટ કરાવનાર અધિકારીને નાણાંકીય લેવડદેવડ અને પેટીઓ મોકલવાનું ટ્રેઝરીનાં કલોઝીગ અવર પહેલા પુરૂ કરવું. અપવાદરૂપ જો મોકલાય તો પોલીસ ગાર્ડના સીનીયર ઓફીસરને સોંપવુ. સીલબંધ સાધનમાં સોંપવી અને તે અધિકારી તેને કસ્ટડી માટે જવાબદાર રહેશે.

૬. સાંજે જયારે કચેરી બંધ થાય ત્યારે ગાર્ડ કમા. રાઉન્ડ લઈને ખાત્રી કરશે કે જેને રાખવાની ફરજ છે તે સિવાયનું કોઈ ત્યાં રોકાયુ નથી કે છુપાયુ નથી. પછી તે બધા બાર, દરવાજા અને સાંકળ કે તાળા વડે બંધ કરી ચાવીઓ પોતા પાસે રાખશે. યંત્રોને અપાયેલ દીવાઓ તેજસ્વી રીતે બળતાં રહે છે તે જોશે. કોઈ વિશિષ્ઠ અધિકારી રાત્રી રાઉન્ડ માટે આવે તો વાતચીતથી ખરાઈ બાદ બારણું ખોલશે. અને દાખલ કર્યા બાદ પુનઃવાસી દેશે. તેના ગયા બાદ બારણું ફરીથી અગાઉની જેમ બંધ કરશે.

<u>નિયમ ૪૧૪. કેદી સબંધે લોકઅપ ગાર્ડ અને ટ્રેઝરી ગાર્ડની ફરજોઃ–</u>

૧. દિવસના કોટડીઓ અને બેરેકોની ચાવી જેલર ગાર્ડ કમા. કે વોર્ડર પાસે રહેશે. અને રાત્રે હેડ કો.પાસે રહેશે.

૨. લેખિત આજ્ઞા સિવાય ગાર્ડ કમા. કેદીને સંભાળશે કે મુકત કરશે નહી પણ મેજીસ્ટ્રટ સમક્ષ રોજ લાવવા લઈ જવા માટે તેની જરૂર નહી રહે. ગાર્ડ કમા. કેદીઓને આવવા અને જવાની નોંધનું રજી. રાખશે. જે મમલતદાર અને હેડ કારકુન દરોજ ચેક કરશે.

૩. કોઈ કેફી વસ્તુ પાસે નથી, તેની ઝડતી લેશે. તેની પાસે કે કોટડીમાં ભયંકર કે નાસવા માટેના હથિયાર કે સાધન નથી તેની તપાસ કરશે. લોકની ચાવી પોતા પાસે રાખશે. દાગીના વસ્ત્રો વગેરે સંભાળી લઈ લોકઅપ ગાર્ડ પાસે સચવાશે. અને નમુના પી.એ.૮૭ માં તે અંગેની નોંધ કરશે. કેસ ચાલે ત્યારે મામલતદારને યોગ્ય કરવા સોંપાશે. ૧૦.૦૦ એ.એમ. થી ૫.૦૦ ણી.એ. વચ્ચે જેલર જડતી કરશે અને તે અગાઉ ગાર્ડ કમા. સ્ત્રી કેદી માટે સ્ત્રી ઘ્ધારા જડતી કરાશે. જેલરની સૂચના નીચે કેદીને જેલ છોડવા દેશે નહી.

૪. જેલ ઉઘડતી ગાર્ડ કમા. જેલરને બંધ જેલ વખતે આવેલ કે ગયેલ કેદીના નામ આપશે.

૫. જેલ બંધ વચ્ચેનાં સમય માટે બેરેકમાંથી ખસેડેલ કેદીને ઈસ્પતાલ કે જેલનાં મકાનમાં સેઈફ કસ્ટડીમાં રખાશે.

૬. (અ) યોગ્ય કારણ નીચે લોકઅપ છોડનાર કેદી નાસીન જાય કે અન્ય કોઈ સાથે સંપર્ક ન સાધે તેમ દષ્ટિમર્યાદામાં રાખશે.
(બી) સલામતી માટે ગળા પાછળ દોરડુ પસાર કરી આગળ છાતી પર ગાંડ બાંધવી. ત્યારબાદ છેડા હાથ નીચે પસાર કરી ગાંડ પીઠ પર રાખવી.

<u>નિયમ ૪૧૫. લોકઅપ ગાર્ડ અને તિજોરીના સંત્રી ફરજોઃ–</u>

૧. જીલ્લા તિજોરી ખાતે દિવસે તેની સામે પેટ્રોલ માટે એક સંત્રી રખાશે. રાત્રે એક આગળનાં બીજો એક પાછળના ભાગે એક બે રખાશે.

૨. ચાર્જની આપ–લે વખરે ચોકકસ બાબતો અંગેની અગાઉ આપેલી સુચનાઓનો અમલ કરશે.

૩. સંત્રી શીખવે તે રીતે પ્રમાણે મસ્કેટને અને લોકઅપ કે તિજોરીની સામે રોન ફરતો રહેશે.

Scanned by CamScanner

૪. કેદી સાથે પોતે સંપર્ક સાધશે કે બીજાઓને સાધવા દેશે નહી. કેદી સાથે પોતે સંપર્ક સાધશે નહી કે બીજાઓને સાધવા દેશે નહી. લોકઅપ આસપાસ લોકોને ભેગા નહી થવા દે કે, કોઈ કેદી નીશાની આપે વગેરે અનિયમીતતા માટે ગાર્ડ કમાન્ડરને જાણ કરશે.
૫. કોઈ કેદીને નાસવાનો પ્રયત્ન કરતા સંત્રી જોશે કે તુરંતજ તે એલાર્મ રેઈઝ કરશે. અને ગાર્ડ કમા.ને જાણ કરશે.

**નિયમ ૪૧૬. જેલ ગાર્ડ અંગે સામાન્ય નિયમો:–**

આ પ્રકરણમાંના નિયમો ૩૯૧ થી ૪૦૭ જેલ ગાર્ડને પણ સામાન્યપણે લાગુ પડે છે.

**નિયમ ૪૧૭. જેલ ગાર્ડની સંખ્યા અંગે:–**

૧. આઈ.જી.પી.(પ્રીઝન્સ)ની મંજુરી શરતે જેલ પરના ગાર્ડની સંખ્યા સુપ્રી. નકકી કરશે. તેમાં વધુ પડતા ઈન્ટ્રમ્યુરલ આરોપી હોય તો ખાતુ વધારાના જેલ ગાર્ડ મુકશે. કેદી સાથે તેને પણ મોકલવા.
૨. જેલમાં અંદર ટ્રાયલ કેદીઓ હોય તો ૩ વધારાના કોન્સ્ટેબલ વધારાના સંત્રી પુરો પાડશે.
૩. સેન્ટ્રોલ અને જીલ્લાના જેલોને બહારી ગાર્ડ કરવા માટે પોલીસ ગાર્ડ રોકવા નહી.

**નિયમ ૪૧૮. જેલ ગાર્ડની સામાન્ય ફરજો:–**

૧. તેમની વિશિષ્ટ ફરજો અંગે જેલ ગાર્ડ પ્રીઝન્સ સુપ્રી. સીધી આજ્ઞા નીચે રહેશે. શિસ્તની બાબતમાં ગાર્ડ તેના કમા.ની આજ્ઞા નીચે રહેશે.
૨. બળપુર્વક કરાયેલ જેલ તોડવાના કે અંદર ઘુસી આવવાના કે, કેદીઓ વડે હિસ્સા કે વિરોધના પ્રયત્ન બધા બળપુર્વક સામનો કરી દબાવી દેશે. સાંજે કસરત માટે ન્હવા બહાર લઈ જવા તથા કેદીઓની ચોકી રાખશે.
૩. રોજિંદા શિસ્ત જડતી હાજર, હાજરી વિ.માં ગાર્ડ ભાગ લેશે નહી.
૪. ગાર્ડ કમા. કોન્સ્ટેબલ વાતચીત કે નીશાની ધ્વારા કેદીનો સંપર્ક સાધશે નહી. અનુ જેલ અંદર કે બહાર આવ–જા કરી આપશે નહી.
૫. જેલ.સુપ્રી.ના અપાયેલા નિયમોનું પાલન કરવુ.

**નિયમ ૪૧૯. જેલ ગાર્ડના સબડીયરી નિયમો:–**

૧. જરૂર મુંજબ પોલીસ સુપ્રી. સાથે સલાહ વિચારણા બાદ જેલ આવા નિયમો ઘડી કાડશે.
(એ) મંજુર કરાયેલ સંખ્યાબળ દર્શાવવી.
૧. વાહનોનું માળખું પોલીસ સુપ્રી. એમ.ટી. અને સુચવ્યા મુજબની રચના કે ભાત અને માન્ય નિયત માપ અને પ્રકાર મુજબ માળખું રચવું જોઈએ. અને બહારથસ રોયલ બ્લ્યુ કલર અને અંદર આછા ગ્રે કલરથી રંગાવું જોઈએ. પણ સી.આઈ.ડી. એસ.ટી. બ્રાન્ચને સ્ટાફ કારને આ રીતે રંગ કરવો નહી.

૨. જયારે કેનવાસ હુડ નકામા બની જાય ત્યારે ૨૦ ગેઝના લોઢાના સીટ વડે બદલવો તે બધાને બાજુ ૧૮ ઈંચની ઉચાઈના રાખવા દુર કરેલ કેનવાસનાં ઉપયોગી ટુકડાઓને બારી પરના પડદા માટે કામમાં લેવા છુટી પડી શકે તેવી એકસટીએન ફ્રેમ ગાર્ડ સામેના પવનથી માટે વાપરવી.

૩. વાહનોની પેટ્રોલ ટાંકીઓને લોક પ્રકારની કેપ કે અન્ય લોકીગ વ્યવસ્થા અપાવી જોઈએ. એમ.ટી. અધિકારી ની સીધી નજર નીચે રખાવી જોઈએ. ડ્રાઈવર ઈગ્નીશકી મેળવી પરત આવે ફરી યોગ્ય જગ્યાએ બોર્ડ પર ગોઠવી દેવી પણ જયારે છુટી પડી શકે તેવી ઈગ્નીશન કીની જોગવાઈ ન હોય તો આ સુચન ન પડે.

૪. નંબર પ્લેટની બરાબર ઉપરવાહનની રીયર જમણી બાજુ ઉપર સ્ટાન્ડર્ડ રેઈટ લેમ્પસ ગોઠવવા તે સ્પષ્ટ દેખાવા જોઈએ. અન્ય સ્થળે અને પાછળ પણ ચીતરાવવા પણ સ્ટાફ કાર અને સી.આઈ.ડી. વાહનો અપવાદ છે.

<u>નિયમ ૪૯૨. પોલીસ વાહનોની જાળવણી:–</u>

૧. જો પોલીસ અધિ. પોલીસ કમી. પોતાના તાંબા હેઠળના વાહનો સારી હાલમાં ચાલુ રહે તો અવાર નીયર મુજબ ઈન્સ્પેકશન કરશે અને વધારાના ખર્ચાઓ રીપેરીંગ કામ વગેરે ઉપર ધ્યાન આપશે.

૨. વાહનોની વાર્ષિક જાળવણી માટે નીચે મુજબ ખર્ચ મંજુર કરેલ છે. (એ) મોટા વાહનો રૂા.૪૫૦૦/–(બી) જીપ સ્ટેશન વે.કાર રૂા.૩૫૦૦/– (સી) મો.સા. રૂા.૧૨૦૦/– (ડી) સ્ટેશન ટા.કાર રૂા.૪૫૦૦/– અને (ઈ) સ્ટ્રેટ જીપ સ્ટે. વેગન રૂા.૩૫૦૦/– રીપેર અને સ્પેર પાર્ટસ (૧) પોતાના જિલ્લા કે વિભાગ માટે પોલીસ સુપ્રી. રીપેરીંગ જરૂરી સાધનો સર્વિસ કોટ વિ.પોલીસ સુપ્રી. એમ.ટી.ની. ભલામણ મુજબ પુરા પાડશે. (૨) જે જિલ્લામાં એમ.ટી. વર્કશોપ હોય ત્યાં વાહનોના સમારકામ તેના દવારા કરાશે. અપવાદ રૂપે પસંદ કરાયેલ માન્ય રીપેરર પાસે ત્રણ ભાવ લીધા બાદ તે કરાવવું અને બાદમાં ઝોનલ પી.આઈ. (એમ.ટી.) વડે તેનું ઈન્સ. કરાવવું.

૩. રૂા.૫૦૦/– થી વધુના બહારના રીપેરરના ખર્ચ માટે ઝોનલ પી.આઈ.(એમ.ટી.) દવારા એમ.ટી. સુપ્રી.ની સ્વીકૃતી અને સલાહ અગાઉથી મેળવવા.

૪. સ્પેર પાર્ટસ તેમજ બીજી જરૂરીયાતોના ઈન્ડેન્ટ રેન્જ એમ.ટી. વર્કશોપ દવારા મુકાશે. પણ અન્ય ગોઠવણ ઉપર રાજયના એમ.ટી.ના પોલીસ સુપ્રી. પી.આઈ. (એમ.ટી. ઝોનલ) જથ્થાબંધ વેપારીઓ કે, મુખ્યઉત્પાદકો પાસેથી રાહત દરે મેળવી આપવાની ગોઠવણ કરશે. બહુ નાની અને સસ્તી કે તાત્કાલિક જરૂરીયાતની વસ્તુઓ સ્થાનિક ખરીદ વતી જિલ્લા ડી.એસ.પી. ઈમરજન્શી સ્ટોક પણ રાખી શકશે. જયારે જિલ્લાના વાહનો રેન્જના વર્કશોપમાં સમારકામ પામે તો તેના સ્ટોરમાંથી ભાગો પુરા પાડશે. અને તેનું મુલ્ય તે જિલ્લા પાસેથી વસુલ કરશે.

૫. (૧) પેટ્રોલ અને લુબ્રીકેટ જથ્થાબંધ ભાવે પોલીસ હેડ કવા. ખાતે પેટ્રોલ પંપ હોય તો સીધે સીધું મુંખ્ય કંપની પાસેથી ખરીદવું.

(૨) સ્થાનિક કન્ટ્રોલીંગ અધિકારી જે હે.કો. પેટ્રોલ પંપ ખો હદય તે કામગીરી બરાબર ચાલુ રાખવા માટે જવાબદાર રહેશે.

(૩) ઓઈલ કંપનીની માંગણીથી માસિક રૂા.૧/– નું ભાડું તેને ચુકવાસે.

(૪) જયાં પોલીસ પેટ્રોલ પંપ ન હોય ત્યાં ફયુઅલ ઓઈલ ચાલુ દરે નજીકના એજન્ટના પંપ પરથી ખરીદવું.

૬. વર્ષ દમ્યાન વપરાયેલ પેટ્રોલના કુલ જથ્થાનું ૫% જેટલી ખોટ સુપ્રી. અને કમાન્ડન્ટ માંડવાળ ખાતે લખી શકશે.

૭. ટાયરો, ટયુબ અને બેટરીઓ ખાસ રાહત દરે તેના ઉત્પાદકો પાસેથી સીધા ખરીદવા

૮. એપેન્ડીક્ષ ૩૨ જાહેર મોટર વાહનો જુદા જુદા સ્પેર પાર્ટસના ઉપયોગીનો સમય બતાવે છે.

૯. વાર્ષિક વપરાશની જાળવણી માટે નીચે મુજબ માન્ય ખર્ચની બજેટ જોગવાઈ છે.

(૧) મોટર વાહનો (૩ અને ૧ ટન) રૂા.૩૦૦૦/–, જીપ, સ્ટેશન વેગન, લેન્ડરુવર, કાર રૂા.૨૫૦૦/– મોટર સાઈકલો રૂા.૭૫૦/– એસ.ડી. બ્રાન્ચ કાર રૂા.૪૦૦૦/– બ્રાન્ચ જીપ સ્ટેશન વેગનો રૂા.૨૫૦૦/–

(૨) લોન્ચ રૂા.૫૦૦૦/– મોટરરાઈઝડ ડીંગ રૂા.૨૦૦૦/–

<u>નિયમ ૪૯૪. પોલીસ હેતુ માટે વાહન ભાડે કરવા અંગે.</u>

(એ) કટોકટી સિવાય પોલીસ સુપ્રી. અંગે રેન્જ ડી.આઈ.જી. દરખાસ્ત કરશે. કટોકટી વખતે પણ મંજુર જરૂરી રહેશે.

(બી) ખાનગી વાહનો સતાવાર ઉપયોગ માટે ભાડે કરવા માટે એસ.ટી.ઓ. અધિકારી વિભાગ અધિકારી સાથે સલાહ મંત્રણા બાદ અગાઉથી ભાડા દર ઠરાવો પછીજ વાહનો ભાડે કરવા.

(સી) પોલીસ સુપ્રી. ભાડાના ચુકાદાની દરખાસ્તો રેન્જ ડી.આઈ.જી. મારફતે તેમની તપાસણી બાદ આઈ.જી.ને મોકલશે.

<u>નિયમ ૪૯૫. સરકારી માલીકીના વાહનો વડે અકસ્માતો માટે ત્રીજા પક્ષને નુકશાન અંગે દાવાની પતાવટ અંગે.</u>

૧. જિલ્લા મેજી.ઓને પેટા રૂલ નીચે શરતોને આધિન સહી કોર્ટની બહાર દાવાઓ ચલાવવા અને તપાસવા સરકારે સતા આપેલી છે. તેમ શકય ન બને તો પક્ષકાર દાવાદાર કાયદાની કોર્ટનો આશરો લઈ શકશે.

૨. ખાતાના વડાએ કેસની પ્રગતિ પર ઘ્યાન રાખતા રહેવું અને કોર્ટ ડીક્રીને માન આપવું અકસ્માત માટે જવાબદાર સામે ખાતાકીય પગલા લેવા અને મંજુર ગ્રાન્ટમાંથી રીપેરનો ખર્ચ કરાવવો ખર્ચ વધુ હોય તો આઈ.જી.પી.ને રીફર કરી તેની મંજુરી મેળવવી.

<u>નિયમ ૪૯૬. વા નોના લેન્ડીગ અંગે :—</u>

૧. એક માસથી વધુ અન્ય જિલ્લાને વાહન ઉછીનું અપાય તો તેની સાથે સબંધિત રેકોર્ડ પણ સોંપવું અને તે જિલ્લાએ તે વ્યવસ્થિત જાળવવું.

૨. સરકારી ખાતાને નીચેના નિયત દરે વાહન ભાડે આપવું. ગાડીઓ પાંચ સીટર ૧૨ એચ.પી. ઉપરની ૩૭ પૈસા માઈલેજ અને રૂા.૨/— કલાક દીઠ અન્ય ચાર્જ, એમ્બ્યુલન્સ સ્ટે. વેગર લેન્ડરોવર લાઈટવાન ૧૦ સુધી ૪૩ પૈસા અને રૂા.૨/— અન્ય, મઘ્યમ ટંક (૧૦ થી વધુ મુસાફરો માટે અને મીલેટ્રી ટાઈપ વાહન ૧ રૂા. માઈલેજ અને રૂા.૨/— અન્ય ચાર્જ વસુલ લીધેલ ખર્ચને પોલીસ હેડ જમા પડાવવો.

૩. સરકારી અધિકારીને ખાનગી ઉપયોગ માટે વાહન ભાડે જો કે જવલ્લેજ આપી શકાય. તે માટે નીચેના દર અને સતે વસુલ આપે ૨૩ પો.હેડ જમા પાડવા.

(૧) સ્ટેશન વેગન ૫૫ પૈસા માઈલેજ કલાક દીઠ રૂા.૨ ના રોકાણ ચાર્જ. (૨) મોટર ગાડીઓ (૧૨ એચ.પી.) ૩૭ પૈસા વતા ૨ રૂા. (૩) ૧૨ એચ.પી. સુધીની કે નીચેની નાની ગાડીઓ ૨૨ પૈસા વતા ૧.૭૫ પૈસા અન્ય ચાર્જ.

<u>નિયમ ૪૯૭ વાહનોનના ઉપયોગ અંગે :—</u>

(૧) શકય હોય તો ૨૪ અગાઉ માંગણી મુકવી.

(૨) જે જિલ્લામાં વાહનો હોય, ત્યાં હેડ કવા. થી ૨ માઈલ કરતાં વધુ અંતર માટે હથિયાર ધારી માણસોને નિયત ફરજ માટે મફત વાહન સેવા આપવી.

(૩) જયાં સામાન્ય કાર વડે કે સાદી જાહેર બસ વડે પહોંચી શકાય તેમ ન હોય તેવા સ્થળની વિઝીટ માટે ઈન્સ. અધિકારી વાહનનો સરકારી કામ પુરતો જ ઉપયોગ કરી શકશે.

(૪) ચોકકસ શરતોને આધિન રહી ડી.વાય.એસ.પી. કે ઉપલી કક્ષાના અધિકારીઓ સતાવાર પ્રવાસ કે ઈન્સ. પરની મુસાફરી માટે પોતાના સ્ટાફ, રેકર્ડ વિ. મોકલવા વાહનનો ઉપયોગ કરી શકે.

(૫) ગુજરાતના મહેસાણા, સાંબરકાંઠા અને બનાંસકાંઠા, અમરેલી જિલ્લા માટે સરકારની ખાસ મંજુરી નીચે ડી.એસ.પી.ઓ. વાહનનો ઉપયોગ કરી શકશે.

(૬) કોઈ તોફાન સબંધે ૩ થી વધુ આર્મડ પાર્ટી ખરેખર સાથે હોય, ત્યારે અધિકારી વાહન વાપરી શકશે.

(૭)(૧) જિલ્લા અને આસી. હોમ ગાર્ડસ કમાન્ડન્ટને સતાવાર ફરજ માટે વાહનનો ઉપયોગ આપી શકાશે. પણ જે અંગેનું ભથ્થુ અપાતું હોય, તેવા કામે લાગુ પડશે નહી.

(૨) જયારે ફરજ પર જાય ત્યારે હોમ ગાર્ડના સભ્યો, પોલીસ અધિકારી જેમ વાહનનો ઉપયોગ કરી શકશે.

(૭) વાહનોની જિલ્લા કમા.ઓની માંગણીઓનો ઓછો અંદાજ બાંધવો નહી. પોલીસ વાન પ્રાપ્ત ન થાય તો પછી મેજી. કે આઈ.જી.ની મંજુરીથી વાહન ભાડે કરવા.

(૮) રમત ગમતના માટે વાહન વાપરી શકાશે. જોકે પેટ્રોલ વિના ખર્ચ રમત ગમત ફંડ ખાતેથી તેમજ સ્થાનિક બસ ભાડે ન કરી શકાય હોય તે શરતે.

(૯) માંદા કેદીઓને કોઢીયાઓ વિ. ને લાવજાવ માટે વિના મુલ્યે ઉપયોગ કરી શકાશે. પણ જિલ્લા ફેર રહે તો જેલ ખાતા પાસેથી ખર્ચ વસુલ લેવો.

(૧૦) રેલ્વે સ્ટેશન હેડ કવા. કે વિરૂધ્ધ રીતે માટે વાયરલેશ સાધનો પોલીસ સ્ટોર વિ. પહોંચાડવા વાહનોનો ઉપયોગ થઈ શકશે.

(૧૧) જેને પ્રવાસ માટે સરકારી વાહન વાપરવા છુટ મળી હોય, તેવા સરકારી અધિકારી પોતાના સાથે કુટુંબ ખાનગી નોકર કે મિત્રને લઈ જાય તો નીચે મુજબ ખર્ચ આપશે. (૧) ૧ વ્યકિત માટે ૧.૩ દર (૨) કે વધુ માટે ૧:૨ ખાનગી હેતુ માટે પુરો દર વસુલ કરાશે. મુસાફરી અંગે ટી.એ. બીલ માટે નિયત શર્ટી આપવું.

(૧૨) વાહનોનો ઉપયોગ કરે ત્યારે તે અંગેની નોંધ ડાયરીમાં કરવી.

(૧૩) સરકારી વાહનો ખાનગી પ્રવાસ માટે કદી પણ ઉપયોગ કરવો નહી. જો કે રૂલ ૪૫૯ પેટા રૂલ ૩ નીચે તેવા ઉપયોગ કરી શકાય.

(૧૪) (૧) સ્થા. ટપાલ કામગીરી માટે મોટા વાહનોના ઉપયોગને બદલે મો.સા. વાપરવી. (૨) તેવીજ રીતે કેન્ટીન અને ખાદ્ય પદાર્થ માટે વાહન ન વાપરવું પો.સુપ્રી.ની ઓથોરિટી ધરાવનાર ચલાવી શકે. પણ નુકશાન કે અકસ્માતોની તેની જવાબદારી છે. (૩) લોગબુકમાં ઉપયોગીની નોંધ અંગે સહી કરવી. (૪) પો.ઇસ્ટે. એ અધિકારીને કાયમી ફાળવાયેલા વાહનો માટેની એન્ટ્રી દર અઠવાડિયે યોગ્ય અધિકારીએ તપાસવી અને સહી કરવી. (૫) ડ્રાઈવીગ સીખવા માટે પોલીસ સુપ્રી. એમ.ટી.ની ખાસ પુર્વ મંજુરી વિના ડ્રાઈવરોનો ઉપયોગ કરવો નહી. (૬) દરેક વાહનને પુરતું લક્ષ્ય અને અઠવાડિયે એક વાર સર્વિસ અપાવવું જોઈએ. અધિકારી નિસ્ચિત દીવસે તે માટે વાહન મોકલી આપે ફોર્મ–ડી માં લોગબુકમાં તેની એન્ટ્રીની તેમજ સર્વિસ કરાયાની ખાત્રી કરશે. (૭) જયારે વાહનની અન્ય ફરજો માટે સેવા લેવાય ત્યારે તે પુર્ણ થયે નિરૂત્તર જ પરત કરવું.

<u>નિયમ ૪૯૯ લોગબુકો :– (નીયત નમુનો પી.એમ. ૧૮૯)</u>

૧. સરકાર ખર્ચ નિભાવાતા વાહનો માટે લોગબુકો રખાય છે જેને ફોર્મ–બી માં ટ્રીપ્સ અંગેની વિગતો નોંધવી.

૨. વાપરનાર અધિકારીએ લોગબુક એન્ટ્રીને એટેસ્ટ કરવી. ફોર્મ–સીમાં માસ દરમ્યાનનાં કુલ માઈલેજની નોંધ કરવી. જીલ્લા હેડ કવા.ના પત્રિત પોલીસ અધિકારી વડે છેલ્લા પાના પર પ્રમાણપત્ર અપાયેલ હોવા જોઈએ. અને લોગબુકના પાનાઓને સળંગ ક્રમાંક અને સીકકા લાગેલા હોવા જોઈએ.

૩. બુકમાં પાર્ટ–બીમાં ઉપયોગ અંગેનો વિર્સ્તત અને તદન સ્પષ્ટ ખ્યાલ મુદદો દર્શાવવો.

૪. વાહનોને વધુ પડતાં ભરવા નહી. કટોકટીના પ્રશંગે તેમ કરી શકાય, પણ કારણો સાથે તેની નોંધ લોગબુકમાં આપવી.

૫. પોલીસ સુપ્રી. એ જાતે અઠવાડિયે એક વાર ડ્રાઈવરની લોગબુક ચેક કરવી. ગુપ્તકામ માટે વપરાયેલ હોય તો ઉપયોગ કરવાની વીકલી ડાયરીમાંથી તેની ખરાઈ કરવી.

<u>નિયમ ૫૦૦. માસીક પેટ્રોલ રીટર્નો :–</u>

૧. રોડ વાહનો માટે ફોર્મ નં.–૩ અને જળ વાહનો માટે–૩ બી માં દર માસની ૧૦ તારીખ દરમ્યાન જી.પોલીસ સુપ્રી., પોલીસ સુપ્રી એમ.ટી. માસીક ટ્રીટમેન્ટ મોકલશે અને નકલ ઝોનલ પી.આઈ. એમ.ટી.ને મોકલશે. બધા રોડ માઈલેજ ૩ માંથી કોઈ એક પ્રકાર નીચે આવવાજ જોઈએ. વર્ગએ જેલથી કોર્ટ હેડ કવા.થી ગાર્ડ બદલવાના હોય તે સ્થળ વિ.જેવી નિયમીત ફરજો માટેની ટ્રીપ

વર્ગ–બી. તેમા મંજુર કરાયેલી એટલે કે, પોલીસ સુપ્રી. એ વાનના ઉપગોયની સતા આપી તેવી ફરજ માટેની ટ્રીપ આ માટે ફોર્મ નં.–૨૩ માં અગાઉથી માંગણી કરાયેલી હોવી જોઈએ તે માટે અલગ ફાઈલ જાળવવી વર્ગ–સી તેમાં વિશીષ્ટ ફરજો જેવી કે બંદોબસ્તની કે સુપ્રી. કક્ષાના અધિકારીના સ્પે. ઓર્ડર નીચે કરાતી ટ્રીપ તે માટે પુર્વ મંજુરી જરૂરી નથી. ફોર્મ નં.–૨૩ માં ઓર્ડર કરનાર અધિકારીએ ટુંકી સહી કરવી.

૨. જુદા જુદા પ્રકારના વાહનો માટે ગેલન દીઠ સરેરાશ પ્રમાણપત્ર માઈલેજ

(૧) ૩ ટનના પર્સનલ કેરીયર, પ્રોઝીનવાન અને ગુડઝ ટ્રક ૯ થી ૧૦ માઈલ.
(૨) એક ટન લાઈટવાન ૧૪ માઈલ
(૩) ૩ થી ૪ ટન લાઈટવાન સીવીલીયન ટાઈપ ૧૫ માઈલ
(૪) મીલેટ્રી ટાઈપ–૭.૫ થી ૧૦ માઈલ.
(૫) સ્ટેશન વેગન સીવીલીયન ટાઈપ–૧૪
(૬) જીપ લેન્ડરીવર, એસ્ટેટ કાર ૧૮ માઈલ.
(૭) સીરાન્ડોઝ કાર–૧૫
(૮) હિન્દુસ્તાન એમ્બે કાર ૨૦ માઈલ.
(૯) મોટર સાઈકલો ૫ સીસી–૭૫ માઈલ
(૧૦) ડીઝલ ૩ ટન ટ્રક–૧૫ માઈલ.

આ ઓછામાં ઓછા સરેરાશ ઓછી સરેરાશ છે. તેમાં ધીમી ગતિ, રોકાણ, રોડ વિગેરે ધ્યાને લીધેલ છે.

**<u>નિયમ ૫૦૧. ડેઈલી લોગ એન્ડ રેકોર્ડશીટ જાળવવા અંગે :–</u>**

એમ.ટી. ફોર્મના પી.એમ. ૨:૪ દરેક વાહન માટેના રોજીંદા રેકર્ડનો ઉપયોગ ધરાવશે. જેથી વપરાશનો માસિક ખર્ચ જાણી શકાય. પો.સુપ્રી. એમ.ટી. અને ઝોનલ પી.આઈ. એમ.ટી. ઈન્સ. વખતે આ ફોર્મ બતાવવો.

**નિયમ ૫૦૨. વાહનનો હીસ્ટ્રી અને રીપેરીગ રેકર્ડ લોગબુક :–**

વાહનો હીસ્ટ્રી અને રીપેરીગ રેકર્ડ લોગબુક ફોર્મ એમ.ટી. નં.–૪ માં દરેક વાહન માટે કામગીરીનું અને નાણાંકીય રેકર્ડ ડી.એસ.પી. અને કમાન્ડન્ટો જાળવશે આથી વાહનનો સંપુર્ણ ઈતિહાસ વિ. જાણી શકાય છે. દર માસે ડીસ્ટ્રીકટ એમ.ટી.ઓ. એન્ટ્રીઓ એટેસ્ટ કરશે.

**નિયમ ૫૦૩. એન્યુઅલ પરફોમન્શ શીટનો ઉપરોયગ :–**

એન્યુઅલ પરફોર્મન્શ શીટ શ્રેષ્ઠ ઉપયોગ અને જરૂરી સુધારાના ખ્યાલ માટે ફોર્મ નં.–૨૪ માં દરેક વાહન માટે જીલ્લા મથક વડે આશીટ બનાવાશે. અને જાન્યુ. માસમાં રાજયના પો.સુપ્રી. એમ.ટી.ને મોકલવાશે.

**નિયમ ૫૦૪. વાહનોના કંડમનેશન અંગે :–**

૧. પોલીસ સુપ્રી.ના મતે વાહન રદબાતલ કરવા યોગ્ય લાગે તો એમ.ટી. ઝોનલ પી.આઈ. દવારા તેનું ઈન્સ. કરાવી ડીફેકટ રીપોર્ટ બનાવશે.
૨. પછી બેન્ચના સભ્યોની એક સમિતી પો.સુપ્રી. કરશે. (૧) પોતે (૨) પોલીસના હોમ ઈન્સ. (૩) ઝોનલ પોલીસ પી.આઈ. એમ.ટી. (૪) રીઝર્વ પી.આઈ. કે પી.એસ.આઈ.
૩. સમિતી વાહનનું ઈન્સ. કરશે. ડીફેકટ રીપોર્ટમાની ખામીઓની ખરાઈ કરશે. એમ.ટી. ફોર્મ નં.–૨૪ માં સમિતીની કાર્યવાહી દર્શાવશે અને ચાર નકલોમાં ડીફેકટ રીપોર્ટ સાથે એમ.ટી. ફોર્મ નં.–૧ ફાઈનલ ઓર્ડર માટે પો.સુપ્રી. એમ.ટી. દવારા આઈ.જી.પી.ને મોકલશે.
૪. ચોકકસ શરતોને આધિન રહી આઈ.જી. તેની અપસેટ પ્રાઈઝ નકકી જાહેર હરાજીથી વેચવાની કે, રદબાતલ કરવાની સત્તા અપાયેલી છે.
૫. આઈ.જી.પી.ના ફાઈનલ ઓર્ડર મુજબ વાહનનો નિકાલ કરાશે.

૬. રદબાતલ કરાયેલા અને જેને બદલે બીજા નવા મેળવાયા હોય વાહનોનો કોઈ સંજોગોમાં ઉપયોગ કરવો નહી., સિવાય કે ચોકકસ કિસ્સામાં સરકારે સત્તા આપી હોય, અને સમારકામ પાછળ જુજ ખર્ચ ભોગવવો પડે.

**નિયમ ૫૦૫. કન્ડમનેશન એન્ડ ડિસ્પોઝલ ઓફ અન સર્વિશેબલ પાર્ટ એન્ડ મટેરીયલ :-**

૧. પુરતી યોગ્ય એક વાકયતા માટે નીચેની કાર્યવાહી હાથ ધરાય છે.

(૧) જીલ્લા કે રેલ્વે એમ.ટી. સેકશનોમાં પો.સુપ્રી. આર.પી.આઈ. કે સબ ઈન્સ. અને ઝોનલ પી.આઈ. એમ.ટી.ની સંમતિથી સ્પેર પાર્ટસ અને ભંગારને ચકાસે છે. અને તેની અપસેટ પ્રાઈઝ કરાવે છે. પછી ડી.એસ.પી. જાહેર હરાજી વડે નકકી થયેલ અપસેટ પ્રાઈજને આધિન રહી વેચી દે છે. અપસેટ પ્રાઈઝ અતિ ગુપ્ત રખાય છે.

(૨) સ્ટેટ રીઝર્વ પોલીસ ફોર્સ ગૃપના સેકશન માટે સમિતીના ગૃપમાં કમાન્ડન્ટ કે કવા.વિગનના કમાન્ડર પો.ઈ. એમ.ટી. અને ઝોલ પી.આઈ. એમ.ટી. હોય છે. ઉપરની જ કાર્યવાહી લાગુ પડે છે.

૨. (૧) રેન્જના એમ.ટી. વર્કશોપ માટે સમિતી પો.સુપ્રી. એમ.ટી. પી.આઈ. ફોરમેન વર્કશોપ અને પી.આઈ. મોબાઈલની બનેલી હોય છે.

(૨) જીલ્લા અને સ્ટેટ રીઝર્વ ગૃપની રદબાતલ વસ્તુઓનો એક વાર નિકાલ કરવો. રેન્જના વર્કશોપ માટે પો.સુપ્રી. એમ.ટી. એ સ્પેર પાર્ટસ વિ.નો નિકાલ પોતાની અનકુળતા મુજબ કરવો.

(૩) ફોર્મ નં.૨૫ માં દર વર્ષે જાન્યુ. પહેલાં આઈ.જી.ની. ઉપરની વિધીઓના યોગ્ય અમલનો રીપોર્ટ મોકલવો.

**નિયમ ૫૦૬. મોટર વાહનોના અકસ્માત :-**

૧. આગ, ગુમ થવું, થર્ડ પાર્ટી અકસ્માતો સામે વીમો લેવાતો નથી. એમ.ટી. ફોર્મ નં.-૨૯ પર અકસ્માતોનો રીપોર્ટ પો.સુપ્રી. એમ.ટી.ને કરવો અને નકલ એમ.ટી. અધિ.એ ડી.એસ.પી.ની. આપવી.

અકસ્માત (એ) મેજર જેમાં જાન ગુમાવેલ હોય.(બી) ગંભીર જેમાં શારિરીક ઈજા કે વાહનમાં ૫૦૦ થી વધુ રીપેર ખર્ચ લાગે મિલ્કતને નુકશાન થયું હોય તેવા (સી) નાણાં તેમાં ઈજા રૂા.૫૦ થી વધુ વાહન કે મિલ્કતને નુકશાન થયુ હોય તેવા એમ ૩ પ્રકારના અકસ્માતો ગણવા.

**નિયમ ૫૦૭. રેન્જ સી.એમ.ટી. વર્કશોપની કામગીરીઓ :-**

૧. (એ) પ્રથમ અને બીજા હરોળના વર્કશોપ વડે ઉઠાવાતી કામગીરીઓ (બી) રીબોરીગ રસસ્ભીવીગ, ગ્રાઈન્ડીગ વિ. સહ સંપુર્ણ એન્જીન અવરહોલ (સી) ચેસીસ સ્પ્રીન્ગ એક્ષલ વિ.નું રીપેરીગ અને અવરહોલ (ડી) એલાઈમેન્ટ ઓફ વેહીલ્સ (ઈ) વધુ ઈલે. કામ જેવું કે રીવાઈન્ડીગ આર્મેચર અને ફોર્ટ ફાઈન્ડીગ રીપેરીગ વિગેરે. (એફ) બેટરી ચાર્જીગ અને રીવાઈન્ડીગ (જી) વલ કેનાઈઝીગ ટાયર્સ (એચ) મેજર બોડી રીપેર્સ કેનોવેટીગ (આઈ) રેન્ટીગ (જે) ફાઉન્ડ્રી વર્ક (કે) જુના પાર્ટનું રીકન્ડીશનીગ (એલ) કર્મચારી તાલીમ

૨. મોબાઈલ સર્વીશ વાન.

(એ) હાઈપ્રેશર લુબ્રીકેશન (બી) કલીનીગ અને સર્વીસીગ (સી) ઈન્જીન ટર્નીગ અપ. ફાઉન્ડ્રી અને બોડી ઈન્સ. (ઈ) ઈલે. રીપેર્સ, બેટરી સર્વીસીગ (એફ) બોડી રીપેરીગ અને પેઈન્ટીગ (જી) કલચ અને બ્રેકનું સ્ટેટીગ એડજન્ટ (એચ) કાર્બોનાઈઝીગ વાલ્વ ગ્રાઈડીગ, પર્સનલ ઓવરહોલ, (આઈ) ઓવરહોલ ઓફ સ્ટીયરીગ એસેમ્બલી એકસેલ (જે) માઈન એડીએટર રીપેરીગ (કે) જીલ્લા પી.એમ.ટી. સેકશન ૧ પ્રથમ હરોળની જાળવણી, સમારકામ જેમાં (એ) જન. ઈન્સ્પેકશન ચેક અપ (બી) બ્લીડીગ અને એડજસ્ટમેન્ટ ઓફ બ્રેકસ (સી) સ્પ્રીગ વ્હીલ બોડી વિ. કલીનીગ વિ.

**નિયમ ૫૦૮. પોલીસ વાયરલેશ ઓર્ગેનાઈઝેશન અને સ્ટાફ :-**

સ્ટેટ વાયરલેશ ગ્રીડ નીચેના સંપર્ક નેટ ધરાવે છે. (એ) એચ.કે. નેટવર્ક કે જેમાં ૧. સ્ટેટીક કે સ્થાયી સ્ટેશનો (૨) મોબાઈલ સપોર્ટેબલ સ્ટેશનો ૩. બ્રોડ કાસ્ટ સર્વીસ સ્ટેશનોનો સમાવેશ થાય છે.(બી) વીએચ.એફ. નેટવર્ક તેમાં ઉપર મુજબ જ (૨) સ્ટાફ પોલીસ સુપ્રી.ના કન્ટ્રોલ નીચે છે. જેનો હોદો પોલીસ સુપ્રી. વાયરલેશ છે અને જુદી જુદી કેડરના સ્ટાફ વડે કામ કરે છે. (એ) ડી.એસ.પી., ઈન્સ.,

સબ ઈન્સ., હે.કો., દરજ્જાના એન્જીનીયરીગ મેઈન સ્ટાફ (બી) સબ ઈન્સ. અને હે.કો. કક્ષાના ટ્રાફીક ઓપરેટીગ સ્ટાફ.

૧. એચ.એફ. નેટવર્કઃ–

(૧) સ્ટેટીક સેકશનઃ– બધા જી લ્લાના હેડ કવા. ખાતે અને અન્ય મહત્વના સ્થળ કે અમુક જિલ્લામાં તાર સગવડ નથી. કે બહુ અલ્પ છે. ત્યાં ખોલાય છે.

(૨) મોબાઈલ્સ કટોકટીમાં જિલ્લા હેડ કવા. તોફાનના સ્થળ સાથે ત્વરીત સંપર્ક માટે જિલ્લા હેડ કવા. ખાતે આવા સ્ટેશનની જોગવાઈ છે. આથી ઝડપી સંદેશની આપ લે થઈ શકે સાધારણ રીતે કટોકટી કાળમાંજ ઉપયોગ કરવો.

(૩) બ્રોડ કાસ્ટ સર્વિશ સ્ટેશન આ સ્ટેશન બધા સ્ટેશનના સંદેશા બ્રોડ કાસ્ટ કરવા વપરાય છે.

૨. વી.એચ.પી. નેટવર્કઃ–

(૧) લગભગ ૧૦ માઈલની ત્રિજયાનો વિસ્તાર આવરી શકતી મર્યાદીત રેન્જની આ અમદાવાદ જેવા મોટા શહેરોના પેટ્રોલીગ માટે કામમાં લેવાય છે.

(૨) અગત્યની પોલીસ કચેરીમાં કન્ટ્રોલ સ્ટેશન તરીકે સ્ટેટીક સ્ટેશનનો પણ મોટા ભાગે ઉપયોગ કરાય છે. તેના દવારા શહેર ભરની બધી પોલીસ પ્રવૃતિઓનું નિયંત્રણ કરાય છે.

(૩) પેટ્રોલીગ માટે અને વાહનો લોકો માટે મોબાઈલ સ્ટેશનની જોગવાઈ કરાય છે અને તે કન્ટ્રોલ સાથે સતત સંપર્ક કેળવે છે.

(૪) નિશ્ચિત સમયે રીસીવર ધરાવતાં પો.સ્ટે. અને ચોકીઓ માટે મહત્વના સંદેશા બ્રોડ કાસ્ટ કરવા કન્ટોલ સ્ટેશન ઉપયોગી છે.

૩. સેન્ટ્રલ મોનીટરીગ ચેક ઓફિસઃ– બધાજ સ્ટેશનો બરાબર કામગીરી બજાવે છે.સાચી પધ્ધતિ અનુસરે છે. દુર ઉપયોગ પકડી પાડવા વિગેરે ચેક અપ માટે રાજયમાં આવું એક કેન્દ્ર યોગ્ય સ્થળે ચલાવાય છે. બધા એચ.એફ. સ્ટેશનનું ટ્રાફિક રેકર્ડ તેને મોકલાય છે. તેની ચકાસણી કરાય છે. અને નિયમ ભંગના કિસ્સા પો.સુપ્રી. વાયરલેશને પગલા માટે રીપોર્ટ કરાય છે.

૪. વાયરલેશ ઓપરેટરઃ– વાયરલેશ ઓપરેટરનો ઈમરજન્શી અને લીવ રીઝર્વ વા.લેશ ઓપરેટરો તરીકે નિયમીત નિમણુંક અપાય ત્યાં સુધી વાયરલેશ ટેલી ગ્રાફીક તાલીમ કેન્દ્ર ખાતે તાલીમ લેતાં ૫૦ સભ્યોનું આવું એક દળ જળવાય છે. અને તે જિલ્લામાંથી જરૂર પડે તેને કામગીરી માટે બોલાવાય છે. સેન્ટ્રલ સ્ટોર સમગ્ર સંસ્થા માટે આ સ્ટોર જરૂરીયાતો પુરી પાડે છે.

૫. સેન્ટ્રલ વર્કશોપઃ– મોટા રીપેરીગ એસેમ્બલીક કામગીરી અને તેને લગતી અન્ય કામગીરીઓ આ વર્કશોપ ખાતે બજાવાય છે.

<u>નિયમ ૫૦૯. પોલીસ વાયરલેશ ઓર્ગેનાઈઝેશનના પર્સોનલ પર કન્ટ્રોલ અંગેઃ–</u>

૧. એન્જીનીયરીગ અને ઓપરેટીગ સ્ટાફ તેની ટેકનીકલ ફરજો માટે પો.સુપ્રી. વાયરલેશના નિયંત્રણ અને નિરીક્ષણ નીચે રહે છે.

૨. વાયરલેશ ઈન્સ., સબ ઈન્સ., રે.મીકે. અને ઈલે. જેની કોઈ વિભાગમાં નિમણુંક નહી થયેલ હોય, તેવા પો.સુપ્રી. વાયરલેશના વહીવટી કાબુ નીચે રહેશે. જેના પગાર, ટી.એ., લીવ, સર્વિસ રેકર્ડ વિ.ની સંભાળ રાખશે. જિલ્લા વાયરલેશ સ્ટેશન ખાતાના હેડ વા.લેશ ઓપરેટર વિ.ના હેડ કવા.ના ડી.એસ.પી. નીચે રહેશે. પરચુરણ સિવાયની રજા અરજી પો.સુપ્રી. વાયરલેશ દવારા રજુ કરાશે.

૩. જિલ્લા વા.લેશ સ્ટેશન ખાતે નિમાયેલ હેડ વા.લેશ ઓપરેટર અને ઓપરેટરો સ્થાનિક ડી.એસ.પી.ના ડીસીપ્લીનરી કન્ટ્રોલ નીચે રહેશે.

૪. હેડ વા.લેશ ઓપરેટરો, મીકે. અને ઈલે. વડે શિસ્તભંગના સામાન્ય કેસોની ઈન્કવાયરી અને આખરી પતાવટ જેતે ડી.એસ.પી. કરશે. અને ટેકનીકલ બાબત માટે પો.સુપ્રી. વાયરલેશ કરશે.

૫. વા.લેશ ઈન્સ. અને સબ ઈન્સ.ના શિસ્તભંગ કે ટેકનીકલ પ્રકારના કેસની ઈન્કવાયરી પો.સુપ્રી. વાયરલેશ કરશે. અને આખરી ઓર્ડર ભલામણ સાથે કાગળો આઈ.જી.પી.ને મોકલશે.

**નિયમ ૫૧૦. ઓફિસ ઈકવીપમેન્ટ ફોર પોલીસ યાવરલેશ એસ્ટાબ્લીસમેન્ટ :–**

ઓફિસ ઈકવીપમેન્ટ ફોર પોલીસ યાવરલેશ એસ્ટાબ્લીસમેન્ટ પોતાના જિલ્લા સાથે જોડાયેલ વાયરલેશ સ્ટેશનમાં રાચ રચીલા અને સ્ટેશનરી પુરી પાડવાની જીલ્લા સુપ્રી. ની જવાબદારી છે. જોકે વા.લેશ ઈન્સ. અને સબ ઈન્સ. માટે આ બધુ પોલીસ સુપ્રી. વાયરલેશ પુરૂ પાડશે.

**નિયમ ૫૧૧. વાયરલેશ સ્ટાફની ફરજો:–**

૧. પો.સુપ્રી. વાયરલેશની ફરજો:– (૧) પો.સુપ્રી. વાયરલેશ સમગ્ર રાજયમાં વા.લેશ ટ્રાફિક અને તેના સાધન જાળવણીની જવાબદારી જ ધરાવે છે. જાળવણીની કામગીરી માટે એન્જી. સ્ટાફ અને ટ્રાફિક માટે ઓપરેટીગ સ્ટાફ તેને મદદ કરે છે. (૨) પો.સુપ્રી. વાયરલેશના કરાતા સુધારા વધારાને આધિન રહી ફરજો નીચે પ્રમાણે છે.

૨. પો.સુપ્રી. વાયરલેશ ઈન્સ.ની ફરજો:– (૧) એન્જી. અને ટ્રાફિક બન્નેની દ્રષ્ટિએ ઝોનમાં વા.લેશ સ્ટેશનો ઉભા કરવા અને જાળવવા. (૨) જુદા જુદા પ્રકાર અને બનાવટની સાધન સામગ્રી અલગ હીસ્ટ્રી શીટ જાળવવી (૩) બધાજ સ્ટેશનની મુલાકાત લઈ ઈન્સ. કરવું. (૪) હેડ વા.લેશ ઓપરેટરને સુચના આપવી. (૫) અનિયમીતતા કે કામગીરીમાં વિલંબ અંગે પો.સુપ્રી. વાયરલેશને રીપોર્ટ કરવો. (૬) ઝોન હેડ કવા. ખાતે વકર્મશોપના સ્ટોરની જાળવણી

૩. વા.લેશ સબ ઈન્સ.ની ફરજો પોતાના વિભાગ પુરતી ઉપર મુજબની રહેશે.

૪. રેડિયો મીકેનીકની ફરજો:– (૧) રોજીંદા સમારકામ અને બીજા કામની નિયમીત ડાયરી જાળવવી અને સબ ઈન્સ. વા.લેશને રજુ કરવી. (૨) ઉપર ૨ મુજબ (૩) સબ. ઈન્સ.નીસુચના તથે કોઈ પણ સ્ટેશનને બ્રેક ડાઉનને એટેન્ડ કરવું.

૫. ઈલેકટ્રીશીયનની ફરજો:– વિદ્યુતને લગતા સમારકામ જાળવણી તેની નોંધ ડાયરી જાળવવી વિ. અન્ય અધિરારીઓ પણ પોતાના કાર્યક્ષેત્રની પુરતી લગભગ ઉપર મુજબની સમાન જવાબદારીઓ અને ફરજો અદા કરશે.

૬. વા.લેશ સાધનો સાથે ઈન્ટરફન્શ:– (૧) પોલીસ મોટર વાહનોની બેટરીઓ જયા એમ.ટી.ના વાહન માટે સ્વતંત્ર સગવડ હોય તેવા વા.લેશ સ્ટેશોની ફકત કટોકટી વખતે જ ચાર્જ કરી આપવી ખાનગી બેટરીઓ ચાર્જ કરવી નહી. વા.લેશ સાધનો પોલીસ અધિકારી દવારા પણ ખાનગી હેતુ માટે ઉપયોગ થવા દેવો નશી. (૨) ઓપરેટીગ સ્ટાફ સાધન સામગ્રીની ગંભીર ખામીઓ સુધારવા પ્રયત્ન કરશે નહી. પણ ઈન્સ.ને જાણ કરી તેની સહાય મેળવશે. કેટલા સમય પુરતો સ્ટેન્ડ બાય સેટ વાપરવો.

**નિયમ ૫૧૩. પોલીસ વાયરલેશ ગીડ સંપર્કની રીત:–**

કાયદો અને વ્યવસ્થાના સંદેશ પુરતોજ તેનો ઉપયોગ કરવો કુદરતી આફતો જેવી કે પુર, ધરતીકંપ, દુષ્કાળ, વિ. માટે ગૃહખાતા મારફતે વાહન વ્યવહાર ખાતાની પુર્વ મંજુરી મેળવી તેનો ઉપયોગ કરી શકાય. ભારત સરકમારે મુસીબતમાં વિમાનોની સહાય અને બચાવ માટે ઉપયોગ કરવાની છુટ આપેલી છે. આવા સંદેશો સ્પષ્ટ અને ચોકસાઈ ભર્યા હોવા જોઈએ માન્ય ટુંકા રૂપજ વાપરવા જોઈએ

**નિયમ ૫૧૪. કટોકટીમાં વા.લેશ સંદેશાની રવાનગી માટે સિગ્નલ સ્ટેશન સાથે ઉલટ વ્યવસ્થા અંગે.:–**

૧. જયારે પોલીસ વા.લેશ પધ્ધતિ ન હોય કે નિષ્ફળ જાય ત્યારે આ વ્યવસ્થાનો નીચે પધ્ધતિએ ઉપયોગ કરવો.

(એ) મુબઈ, અમદાવાદ, પુના અને સિકંદરાબાદ ખાતેજ સ્ટેટીક સ્ટેશન છે.

(બી) ફોર્મ નં.–૨૬ સંદેશો લખવો સાઈકલોસ્ટાઈલ જથ્થો તૈયાર રાખવો.

(સી) આર.બી. ફર્મોમાં ડાબા હાથના ખુણે નીચેની જગ્યામાં અગ્રતા ક્રમ દર્શાવવો જેમ કે, ડી.એસ.પી. અને ઉચ્ચ અધિ.ઓ માટે ઈમીજીએટ એ.એસ.પી. કે ડી.વાયએસ.પી. માટે ઈમ્પોર્ટન્ટ અને અન્ય માટે ઓર્ડીનરી

(ડી) પોતાની સનદ સાથે ગણવેશ ધારી સર્વિશમેન આર્મી સિગ્નલ કચેરીએ સંદેશો હાથોહાથ સોંપશે. રૂબરૂ મેસેન્જર મોકલી મંગાવી લેવો.

(ઈ) તેવીજ રીતે આર્મીની સગવડતાઓ ટુટી પડે કે અપ્રાપ્ત બને તો પો. વા.લેશ સગવડનો નિયત પધ્ધતિ મુજબ મિલેટ્રી ઉપયોગ કરી શકશે.

———xxxxx———

# પ્રકરણ–૨૬
# માઉન્ટેડ પોલીસ યુનિટ

**નિયમ ૫૧૫. માઉન્ટેડ પોલીસનો હેતુ :–**

૧. નીચે મુજબના કારણોસર સરકારે ચોકકસ જિલ્લાઓમાં ઘોડા ફાળવેલ છે.
(એ) ગુનેગારની રખડતી ટોળીઓ સામે વ્યુ રચવા (બી) ધાડ, હાઈવે લુંટ, પાકની ચોરી, પાકને નુકશાન જેવા ગુનાઓ રોકવા માટે પેટ્રોલીગ કરવા. (સી) તોફાને ચડેલા ટોળાને કાબુમાં લેવા. (ડી) ટ્રાફિક પોલીસને મદદ કરવા. (ઈ) મેસેજ માટે, એસ્કોર્ટ ડયુટી માટે (એફ) સવારી અને સારવાર વખતે બન્દોબસ્ત મેળવવા

૨. પેટ્રોલીગ માટે ઓછામાં ઓછા બે માઉન્ટેડ પોલીસ જ રાખવી.

**નિયમ ૫૧૬. ઓર્ગેનાઈઝેશન ઓફ માઉન્ટેડ પોલીસ યુનિટ :–**

ઓર્ગેનાઈઝેશન ઓફ માઉન્ટેડ પોલીસ યુનિટમાં પોલીસ યુનિટ ઈન્સ. કક્ષાના દાફેદાર પો.કો. કાના સવાર, સાઈ અને સ્વીપર ધરાવે છે.

**નિયમ ૫૧૯. ઘોડાની હીસ્ટ્રી શીટ :–**

એપેન્ડીક્ષના ફોર્મ નં.૩૦ મુજબ દરેક ઘોડાની હિસ્ટ્રીશીટ રાખવું.

**નિયમ ૫૨૦. તાલીમ:–**

૧. અમદાવાદ કેન્દ્રમાં નવી ભરતી થયેલને ૩૭ અઠવાડિયાની નીચેની તાલીમ આપવામાં આવે છે.
(એ) પાલતું જાનવર જેવી રીતે તેની સવારી કરવા/ કાબુમાં રાખવો (બી) માઉન્ટેડ સ્કોડડ્રીલ (સી) પેગડા સાથે વગર અને છલાંગ મારી સવારી કરવી (ડી) તબેલાની સંભાળ (૨) રીમાઉન્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ એપેન્ડીક્ષ–૩૫ મુજબ રહે.

**નિયમ ૫૨૫. કુતરા, ઉંટનો ખોરાક આપવાની રીત:–**

જે રીતે ઘોડાને ખોરાક આપવાની રીત દર્શાવેલ છે. તેજ રીતે કુતરાને, ઉંટને ખોરાક અપાય છે. ફકત ફેર એટલોજ કે, કુતરાને તાજો ખોરાક જ અપાય.

**નિયમ ૫૨૭. વધારાની પોસ્ટ પર નિયમન અને તેની ફરજો અંગે :–**

૧. ઉપરના નિયમ મુજબ વધારાની પોસ્ટ ડેપ્યુટ કરાય ત્યાશે ડી.એસ.પી. નકકી કરશે કે, કઈ હદ નીચેના પોલીસ અધિકારીના હુકમોનું અને કેટલા પ્રમાણમાં પાલન કરવું એકંદરે દળ બદનામ ન થવું જોઈએ.

૨. લોકલબોર્ડ અને મયુ.ની ચુંટણી વ્યવસ્થા જાળવવાની અન ટ્રાફિકના નિયમનની પોલીસની ફરજ હોવા છતાં તેમને મત પેટીઓનો ચાર્જ લેવાનો હોતો નથી. કે મતદાન મથકેથી રીટર્નીંગ અધિકારીને પહોંચાડવાની હોતી નથી. તેઓ પોલીસ સહાય આપવી ન જોઈએ. જો ખર્ચ ચુકવવા સંમત થાય તો કલેકટર ખાસ કારણ સુચવે તો રક્ષણ આપવું.

**નિયમ ૫૨૮. વધારાનો પોલીસ ખર્ચ :–**

૧. ખાનગી કંપની કે વ્યકિતને પોલીસ કે એસ્કોર્ટ કે ગાર્ડ પુરા પાડવા માટેનો પગાર અગાઉથી પો.સુપ્રી.એ. વસુલ કરવો અને તિજોરી ખાતે જમા કરાવવો. તદઉપરાંત ખર્ચ રૂપે (૧) જો સંસ્થા તા.૧/૪/૧૯૩૧ પહેલાં મંજુર થયેલ હોય તો લીવ અને પેન્શન કોન્ટ્રીબ્યુશનના સરેરાશ ખર્ચના માસિક પગારના દર માસે ૯.૫ % પેન્શન કોન્ટ્રીબ્યુશન (બી) સુપરવિઝન ખાતે સરેરાશ કુલ ખર્ચના ૬% (સી) વાર્ષિક વ્યકિત દીઠ વસ્ત્રો માટે ઉપરાંત ઘરભાડું માસિક રૂા.૫ લેખે ડેપ્યુટેશન એલાઉન્સ ૦૦–૮૧ માસિક જી.પોલીસ મેન અને રૂા.૧.૮૧ પૈસા માસિક રેલ્વે પોલીસ મેન માટે ફકત મુસાફરી રાહત રૂપે વસુલ લેવા

૨. ખાનગી વ્યકિતઓ પાસેથી રોજીંદા ધોરણે વસુલાત કરવી.

૩. વધારાની પોલીસ માટે સ્પે. ફોર્મ ઓફ પે બીલનો ઉપયોગ કરવો.

૪. પોલીસ એસ.પી. એકાઉન્ટસ માં આ અંગેના જરૂરી માહિતી પુરી પાડવી.

૫. જાહેર ખાતાઓ માટે ચાર્જ લેવો નહી. જો મેજી.એ ગાર્ડઝ ધરાવવા નહી. જેને સરકારે નિયુકત ન કર્યા હોય તેમને માટે ચાર્જ આપવો પડશે નહી.

૬. માંગણીથી રેલ્વે તેનો ખર્ચ આકારશે અને તેની ફરજો સોંપસે. બે લોકોને ન્યાય ખાતાના વિના મુલ્યુ એસ્કોર્ટ આપશે.
૭. સીવીલ સુટમાં જે પક્ષ ગાર્ડ માંગે તેની પાસેથી તેનો ખર્ચ વસુલ લેવાશે.

**નિયમ ૫૨૯. ડિસ્ટર્બ એરીઆ માટે વધારાની પોલીસ :–**

૧. જો મેજી. એન્ડ રેન્જ ડી.આઈ.જી. મારફત વધારાની પો. મેળવશે તે અંગે સલાહકાર સબ કમીટી સહાલ સુના મેળવાશે પો.સુપ્રી. દરખાસ્ત પ્રથમ જીલ્લા મેજી. ને કરશે.
૨. વધારાની પો.પોસ્ટની દરખાસ્ત મંજુરી માટે મુકાય ત્યારે ગામની વસ્તી ખર્ચ વિ.માહીતી સામથે પુરી પાડવી.
૩. કેટલા આર્મડ અને બીન હથિયારી માણસ રખાશે. વગેરે બધી જરૂરી વિગતો પો.સુપ્રી. જીલ્લા મેજી. પરની અરજીમાં દર્શાવશે.
૪. વધારાની પો. તે કામગીરી ચાલુ રાખવા માટે તુરત મુદત પુરી થવા અગાઉ બે અરજી આપવી.
૫. મુદત પુરી થયે વધારાની પોલીસ સ્ટેશનને દૂર કરવા માટે સરકારી હુકમ જરૂરી નથી.

**નિયમ ૫૩૦. તોફાની વિસ્તારમાં વધારાની પોલીસનો ખર્ચ અને ફરજો :–**

૧. જરૂર જણાય તેવા તોફાની ભયંકર સિથતીવાળા વિસ્તાર માટે સરારને વધારાની પોલીસ મુકવાની સતા છે. જયારે તે મુકાય તેનો બીનઅધિકૃત રીતે થતો ઉપયોગ અટકાવવા પો. સુપ્રી. અવશ્યપણે સ્પષ્ટ અને યોગ્ય સુચનાઓ આપશે.
૨. તે અંગેના ખર્ચની ઉઘરાણી વિ. અંગે બૌ. પોલીસ એક્ટ કલમ–૫૦ સ્પષ્ટ કરે છે.

**નિયમ ૫૩૧. પ્લેગ અને દુષ્કાળ પોલીસના એન્ટરટેઈમેન્ટ સેકશન કરવાના પાવર અને એપ્લીકેશન:–**

૧. આ અંગે અધિ. પો.સુપ્રી. જીલ્લા મેજી. દવારા રેન્જ ડી.આઈ.જી.ને સુપ્રત કરવું.
૨. તે માટેના ખાસ કારણો જણાવવા નિયત પોલીસ દળોની સંખ્યા ખાલી જગ્યાની સંખ્યા વધારાના પોલીસ માટેની અરજી ડી.આઈ.જી. રેન્જને કરવી.
૩. તેમના માટે વસ્ત્રો વિ.ની જરૂરીયાતની જાણ કરવી. વડીસ્ટોરમાંથી કેટલી મળશે કેટલા અનાર્મ માણસો રાખવા વિ.ની વિગતો જણાવવી. ડી.આઈ.જી. બજેટ જોગવાઈમાં રહી નિમણુંક કે મુદત વધારો કરી શકાશે. મંજુરીની નકલ એકા. અને જીલ્લા મેજી. ને આપવી.

**નિયમ ૫૩૨. પ્લેગ અને ફેમીન પોલીસ ઘર અને ગણવેશ અંગે :–**

૧. કામચલાઉ પોલીસ માટે એપ્લીકેશન સરખી હોવાછતાં પુરો ગણવેશ રાખવો જરૂરી નથી.
૨. વધારાની પ્લેગ પોલીસ માટે રેન્જ ડી.આઈ.જી. હસ્તકની ગ્રાન્ટ ખાતેથી ખર્ચ કરવો.
૩. અસરકારક વિસ્તારમાં ઝુપડા ઉભા કરવા પડે તો, પી.ડબલ્યુ.ડી. કરી આપે અને નિયમ નં.–૨૬૦ તેમજ બીસીએસઆર નિયમ–૪૪૯ જોવો.

**નિયમ ૫૩૩. પ્લેક અને ફેમીન પોલીસના ખર્ચ અંગે :–**

આ અંગે ખર્ચ–૨૯ પોલીસ ડી.આઈ.એફ. એડી. પોલીસ એસ્ટ ખાતે ઉધારવું.

**નિયમ ૫૩૪. ગ્રામ્ય પોલીસના કન્ટ્રોલ અને નિમણુંક અંગે :–**

૧. આ અંગેના કાયદા નીચે તેનો વહીવટ જિલ્લા મેજી. હસ્તક રખાય છે.
૨. ડી.એસ.પી.ને પોલીસ હેતુ પરતી સતા મેજી. સોંપી શકશે.
૩. પોલીસ પટેલની નિમણુંક અગાઉ સબ. ડીવી. મેજી. પોલીસ અધિકારી સાથે ચર્ચા કરી શકય પણે તેની ભલામણ યોગ્ય વ્યક્તિને નિમશે.
૪. તેમનું નિયમન રક્ષણ ગેર વર્તણુંકની તપાસ જિલ્લા મેજી. કરશે.

**નિયમ ૫૩૫. તાલીમ અંગે :–**

પો.સુપ્રી. અને સબ ડી.ઓ. પો.સ્ટે. ઈન્સ. વખતે પોલીસ પટેલને બોલાવી ફરજો અંગેની સામાન્ય સુચના અને ગુનાઓ અંગેની ખાસ સુચના આપશે.

**નિયમ ૫૩૬.ધરપકડ બારામાં પોલીસ પટેલની સતાઃ–**

૧. બો.વિલેજ પો.એકટની કલમ–૧૨ નીચે ગંભીર ગુનાઓ જેની વ્યખ્યા જરૂરી નથી. પોલીસ પટેલ અટકાયત કરી શકશે.
૨. ગ્રામ્ય પોલીસ વડે અટકાયત કરેલની જીલ્લા પોલીસ વડે ડીઅરેસ્ટ અંગે નિયમ–૧૮૦ રીફર કરવો.

**નિયમ ૫૩૭.પોલીસ પટેલની ફરજો:–**

૧. ૧૯૫૧ ની પોલીસ પટેલને માર્ગદર્શન માટે સુચનાઓ નામની પુસ્તીકામાં તેની ફરજ અને જવાબદારીઓ બતાવેલી છે. ટુંકમાં તે નીચે મુજબ છે.

(૧) ગમે ત્યા માંદા મુસાફરની જાણ થયે તેને આશરો, ખોરાક, વૈદકીય રાહત વિ.આપવા.

(૨) કોલેરા જેવા રોગ માટે એકાંત મકાન કે સ્થળનો ઉપયોગ અને ચેપ નફેલાય તેવા બીજા પગલાં યોજવા.

(૩) વાહન અથડામણ પ્રશે મદદ કરવી.

(૪) અધિકારીના પડાવ વખતે એસ્કોર્ટ તરીકે રાત્રી વોચનું કામ કરવું.

**નિયમ ૫૩૮. ગ્રામ્ય પોલીસના એમોલ્યુમેન્ટસ :–**

૧. અધિકારીના પડાવની રાત્રવિોચની કામગીરી માટે તેમને ચુકાદો કરવો.

૨. રાષ્ટ્રપતિની રેલ્વે મુસાફરીના પ્રશંગે રેલ્વે લાઈન ચોકી બજાવનારા પોલીસ પટેલોને રોજીદા ૨૫ પૈસા ખોરાકી ભથથું આપવું.

૩. ગેરકાનુની ગુનાની જાણ કરવા માટે કરેલી રેલ્વે કે બસ મુસાફરી માટે સુપ્રી.ના નોન કોન્ટેક કન્ટીજન્સી ખાતે ઉધારી બન્ને વખતનું ખરેખરુ ચુકવણું.

૪. દુષ્કાળ કામગીરીની કેસ ચેસ્ટનું એ કલાસ બેજ ૫ર ગ્રામ્ય પોલીસે ગાર્ડ ફરજ બજાવવી.

**નિયમ ૫૩૯. ખાસ પોલીસના એનરોલમેન્ટ અંગે :–**

ખાસ કીને કટોકટીના સંજોગોમાં સ્પે. પોલીસ નિમવા અંગે સતા અપાયેલી છે.

(૧) પોતાની સીલ નીચે લેખિત સહીવાળા હુકમથી કમિ., ડી.એસ.પી. કે સરકાર વડે સતા અપાયેલા મેજી. ૧૮ થી ૨૫ વર્ષ વચ્ચેના યોગ્ય માણસને સ્પે. પોલીસ અધિકારી તરીકે નીમી શકશે. આ માટે એક ગુપ્ત યાદી જાળવવી.

(૨) નિમણુંક સ્વૈ. નોંધણીથી કરવી.

(૩) આ રીતે નોંધાયેલ દરેકને નિયત નમુનાની નોંધણીનું ઔપચારિક પ્રમાણપત્ર આપવું તેવી વ્યકિત સ્પે. પોલીસ અધિકારી કહેવાશે.

**નિયમ ૫૪૦. સ્પેશ્યલ પોલીસ ઈકવીપમેન્ટ અંગે :–**

૧. લાલ રંગી ૪ ઈંચ પહોળા સ્પષ્ટ દેખાય તેવા એસ.પી.ઓ. અક્ષર ધરાવતો બીલ્લો (બેઝ) હાથ પર તેમને જુદા તારવી આપશે.

૨. પો.સુપ્રી.ની ઈચ્છા મુજબ એલ.પી.ઓ.ને લાઠી કે બેટ પણ જોખમી ફરજ કે સુજોગો માટે યોગ્ય ફાયર આર્મસ પણ આપવા.

**નિયમ ૫૪૧. સ્પેશ્યલ પોલીસને મળી શકતું એલાઉન્શ :–**

સામાન્ય રીતે તેમને ખાસ મહેનતાણું અપાતું નથી. પણ પો.સુપ્રી.ની હસ્તકની ગ્રાન્ટમાંથી આપી શકાય તેમ હોય તો ખરેખર ભોગવેલ ખર્ચ ચુકવાયેલ છે. ખાસ સેવા માટેના ઈનામો તે માટેના નિયમ નીચે આપી શકાય.

**નિયમ ૫૪૨. સ્પેશ્યલ પોલીસની ફરજો :–**

(૧) ટુંકમાં એક નિયમીત પોલીસને મદદ કરવી. (૨) ખાસ કરીને પેટ્રોલીગ અને સાદી રૂટીન ફરજો (૩) માહિતી એકઠી કરવી અને પહોંચાવી (૪) કટોકટી કાળમાં બજાવી શકે તેછી ફરજો ચુસ્તપણે બજાવવી. (૫) ફરજ અંગેની સમજુતી અને શસ્ત્રોનો ઉપયોગ સમજવા પુરતા વ્યાખ્યાનો અને પરેડમાં હાજરી આપવી. સ્પે.અધિકારીની સતા હકક ફરજો અને જવાબદારીઓ સામાન્ય પો.અધિ. જેવી અને જેટલીજ હોય છે.

**નિયમ ૫૪૩. હોમ ગાર્ડની તાલીમ નિમણુંક અને વ્યવસ્થા અંગે :–**

૧. પ્રજાના જાનમાલ મિલ્કતના રક્ષણ માટે પોલીસ દળને મદદ કરનારી આ સ્વૈ. સંસ્થા છે. જો કે નાગરિકી હોવા છતાં લશ્કરી ધોરણે તેને સમાન શિસ્ત ધરાવે છે અને સોંપાય તે ફરજો બજાવે છે.

૨. તમામ કમાન્ડન્ટ જનરલ ડીવી.ના કમાન્ડન્ટ અને પ્લા. સેકશનના અધિકારીઓ હોય છે. રાજય સરકાર કમાન્ડન્ટની નિમણુંક કરશે. અને તે ફીટ અને ઈચ્છા ધરાવતાં સભ્યોને સભ્ય તરીકે નિમશે.

૩. સરકારની મંજુરીથી કમાન્ડન્ટ પોતાના હોદા ઉપર કોઈ પણ સભ્યની નિમણુંક કરી શકશે.

૪. લાઠી, હથિયારોની તાલીમ ટ્રાફિક કન્ટ્રોલ, કાયદો અને ફર્સ્ટ એઈડ મોબ ફાઈટીગ, ગાર્ડ અને એસ્કોર્ટ, ડ્રીલ જેવી બાબતોમાં પ્રાથમિક તાલીમ આપશે.

**નિયમ ૫૪૪. વિજેલ ડીફેન્સ પાર્ટી પાછળનો ઉદેશ:–**

મુખ્ય ઉદેશ ધાડપાડુઓ અને બીજા ગુનેગાર સામે લોકોના માલ મિલ્કના અને ગામડાની જાહેર સલામતી અને રક્ષણનો છે. રૂલ ૪૫૪ જી.આઈ.ડી. નામના અધિ. જી.આર.ડી. નિરીક્ષણ માટે રહેશે. જોઈન્ડ જી.આઈ.ડી. જે માનદ હશે તે તેને સહી કરશે. દરેક તાલુકા માટે એક જોઈન્ટ જી.આઈ.ડી. લોકો માંથી અને એક આસી. જી.આર.ડી. રખાશે. દરેક ગામ માટે એક કોતવાલ રખાશે. આસી. વી.ડી.ઓ.ની ભલામણ ડી.એસ.પી. ગ્રામજનોની કોતવાલ તરીકે નિમણુંક કરશે. જી.આર.ડી.નો ચાર્જ કોતવાલ હસ્તક રહેશે. સરકારની પુર્વ મંજુરીથી ડી.એસ.પી. જી.આર. માટે નોકરીની શરતો નકકી કરશે.

(એ) શૈક્ષણીક લાયકાત ધોરણ–૩ પાસ કે નારીકના ખ્યાલવાળો.
(બી) નિમણુંક માટે અરજી ફોર્મ નં. પી.એમ. ૨૨૩ મુજબ ડી.એસ.પી.ને કરવી.
(સી) નિમણુંક માટે ડી.એસ.પી. એક સમીતી નીમશે. ગ્રામ પંચાયતનો પણ અભિપ્રાય આ અંગે લેવો.
(ડી) પ્રમાણપત્રના પી.એમ. ૨૨૪ મુજબનું હોય તો તેઓ ગણવેશ ફરજ વખતે પહેરવા નોકરીની શરતો બી.પી. એકટ ૬૩ બી મુજબ રહેશે. કાયમી ટી.એ. વી.ડી.ઓ.ને રૂા.૨૨–૭૫ મળશે.

**નિયમ ૫૪૬. જી.આર.ડી. પર કન્ટ્રોલ :–**

૧. આખી સંસ્થા ડી.એસ.લપી. નીચે અને ડી.એસ.પી. તે. અંગે મેજી.ના કન્ટ્રોલમાં રહેશે. (૨) ડી.એસ.પી. કારણો લેખીત નોંધી ઈન્કવાયરી કરે અને બચાવને સાંભળ્યા બાદ યોગ્ય જણાયે આ સભ્ય કરી શકશે.

**નિયમ ૫૪૭. જી.આર.ને હથિયાર આપવા અંગે :–**

૧. કેટલાક પસંદ કરાયેલ ગ્રામજનોને પોતાના પદરના ધરાવી શકે તેવી બંદુકો માટુ લાયસન્શ આપશે.
૨. જો સભ્ય નિયમ–૨ વન ૧૧૨ બોરગન સાથે બદલવા ઈચ્છે તો તે માટે લાયસાન્શ આપનાર અધિકારીએ તરફેણ કરવી.

**નિયમ ૫૪૯ જી.આર.ડી.ની તાલીમ અંગે :–**

૧. કોતવાલને હેડ કવા. ખાતે જરૂરી તાલીમ આપવી કે, પોતાની પાર્ટીને જરૂરી સુચના વિ.હાથ ધરે.
૨. ઈન્સ.ને કેન્દ્ર ખાતે મોકલીને ફાયર આર્મની તાલીમ અપાવવી.
૩. હથિયારો અને સાધન સામગ્રી માટે પોલીસ વાનનો ઉપયોગ કરવા દેવો.
૪. રાત્રી પેટ્રોલીગ જેવી ફરજો પણ આપવી. ધાડ વિ. પ્રસંગોનું ધ્યાન ખેંચી સિગ્નલ આપવા માટે મોટા નગારા વિ. જો સરકારી ખર્ચમાંથી નહી આપવા.
૫. દારૂ ગાળવા વિ.ની માહિતી મેળવવા તેમની એક નાની સમિતી રચવી.

**નિયમ ૫૫૦. જી.આર.ડી.ની મસ્કેટ્રી તાલીમ :–**

કટોકટીના સમયે ફાયર આર્મસનો ઉપયોગ કરી શકે તે માટે તેના પસુદ કરેલ સભ્યોને મસ્કેટ્રી તાલીમ આપવાની ડી.એસ.પી.એ વ્યવસ્થા કરવી. પહેલા ૧૦ રાઉન્ડ પછી દર વર્ષે ૫ રાઉન્ડ ફોડવા જોઈએ.

**નિયમ ૫૫૧. જી.આર.ડી.નલી કાયદાશીય સ્થિતી :–**

ફરજ પર હોય ત્યારે તેના દરેક સભ્યને બી.પી. એકટ નીચે નિમાયેલ પોલીસના સતા રશણ અને અધિકારો હોય છે.

**નિયમ ૫૫૨. વોરંટ ઓફ પ્રીસીડન્સ :–**

જયારે સરકારી કાર્યક્રમોમાં ગ્રામ રક્ષક દળ ભાગ લે ત્યારે વોરંટ ઓફ પ્રીસીન્શ આ પ્રમાણે જિલ્લા પો.અધિ. ગ્રામ રક્ષક દળનો માનદ અધિ. ગ્રામ રક્ષક દળને અનુસરસે (૧) એસ.પી. (૨) ડીસ્ટ્રી. કમાન્ડન્ટ હોમ ગાર્ડ (૩) માનદ જિલ્લા મહિલા ગ્રામ રક્ષક દળ ઓર્ગેનાઈઝર (૪) માનદ જિલ્લા ગ્રામ રક્ષક દળ અધિ.

**નિયમ ૫૫૩. માસિક નોંધ :–**

દર માસની ૧૦ મી તારીખ સુધીમાં જેને માનદ જિલ્લા તાલુકા ગ્રામ રક્ષક દળ અધિ. જિલ્લા પો.અધિ. માસિક કામગીરીનો રીપોર્ટ કરશે. જિલ્લા પો.અધિ. તેનો રીપોર્ટ ૧૫ સુધીમાં ગ્રામ રક્ષક દળના એસ.પી.એ કે સરકારમાં તારીખ ૨૦ મી સુધીમાં મોકલશે.

**નિયમ ૫૫૪. જી.આર.ડી. અંગેના ખર્ચની વ્યવસ્થા :–**

તે હેતુ માટેની ડી.એસ.પી. હસ્તકની ગ્રાન્ટમાંથી ખર્ચ કરાય છે. અને ૨૫૫ પોલીસ જિલ્લા જી.આર.ડી. ખાતે ઉધારવો.

**નિયમ ૫૫૫. કોલેજમાં દાખલ થવા માટે ક્રેડિટ માર્કસ :–**

ગ્રામ રક્ષક દળમાં સેવા આપવા બદલ દર શૌક્ષણિક વર્ષે કોલેજમાં દાખલ થવા ૧૦ ક્રેડિટ માર્કસ અપાસે આ માર્ક ગર્વેન્શી અને મેડી. કોલેજ એચ.વી. રીઝીયોનલ એન્જી. એન્ડ ટેક. કોલેજ સુરત રાજયના કોટામાં દાખલ થવા અપાશે. આ માટે વિદ્યાર્થી જિલ્લા પોલીસ અધિકારીએ એક વર્ષની તપાસ માટે આપવું આઈ.જી.પી.ની કાઉન્ટર સહી વાળું પ્રમાણપત્ર રજુ કરવુ પડે છે.

**નિયમ ૫૬૧ સરકારી કર્મચારીને સવલત :–**

જયારે સરકારી, પંચાયત, અર્ધ સરકારી કે કોર્પો.ના કર્મચારી ગ્રામ રક્ષકોની કામગરી માટે બોલાવાય ત્યારે તેઓ ઓન ડયુટી ગણાશે.

**નિયમ ૫૬૨. મફત સારવાર અને દવા :–**

મહિલા અને સગીર સહિતના ગ્રામ રક્ષક દળના સભ્યને સરકારી અસ્પતાલોના જનરલ વોર્ડમાંજ તેમજ પંચાયતના દવાખાનામાં મફત સારવાર મેળવવા પાત્ર છે.

**નિયમ ૫૬૩. ગ્રામ રક્ષક દળ :–**

શારીશિક કામગીરીનું શિલ્ડ ગ્રામ રક્ષક દળ યુનિટ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા રહે તે માટે દર વર્ષની સારી કામગીરી જોઈ એક ચાંદીનું શિલ્ડ એનાયત કરવામાં આવશે. આ માટેની વિધી, શરતો એપેન્ડીક્ષ–૩૭ મુજબ રહેશે.

**નિયમ ૫૬૫. પોલીસ વોચમેનના ગણવેશ અંગે :–**

૧. સામાન્ય પોલીસથી જુદો કરે તેવો અને તેના માટેનો ગણવેશ નિયત થયેલ છે.
   (એ) કાળો મોટો કોટ (બી) પોલીસ વેજી. જર્શી (સી) બે ખાખી ચડી અને બ્લાઉજ (ડી) ખાખી ડ્રીલની એક સામાન્ય ફોલ્ડીગ કેપ (ઈ) બે જોડી ધોળી પટી (એફ) એક જોડી ચંપલ કે બુટ (જી) એક સિસોટી (એચ) એક લાઠી (આઈ) એક પટો (જે) એક હાવરશેક ભુરા ડુગળી કાપડનો કે કાળા બોન્સ બટન (એલ) પુરતા પૈસા જમા ન થાય ત્યા સુધી શરૂઆતમા ગણવેશ વિના કામ કરવું.

૨. પૈસા જમા થયે ટપાલ, સ્ટેશનરી પગાર વિગેરેનો ખર્ચ તેમા કાઢવો.

**નિયમ ૫૬૬. પોલીસ વોચમેન પધ્ધતિ અંગે પુરક સુચનાઓ :–**

૧. આ પધ્ધતિની કામગીરી માટે એપેન્ડીક્ષ–૩૦ થી ૩૫નો પ્રયોગ કરવો. દરેક ફોર્મ સ્વંસ્પષ્ટ છે.

૨. દર માસની ૧૫મીએ પછીના માસનું પગારબીલ ફોર્મ નં.૩૪ ના એડવાન્સમાં માલીકને મોકલી આપવું.

૩. ૨૮ સુધીમાં પગાર જમા ન કરાવાય તો, ચેતવણી પત્ર લખવો.

૪. કોઈ ચોકકસ મુદદા માટે ઉપર જણાવ્યા હોય તેવી માહિતી આઈ.જી.પી. પુરી પાડશે.

**નિયમ ૫૬૭. સરકારી ખાતાને વોચમેન પુરા પાડવા અંગે :–**

૧. પો.સુપ્રી. એજન્ટ તરીકે પુરા પાડશે. તે પોલીસ દળના સભ્યો લેખાશે નહી. કે તેમની સતા ધરાવશે નહી. તેમનો ખર્ચ જે તે કચેરી કે ખાતું ભોગવશે.

૨. બીલમાં વોચમેનફંડ ખાતે જમા આવવાની રકમ અલગ તેમજ વોચમેન આપવાની અલગ દર્શાવવી.

**નિયમ ૫૬૮. ખાનગી વ્યકિતઓ કે સંસ્થાઓને સેસ્કોર્ટ કે ગાર્ડ પુરા પાડવા અંગે. :–**

૧. (એ) ખાનગી વ્યકિતઓની મિલકતના રક્ષણ માટે બો.પોલીસ એકટ કલમ–૨૨ની શરતોએ પો.સુપ્રી. કે પો.કમી. પુરી પાડશે.
   (બી) ટ્રેઝરને એસ્કોર્ટ કરવા માટે ખાનગી સંસ્થા કે મંડળી માંગણી મુકે ત્યારે અધિકારી યોગ્ય સંખ્યા અંગે નિર્ણય લેશે.

(સી) ખાનગી વ્યકિતની યાત્રા કે અન્ય મુસાફરી માટે એસ્કોર્ટ આપવો વાંધાજનક છે.

૨. પીડબલ્યુડી ચુકાદા માટે કાયમી એસ્કોર્ટ અપવાદરૂપ અપાશે. અને પસાર થવાની હદ માટે મામલતદાર દવારા તેની ગોઠવણ થશે.

૩. ૫૦૦ કે વધુ રૂપિયાની મિલ્કત વગેરે લઈ જતાં બેલીફોને પોલીસ રક્ષણ અપાશે.

૪. (એ) મ્યુની. ખાનગી કો.ઓ.વિ. ને અપાતી પોલીસને નિયત સમય ગાળે એટલે કે ૧ વર્ષ બદલી નાખવી.

(બી) એસ.બી.આઈ. અને સીકયુરીટી પ્રીન્ટીગ પ્રેસને અપાતા ગાર્ડની વ્યવસ્થા કાયમી ધોરણની હોઈ, કાયમી ધોરણે ગાર્ડની નિમણુંક કરવી.

(સી) ખાનગી કંપની માટે પોલીસ કમી. સુપ્રી. યોગ્ય માણસની પસંદગી કરી નિમણુંક અપાશે. આ માટેની અરજી ફોર્મ નં.૨૭ માં હોવી જોઈએ.

<u>નિયમ ૫૬૯. ખાતાના વડાની કચેરીઓનું સચિવ ખાતાઓ દ્વારા ઈન્સ્પેશક.:–</u>

જે તે ખાતા હેઠળની વડી કચેરીઓનું ઈન્સ્પેકશન સચિવ ખાતા દ્વારા થશે. બે કે ત્રણ જિલ્લા કક્ષાની કચેરીઓનું પણ વર્ષ દરમ્યાન સચિવાલય દ્રારા કરવામાં આવશે. જિલ્લા કક્ષાની ઓફિસનું ઈન્સ્પેકશન વહીવટી ખાતાના વડા સાથે નકકી કર્યા બાદ જ નકકી કરાશે. કે જેથી સચિવ કક્ષાના અને વડી કચેરી દ્રારા એકજ વર્ષમાં જિલ્લા ઈન્પેકશન સાથે ન આવે.

<u>નિયમ ૫૭૦. ઈન્સ્પેકશન ઓફ ધી ઓફિસર્સ ઓફ ધી સુપીરીયર ઈન્સ્પેકટીગ ઓફિસર.:–</u>

૧. આઈ.જી.પી. ની કચેરીનુ ઈન્સ્પેકશન તે પોતે કરશે. તેવી જ રીતે ડી.વાય.આઈ.જી. પી પોતાની કચેરીનું પોતે ઈન્સ. કરશે. અને આઈ.જી.પી. પણ એકાદ વર્ષે એકાદ વખત કચેરીનુ ઈન્સ્પેકશન કરશે.

<u>નિયમ ૫૭૧. ડીસ્ટ્રીકટ કે રેલ્વે ચાર્જ કે એસ.આર.એફ.પી. ગ્રૃપનું આઈ.જી.પી. વડે ઈન્સ્પેકશન.:–</u>

૧. તે સમયે બધા અધિકારીઓ અને સભ્યો ગણવેશમાં હોવા જ જોઈએ.

૨. હિસાબી સહિત પોલીસ કામગીરીની બધી શાખાઓનું કરશે.

૩. પુરેપુરા સામાન્ય ખ્યાલ માટે હેડ.કવા. ખાતે બધા જરૂરી ગ્રાફ અને સ્ટેટમેન્ટો તેને પુરા પાડશે.

૪. આગલા બે વર્ષ અને ચાલુ ગુનાની સંખ્યા તેને અટકાવવા લેવાયેલ પગલાં પીનલ કોડ નીચેના ગુનાની પતાવટ વિ. ડી.પી. (જી.આર.ડી.) અને હોમગાર્ડ વિ. ની માહિતી વગેરેના સ્ટેટમેન્ટો તપાસવા.

૫. જિલ્લા અને રેલ્વે હેડ.કવા. ખાતે તે સેરેમોનીયલ પરેડ યોજી પો. નુ. કાર્ય ઈન્સ્પેકટર કરશે. પોલીસ સુપ્રી. આખી મીનીમલ પરેડ યોજી પોલીસનું કાર્ય ઈન્સ્પેકટર કરશે. પો.સુપ્રી.આખી પરેડને કમાન્ડ કરે કે ગ્રાઉન્ડ ખાતે સ્વાગત કરે. પરેડ પુરી થયે કેટલીક ટ્રેનિંગ અને આઈટમો અને કલોઝ ઓર્ડર ડ્રીલની પણ કસોટી લેશે.

૬. આઈ.જી.પી. પોલીસ સુપ્રી. એમ.ટી. અને વાયરલેસ કચેરીનું પણ ઈન્સપેકશન કરશે. ઈન્સ્પેકશન નોટસ માર્ગદર્શન ખુલાસા કાર્યવાહી માટે જે તે સુપ્રી. ની સીધી મોકલવી.

<u>નિયમ ૫૭૨. રેન્જના ડી.વાય. આઈ.જી.પી. દ્વારા સબ ડીવી. કે ડિસ્ટ્રીકટના ઈન્સ્પેકશન.:–</u>

૧. વર્ષે એક વાર રેન્જમાના બધા જિલ્લા હેડ.કવા. નું સંપુર્ણ ઈન્સ્પેકશન તેણે કરવુ જોઈએ. દરેક સબ ડીવી. નુ બે વર્ષ બીજી મુલાકાત જન. ચેકઅપ માટે કરવી. જિલ્લા ખાતે બધી કચેરીનું નિયમિત તેમજ અણધાર્યુ ઈન્સ્પેકશન પણ વર્ષ દરમ્યાન કરવુ.

૨. ટુર પ્રોગ્રામ ઘડી તેની નકલ અગાઉથી જે તે અધિકારીને મોકલવી.

૩. હેડ.કવા. ના ઈન્સ્પેકશન માટે એક અઠવાડીયુ ગાળવુ અને તે માટેના સ્ટાફને સાથે જ લઈ જવો.

૪. પોલીસ સુપ્રી. કચેરીના પત્રવ્યવહાર અને હિસાબી શાખાની તપાસ ડી.આઈ.જી. ની કચેરીના કલેરીકલ સ્ટાફ વડે કરાવી જોઈએ. તેમણે સરકાર સિવાય પ્રાપ્તી સ્થાનોથી આવક અંગે ના માસિક સ્ટેટમેન્ટો મેળવી તેનો ઉપયોગ રોજમેળ ચેકીગ કરવા માટે કરવો. ઈન્સ્પેકશન દરમ્યાન ડી.આઈ.જી. એ સમગ્રપણે વહીવટ અંગેની ભુલ, ખામી વિ. ની નોંધ લઈ તે અંગે ધ્યાન પર ખાસ લક્ષ આપી સલાહ સુચન કરવા.

૫. નીચેની (એ થી જી) સુધીની આઈટમો પર ખાસ લક્ષ આપી ઈન્સ્પેકશન હાથ ધરવું.

(એ) અધિકારીઓ અને કર્મચારીઓની તાલીમ, (બી) પ્રિવેન્સન એન્ડ ડીટેકશન ઓફ ક્રાઈમ, (સી) જાળવણી, (ડી) રેકોર્ડની જાળવણી, (ઈ) વહીવટ અને રહેણાંકના મકાનો (એફ) વેલ્ફેર એકટીવીઝ, (જી) પ્રજા સાથેના સંબંધો. પ્રજા સાથે યોગ્ય સંબધો પો. કામગીરીનું મહત્વનું પાસુ છે. ડી.વાય.આઈ.જી. એ ખાસ જોવુ કે પ્રજા પાસેથી પો. ને જલ્દીથી માહિતી અને ફરીયાદો મળે અને ડીટેકટીવ બ્રાંચ રાખવાની જરૂર છે કે કેમ ? તેણે પ્રજાના આગેવાનોની અને બીજા ખાતાના વરિષ્ઠ અધિકારીઓની રૂબરૂ મુલાકાત ગોઠવી પોલીસ ખાતાના કાર્ય અંગેની છાપ મેળવવી. (એચ) અન્ય પરચુરણ બાબતો જેવી કે કન્સ્ટોર્સનું નિરીક્ષણ, આર્મરની દુકાનની મુલાકાત, પોલીસ મોટર વાહન અને ગેરેજ, મસ્કેટરી પ્રકેટીશ, સબ જેલ અને પોલીસ લોકઅપનું ઈન્સ્પેકશન, પોલીસ ફોર્મનું રીઓર્ગેનાઈઝેશન વિ.(આઈ) પોલીસ અધિકારી કોન્ફરન્સ અને કોન્ફીડેન્શયલ શીટ લખવા અંગે.

(૧) ઈન્સ્પેકશન વખતે હેડ.કવા. ખાતે જિલ્લાના બધા અધિકારીઓને ભેગા કરવા અને સંબધોને કરવુ અને તેમાં ખામીઓ, ઉણપો અંગે માર્ગદર્શન આપવુ.

(૨) વ્યકિતગત રીતે દરેકને મળી કામગીરી અંગે પુછપરછ કરવી અને તેનાં ખાનગી અહેવાલમાં નોંધ મુકવી. કવોલીફાઈડ હેડ.કો. અને સીલેકશન ગ્રેડ કલાર્કો માટે તેમ કરવુ.

**<u>નિયમ ૫૭૩. પો.સ્પે. કે આઉટપોસ્ટનું જિલ્લા મેજી. કે સબ ડીવીઝન મેજી. દ્વારા ઈન્સ્પેકશન.:–</u>**

૧. તેમનુ રેકર્ડ તેમણે તપાસવુ જોઈએ. ખાસ કરીને ગુનાના નિયંત્રણ સમરીના ઈશ્યુ વસુલાત અને પો. હાથમાંથી પસાર થતી માલ મિલ્કતના રજી. વિ. મુદાઓને લઈને તપાસ કરવી.

૨. જિ.મેજી. સબ ઈન્સ્પે. ની કચેરીઓ રેકર્ડોનું ખાસ કારણ મુજબ ડીટેઈલ ઈન્સ્પે. કરી શકશે.

૩. આઉટ પોલીસ ખાતેની બુકો ગામડાના પટેલો પાસેની પોલીસ વિઝીટ બુક સબ ડી.વી. મેજી.ના ઈન્સ્પેકશન માટે છે.

**<u>નિયમ ૫૭૪. ડીવીઝનનાં કમી. દ્વારા ડીવી. ઓફિસ અને ડીસ્ટ્રીકટના ઈન્સ્પેકશન અંગે.:–</u>**

૧. ડીવી. માની બીજા બધા ખાતાઓની કચેરીઓનુ સામાન્ય ઈન્સ્પેકશન ડીવી. કમી. ની કામગીરી છે. તેનો મુખ્ય હેતુ કાર્યક્ષમતાંનું ધોરણ જાળવવાની અને કામગીરીનું સંકલન કરવાનો છે. પોતાનો ઈન્સ્પે. રીપોર્ટ સરકારના પોલીટીકલ ખાતાના સ્પે. સેક્રેટરીને આપશે. અને તેની નકલ ખાતાના વડાને આપશે તેના પર યોગ્ય પગલાં લેશે.

૨. પોતાના જિલ્લામાં બીજી કચેરીઓની સંકલન મુલાકાત લેવાની સમાહર્તાને સત્તા છે અને તેઓ ઈન્સ્પેકશન અને ઓર્ગેનાઈઝેશન મેથ્ડ સેકશનના પ્રતિનિધિરૂપે નિયુકત થયેલા છે.

**<u>નિયમ ૫૭૫. એસ.ડી.પી. અધિકારી અને પોલીસ સુપ્રી. પોલીસ કચેરીઓના ઈન્સ્પેકશન અંગે.:–</u>**

૧. નવા જિલ્લા જોડાતા આઈ.જી. અને ડી.વાય.આઈ.જી.પી. ની ઈન્સ્પેકશન નોંધતા કાળજીપુર્વક અભ્યાસ કરવો અને તેના અમલ પો.સુપ્રી. અને ડી.ઓ. એ જરૂરી કામગીરી કરવી.

૨. પોલીસ સુપ્રી. એ.એસ.ડી. અધિકારીની કચેરીનુ વર્ષમાં એકવાર ઈન્સ્પેકશન કરવુ. તેવી જ રીતે પોતાના હસ્તકના નીચેના કર્મચારીઓ અને કચેરીનુ પણ ઈન્સ્પેકશન કરવું.

૩. (એ) એસ.ડી. અધિકારીના ચાર્જના જિલ્લા હેડ.કવા. શહેરોનુ વિગતપુર્ણ ઈન્સ્પેકશન જરૂરી નથી. એટલે ચોકકસ પસંદ કરેલ બાબતોનુ જ ઈન્સ્પેકશન કરવુ. મકાનો, ફિટ પરેડ અને ઓર્ડરલી રૂમ વિ. નુ ઈન્સ્પેકશન કરી નોંધ કરવી.

(બી) સબ ડીવી અધિકારી એ ડીટેઈલ ઈન્સ્પેકશન કરવુ અને જરૂરી બધી વિગત ઉપર ધ્યાન આપવુ.

૪. પોલીસ સુપ્રી. અને સબ ડી.વી. અધિકારીએ બધા રજા વિ. નિયતરૂપમાં યોગ્ય અને કાળજીપુર્વક જળવાય વિગેરે તપાસવુ.

**<u>નિયમ ૫૭૬. ઓબ્જેકટ અને ફ્રિકવન્સી ઓફ ઈન્સ્પેકશન ઓફ પોલીસ સ્ટેશન એન્ડ આઉટ પોસ્ટ.:–</u>**

૧. તેનો હેતુ ટીકા કે દોષ જોવાનો નથી. પણ ખામીઓ નિવારી ભુલો સુધારી સારા કાર્યની પ્રસંશા કરી નિયમસરની વ્યવસ્થિત કાર્યવાહી હાથ ધરાય તે જોવાનો છે.

૨. પોતાના માણસો અને તેની પરિસ્થિતિને સારી રીતે ઓળખવાથી સુદર રીતે વહીવટ કરી શકાય છે. આ માટે કોઈ ચોકકસ નિયમો ઘડી શકાય નહી. નિયમિત વાર્ષિક નિરીક્ષણ વિ. દ્વારા તે જરૂરી ખ્યાલ મેળવી શકે. સલાહ સુચન આપી શકે અને સુંદર અને વ્યવસ્થિત કામગીર લઈ શકે.

૩. પોલીસ સ્ટેશનનાં ઈન્સ્પેકશનની પધ્ધતિ. સામાન્ય રીતે નીચેની બાબતો જોવી જોઈએ. (એ) ક્રાઈમ (બી) કર્મચારી ગણ (સી) રેકોર્ડઝ (ડી) બિલ્ડીગ આ દરેક બાબત સાથે સંકળાયેલી નિયત વહીવટી તેમજ સંચાલન મુજબની ખાતાકીય સર્વ જરૂરી નીતિ નિયમો સાથે સંકળાયેલી બાબતો તપાસવી જોઈએ.

**નિયમ ૫૭૮. હેડ.કવા. એકાઉન્ટસનો પીરીયોડીકલ ઓડીટસ.:–**

પોલીસ એકાઉન્ટન્ટ દર મહીને અવશ્યપણ. હેડ.કવા. ની મુલાકાત લેવી. જોઈએ. રોજમેળનુ ચેકીગ કરવુ જોઈએ. અને ૧૦ ટકા હિસાબનુ ઓડીટ કરવુ જોઈએ.

**નિયમ ૫૭૯. સ્ટેટીસ્ટીકસ એસ.એન. ઈન્ડકસ ઓફ એફીસીન્યસી.:–**

જો કે આથી જરૂરી નિયમન અને નિરીક્ષણ ધરાવી શકાય છે, તો પણ સ્ટેટસ્ટીક કામની ખામીઓ, ચોકકસ મુદા પ્રતિ લક્ષ દોરવુ વિશેષ તપાસની જરૂરીયાત વિ. નો પણ નિર્દેશ કરે છે.માત્ર આડનેજ સારા કે ખરાબ કામની પારા શીશીઓ લેખવી નહી.

**નિયમ ૫૮૦. ઈન્સ્પેકશન દરમ્યાન ઈન્સ્પેકટીગ અધિકારીના કેમ્પના સ્થાન અંગે.:–**

૧. ઈન્સ્પેકશન સ્થળના ૫ માઈલની અંદર પડાવ કરવો જોઈએ.

૨. પોલીસ સુપ્રી. એ તેમના ઈન્સ્પેકશન અંગે મંથલી રીવ્યુમાં અને એસ.ડી. અધિકારીએ વીકલી ડાયરીમાં ઉલ્લેખ કરવો.

**નિયમ ૫૮૧. પોલીસ પ્રોસીકયુટરની કચેરીનુ ઈન્સ્પેકશન.:–**

૧. સમયાંતરે જયાં પો. હેડ.કવા. હોય તેવી કચેરીઓનુ પો.સ્ટે. સાથે ઈન્સ્પેકશન ગોઠવવુ.

૨. ઈન્સ્પેકશન એ બધાજ જરૂરી ડોકયુમેન્ટસ, બુકસ સ્ટેટમેન્ટ વગેરેને કવર કરવા.

**નિયમ ૫૮૨. સર્કલ પોલીસ ઈન્સ્પેકટર વડે ઈન્સ્પેકશન.:–**

૧. દર ૩ માસે પોતાના હસ્તકના બધા પોલીસ સ્ટેશનના ક્રાઈમ રેકોર્ડનું ઈન્સ્પેકશન કરવુ અને બદચલનોની રૂબરૂ મુલાકાત લેવી. ઈન્સ્પેકશન નોટસ ની નકલ સબ ડીવી. પો. અધિકારી દ્રારા પો.સુપ્રી.ને મોકલવી.

૨. વિસ્ફોટ અને પરવાનગી ધરાવતી પોઈઝન શીપના પો.ઈન્સ. વડે ઈન્સ્પેકશન અંગે નિયમો–૨૬૯ અને ૨૯૪ રીફર કરવા.

**નિયમ ૫૮૩. સબ ઈન્સ્પેકટર વડે આઉટ પોસ્ટોનુ ઈન્સ્પેકશન.:–**

૧. સબ ઈન્સ્પે. અવાર નવાર પોતાના હવાલામાના આઉટ પોસ્ટોની મુલાકાત લેવી જોઈએ. અને ડેડ સ્ટોક, કોટ વિ. નું ઈન્સ્પેકશન કરવુ જોઈએ. અને કર્મચારીનું કાળજીપુર્વકનું નિરીક્ષણ અનેરજીસ્ટોરની સરખામણી અને ખરાઈ બાદ અનિયમિતતાઓ અંગે સંબંધીત અધિકારીનુ ધ્યાન દોરવુ. અને ઈન્સ્પેકશન બુકમાં (ફોર્મ નં. એમ.૦૯) નોંધ કરવી જોઈએ. આથી સુપ્રી. ને તપાસ કેટલી સંપુર્ણ અને કાર્ય યોગ્ય રીતે થાય છે ? તેનો ખ્યાલ મળશે. ઉણપો કેટલી દુર કરાય તે પણ જણાશે.

૨. સબ ઈન્સ્પે. ના ઈન્સ્પેકશન દરમ્યાન ખ્યાલમાં આવેલી બધી ગંભીર અનિયમિતતાઓનો તુરતજ સુપ્રી. કે એસ.ડી. અધિકારીને રીપોર્ટ કરવો. જેથી તે અંગે ઘટતુ યોગ્ય કરી શકે.

૩. વિસ્ફોટ અને લાયસન્સર ઈન્સ્પેકશન માટે અનુક્રમે નિયમો ૨૬૯ અને ૨૯૪ પ્રતિ રેફરન્સ માટે ધ્યાન દોરવામાં આવે છે.

———xxxxx———